
કુમાર



આવતીકાલનાંનાગરિકોનુંમાસિક
એપ્રિલ ૧૯૬૪ સંસ્થાપક રવિશંકર રાવળ તંત્રી બચુભાઈ રાવત

આ મહિને ઊજવાતી શેક્સપીઅરની ૪૦૦મી જયંતીના આ પોસ્ટરમાં જમણી બાજુ કવિની તસવીર છે ને ડાબી બાજુ તે કાળના થીએટરનું નિરૂપણ છે. પશ્ચાદ્ભૂમિમાં બતાવેલાં મકાનોમાં ધ્વજની પાછળનું લાલ છાપરાવાળું મકાન શેક્સપીઅરનું જન્મસ્થળ, તે જ્યાં ભણતો તે નિશાળ અને જમણી બાજુના છેડે આવેલું અણીદાર મિનારાવાળું દેવળ તેના મૃતાવશેષ ધરાવે છે.

૪૮૪

કુમાર

એપ્રિલ ૧૯૬૪ અંક ૪૮૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

વાચકો લખે છે

ફેબ્રુઆરી અંકમાં સન ૨૪૦૦ સુધી ચાલે તેવા કૅલેન્ડરના કોઠામાં યોજકે મહેનત ઘણી લીધી છે, પણ વિધિ ઘણી લાંબી છે. મેં એક પુસ્તકમાં જોએલી રીત સરળ લાગવાથી નીચે જણાવું છું. આમાં કોઇ પણ વર્ષની કોઈ પણ તારીખનો વાર શોધી શકાય છે.

યાદ રાખવા જેવા મુદ્દા :

(૧) ૪૦૦, ૮૦૦, ૧૨૦૦ વગેરે ૪૦૦ના ગુણાંકમાં આવતાં વર્ષ માટે શૂન્ય દિવસ લો.

(૨) ૧૦૦ વર્ષ માટે પાંચ દિવસ લેવા; ૨૦૦ વર્ષ માટે ત્રણ દિવસ લેવા; ૩૦૦ વર્ષ માટે એક દિવસ લેવો.

(૩) બાકીના એકમ અને દશકના વર્ષમાં જેટલાં વર્ષો થતાં હોય, તેમાં સાદા વર્ષ માટે એક દિવસ, તથા લીપ વર્ષ માટે બે લેવા.

(૪) જે મહિનાના ૩૦ દિવસ હોય તેના બે દિવસ, ને ૩૧ દિવસ હોય તેના ત્રણ દિવસ લેવા. ફેબ્રુઆરી માટે સાદા વર્ષમાં શૂન્ય દિવસ, લીપ વર્ષમાં એક દિવસ લેવો.

(૫) આમ, જેટલા દિવસો આવે તેના સરવાળાને સાતથી ભાગતાં જે શેષ વધે તે પરથી નીચે મુજબ વાર જાણવો :

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
૦	૧	૨	૩	૪	૫	૬

દાખલા તરીકે, ૧૯મી માર્ચ ૧૯૯૪નો વાર શોધવાનો છે; તો ૧૯૯૪ સુધીમાં ૧૯૯૩ વર્ષ આખાં, અને ઉપર બે માસ, તથા માર્ચના ૧૯ દિવસની ગણતરી કરવાની થાય.

૧૬૦૦ વર્ષ માટે દિવસ	૦
૩૦૦ વર્ષ ,,	૧
૯૩ વર્ષ (તેમાં ૧૫ લીપ વર્ષ, ૪૮ સાદાં) માટે ૩૦+૪૮	૭૮
જાન્યુ. '૯૪ (૩૧ દિવસનો મહિનો)	૩
ફેબ્રુ. '૯૪ (લીપ વર્ષ)	૧
માર્ચના દિવસ	૧૯
	કુલ ૧૦૨ દિવસ

૧૦૨÷૭=૪ શેષ; એટલે કોઠા મુજબ ગુરુવાર

(માટુંગા, મુંબઇ) —જયસુખલાલ ઠા. વોરા

વાચકો માટે એક કોયડો મોકલું છું. એનો જવાબ પણ સાથે આપું છું.

એક કૉલેજની હોસ્ટેલમાં બે મિત્રોએ ભાગીદારીમાં ઘડિયાળ લેવાનું નક્કી કર્યું અને એક ઓળખીતા વેપારી પાસે ગયા. તેણે એક ઘડિયાળ રૂ. ૫૦માં એમને આપ્યું. બન્નેએ રૂ. ૨૫-૨૫ આપી દીધા. એમના ગયા બાદ વેપારીને થયું કે એમની પાસેથી રૂ. ૫) વધારે લેવાયા છે; એટલે રૂ. ૫) નોકર મારફત પાછા મોકલ્યા. રસ્તે નોકરની દાનત બગડી. એણે વિચાર્યું કે ગ્રાહકોને શી ખબર પડવાની કે શેઠે કેટલા રૂપિયા પાછા મોકલ્યા છે? એટલે એણે રૂ. ૨ ખિસ્સામાં મૂકી દીધા અને રૂ. ૩) પેલા મિત્રોને પાછા આપ્યા, જેમાંથી એમણે રૂ. ૧½-૧½ વહેંચી લીધા. ટૂંકમાં બંનેએ રૂ. ૨૩½-૨૩½ ખર્ચ્યા હવે હિસાબ કરતાં રૂ. ૨૩½+૨૩½=૪૭+૨ નોકરના મળી કુલ રૂ. ૪૯ થાય, તો ૧ રૂપિયો ક્યાં ગયો?

આવો જ એક બીજો કોયડો ડિસેમ્બરના 'રીડર્સ ડાઇજેસ્ટ'માં હતો. એક માણસ પાસે રૂ. ૧૦૦/ બૅંકમાં છે. એમાંથી એ ટુકડેટુકડે પૈસા ઉપાડે છે. એના ઉપાડેલા પૈસા અને બાકી રહેલા પૈસા નીચે પ્રમાણે હોય છે:

ઉપાડેલી રકમ રૂ.	બાકી રહેલી રકમ રૂ.
૫૦-૦૦	૫૦-૦૦
૨૫-૦૦	૨૫-૦૦
૧૦-૦૦	૧૫-૦૦
૮-૦૦	૭-૦૦
૫-૦૦	૨-૦૦
૨-૦૦	૦૦-૦૦
૧૦૦-૦૦	૯૯-૦૦

અહીં ઉપાડેલી રકમનો સરવાળો રૂ. ૧૦૦/ પૂરા થાય છે ત્યારે બાકી રહેલી રકમમાં રૂ. ૯૯/જ થાય છે તે કેમ?

'ઉપાડેલી રકમ અને બાકી રહેલી રકમ'નો સરવાળો સરખો થવો જ જોઇએ એવું નથી. ધારો કે આપણે નીચે પ્રમાણે રકમ ઉપાડીએ.

બૅંકમાં કુલ રકમ રૂ. ૧૦૦/

ઉપાડેલી રકમ રૂ.	બાકી રહેલી રકમ રૂ.
૯૯-૦૦	૧-૦૦
૧-૦૦	૦૦-૦૦
૧૦૦-૦૦	૧-૦૦

આ દાખલા ઉપરથી સત્ય સમજાઇ જશે.

(કિસુમુ) —કુ. પ્રવીણા કે. પટેલ

અંક ૪૮૧માં શ્રી યાદવનું ચિત્ર સારું છે. પણ પાત્રના ભાવ ગ્લાનિભર્યા કેમ? શું સફરજન વેચાયાં નથી? આજકાલ સૌ આનંદ કરતાં વિષાદભર્યાં દશ્યો તરફ વધુ ને વધુ ઢળતા જાય છે. અલબત્ત, કરુણતા અને દુઃખભર્યા ચહેરાઓ(ઇસુના)અગાઉ ઘણા અમરત્વ પામ્યા છે. પણ એ દુઃખો સ્થૂળ કે ભૌતિક ન હતાં; જ્યારે 'સફરજન વેચનારાં'ના ચહેરા જોઈ એમ થાય કે આમનાં સફરજન વેચાયાં જ નથી!આ સ્થૂલ, ઉપરછલ્લાં દુઃખોનું મહત્ત્વ ખરું? એનું ચિત્રણ એમાંથી મુક્તિનો સંદેશ આપી શકે છે? ઇસુના વધસ્તંભ પરનાં અનેક વિખ્યાત ચિત્રો છે જેમાં ઈસુ એ દુઃખોથી રિબાય છે એવું જરા યે ન લાગે. ખરો ચિત્રકાર કોણ? દુઃખ રજૂ કરી સામાની કરુણા-દયાની ભીખ માગવી એ તો સાવ સહેલું છે.

બીજું એક જીવંત ચિત્ર: દશેક વર્ષથી પરણેલી એક ત્યક્તા; બે બાળકો છે, બીજો કોઇ સહારો નથી; આપણા સમાજ વચ્ચે રહેવાનું છે; હારી જાય છે; વળી બાળકો તો પોતાના કરતાં વધુ નિરાધાર છે, એ ખયાલ આવતાં કમર કસે છે; બાળકો બન્ને મોટાં થઈ જાય ત્યાં સુધી જાણે પણ નહિ કે માએ કેટલું વેઠ્યું છે. એ માને આપણા કળાકાર કેમ ચીતરશે? એના દુઃખની બધી વાર્તા જાણી એના ચહેરા પર અક્ષરે અક્ષર લખી નાખશે, અને બધાને કહેશે જુઓ આ કેટલું દુઃખ સહન કરે છે! જ્યારે આ બધાં દુઃખો એક બાજુ મૂકી મા એનાં બાળકો ખાતર હસતી ફરશે અને બાળકોનાં જીવનમાં આનંદ રેડ્યા કરશે. ખરો કળાકાર કોણ? ચિત્રકાર, કે મા પોતે? ઇસુનું મોં પડેલું છે પણ એ દુઃખી છે એમ જણાતું નથી, એ ચિત્રકારની ખૂબી. મા ખૂબ દુઃખી છે છતાં મોં પર લેશમાત્ર છાયા નથી એ માની કળા. ચિત્રકારો વાતાવરણ ગમગીન બનાવવા પાત્રોનાં મોઢાં ઊતરી ગએલાં કાળાં ધબ્બ ચીતરે, તે શું એનું ચિત્ર ગણિતનો દાખલો છે?

બધે જ નસીબનું ચિત્રણ થાય છે—વાસ્તવિકતાને નામે પુરુષાર્થ ક્યાં મરી ગયો? આવે વખતે પેલા નિખિલરાય, એમનો સુખ-દુઃખના ચક્રનો શ્લોક, અને આઈસક્રૂટવાળો વિદ્યાર્થી સહેજે સામે આવી ઊભા રહે છે.

(મુંબાઇ) —રમેશ શાહ

ઑક્ટો. ૧૯૯૩ના અંકમાં શ્રી ભગવાન કપુરનું ચિત્ર 'પ્રાચીન ઘાણી' જોનારાના 'મન પર પડતી પ્રાથમિક રંગભાત' સંપૂર્ણ વફાદારી પૂર્વક રજૂ નથી કરી શકતું. ઘાણીના બળદનું 'વ્યક્તિત્વ' તેની આંખો પરની અંધારીનું આલેખન કર્યું હોત તો વધારે સચોટ સ્વરૂપે રજૂ થઈ શકત. ખુલ્લી, ઉઘાડી આંખોને કારણે બળદ ઘાણીનો નથી લાગતો. જોકે ચિત્રનું સંયોજન મને ગમ્યું છે.

(અમદાવાદ) —હરિકૃષ્ણ રા. પાઠક

એક નવું પારિતોષિક

'કુમાર'માં માર્ચથી ડિસેમ્બર ૧૯૬૪ સુધીના દસ અંકોમાં પ્રકટ થએલી ગઝલો પૈકી શ્રેષ્ઠ ઠરનારને એક ગઝલ-પ્રેમી ગૃહસ્થ તરફથી રૂપિયા ૨૧ પારિતોષિક તરીકે આપવા માટે અમને મોકલવામાં આવ્યા છે તે માટે ધન્યવાદપૂર્વક આભાર માનીએ છીએ.

અંક ૪૮૨:'સૌજન્યશીલ પ્રભાશંકર' લેખમાંના મહાત્માજીના તૈલચિત્રનું અનાવરણ શ્રી રાજેન્દ્રબાબુને હાથે નહિ પણ ડૉ. રાધાકૃષ્ણન્‌ને હાથે થયું છે. સાબિતી તમે છાપેલો ફોટો. વધુ સાબિતી તે વરસના 'ભાવનગર સમાચાર'ના અંકો વાંચવાથી મળશે.

(વાંદરા-મુંબાઇ) —દિલીપ ચં. મહેતા

[*શ્રી પારાશર્ય લખે છે કે "શ્રી પ્રભાશંકર પટ્ટણી તથા તેમના પુત્ર અનન્તરાય સાથેનો ડૉ. રાધાકૃષ્ણન્‌નો ઘનિષ્ટ મૈત્રીસંબંધ સ્વતંત્ર રીતે હતો. છતાં પૂજ્ય ગાંધીજીના તૈલચિત્રનો અનાવરણ-વિધિ ડૉ. રાધાકૃષ્ણનને હાથે નહિ પણ ડૉ. રાજેન્દ્રપ્રસાદને હાથે જ થએલો; કારણ કે એ તૈલચિત્ર હિંદની વરિષ્ઠ રાજ્યસભામાં ભેટ ધરાયું હતું અને તેથી એ કાર્ય માટે રાષ્ટ્રપ્રમુખની વરણી જ યોગ્ય હતી. મને પણ ડૉ. દિલીપભાઈ જેવો સ્મૃતિદોષ થએલો, એટલે મેં લેખ મોકલ્યો ત્યારે ડૉ. રાધાકૃષ્ણે અનાવરણવિધિ કરેલો તેમજ લખેલું. પણ પછી મને સંદેહ થયો, એટલે પાર્લમેન્ટના પ્રોસીડિંગ્સ ઉથલાવી ગયો, મારી ભૂલ જણાઇ, ને મેં તમને લખી તે હકીકત લેખ છપાતાં પૂર્વે સુધરાવી લીધી હતી."]

જાન્યુઆરી અંકમાં પાના ૧૬ ઉપર 'જીવન-પટનાં સ્મૃતિચિત્રો'માં મારા પિતાશ્રી બાબત જે સમયનો આપે ઉલ્લેખ કર્યો તે વખતે મારા પિતાશ્રી હયાત હતા. અમારે બાપદાદાનો ધંધો નહોતો. શરૂઆતમાં હું નોકરીએ જોડાયો અને ૧૯૩૧માં તેમાં ભાગીદાર થયો. ભાગીદારીમાં હું કાંઇક કમાયો. મારૂં ગણિત સારું હતું તે મને ધંધામાં અને નોકરીમાં બહુ જ ઉપયોગમાં આવ્યું, અને ખરું કહું તો ગણિતને લીધે હું ધંધામાં આગળ આવ્યો.

(તુલસીવિહાર, મુંબાઇ) —તુલસીદાસ શાહ

ફેબ્રુઆરી અંકના 'વાચકો લખે છે' વિભાગમાં 'Clean crimes and 'Next Murders' છપાયું છે, તેને સ્થાને 'Neat' જોઇએ; અને મારા માનવા અનુસાર ૪૭મા પાને નાળિયેરીના ફોટાની જમણી બાજુએ પત્ર લખનાર ભાઈનું નામ 'રોહિત ગોવી'ને સ્થાને 'રોહિત ગાંધી' જોઇએ.

(અમદાવાદ) —સુશ્રુત પટેલ

ફેબ્રુઆરી અંકમાં આવેલા 'અંગપલ્લવી'ના લેખમાં જમણી બાજુના કૉલમમાં પહેલા ફકરાની બીજી લીટીમાં 'વર્ગ બતાવવા ક્રમિક આંગળીઓ વડે અંગને અડવું.' જોઇએ.

(વીરમગામ) —સુશીલા પટેલ

અંક ૪૮૩માં સુભાષિતમાં એક છાપભૂલ લાગી: नातिकार्कश्यमाचरेत्‌ જોઈએ. ગણિતગમ્મતમાં 'અરધાના અરધાને અરધા વડે ભાગતાં અરધો જ આવે.' તે તો ગમે તે અંક માટે સાચું છે. એક તૃતીયાંશના એક તૃતીયાંશને એક તૃતીયાંશ વડે ભાગો તો એક તૃતીયાંશ જ આવે. પાંચ ને પાંચ વડે ગુણી પાંચ વડે ભાગીએ તો પાંચ જ આવે. ભાષાની રમત સિવાય બીજું કશું આમાં નથી.

(મુંબાઈ) —મધુસૂદન વૈદ્ય

અચાનક દાઝી જવા ઉપર, ઘરમાં બીજી કોઈ દવા ન હોય ત્યારે, પાણીમાં ખાંડ નાખી દાઝેલા ભાગ પર ચોપડવાથી રાહત મળે છે ને ફોલ્લા ઊઠતા નથી.

(મોરબી) —દેવજી એચ. સાલિયા

મારી પાસે ૧૯૫૬ થી ૧૯૬૧ સુધીની છ વરસની, બારેબાર અંકો સહિતની, પાકાપૂઠાની, રેક્સીનથી બાઇન્ડિંગ કરેલી 'કુમાર'ની છ ફાઇલો વેચી દેવા વિચાર છે. કોઈની માગણી હોય તો મને જણાવશો.

મહિધર કે. ભોજક, જીવાનસિંહજી મંદિરમાં, પિલ ગાર્ડન સામે, ભાવનગર.

મારે ૧૯૪૪ થી ૧૯૬૦ની કુમારની જૂની ફાઇલો કાઢી નાખવી છે. કોઇને ઇચ્છા હોય તો મને લખવા જણાવશો.

(૧૨, સ્લેટર રોડ, મુંબઇ-૭) —અશ્વિન મહેતા

૪૮૨મા અંકમાંના 'બહુવર્ષીય કૅલેન્ડર' માટે તેના યોજક ડૉ. ભદ્રમુખ વૈદ્ય ખરે જ અભિનંદનના અધિકારી છે.

(જૂનાગઢ) કનુ રા. ડાભી

છેલ્લા પાનામાં 'હીરા સિવાય રત્નો પણ કાચ કાપી શકે છે' એવી માહિતી આપી છે. મેં મુંબાઈમાં એક રસ્તા ઉપર વેચનાર પાસેથી બ્લ્યુ રંગનો નાનો પથ્થરનો ટુકડો ખરીદેલો, જે કાચ કાપે છે. એ વેચનાર પાસે અસંખ્ય ટુકડા હતા જે ચાર ચાર આને વેચતો હતો.

(મોરબી) —બાબુલાલ અ. વોરા



ગયા અંકમાં જેમ કલાકાર પ્રદ્યુમ્ન તન્નાની વિશિષ્ટ પરિપાટીના નમૂના આપ્યા હતા તે જ રીતે, આ વર્ષે અમેરિકાના અભ્યાસપ્રવાસે જતા (જુઓ કલાવાર્તા) કલાકાર દિનેશ શાહે સર્જેલી આગવી પરિપાટીના નમૂના આ તેમજ પાછળનાં ચિત્રપૃષ્ઠો પર આપ્યાં છે. ઉપર જમણે ખૂણે આપેલું ચિત્ર 'સંથાલ' એમની એક પરિપાટીના સુંદર નમૂના છે. ગામડાનાં ઘરની બાંધણીમાં જે ગ્રામ્ય આબડખાબડપણું હોય છે તેના વળાંકમાં રહેલી લયમાધુરીને ઉપસાવવા માટે એમણે એ વાંકાચૂંકાપણાની માત્રા વધારી દઈને સંગતિ રેખાઓ વડે રચાતી ચિત્રસંયોજનાની આગવી પરિપાટી નિપજાવી છે. એ શૈલીનું એમનું એક સુંદર રંગચિત્ર ૪૩૧મા અંકમાં આવી ગયું.



કલાકાર દિનેશ શાહે પોતાની વિશિષ્ટ પરિપાટીએ કરેલા આ ચિત્રમાં **સંથાલ** કુટુંબની સાદી ગૃહમાધુરીને જે લયાન્વિત રેખાઓમાં રેલાવી છે તેને પશ્ચાદ્ભૂનાં સીધાં તાડપત્રો ઉપસાવે છે.

કાશ્મીરની હોડીઓ : સંખ્યાબંધ હોડીઓથી ઢંકાઈ ગએલી ત્યાંની નદીના દૃશ્યને, એક અભિનવ ભાતગૂંથણીની શૈલીએ નિરૂપતા આ ઊભા પટ્ટામાં સ્થિર હોડીઓની ગીચતાને જલવહેણના સાતત્ય પર મઢી લીધી છે.



હોડીના ચિત્રની જેમ કાપડની ઊભી પટ્ટીમાં કરેલું પંખીઓનું સુંદર સંયોજન



યૌવનાના આ આધુનિક શૈલીના કાષ્ઠ-શિલ્પમાં વાળેલા પગ તથા સ્તનપ્રદેશ દર્શાવવામાં લાકડાની ગાંઠો તથા તેના સળને કેવા સમુચિત ઉપયોગમાં લીધાં છે!



મુરલીધર ચિત્રકાર: દિનેશ શાહ (ભારતીય વિદ્યાભવનના સૌજન્યથી)

કદંબવૃક્ષ, મત્સ્યલીલાવાળો યમુનાઘાટ, કલરવતાં પંખી આદિની વચ્ચે ગોપવસ્ત્રોમાં શોભતા મુરલીધર કૃષ્ણનું, ભારતીય શૈલીએ નવતર આયોજનમાં ભાતગૂંથણી કરીને સર્જેલું, રંગ અને આકારોના સમતોલ પ્રમાણભારવાળું મનોરમ ચિત્ર......રંગ અને આકારોના પ્રમાણભાર એ જ પ્રમાણે 'મૉડર્ન'–આધુનિક ઝડપી શૈલીએ યોજીને કરેલું ચિત્ર 'સફેદ ઘર' પાછળની ચિત્રપ્લેટ પર આપેલું છે, જેમાં આકૃતિઓનું આલેખન તાદૃશ રૂપમાં નહિ, પરંતુ મન ઉપર પડેલી છાપને રંગના ઝડપી ચપકા મારીને તેના એવા સ્મૃતિ-ધૂંધળા સ્વરૂપમાં જ ઉઠાવવાનો પ્રયત્ન છે.

એક સમય / પ્રિયકાન્ત મણિયાર

છીછરા કાંઠે આટલો ઊંડો દરિયો જાતો ઢળી,
ઉરનું મારું જાય છે વેદન કેટલું એમાં ભળી!

સિંહની ડણક એકલ કંઠે વન આખું પણ ગાજે,
ભીતરમાંથી કોઇનું સ્મરણ થાય છે સોનલ સાંજે.

ક્યાંય ના વાદળ આભ આખામાં, આમ ભીનું પણ કોરું,
ગટક દઇને જાય ધરા પી ક્યાંકથી પડતાં ફોરું.

ગાય બંધાણી દૂધ દોહવાયું સાંજનું થયું વાળુ,
જાય છે જંપી અરધી વાતે છોકરું અટક્યાળું.

નિંદમાં નગર, અંધારાના રેશમી પડદા ઢાળ્યા,
પથ તો એવા, રુદિયા ઉપર હાથ જાણે એ વાળ્યા!

રાતની કેડી સાવ તે ઝીણી, નિજના નિજના તાલે,
હોઠ મૂગા તે છેક અવાચક, પગલાં બોલતાં ચાલે.

મંદિરમાં તો દેવ પોઢેલા, ફરકે ધજા માથે,
વાયરા સાથે વ્હાલ એવું કે ફફડે ચાલવા સાથે.

નેન પુરાતન નજરું તાજી નાખતાં જરાક ઊંચી,
ઊઘડ્યું તાળું થયું અજવાળું ક્યાંકથી ફરી કૂંચી.

રાતના વને આભને આંબે તારલા ફૂટ્યા મ્હોર,
એકલો હું ને હું જ છું ક્યાંથી મુજની ચારે કોર?

પ્રભાતે / ચંદ્રકાન્ત શેઠ

ઊગ્યું આ પ્રભાત!

હજુ એનાં લોચનકમળ રહ્યાં બંધ,
શમણાંની પાંપણોમાં ઝગે ઝાંય મંદ.

મ્હેકમ્હેક થતી મસ્ત પ્રીતની સુવાસ,
ગુલાબ શું એનું જાણે તરે મહીં હાસ.

રોમેરોમ લાવણ્યના સરની લહેર,
ચાંદનીના ઉજાશની મહીં રમે સેર,

વિખરાઇ વેણી મહીં હજુ મદઘેન;
હજુ પોપચાંમાં લળી રહી મીઠી રેણ.

વક્ષ-સ્થળે ઉત્સાહનાં ચઢ્યાં રહ્યાં પૂર,
ક્ષણે ક્ષણ એનો શ્વાસ આનંદ-પ્રચૂર.

હજુ સરે દૂર દૂર નિંદરને નીર,
એને જાણે પ્હોંચવું ના પ્રભાતને તીર!...

ઊગ્યું આ પ્રભાત,
શય્યા મહીં ખીલેલી શી પૂનમની રાત!

ગાતાં પતંગિયાં / દિલીપ ઝવેરી

(ગાન)

એક વાર સાંભળ્યાં'તાં ગાતાં પતંગિયાં.
તમરાંના સૂર સમો ઝીણેરો કંઠ ના,
કે કોયલનો ઘૂંટેલો બોલ.
ઝરણાની ઘૂઘરી શો લોલ અને સાથમહીં
ઘાસતણાં ફૂલનો હિલ્લોલ.
આમથી ને તેમથી રમતા કંઇ પડઘાથી
વનવનનાં પાનપાન રંગિયાં.
એક વાર સાંભળ્યાં'તાં ગાતાં પતંગિયાં.

લ્હોઇ લો / હરીન્દ્ર દવે

(ગાન)

લોચનિયાં ઢાળી દિયો હળવે, ઓધવ,
  થોડું રુદિયાની આંખડીએ જોઇ લો.
ફોગટ વ્હોર્યાં ન ખારાં પાણી, ના માનો તો,
  હસતાં હસતાં જરાક રોઇ લો.

નંદને મનાવો મોહમાયાની વાતે,
  કેમ માડીનું હૈયું એમ માને?
જ્ઞાનગોઠડીની વાત નાખી જુઓ તો
  ભાન ભૂલેલી રાધિકાને કાને!
અહીં પાંપણ પલકે ત્યાં પાણીપાણી,
  છલકાવી બેઉ નેણના બિલોર જરા ધોઇ લો.

વ્રજમાં તો રોજ ભાણ ઊગે, ને રોજ
  સાંજ આકાશે રંગ ભરે રાતો,
થોડું થોડું જાણે પેલા તારલિયા, એની સંગ
  બાંધ્યો ઉજાગરાનો નાતો;
ગોપગોપીઓને પછી સંભળાવો જ્ઞાન,
  પ્હેલાં ધેનુઓની આંખડી તો લ્હોઇ લો!

જિજીવિષા / વ્રજલાલ દવે

(મિશ્ર)

દુષ્યન્તના તિક્ત કૃતાન્ત-તીરથી
છળી, કર્યો ડોકમરોડ તેં, મૃગ!
એમાં કશી યે અભિરામતા તવ?

તપોવને ગંધ હવિતણા શ્વસી
ગાળ્યા દિનો; વાત ન અંતરે વસી:
'ચસ્યાવિનામાણુંહુંધન્યવિદ્ધતા.'

ભલું થયું કાં? મુનિએ કૃપાથી
આડે ધરી શબ્દતણી હથેળી!
જીવી ગયો!... વેળ ઘડીક વીતતાં,
તું સ્વસ્થ થૈ ઝખી રહ્યો હશે શું
સામા તણું દાન સુચારુ હાથનું?

અર્જુનનો રથ / મહેન્દ્ર દવે

(મિશ્ર)

આ દેહ છે અર્જુનનો મહારથ.

સંસારના સમરમાં કંઇ શસ્ત્ર ઝીલ્યાં,
વાંકો વળ્યો છે રથવાવટો ઊંચો,
ને ચક્રની ધરી અરે કરી બેવડી વળી!
આરા બધા શસ્ત્રથકી જડાયા.

છે ભીતરે ખળભળ્યો, પણ દોડતી રહી
આ પૂરપાટ સહુ ઇન્દ્રિય અશ્વ જેવી.

બ્રહ્માસ્ત્ર, નારાયણ આદિ અસ્ત્ર
ને સર્વથી દારુણ મોહનાસ્ત્ર
તૂટી પડ્યાં છે: સળગી જશે આ
ઘડી મહીં!...   ના અહીં કૃષ્ણ બેઠા.
હસી રહ્યા, પ્રેરી રહ્યા હજી તો.

'હે કૃષ્ણ, પ્હેલાં મુજને ઉતારજો,
પછી, પછી આપ યદિ ચહો તો.'

સંગ / શંભુપ્રસાદ

(છંદ હરિગીત)

બારણાં સૌ બંધ!
સામે ગોખમાં
લઘુ એક દીવો
ને બીજો હું જાગતો!
બારણાં સૌ બંધ!

બાજુના ખંડેરની
ઊંડી બખોલે ટૂંટવાઈ
જે લપાઇ ગૈ હવા,
શી અચાનક
તીક્ષ્ણ તમરાંના સ્વરે
ચોંકી ઊઠી!

અંધ મેલી દોટ
ના કૈં હાથ અડતાં
બારીની ઝીણી
તિરાડેથી પ્રવેશી
ગોખને ખૂણે ઢળી!

બારણાં છો બંધ!
અમને સંગમાં આ
ત્રસ્ત ત્રીજું કોક
કેવું રે મળ્યું!

એક પ્રભાતે / મૅકવાન

(મિશ્ર)

ભીનાશનું વસ્ત્ર બિછાવી કાંઠો
પોઢ્યો હતો, પ્રાતઃ શ્વસંત ધીરે.

ને પૂર્વ કાંઠે તરુની ઘટામાં
આછોતરું તેજ કુમાશ જેવું
ઊગી રહે; મર્મર મંદ ગૂંથ્યો
મારા જ હૈયા સમ આજ ક્યાંથી
સ્વપ્નીલ આ શાંત સમીર મ્હેકે!

હજુ હજુ ત્યાં ચલચિત્રની કો'
નામાવલિ જેમ સરંત ઊંચે
વિતાન પર્દે ખગશ્રેણી કૈંક!

વિહંગ ત્યાં કોઇ નજીક ઢૂકતું
ફગાવી ટોકો ઋજુ ફૂલ જેવો,
વહી ગયું ક્યાંય સમીરપાંખે!

એ દૃશ્યનું અંજન આંજતો અને
બની જતો ભૂત મહીં હું લીન...

મુક્તક

સૂરજના બલિદાનની વેદી તો જુઓ!
આ રાતની દીવાલને ભેદી તો જુઓ!
અંધારની વાતો પછી કરજો, પહેલાં
બીમારના ચહેરાની સફેદી તો જુઓ.

'આદિલ' મનસૂરી



આજથી બરાબર ૪૦૦ વર્ષ પહેલાં ઈ. ૧૫૬૪ની ૨૩મી એપ્રિલે ઇંગ્લંડના 'સ્ટ્રૅટફર્ડ-અપૉન-ઍવન' નામના નાના ગામના, ચામડાંનાં મોજાં બનાવનાર જૉન શેક્સ્પીઅરના ત્રીજા સંતાન અને જ્યેષ્ઠ પુત્ર તરીકે ઇંગ્લંડના આ કવિ-નાટકકારનો જન્મ થયો. પ્રથમ ખેડૂત ને પછી કસાઈ, મોજાં-બનાવનાર, ઊનનો વેપારી વગેરે તરીકે સારીપેઠે કમાએલો જૉન પૈસેટકે સુખી અને અગ્રણી નાગરિક હતો અને ગામનો મેયર બન્યો હતો. માતા મેરી આર્ડન પણ પાસેના વિલ્મકોટ ગામના શ્રીમંત જમીનદાર રૉબર્ટ આર્ડનની પુત્રી હતી. પાછળથી પૈસેટકે ઘસાઇ જતાં પિતાનાં માન-અધિકાર જતાં રહ્યાં તેની અસર વિલિયમના મન પર પડેલી. ગ્રામર-સ્કૂલમાં અભ્યાસ પૂરો કર્યા બાદ પાસેના ગામડાની નિશાળમાં શિક્ષકગીરી વગેરે કરતો શેક્સ્પીઅર ૧૮ વર્ષની વયે, પોતાથી આઠ વર્ષે મોટી, સ્ટ્રૅટફર્ડ પાસેના શૉટરી ગામના એક શ્રીમંત ખેડૂતની પુત્રી ઍન હૅથવેને પરણ્યો, જેનું મકાન હજી પણ છે. એ પછીના સાતેક વર્ષના ગાળામાં શું બન્યું તેની ભાળ નથી, પણ કુટુંબની માતબર સ્થિતિ ને પ્રતિષ્ઠા પુનઃ સ્થાપવાની મહત્ત્વાકાંક્ષાથી (એક વાયકા પ્રમાણે પડોશના સર ટૉમસ લ્યૂસીની જાગીરમાં ઘૂસીને ચોરીથી હરણનો શિકાર કરવા (કે ઉઠાવી જવા) માટેની કાયદાની સજામાંથી છટકી જવા) તે લંડન ચાલ્યો ગયો. નાનપણમાં ફરતી નાટકમંડળીઓનાં જોએલાં નાટકોથી આકર્ષાઈ તે કોઈ મંડળી ભેડે ગયો હોવાની એક વાયકા છે; તો બીજી વાયકા તે ઈટાલી જેવા પરદેશ ગયો હોવાની છે. કોઈ માને છે કે તેણે કોઈ વકીલની ગુમાસ્તાગીરી કરી હશે કેમકે તેનાં નાટકોમાં કાયદાની ભાષા બહુ આવે છે. એક વાત એવી પણ છે કે લંડનમાં નાટકો જોવા આવનારાઓના ઘોડા પકડી રાખવાની મામૂલી નોકરી કરતાં કરતાં નટોના સંપર્કમાં આવી તે નટ અને પછીથી નાટ્યલેખક બન્યો. પણ એટલું તો નક્કી કે ઈ. ૧૫૯૯માં સાઉથવાર્કમાં જે ચાર ભાગીદારોએ મળીને કંપની કાઢી ગ્લોબ થીએટર બંધાવ્યું તેમાંનો એક તે પણ હતો. પછી તો રાજા જેમ્સનો રાજ્યાશ્રય પામી એ સારું કમાયો, પિતાનો તથા પોતાનો મરતબો સ્થાપી રાજ્ય તરફથી 'માનચિહ્ન' મેળવ્યું અને લંડન તથા વતન સ્ટ્રૅટફર્ડમાં મકાન-મિલકત વસાવ્યાં. ઉત્તર વયે તે વતનનું ન્યૂપ્લેઈસ નામનું સુંદરમાં સુંદર મકાન ખરીદી સુખશાન્તિથી રહ્યો અને જીવનને બાવનમે વર્ષે, ઈ. ૧૬૧૬ની બરાબર ૨૩મી એપ્રિલે, વતનમાં જ તે અવસાન પામ્યો ત્યારે મહાકવિ તરીકેની કીર્તિ તેને માટે સ્થાપિત કરનારાં ૪૦ નાટકો, ૧૫૦ સૉનેટો અને અનેક લાંબાં કાવ્યો મૂકતો ગયો.

ડાબી બાજુ: ઈલી ગામના ટૉમસ ટર્નર નામે પાદરીના કબજામાંની 'ઈલી તસવીર' નામે ઓળખાતી શેક્સ્પીઅરની આ છબિ તેની ત્રીજી શતાબ્દી વખતે તેના જન્મસ્થળના ટ્રસ્ટીઓને ભેટ અપાએલી.

શેક્સ્પીઅરનું જન્મસ્થળ

નીચે: સ્ટ્રૅટફર્ડની હેન્લી સ્ટ્રીટના જે ઘરમાં શેક્સ્પીઅરનો જન્મ થયો હતો તેનાં ત્રણ દશ્યો: મથાળાનું ચિત્ર ઈ. ૧૭૬૯ની 'ગૅરિક જ્યૂબિલી' વખતે એ ઘર જેવું હતું તેનું આલેખન છે, અને તે એનું જૂનામાં જૂનું ચિત્ર છે. વચ્ચેનું ચિત્ર ઈ. ૧૮૫૦માં તે રાષ્ટ્રીય સ્મારક તરીકે ખરીદી લેવાયું ત્યારની ખંડિયેર હાલતનું છે. નીચેનું ચિત્ર આજનું દર્શન છે, જેમાં તેને અસલી સ્થિતિમાં આણીને આદર અને સંભાળપૂર્વક પ્રજાએ તેને સંસ્કારતીર્થ બનાવ્યું છે અને આજે ત્યાં એ કવિનાં બહુમૂલ્ય સ્મરણચિહ્નો જે કૈં હાથ લાગ્યાં તે પ્રેમપૂર્વક સાચવ્યાં છે. તેની પાછળના સુંદર બાગમાં કવિનાં નાટકોમાં જે જે ફૂલ, છોડ અને વૃક્ષોનો નિર્દેશ છે તે બધાં કાળજીથી વાવેલાં તથા ઉછેરેલાં છે.







ચારસો વર્ષ પૂર્વેનો ઇંગ્લંડનો મહાકવિ
વિલિયમ શેક્સપીઅર
જે આજ દુનિયાનો મહાકવિ ગણાય છે

લેખક · પ્રો. વસંત જોષી એમ.એ.

જગતના શ્રેષ્ઠ નાટકકાર શેક્સપીઅરના જન્મની ચોથી શતસંવત્સરી આ મહિને ઉજવાશે તે વખતે કોઇ પણ વાચકને એના જીવન વિષે જાણવાની જિજ્ઞાસા થાય. એ જિજ્ઞાસા તૃપ્ત કરવાનું કામ ખૂબ જ અઘરું છે. શેક્સપીઅર વિષે વિદ્વાનોએ લખ્યું છે એટલું આજ સુધી જગતના કોઇ પણ સાહિત્યકાર વિષે લખાયું નથી. એનાં નાટકો અને કાવ્યો વિષે સંશોધન અવિરતરીતે ચાલ્યા કર્યું છે. એના યુગના ઉપલબ્ધ એવા દરેક કાગળ કે ચિઠ્ઠી(મુદ્રિત કે હસ્તલેખિત)નો અભ્યાસ કરી એના વિષે જાણવાનો ઘણો પ્રયત્ન થયો છે. એ યુગ વિષે પણ આપણે પુષ્કળ જાણીએ છીએ, પણ એના પોતાના જીવન વિષે ઘણાં વર્ષો પહેલાં આપણી પાસે જે કાંઈ નક્કર માહિતી હતી એમાં તો કૈં નોંધપાત્ર ઉમેરો થયો હોય તેમ દેખાતું નથી. અનુમાનો કરવામાં આવ્યાં છે, નિષ્કર્ષો આપવામાં આવ્યા છે, પણ એના જીવન વિષેની ચોક્કસ માહિતીમાં ખાસ કશું મળ્યું નથી. પરિણામે આજે આપણે શેક્સપીઅરની ચોક્કસ જન્મતારીખ પણ જાણતા નથી! વધારે નવાઈની વાત તો એ છે કે શેક્સપીઅરનાં નાટકો તરીકે ઓળખાવવામાં આવતાં નાટકો પણ શેક્સપીઅરે જ લખ્યાં છે એવું ઘણા વિદ્વાનો માનવા તૈયાર નથી. એટલે એના સાહિત્યમાંથી એના જીવનનાં પાસાં શોધી કાઢવાનો પ્રયત્ન કરવો, ને એ ન જડે તો એના સાહિત્યમાં અવગાહન કરી પુણ્યસાધન કરવું એ સામાન્ય વાચક માટે સહેલો રસ્તો છે.

ઇંગ્લંડના વૉરિકશાયર પરગણામાં ઍવન નદીને તીરે આવેલા સ્ટ્રૅટફર્ડ નામના નાના ગામમાં એક ચામડાનાં હાથમોજાં બનાવનાર જૉન શેક્સપીઅર ૧૫૫૭માં મેરી આર્ડનને પરણ્યો. સપ્ટેમ્બર ૧૫૫૮માં એમનું પહેલું બાળક જન્મ્યું ને થોડા જ વખતમાં મરી ગયું. ૧૫૬૨માં એમની બીજી કન્યા માર્ગરેટ જન્મી, અને એપ્રિલ ૧૫૬૪માં એમનો જ્યેષ્ઠ પુત્ર વિલિયમ જન્મ્યો. બીજો પુત્ર ગિલ્બર્ટ ૧૫૬૬માં, ત્રીજી પુત્રી જોન ૧૫૬૭માં, ચોથી પુત્રી ઍન ૧૫૭૧માં, ત્રીજો પુત્ર રિચર્ડ ૧૫૭૪માં અને ચોથો પુત્ર એડમંડ ૧૫૮૦માં, એમ જૉનને કુલ આઠ બાળકો થયાં. એમાંના કોઈની યે ચોક્કસ જન્મતારીખો મળતી નથી. માત્ર બાપ્ટિઝમ અપાયાનો ઉલ્લેખ કોઇકોઇને વિષે મળે છે. જન્મને દિવસે એ ક્રિયા કરાતી નથી, તેથી જન્મતારીખ વિષે અનુમાન જ કરવું રહ્યું. કવિ શેક્સપીઅરનો નામકરણ-સંસ્કાર ૨૬મી એપ્રિલે થયાની નોંધ એક દેવળના ચોપડામાં મળે છે, તે પરથી અંગ્રેજો ૨૩મી એપ્રિલ એના જન્મદિન તરીકે પાળે છે. ઇંગ્લંડનો આરાધ્ય (patron) સંતપુરુષ સેંટ જ્યૉર્જ. એની તિથિ પણ ૨૩મી એપ્રિલ; એટલે ઇંગ્લંડના આ મહાકવિની જન્મતિથિ પણ ૨૩મી એપ્રિલ માનવામાં આવેલી.

જૉન શેક્સપીઅરે પોતાના ધંધામાં એ જમાનામાં સારા જેવા પૈસા મેળવ્યા હતા અને ધનની સાથે આવતી પ્રતિષ્ઠા પણ એને મળી હતી. એના સ્ટ્રૅટફર્ડ ગામનાં જાહેર કાર્યોમાં એ આગળપડતો ભાગ લેતો. તોપણ કુલીન કુટુંબોમાં જન્મેલા 'સદ્‌ગૃહસ્થ' જેવું સ્થાન સમાજમાં એને કદી પણ મળી શકે એમ ન હતું. વિલિયમ શેક્સપીઅરે પિતાના ધંધામાં રસ લીધો નહિ. એણે યુવાવસ્થામાં લંડનનો રસ્તો લીધો. એની મહત્ત્વાકાંક્ષા હતી કે 'સદ્‌ગૃહસ્થ' તરીકે લોકો એને ઓળખે. પણ એ આકાંક્ષા સફળ નીવડે ત્યાર પહેલાં ઘણું તપ કરવાનું હતું.


પંદરમા સૈકામાં જૂના મૃતવત્ જ્ઞાનનો જાણે પુનર્જન્મ થયો હતો. લોકો ઉત્સાહથી જ્ઞાનાર્જન કરતા હતા. શેક્સપીઅરને પણ પ્રાથમિક શિક્ષણ માટે નિશાળે મૂકવામાં આવ્યો. લોકાપવાદ એવો છે કે તે બહુ ભણ્યો નહિ. એનાં નાટકો પરથી આપણે જોઇ શકીએ છીએ કે એ જે થોડુંઘણું ભણ્યો તેનો એણે જે ઉપયોગ કર્યો એવો કોઇ સાહિત્ય-

સ્ટ્રૅટફર્ડ ગામની હેનલી સ્ટ્રીટના મકાનમાં કવિના જન્મનો ઓરડો: આ બાજુ બિછાનું અને સામે તેનું પારણું પડ્યું છે.





આજ સુધી અપ્રકટ રહેલી શેક્સપીઅરની આ તસવીર સત્તરમી સદીના કલાકાર સોએસ્ટે આલેખેલી મનાય છે અને તે આ વર્ષે પહેલી જ વાર શેક્સપીઅરના વતનમાં મુકાશે.




ઇંગ્લૅંડના મધ્ય ભાગમાં વૉરિકશાયર પરગણામાં લંડનની વાયવ્યે ૯૨ માઈલને અંતરે, ઍવન નદીને કાંઠે આવેલું ૧૯૦૦૦ની વસતિનું આ નાનકડું સાદું ગામ આજે દુનિયાના લક્ષનું કેન્દ્ર બન્યું છે. ઇંગ્લૅંડનો–બલકે જગતનો એક–મહાકવિ વિલિયમ શેક્સ્પીઅર આજથી બરાબર ૪૦૦ વર્ષ પર ત્યાં જન્મ્યો હતો. એ ગામ 'સ્ટ્રૅટફર્ડ-અપૉન ઍવન'ના આ વિહંગદશ્યમાં ધનુષાકારે તેને ઘસીને જતી ઍવન નદી દેખાય છે. આગળના ભાગમાં અણીદાર મિનારાવાળું 'હોલી ટ્રિનિટી ચર્ચ' નામનું દેવળ છે, જેમાં શેક્સ્પીઅરની કબર છે. ચિત્રની વચ્ચે ઊભાં પૉપ્લર વૃક્ષોનું જે વર્તુલ છે તે સ્થળે, આજથી બરાબર સો વર્ષ પહેલાં ઈ. ૧૮૬૪માં શેક્સ્પીઅરની ત્રીજી જન્મશતાબ્દીનો ઉત્સવ ઉજવાએલો.

કારે આજ સુધી કર્યો નથી. એ જમાનામાં મુદ્રણકલા બાલાવસ્થામાં હતી. મુદ્રિત પુસ્તકો મોટી સંખ્યામાં ઉપલબ્ધ ન હતાં. નિશાળોમાં પણ છાપેલાં પાઠ્યપુસ્તકો બહુ મળતાં ન હોવાથી દરેક વિદ્યાર્થીને સ્મરણશક્તિ કેળવવાની જરૂર પડતી. લૅટિન ભાષા દરેકને શીખવી પડતી અને આજના બહુસંખ્ય વિદ્યાર્થીઓની જેમ તે વખતના વિદ્યાર્થીઓ બધું ગોખી જતા. શેક્સ્પીઅરની સ્મરણશક્તિ અદ્ભુત હતી.

એના બાલ્યકાળમાં જ એની નિરીક્ષણશક્તિ પણ ખીલી હતી. એણે નિશાળમાં જરૂરી હતું તે ગોખ્યું, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જોયા, અને જરૂર પડી ત્યારે નિશાળનાં સંસ્મરણોનો નાટકોમાં ઉપયોગ કર્યો અને લોકોને ખડખડાટ હસાવ્યા. એનાં ઐતિહાસિક નાટકોના વિષયો, એનાં કાવ્યોમાં આવતા પૌરાણિક વિષયોના નિર્દેશ, લૅટિન શબ્દોમાંથી અંગ્રેજી શબ્દો ઉપજાવવાની કળા, આ બધાંનું મૂળ એના પ્રાથ-





ડાબી બાજુ: શેક્સપીઅર જ્યાં ભણેલો મનાય છે તે નિશાળ; ઉપર: તેના ભણતરનો બાંકડો.

મિક શિક્ષણમાં. એ થોડી મૂડીનો એણે ભવિષ્યમાં એવો ઉપયોગ કર્યો કે આજના ઘણા વિદ્વાનો સાશંક વૃત્તિથી પૂછે છે કે શેક્સપીઅર જેવા અભણ માણસમાં આટલી બધી વિદ્વત્તા ક્યાંથી સંભવી? ચોક્કસ એના નામ પર ચાલતાં નાટકો બીજા કોઇ વિદ્વાને લખ્યાં હોવાં જોઇએ!

કોઇ પણ સાહિત્યકારના સર્જનમાં એના બાલપણના અનુભવો ઘણો અગત્યનો ભાગ ભજવે છે. શેક્સપીઅરના બાલ્યકાળના અનુભવોની કોઇક નોંધ આપણને મળી હોત તો તે ચોક્કસ એની કૃતિઓને સમજવામાં મદદરૂપ નીવડત. તેને અભાવે આપણે કવિના બીજા એક અગત્યના અનુભવ વિષે અનુમાન કરી શકીએ છીએ. એ યુગના લોકો ધાર્મિક વૃત્તિના હતા. દર અઠવાડિયે દેવળમાં જઈ શ્રદ્ધાથી ધર્મોપદેશ સાંભળતા. વળી ખ્રિસ્તી ધર્મગ્રંથનો અંગ્રેજી અનુવાદ એ જ જમાનામાં બહાર પડચો હતો. પોતાનાં માતપિતા સાથે શેક્સપીઅર ચર્ચમાં જઇ ઉપદેશ સાંભળતો એવું અનુમાન કરવામાં તર્કદુષ્ટતા લાગતી નથી. એનાં નાટકોની ભાષામાં કેટલીય વાર અભ્યાસકને બાઇબલની શૈલીના પડઘા સંભળાય છે; બાઇબલની કથાઓનો ઉલ્લેખ પણ એનાં નાટકોમાં અસંખ્ય વાર આવે છે. વિદ્વાનો તો એવા નિર્ણય પર આવ્યા છે કે શેક્સપીઅરની કૃતિઓમાં મળે છે એટલા બાઇબલના ઉલ્લેખો એના સમકાલીન કોઇ પણ કવિની કૃતિઓમાં મળતા નથી.

સ્ટ્રૅટફર્ડમાં શેક્સપીઅરે કુદરતનું પણ સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. સંભવ છે કે નિશાળમાં ગાપચી મારી મિત્રો સાથે એ રખડવા નીકળી પડતો હશે. જુદીજુદી ઋતુઓમાં ખીલતાં ફૂલોની નામાવલિ અને વર્ણનો, વૃક્ષોનાં વર્ણનો અને આવાં વર્ણનમાંથી ઉચિત વાતાવરણ સર્જવાની એની શક્તિ—એ બધું જોતાં એનો નાનપણનો કાળ કેવી રીતે વીત્યો હશે એનો ખયાલ આવી શકે. એનાં નાટકોમાં આવતાં ચતુષ્પાદ પ્રાણીઓનાં વર્ણનો જુઓ તો એને કયાં પ્રાણી ગમતાં અને કયાં નહિ, એ બધાંને તે કેવી રીતે નિહાળતો તે પણ જોઇ શકાય છે. માણસના અંતરમાં પ્રવેશ કરવાની કલા એને અવગત હતી, એટલું જ નહિ પણ પશુઓનાં પણ અંતર એ સમજી શકતો એવું વાચકને ઘણી વાર લાગે છે. હરણોનાં એનાં વર્ણનો વાંચતાં આપણે માની શકીએ કે મૃગ તો એનું માનીતું પશુ હતું. આનંદથી ખેલ-કૂદતાં બાલહરિણો, શિકારીથી




ઉપર: એ નિશાળ (ગ્રામર સ્કૂલ)ના એ જ ઓરડામાં આજે પણ વિદ્યાર્થીઓ ભણે છે, જેની ભીંત પર શેક્સપીઅરની છબિ લટકે છે.

નીચે

શેક્સપીઅરના જન્મ અને મૃત્યુના લેખ: મથાળે—સ્ટ્રૅટફર્ડના હોલી ટ્રિનિટી ચર્ચના બૅપ્ટિઝમ—નામકરણવિધિના રજિસ્ટરનું, ૧૫૬૪ના એપ્રિલ માસનું પાનું, જેમાં છેલ્લે ૨૬મી તારીખનું કવિનું નામકરણ નોંધાયું છે: 'ગુલિયેમસ ફીલિયસ જોહાનિસ શેક્સ્પીઅર.' નીચેનું ચિત્ર એ ચર્ચમાં આવેલી શેક્સપીઅરની સાદી કબર પરનો શિલાલેખનું છે. જે પરની નીચેની લીટીઓ કવિએ લખેલી કહેવાય છે:

Good frend for Jesus sake forbeare
To dig the dust encloased heare;
Blese be ye man ye spares thes stones,
And curst be ye moves my bones.









રાણી તરફથી શેક્સપીઅરને અપાએલું તેના કુટુંબનું માનચિહ્ન (કોટ ઑવ આર્મ્સ)

ડાબી બાજુ: ઈ. ૧૮૮૮માં લૉર્ડ રોનાલ્ડ સધરલૅન્ડ ગોવરે ભેટ આપેલી શેક્સપીઅરની આ પ્રતિમા સ્ટ્રૅટફર્ડનાશેક્સપીઅર-સ્મારકનાટ્યગૃહના પ્રાંગણના બગીચામાં પહેલાં હતી; આજે તે સ્ટ્રૅટફર્ડની ભાગોળે સૌ યાત્રીઓનું સ્વાગત કરતી સ્થાપિત થઇ છે. ઍવન નદીમાં તરતા સફેદ હંસ એ સ્ટ્રૅટફર્ડ જતા યાત્રીઓનું પ્રિય રંજન છે. ઉપરના ચિત્ર વચ્ચેના ચોકઠામાં મૂકેલી, શેક્સપીઅરના મિત્ર અને સમકાલીન નાટ્યકાર બેન જૉન્સને રચેલી પંક્તિઓમાં 'સ્વાન ઑવ ઍવન'નું ઉદ્બોધન તે શેક્સપીઅરને જ કરેલું છે, ને તેમાં આવતાં 'એલિઝા' અને 'જેમ્સ'નાં નામ રાણી ઇલિઝાબેથ અને જેમ્સ (પહેલા)ને માટે છે.

ત્રાસીને નાસતાં ભયભીત હરણો, અને આખરે શિકારીનો ભક્ષ્ય થઇ પડતાં કરુણાપાત્ર હરણોનાં એનાં વર્ણનો એ વાતની સાક્ષી પૂરે છે. એની સાથે જ એમ પણ કહી શકાએ કે કૂતરાં તેને જરા ય ગમતાં નહિ; એમને માટે એને હમેશાં તિરસ્કાર રહેતો. એને વિષે એક દંતકથા એવી પણ ચાલે છે કે યુવાવસ્થામાં કોઇના ખેતરમાં ઘૂસી શિકાર કરવા જતાં તે પકડાયો હતો અને સર ટૉમસ લ્યૂસી નામના ન્યાયાધીશ આગળ એને ખડો કરવામાં આવતાં એને દંડની સજા કરવામાં આવી હતી. દંતકથાઓ માટે પુરાવો મળતો હોત તો દંતકથા ઇતિહાસ તરીકે જ ઓળખાતી હોત. પણ આપણે એટલું તો ચોક્કસ માની શકાએ કે તેને જાનવરોની પાછળ ભમવું બહુ ગમતું.

કુમારાવસ્થા વટાવી યુવાવસ્થામાં પ્રવેશ કરતાંની સાથે જ, એટલે ૧૫૮૨માં, અઢાર વર્ષની પુખ્ત ઉંમરે શેક્સપીઅરે એવા સંજોગો ઊભા કર્યા કે એને પોતાનાથી ઉંમરમાં આઠ વર્ષ મોટી ઍન હૅથૅવે સાથે લગ્ન કરવાની ફરજ પડી. પત્ની માટે એના હૃદયમાં કેટલો પ્રેમ હતો તે સમજવા માટે કોઈ પુરાવો ઉપલબ્ધ નથી. પત્નીના ઉલ્લેખ પણ એણે ક્યાં ય કર્યા નથી. સ્ટ્રૅટફર્ડથી એ રોજી મેળવવા લંડન ગયો, અને ત્યાં નાટકકાર તરીકે પ્રતિષ્ઠા મેળવી ત્યારે પણ તેની પત્ની સાથે એ રહેતો હોય એવું અનુમાન કરી શકાતું નથી. દર વર્ષે એ થોડા દિવસ પોતાને વતન જતો અને ત્યાં પ્રેરણા મેળવી પાછો લંડન જતો એમ માની શકાય છે. લંડનમાં એનું કોઇ પ્રેમપાત્ર હશે એમ માનવાને પણ કારણ છે. બનવાજોગ છે કે એને પત્ની સાથે ખાસ મેળ ખાતો નહિ હોય. પણ આવી કોઈ બાબતનો પુરાવો આપણી પાસે ન હોવાથી આ બધાં વિષે ચર્ચા કરવી નિરર્થક છે. શેક્સપીઅરનાં નાટકમાં જ્યાં પતિ-પત્નીસંબંધ વિષેની ચર્ચા આવે છે, અથવા પતિ અને પત્નીની પરસ્પર ફરજોનો ઉલ્લેખ થાય છે ત્યારે એવું ધ્વનિત થાય છે કે પત્નીએ હમેશાં પતિની આજ્ઞામાં રહેવું જોઇએ, અમુક મર્યાદાઓ પાળવી જોઇએ, પતિને હમેશાં શ્રેષ્ઠ માનવો જોઇએ, આવા વિચારોને સનાતન સત્ય તરીકે સ્વીકારવા કે કવિની પૂર્વગ્રહદૂષિત દૃષ્ટિમાંથી ઉદ્ભવતા પરિણામ તરીકે સમજવા એનો નિર્ણય આધુનિક વાચકો પર છોડી દેવો જોઇએ.

શેક્સપીઅરને 'સદ્ગૃહસ્થ' થવું હતું. ગામડામાં એ મહત્ત્વાકાંક્ષા સફળ થવાનો સંભવ હતો નહિ. ઇંગ્લૅન્ડના બધા ઉત્કર્ષાર્થીઓને માટે લંડન સિવાય બીજું સ્થાન જડવું મુશ્કેલ હતું. એટલે એના ઘણા સમકાલીનોએ કર્યું હતું તેમ, ૧૫૮૭માં એક દિવસ એણે ઘર ત્યજી લંડનનો માર્ગ લીધો. એલિઝાબેથના રાજ્યમાં બધે ઉત્સાહનાં દર્શન થતાં હતાં. વાતાવરણ જાણે સુવર્ણમય હતું. ઉત્કર્ષ અને વિકાસ માટે ચારે દિશાઓ ખુલ્લી હતી. જ્ઞાનનાં દ્વાર ખુલ્લાં થયાં હતાં. સર ફિલિપ સિડની જેવાઓએ આદર્શ જીવન જીવી બતાવ્યું હતું અને એમનું અનુકરણ

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૩)



શેક્સપીઅરના અવસાન બાદ ઇ. ૧૬૨૩માં બહાર પડેલો તેનાં નાટકોનો અધિકૃત સંગ્રહ, જે 'ફર્સ્ટ ફોલિયો'ના નામે વિખ્યાતછે.

संक्षेपकार
ડૉ. મધુસૂદન પારેખ

મહાકવિ શેકસ્પીઅરનાં
નાટકોની વાર્તાંતર-માળા-૪

ટેમ્પેસ્ટ

દૂર દૂર ક્ષિતિજમાં ભૂરો સાગર અને ભૂરું આકાશ સંગમ રચી રહ્યાં હતાં ત્યાં એક નાનકડું ભૂખરું ટપકું દેખાતું હતું. કિનારા પરથી બે ભૂરી આંખો એ ટપકા ભણી સતત મંડાએલી હતી. થોડી વારે આ ટપકું નાના કાળા વાદળ જેવું બની ગયું. ભૂરી આંખોમાં કૌતુક ઊભરાયું...અને પછી એ આંખો હસી ઊઠી, નાચી ઊઠી : 'બાપુ, વહાણ...પે...લું દેખાય! આપણા ભણી આવે છે.' અને એ દૃષ્ટિ ફરી વાર વહાણના તૂતક પર દોડી ગઈ.

કિનારા પર બે જ વ્યક્તિની વસતિ હતી. એક હતી, ભૂરી રમતિયાળ આંખોવાળી સોળ સત્તર વર્ષની યુવતી મિરાન્ડા; અને બીજી વ્યક્તિ તે મિરાન્ડાના પિતા પ્રૉસ્પેરો. આ વેરાન ટાપુ ઉપર ખડકમાંથી કોરી કાઢેલા એક ગુફા જેવા ઘરમાં માત્ર એ બે જ જણ વસતાં હતાં. હા, ત્રીજો એમનો એક નોકર કૅલિબન હતો ખરો. પણ એ માણસમાં ગણાય? એનું અરધું અંગ માછલી જેવું હતું. કોઈ જળચર પ્રાણી જેવો એ લાગતો હતો. એની આકૃતિ એવી વિરૂપ હતી કે જોતાં ત્રાસ થાય. સ્વભાવથી જ ચીડિયો. પ્રૉસ્પેરોનો એ ગુલામ હતો. બાપદીકરી માટે એ જંગલમાંથી લાકડાં વીણી લાવતો, મીઠા ઝરામાંથી પીવાનું પાણી ભરી લાવતો અને ઘરની સાફસૂફી કરતો. પણ માલિક પર એને ભારે કાળ ચડતો.

પ્રૉસ્પેરો આ ટાપુ પર આવી ચડ્યો ત્યારે કૅલિબનની મા સત્તાધીશ હતી. એ ડાકણ હતી. એનું નામ સાઇકોરેક્સ. મેલી વિદ્યાના જોરે તેણે અનેક પ્રેતાત્માઓને વશ કરી ગુલામ બનાવ્યા હતા. એના જુલમનો કંઈ પાર નહોતો. એ ડાકણની કૂખે કૅલિબન જન્મ્યો માનાં જ રૂપગુણ લઈ ને. પ્રૉસ્પેરો પણ મંત્રવિદ્યાનો જાણકાર હતો.



'બાપુ, વહાણ! પે...લું દેખાય.' (ચિત્રકાર ગૉર્ડન બ્રાઉન)

ગૂઢ વિદ્યા અને ચમત્કાર સિદ્ધ કરવા તેણે વર્ષોની સાધના કરી હતી. મંત્રતંત્રની સાધના એ જ એનો જીવનરસ હતો. બાળ મિરાન્ડાને લઈ ને તે અહીં ઊતર્યો ત્યારે ડાકણ મરી પરવારી હતી અને આ પ્રદેશનો માલિક કૅલિબન થયો હતો. પરંતુ પ્રૉસ્પેરોની ગૂઢ વિદ્યા આગળ કૅલિબનનું જોર ચાલ્યું નહિ. ઘડીકમાં એણે કૅલિબનને વશ કરી લીધો અને પોતાના ઘરમાં વેઠ કરનાર ગુલામ તરીકે તેને જોતરી દીધો.

પ્રૉસ્પેરોએ પછી ડાકણના ત્રાસથી રિબાતા રહેલા ઘણા પ્રેતાત્માઓનો છુટકારો કરી દીધો. તેમાં એક નાજુક પ્રેત એરિયલ નામનો હતો. એક વાર સાઇકોરેક્સની આજ્ઞા તેણે ઉથાપી ને એ ડાકણનો ખોફ તેના પર ઊતર્યો. એક મોટા ઝાડના પોલાણમાં ડાકણે તેને પૂરી દીધો અને વર્ષો સુધી એરિયલ એ પોલાણમાં ચીસો નાખતો જ રહ્યો. એના સદ્ભાગ્યે પ્રૉસ્પેરો ત્યાં આવ્યો. એ નાનકડા પ્રેત પર તેને અનુકંપા થઈ અને તેણે પોલાણમાં ગૂંગળાતા એરિયલને મુક્ત કર્યો. એરિયલ તેનો વિશ્વાસુ પ્રેત-કિંકર બની રહ્યો. પ્રૉસ્પેરોએ થોડીક સેવાઓ પછી તેને સદંતર મુક્તિ આપવાનો વાયદો પણ કર્યો હતો. કૅલિબન પર અંકુશ રાખવાનું તથા તે આડો ફંટાય ત્યારે સારી પેઠે પાંસરો કરવાનું કામ પણ એરિયલનું જ રહેતું.

ભલીભોળી મિરાન્ડા પિતાની આ બધી સિદ્ધિ-શક્તિઓથી પૂરી માહિતગાર નહોતી. એને એમાં રસ પણ નહોતો. સોળ સત્તર વર્ષની જિંદગીમાં એના પિતા સિવાય બીજો કોઈ પુરુષ તેણે જોયો ન હતો. અને સ્ત્રી તો માત્ર એક જ જોઈ હતી—દર્પણમાં. માત્ર પિતાનો જ સહવાસ, એમનું જ શિક્ષણ અને એમની સંભાળ એને સાંપડ્યાં હતાં.

આજે એ એના બાપુ સાથે દરિયાકાંઠે સહેલ કરવા આવી હતી. દૂર ક્ષિતિજમાં ભૂરું ટપકું જોઈ એ આશ્ચર્ય પામી. એ ટપકું મોટું થતું ગયું તેમ તેની આંખ પણ કૌતુકથી મોટી થતી ગઈ. અને એ વહાણ હતું, પોતાના ભણી આવતું હતું, એ જોઈ ને તો તેના વિસ્મયનો પાર ન રહ્યો. આવા વેરાન ટાપુ પર વહાણ ક્યાંથી? મિરાન્ડાનું મન નાચી ઊઠ્યું. ઉત્સાહથી એણે બાપુનો હાથ ખેંચી એમનું ધ્યાન વહાણ તરફ દોર્યું. પણ એ તો કોઈ મોટી ગડમથલમાં પડેલા દેખાતા હતા. એમના મુખ પર થોડોક ઉશ્કેરાટ ને કંઈક અજંપો હતો. એમણે ધીરે રહીને પોતાની પાસેની નાનીશી લાકડી હવામાં લહેરાવી. વહાણ છેક પાસે આવી ગયું હતું. મિરાન્ડા થનગની રહી હતી. વહાણમાં કેવી રૂપાળી વસતિ પણ હતી! મિરાન્ડાની અજાયબી વધતી જ ગઈ...

ત્યાં તો એકાએક, કોઈ ભસ્માસુરની જેમ દરિયામાંથી ઝંઝાવાત પ્રગટ થયો! ભૂરું આકાશ કાળાં ઘનઘોર વાદળોથી છવાઈ ગયું. ઝંઝાવાતના સૂસવાટાથી ઝાડવાં ધ્રૂણી ઊઠ્યાં. દરિયાનાં લહરતાં મોજાં શિખરની જેમ ઊછળવા માંડ્યાં અને એ પ્રચંડ મોજાંઓની વચમાં એક મામૂલી રમકડાની જેમ વહાણ ફંગોળાવા માંડ્યું. વહાણના ખલાસીઓના બૂમબરાડા અને મુસાફરોની કારમી ચીસથી મિરાન્ડા કંપી ઊઠી. આવી અદ્ભુત સૃષ્ટિ વહાણ સાથે એકાએક નાશ પામશે એવી તેને કલ્પના પણ નહોતી. એની આંખ આંસુથી છલકાઈ ઊઠી. એણે બાપુના હાથ પકડી લીધા. 'બાપુ, તમે...તમે જ, આ વહાણ ડુબાડ્યું ને? શા માટે?' એ ડૂસકાં ભરવા માંડી : 'કેવી રૂપાળી...

વસતિ ડૂબી ગઇ! એમણે આપણું શું બગાડ્યું હતું?' એની આંખો ફરી વરસવા માંડી.


પ્રૉસ્પેરોએ રોતી દીકરીને પંપાળી થાબડી ને શાંત કરી: 'બેટા મિરાન્ડા, તું શું જાણે બધી વાત! એ વહાણમાં આપણા દુશ્મન હતા. એમણે આપણું શું બગાડ્યું છે તેની તને ખબર નથી.'

'દુશ્મનો?' મિરાન્ડાએ આંખ ઊંચી કરી. 'આવા સારા માણસો કદાપિ દુશ્મન હોઈ શકે ખરા?' એની આંખોમાં આશંકા હતી.

'દીકરી... મિરાન્ડા...,' પ્રૉસ્પેરોએ જરા ખંખારીને કહ્યું: 'આજે હવે સમય પાક્યો છે. મારા જીવનનો ભેદ આજે હું તને કહીશ. જો સાંભળ, આંસુ લૂછી નાખ...અને મિરાન્ડા એકી ટશે બાપુ સામે જોતી જિજ્ઞાસાથી એ કહાણી સાંભળી રહી.

વીસેક વર્ષ પૂર્વે મિરાન્ડાનો પિતા પ્રૉસ્પેરો ઈટાલીની મિલાન નગરીનો ડ્યૂક હતો. એના સુંદર રાજ્યઅમલથી પ્રજા ખુશ હતી, એના સત્તા-પ્રભાવથી દુશ્મનો અંજાતા, એના વિદ્યાવ્યાસંગ અને કળાશોખની રસિકજનો મુગ્ધ થઈ પ્રશંસા કરતા. એ અને એની પત્ની સુખચેનથી રહેતાં. થોડા સમય પછી મિરાન્ડા એમને ત્યાં અવતરી અને એમના આનંદનો પાર ન રહ્યો. મિરાન્ડા ખૂબ રૂપાળી અને નમણી હતી. પુત્ર ન હોવાનો વસવસો તેણે વિસરાવી દીધો. ધીરે ધીરે પ્રૉસ્પેરોને વિદ્યાની—ગૂઢ વિદ્યાની ઉપાસનામાં રસ પડવા લાગ્યો. અંતે એનો રસ એટલો વધતો ગયો કે દિવસના ઘણા કલાક તે અભ્યાસખંડમાં જ ગાળવા લાગ્યો. રાજતંત્રમાં તેનો રસ ઓછો થઈ ગયો. રાજ્યવહીવટ કથળે નહિ એ માટે પોતાના ભાઈ ઍન્ટોનિયોને રાજ્યધુરા સોંપી તે નિશ્ચિંત થયો. ઍન્ટોનિયોએ અનાયાસે મળેલી તકનો પોતાની સત્તા વધારવા માટે પૂરો ઉપયોગ કર્યો. એણે પ્રૉસ્પેરોના સેવકો અને અધિકારીઓને દૂર કરીને ધીમેધીમે બધે પોતાના વિશ્વાસુ માણસો ગોઠવી દીધા. પ્રૉસ્પેરો આ બધાથી અજાણ જ રહ્યો. છેવટે એનો સત્તાલોભ એટલો વધ્યો કે રાજગાદી પરથી પોતાના ભાઇને ઉથલાવી પાડવા માટે તેણે નેપલ્સના રાજાની સહાય માગી. નેપલ્સનો રાજા ઍલૉન્ઝો પ્રૉસ્પેરોના સત્તાપ્રભાવથી અકળાએલો હતો. એણે ઍન્ટોનિયોએ ખંડણી ભરવાની શરતે સહાય કરી. ઍન્ટોનિયોએ રાજગાદી માટે મિલાનની સ્વતંત્રતા ગીરે મૂકી. પરદેશના ભાડૂતી સૈનિકો મિલાન નગરીના મહેમાન બની ગયા. અને એક રાતે...

અપાર કુતૂહલથી પિતાના મનોભાવો નીરખી રહેલી મિરાન્ડા



નાવડીમાં પિતાપુત્ર (ચિત્રકાર ગૉર્ડન બ્રાઉન)

ફફડી ઊઠી. 'એક રાતે...શું બન્યું બાપુ?'

'એક રાતે' પ્રૉસ્પેરોએ ગળું જરા સાફ કરીને કહ્યું, 'આપણા મહેલમાંથી આપણને ઉઠાવીને પહેરેલે લૂગડે એક વહાણ પર ચડાવી દેવામાં આવ્યાં. દરિયામાં થોડે દૂર જઇને એક નાની હોડીમાં આપણને છોડી દીધાં. એ હોડીને નહોતા સઢ કે નહોતું સુકાન. અંદર નહિ ખોરાક, નહિ પાણી. માત્ર આપણે બે અને ત્રીજો ભગવાન.'

મિરાન્ડા કમકમી ઊઠી. એણે બાપુનો હાથ પકડી રાખ્યો: 'બાપુ, કેવી મોટી આફત? હું તમને એવે ટાણે બોજારૂપ લાગી હોઈશ?'

'નહિ રે બેટા, તું તો એ વખતે મારા જીવનનો એકમાત્ર વિસામો બની રહી. તારી માનો તો પત્તો નહોતો. તને જોઇને જ હું મારું દુ:ખ ભૂલતો. તારી સાથે વાતો કરવામાં મારો વખત ખૂટતો. અને ભગવાનની દયા પણ કેવી? મારા એક વિશ્વાસુ દરબારીના હૃદયમાં રામ વસેલા, તે એણે છૂપી રીતે આપણી નાનકડી નાવડીમાં ખોરાક-પાણી સંતાડી રાખેલાં. અને સૌથી વિશેષ તો, તેમાં મારાં પ્રિય પુસ્તકો પણ હતાં. એ વફાદાર ગૉન્ઝેલો આપણો ગેબી મદદગાર નીવડ્યો.'

'પછી?' મિરાન્ડાની અધીરી આંખો પૂછી રહી.

'ચારે તરફ ઘૂઘવતા સાગર પર આપણી નાનીશી નાવડી અથડાતીકુટાતી છેવટે આ નિર્જન ટાપુ પર ખેંચાઈ આવી. ત્યારે તું તો હતી માંડ ચાર વર્ષની. મેં અહીં આ ઉજ્જડ ટાપુ ઉપર જતનથી તને જાળવી, ઉછેરી મોટી કરી. બાર વર્ષ વહી ગયાં, દીકરી, એ વાતને. અને હવે આજે...' પ્રૉસ્પેરો દરિયાનાં પાણીમાં દૂરદૂર તાકી રહ્યો.

'આજે એ વહાણમાં નેપલ્સનો રાજા—આપણો શત્રુ ઍલૉન્ઝો, એનો પુત્ર ફર્ડિનાન્ડ અને મારો કપટખોર ભાઈ ઍન્ટોનિયો એમના સાથીઓ સાથે લગ્નની મહેફિલ માણી પાછા જઇ રહ્યા છે. મેં મારા ઈલમના જોરે એ વહાણને અહીં ખેંચી આણ્યું છે. અત્યારે મારા ભાગ્યનો સિતારો ચમકતો છે. આ તક જો હાથમાંથી સરી જાય તો... ફરી કોઇ તક નથી. બસ બેટા, હવે વધુ ન પૂછીશ...જો તને ઊંઘ આવી રહી છે.' અને પ્રૉસ્પેરોએ મિરાન્ડાની આંખ પર સહેજ હાથ ફેરવ્યો. થોડી પળમાં તો મિરાન્ડા ઘસઘસાટ ઊંઘી ગઈ.

પ્રૉસ્પેરોએ પ્રેત-કિંકર એરિયલનું સ્મરણ કર્યું અને થોડી ક્ષણોમાં 'યસ માસ્ટરજી!' કહેતોક ને એરિયલ તેની સન્મુખ આવી ઊભો. માલિકની સૂચના અનુસાર એરિયલે જ દરિયાઈ તોફાન પેદા કર્યું હતું. માલિકને તેણે બધી ઘટના કહી સંભળાવી. તોફાનમાં સૌથી પ્રથમ દરિયામાં કૂદી પડનાર રાજકુમાર ફર્ડિનાન્ડ હતો. તે બધાથી વિખૂટો પડી ગયો. નેપલ્સનો રાજા, એનો ભાઈ સેબૅસ્ટિયન, ઍન્ટોનિયો અને ગૉન્ઝેલો ટાપુના બીજા ભાગ તરફ ખેંચાઈ ગયા અને બે અધિકારી એથી પણ દૂર ઘસડાઇ ગયા.

પ્રૉસ્પેરોની આજ્ઞા બરાબર રીતે પળાઈ હતી. એણે પૂછ્યું: 'કોઇને કશી અલવલ તો નથી પહોંચીને?'

'ના માસ્ટરજી, એક વાળ પણ કોઇનો વાંકો થયો નથી. વહાણ પણ દૂર સલામત ઊભું છે. ખલાસીઓ પણ ત્યાં ઘેનમાં પડ્યા છે.'

પ્રૉસ્પેરોને પ્રસન્ન જોઇ એરિયલે ધીરેકથી કહ્યું: 'હવે માસ્ટરજી, મારી સ્વતંત્રતા? આપનું વચન છે ને! મારું કામ પૂરું થયું.'

'કોણે કહ્યું પૂરું થયું? પ્રૉસ્પેરો ચિડાઈ ઊઠ્યો: 'તું પણ આખરે તો પ્રેતાત્મા! ડાકણના ત્રાસે બાર વર્ષ ઝાડના થડમાં સબડ્યો. એમાંથી મેં તને મુક્ત કર્યો. નહિતર હજુ ચીસો પાડતો સબડતો હોત. એ બધી વેદના ભૂલી ગયો એરિયલ? હજુ મારી યોજના પૂરી થઇ નથી. એ પૂરી થશે કે તરત તારી સ્વતંત્રતા સહી.'

એરિયલ નમી પડ્યો: 'માફ કરો માસ્ટરજી.'

'જો ત્યારે, હવે તારે જલપરી બનીને નવી માયા રચવાની છે.' અને પ્રૉસ્પેરોએ એના કાનમાં મંત્ર ફૂંક્યો.

'યસ માસ્ટરજી.' કહેતોક ને એરિયલ હવામાં ઓગળી ગયો.

મિરાન્ડા થોડી વારે જાગી. બાપદીકરી ઘેર પાછાં ફર્યાં. કૅલિબન અંદર વખાર પાસે ઘોરતો હતો. એને પ્રૉસ્પેરોએ લાકડાં વીણી લાવવા માટે જગાડ્યો. એનો મિજાજ ફટક્યો. એણે રકઝક કરવા માંડી. ખભા ચડાવવા માંડ્યા અને વાંકું મોં કરી બબડવા માંડ્યો. પણ પ્રૉસ્પેરોએ ચમકારો દેખાડ્યો એટલે બાપદીકરી બેયને ભાંગીતૂટી ભાષામાં ભાંડતો ભાંડતો એ જંગલમાં ઊપડ્યો. પ્રૉસ્પેરો એને મન જુલમગાર હતો; એનું રાજ્ય પચાવી પાડી એને ગુલામ બનાવનાર સિતમગાર હતો.

પ્રૉસ્પેરોએ એને સંસ્કાર આપવા માટે, ભાષા શીખવવા માટે ખૂબ પ્રયાસ કરી જોયો હતો, પણ માનવ-ભાષા શીખીને એ માલિકને શાપ દેતાં જ શીખ્યો. પ્રૉસ્પેરોની માનવતાથી એ વધુ વકર્યો. માલિકને એ હાડોહાડ ધિક્કારવા સિવાય બીજું કશું કરી શક્યો નહિ. કૅલિબનને માણસ બનાવવાનો પ્રૉસ્પેરોનો પ્રયોગ આમ નિષ્ફળ ગયો. એ ડાકણનો દીકરો ભૂખે જ પાંસરો થવાનો એની એને પ્રતીતિ થઇ ગઈ. કૅલિબન જ્યારે પણ વંકાય કે વિફરે ત્યારે પ્રૉસ્પેરોએ હવે દયામાયા મૂકી એની સાથે કડકાઈથી કામ લેવા માંડ્યું. એના અંગેઅંગમાં એ કળતર પેદા કરી મૂકતો. એના સાંધા સંધિવાથી ઝલાઇ જતા અને વેદનાથી એ એટલો તો અકળાઈ ઊઠતો કે શ્વાસ લેવાના પણ તેને સાંસાં પડતાં. કોઈ વાર તો એનો મિજાજ ઉતારવા પ્રૉસ્પેરો એને ખડકમાં પૂરી દઇને હવા વિના ગૂંગળાવી મૂકતો. પ્રૉસ્પેરોની આવી શિક્ષાઓથી કૅલિબન ખૂબ ડરતો. અત્યારે પણ પ્રૉસ્પેરોના ચમત્કારથી ડરીને જ એ ધૂંધવાતો ધૂંધવાતો લાકડાં વીણવા ચાલ્યો ગયો હતો. એનું મન ખૂબ ખફા થયું હતું. આખે રસ્તે એકલો એકલો એ બાપ-દીકરીને હજારો શાપ આપતો પોતાનો ધૂંધવાટ કાઢી રહ્યો.

ગાઢ નિદ્રામાંથી જાગ્યો હોય તેમ રાજકુમાર ફર્ડિનાન્ડ આળસ મરડીને બેઠો થયો. આંખો ચોળીને એણે આસપાસ જોવા માંડ્યું. એની સ્મૃતિ તાજી થઈ. વહાણમાંથી પોતે પહેલો કૂદી પડ્યો હતો. પણ એના પિતા અને બીજા સાથીઓ ક્યાં ગયા? એ બધાએ જલ-સમાધિ લીધી હશે? પોતે કેવી રીતે ઊગરી ગયો? એણે દરિયામાં દૂર દૃષ્ટિ નાખી, પણ તોફાન થયાનો કશો અણસારો ય ન હતો. ધીમે ધીમે મંજુલ વાયુ વાતો હતો અને ફર્ડિનાન્ડ આશ્ચર્યચકિત થઈ ગયો! એ વાયુમાંથી મંદમંદ સંગીત વહેતું હતું! એ સંગીતનું માધુર્ય એને સ્પર્શી ગયું. એથી આકર્ષાઇને એ ઊભો થયો. સંગીતના સૂર એને ક્યાંક ખેંચી જતા હતા. વિવશપણે એ સંગીતની સુરાવલિ પાછળ દોરાયે જતો હતો. એનું ચિત્ત કંઈક અવનવા તરંગે ઊછળવા માંડ્યું. આ પ્રદેશ પરીઓનો હશે? આ વેરાન પ્રદેશમાં તે પરી વળી ક્યાંથી?

અને એની નજર એકાએક થંભી ગઈ. એ પૂતળાની જેમ સ્તબ્ધ થઈ ઊભો રહી ગયો. આ તે સ્વપ્ન કે સત્ય? ગાલ પર એણે ઝીણી ચૂંટી ખણી જોઈ. સાચેસાચ, સામે વનદેવી જેવી એક સુકુમાર રૂપ-વતી યુવતી ઊભી હતી. એ મિરાન્ડા હતી.

દૂરથી કોઇ જુવાનને ચાલ્યો આવતો જોઈ મિરાન્ડા રોમાંચિત થઈ ગઈ. દુનિયામાં આવો અદ્ભુત સુંદર યુવાન હોઈ શકે? પહેલી જ નજરે એનું હયું ઢળી ગયું. એના હૃદયમાં પ્રેમની ભરતી ઊછળી રહી. એ કોણ હશે? મનુષ્ય, પ્રેતાત્મા કે ફિરસ્તો?

બંને જણ આંખો ને અંતર ભરીભરીને એકબીજાને નીરખી રહ્યાં.



સંગીતના સૂર એને ક્યાંક ખેંચી જતા હતા
(ચિત્રકાર • જૉર્ડન બ્રાઉન)

રાજકુમાર મિરાન્ડાની પાસે આવ્યો: 'દેવી, આ પ્રદેશમાં જ આપ વસો છો? આપ સત્ય છો કે પછી ભ્રમણા?'

મિરાન્ડા મીઠું હસી. રાજકુમાર આનંદવિભોર બની ગયો. મિરાન્ડાએ મધુર વાણીમાં સહેજ પરિચય આપ્યો. બંને હૈયાં પરવશ બની ગયાં. મિરાન્ડાએ નેપલ્સના રાજકુમારને હર્ષથી વધાવી લીધો. કેટલા ય ભવ પછી મળ્યા હોય એવો એ બે આત્માનો આનંદ હતો. બંનેની રસગોષ્ઠિ ચાલી...

એવામાં એકાએક પ્રૉસ્પેરો ત્યાં આવી ઊભો. એ ક્યારનો ય આ પ્રેમત્રાટક નિહાળી રહ્યો હતો. એના ચિત્તમાં પણ ચિત્રવિચિત્ર તરંગો ઊછળી રહ્યા. એના મુખ પર થોડી વારમાં તો અનેક ભાવપલટા આવી ગયા. એણે કંઇક નિશ્ચય કર્યો હોય તેમ સહેજ ડોકું ધુણાવ્યું અને મિરાન્ડા તથા રાજકુમારની વચમાં આવી ઊભો રહ્યો. એના મુખ પર સખ્તાઇ હતી: 'મહેરબાન, તમારી ચાલબાજી હું જાણી ગયો છું. અહીં જાસૂસ તરીકે આવ્યા છો, કેમ? આ રાજ્ય પચાવી પાડવાની દાનત છે ને તમારી? પણ હવે છટકી શકાશે નહિ. તમે બરાબર ફસાયા છો. જાસૂસી કરવી છે, કેમ?'

પિતાની રાતી આંખ જોઈ મિરાન્ડા ધ્રૂજી ઊઠી. એણે પિતાને આવા કઠોર કદી જોયા નહોતા. એનું ભોળું મન પ્રાર્થી રહ્યું: 'ભગવાન મારા બાપુમાં વસો અને કુમારને રક્ષો.' એ પિતાને વીનવવા માંડી: 'બાપુ, આવા સુંદર કુમાર જાસૂસ હોય ખરા કે? હું સાચ્ચું કહું છું બાપુ, એ જાસૂસ નથી.'

'ચૂપ, નાદાન!' પ્રૉસ્પેરોએ ઉશ્કેરાટથી કહ્યું: 'તું શું સમજે? આ છોકરો તને અને મને છેતરવા આવ્યો છે. મારું સામ્રાજ્ય એને છિન્ન-ભિન્ન કરી નાખવું છે.' અને કરડાકીથી એ ફર્ડિનાન્ડ તરફ ફર્યો: 'જાસૂસ થઇને આવ્યો તો ભલે, પણ હવે તારી વલે જોજે. તને સાંકળથી સજ્જડ બાંધીશ. દરિયાનું ખારું પાણી ને સડેલાં કંદમૂળ તારે ખાવાં પડશે. આ મુલાકાત જિંદગીભર યાદ રહી જશે.'

ફર્ડિનાન્ડ પણ આ વચનોથી ઉશ્કેરાયો. એનો હાથ તલવાર પર ગયો. મિરાન્ડા વચ્ચે પડી. ફરી વીનવી રહી: 'બાપુ, મારું માનો! આ કુમાર જાસૂસ ના હોય; હું એની જામીન થાઉં છું, બાપુ,'

પણ પ્રૉસ્પેરોએ ફરી તેને ધમકાવી કાઢી. આ છોકરડા પર વિશ્વાસ ન મૂકવાની ચેતવણી આપી. અને ફર્ડિનાન્ડને હુકમ કર્યો: 'ચાલ'

અને ફર્ડિનાન્ડની તમામ શક્તિ હરાઈ ગઈ! એની તલવાર મ્યાનમાંથી બહાર પણ નીકળી શકી નહિ. પૂતળાની જેમ એ પ્રૉસ્પેરોની પાછળ દોરાયો. પ્રૉસ્પેરોએ એને વખારમાં લાકડાં ગોઠવવાનું વૈતરું સોંપ્યું. મિરાન્ડા રોતી રહી. પ્રૉસ્પેરો પોતાના અભ્યાસખંડમાં ચાલ્યો ગયો. ત્યાં એ વિચારમાં પડ્યો ત્યાં એરિયલે તેને ચોંકાવનારા સમાચાર દીધા.

દરિયાઈ તોફાનમાં વેરાન ટાપુ પર ઘસડાઈ આવ્યા પછી નેપલ્સનો રાજા ઍલૉન્ઝો પુત્રના શોકમાં ખૂબ વિહ્વળ બની ગયો. કુમાર જરૂર ડૂબી ગયો એમ તેણે માન્યું. શોકથી થાકીને તે નિદ્રાધીન થયો. એનો સાથી ગૉન્ઝેલો પણ થાકથી તરત ઊંઘમાં પડ્યો. એટલે ઍન્ટોનિયોના મનમાં એક દુષ્ટ વિચાર આવ્યો. એણે રાજાના ભાઈ સેબૅસ્ટિયન પાસે ચોખો ચાંપી જોયો: 'મહારાજ, જીવનમાં તક વારવાર આવતી નથી. ડાહ્યા માણસો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જતા નથી.' સેબૅસ્ટિયન પૂરું સમજ્યો નહિ. ઍન્ટોનિયોએ તેને વધુ લલચાવ્યો: 'નેપલ્સની રાજગાદીએ બેસનારા કુમાર તો સમુદ્રને તળિયે બેઠા. દીકરી દૂર દેશાવર છે. હવે રાજવારસ કોણ?—સિવાય કે તમે?'

સેબૅસ્ટિયન ચમકી ઊઠ્યો. એના હૃદયમાં મહત્ત્વાકાંક્ષાનું મીઠું ઝેર તરત પ્રસરી ગયું. ઍન્ટોનિયોએ એને સચેત કર્યો: 'સમય ઝાઝો નથી. તક વાટ જોતી નથી. મેં મારા ભાઇને ઘડીમાં ઉથલાવી પાડ્યો. હવે આ તમારો ભાઈ અત્યારે અચેતન થઇને પડ્યો છે. એને કાયમનો અચેતન કરી મૂકવો હોય તો...' એણે ઈશારતથી તલવાર દેખાડી.

સેબૅસ્ટિયનને વાત ગળીમધ લાગી, પણ એનું અંતઃકરણ પાછું પડતું હતું. 'અંતઃકરણને કચડી નાખો. રાજ્ય પહેલું, અંતઃકરણ પછી. સમય ઝાઝો નથી. સોનાની તક છે.'

સેબૅસ્ટિયન પીગળી ગયો: 'દોસ્ત ઍન્ટોનિયો, નેપલ્સની રાજગાદી મને મળે તો તારી ખંડણી માફ, તું સ્વતંત્ર!'

ઍન્ટોનિયોએ વાત કબૂલ કરી અને સાથે ગૉન્ઝેલોને પણ ખતમ કરવાની યોજના કરી, કે જેથી એમનાં દુષ્ટ કર્મ માટે ઠપકો આપનાર કોઈ બાકી રહે જ નહિ. બંને તલવાર ખેંચીને તૈયાર થઈ ગયા.

ત્યાં અચાનક ગૉન્ઝેલોના કાનમાં કોઇનો પેગામ સંભળાયો. એ સફાળો ઊઠ્યો. એની પાછળ રાજા પણ જાગી ગયો. બંને સાથીઓને તલવાર તાણીને ઊભેલા જોઈ તેમને ભારે આશ્ચર્ય થયું. બંનેના મોં પરથી નૂર ઊડી ગયું. પણ ચતુર ઍન્ટોનિયોએ ભળતી જ વાત કરી ગાડી આડે પાટે ચડાવી દીધી.

પ્રૉસ્પેરોની સૂચનાથી એરિયલે જ ગૉન્ઝેલો ને નેપલ્સના રાજવીને બચાવી લીધા હતા. ગૉન્ઝેલોએ તો પ્રૉસ્પેરોને અણીની વેળાએ અમોલી સહાય કરી હતી. ને નેપલ્સનો રાજવી?... એને કેમ ઉગાર્યો એ તો પ્રૉસ્પેરો જાણે!

એરિયલની માયાથી એ બધા અથડાતાકૂટાતા, ભૂખ્યાતરસ્યા, આગળ ને આગળ ઘસડાવા માંડ્યા. એમનાં ચિત્ત બહેર મારી ગયાં હતાં. જાતજાતના વિચિત્ર ચમત્કારો તેમને વિમાસણમાં મૂકી દેતા હતા.

એરિયલ પ્રૉસ્પેરોની પાસે ઊડતો હતો ત્યાં તેણે બીજી એક ચિંતાજનક ઘટના જોઈ, નેપલ્સના રાજાના બે સાથીઓ–ટ્રિન્ક્યુલો અને સ્ટીફાનો કૅલિબન સાથે દારૂની મસ્તીએ ચડ્યા હતા. કૅલિબન ભૂંડી રીતે માલિકને ભાંડતો પડ્યો હતો. ત્યાં આ બે અમલદારોને આ વિચિત્ર રાક્ષસી-માછલી જેવો માણસ જોઈ નવાઈ થઈ. તેમણે તેને દારૂની લહેજત ચખાડી. કૅલિબન તો ખુશખુશ થઈ ગયો. એણે આ બે અધિકારીઓને આ પ્રદેશના રાજા બનાવવાનું વચન આપ્યું. પોતાના માલિકના જુલમની વાત કરી. એની રૂપાળી દીકરીની લાલચ લગાડી. માત્ર પ્રૉસ્પેરોને ઊંઘતો જ મારવાની વાત હતી.

બંને કબૂલ થયા. કૅલિબન હરખથી નાચવા માંડ્યો. મદ્યની મસ્તીમાં ત્રણે લથડિયાં ખાતા પ્રૉસ્પેરોના ઘર ભણી આગળ વધવા માંડ્યા. માલિક પરનું જોખમ એરિયલ તરત સમજી ગયો. એણે એમનો માર્ગ ચુકાવ્યો અને ત્રણે ગંધાતી ખાડીમાં જઈ પડ્યા. એરિયલે પ્રૉસ્પેરોને આ બાતમી આપી. પ્રૉસ્પેરોની આંખોમાં ખુન્નસ તરી આવ્યું. એના હોઠ ભીંસાયા. ચહેરો તંગ થઈ ગયો: 'આખરે ડાકણનો દીકરો જાત પર ગયો? એના પર મમતા રાખી પણ એ કુપાત્ર નીવડ્યો? સખતમાં સખત સજાથી જ એ અધમ પાંસરો થશે, ઠીક છે.' એણે એરિયલને કહ્યું: 'આવવા દો ત્રણેયને. એમનું શાનદાર સ્વાગત થવા દો.' એટલું કહીને એ અભ્યાસખંડની બહાર નીકળ્યો. પાછળની જાળીમાંથી તેની નજર વખાર તરફ ગઈ. ફર્ડિનાન્ડ લાકડાં ઉપાડી રહ્યો હતો. મિરાન્ડાની આંખમાં આંસુ હતાં. પ્રૉસ્પેરોની નજર ત્યાં સ્થિર થઈ ગઈ.

મિરાન્ડા ફર્ડિનાન્ડની પાસે ગઇ: 'કુમાર, દુઃખી ન થશો. મારા



'કુમાર, દુઃખી ન થશો, મારા બાપુ ઘાતકી નથી જ.' (ચિત્રકાર • ગૉર્ડન બ્રાઉન)

બાપુ ઘાતકી નથી જ. કોણ જાણે હમણાંથી એમને શું થઇ ગયું છે!' અને એ ફરી રડી પડી. ફર્ડિનાન્ડ કરુણ નજરે તેની વેદના જોઈ રહ્યો.

'કુમાર, તમે બેસો, થાક ખાઓ. લાકડાંનો આવો ગંજ તમારા સુકુમાર હાથે કેમ ઊપડતો હશે? ભગવાનને ખાતર આરામ કરો, કુમાર. હું તમારી વતી કામ કરી દઇશ.'

'નહિ કુમારી, તમારો નાજુક દેહ શ્રમ કરવા માટે સર્જાયો નથી. એ હાથને હું શ્રમ કરવા દઉં તો મારી મર્દાની લાજે. મિરાન્ડા, તમારી હાજરીથી મારો થાક સાવ ઊતરી ગયો. તમારા સાન્નિધ્યમાં આ લાકડાંનો બોજ હળવો ફૂલ બની રહેશે. પ્રિય મિરાન્ડા! રૂપવતી રમણી તો જગતમાં ઘણી જોઈ, પણ મિરાન્ડા તો એક જ.'

પ્રશંસાથી મુગ્ધ બનેલી શરમાતી મિરાન્ડાએ જવાબ દીધો: 'પ્યારા કુમાર, જગતમાં મારા પિતા સિવાય બીજો કોઈ પુરુષ મેં જોયો નહોતો. તમે મારા જીવનમાં પહેલવહેલા આવ્યા અને વસી ગયા. મારા બાપુને મન તમે અજાણ્યા છો; પણ હું તો જાણે ભવેભવથી તમને ઓળખું છું. જેને હૃદયે જાણ્યો તે અજાણ્યો કેમ કહેવાય?' એટલું બોલતાં મિરાન્ડા લજવાઈ ગઈ. એનાં નેત્રો નીચાં ઢળી ગયાં: 'કુમાર, હું વાચાળ બની ગઇ છું. પણ... પણ સાચે જ તમે મને ચાહો છો?'

'ધરતી અને આકાશ સાક્ષી છે. મારો પ્રેમ જો જૂઠો નીવડે તો ખુદાનો ખોફ મારા પર ઊતરજો.' લાકડાંનો ઢગ બાજુએ ફગાવી દઈ એ મિરાન્ડાની પાસે ઘૂંટણિયે પડી પ્રેમનો પવિત્ર કોલ આપી રહ્યો.

ત્યાં તો એકાએક પ્રૉસ્પેરોને ત્યાં ઊભેલો જોઇને બંને સ્તબ્ધ બની ગયાં. પ્રૉસ્પેરો કુમાર તરફ વળ્યો: 'રાજકુમાર, પ્રેમની કસોટીમાં તમે સફળ થયા છો. મિરાન્ડા મારો જીવનાધાર હતી. એને પ્રાપ્ત કરવા માટે તમે કેટલી તપશ્ચર્યા કરી શકો છો એ જોવાની મારી ઇચ્છા હતી. પ્રેમનું મોતી સસ્તામાં મળે તો તેની કિંમત રહેતી નથી. એટલે મેં તમારા માર્ગમાં અંતરાય ઊભા કર્યા. પણ તમે પાર ઊતર્યા છો. હવે મિરાન્ડા તમને સોંપું છું. મારુ એ રતન છે. એનું જતન કરજો. પરમાત્મા તમને સુખી રાખે.'

પ્રૉસ્પેરોએ શયનખંડમાં જઈ આનંદથી સહેજ આંખ મીંચી ત્યાં એના કાનમાં અવાજ ગુંજી રહ્યો: 'માસ્ટરજી! ઓ માસ્ટરજી!' પ્રૉસ્પેરો બેઠો થઈ ગયો. એરિયલે સામે રસ્તા પર આંગળી ચીંધી. ખાડીમાં રગદોળાઇને પેલા ત્રણે મહેમાનો પ્રૉસ્પેરોના ખૂનની વેતરણમાં આગળ વધી રહ્યા હતા. પ્રૉસ્પેરો ફરી સૂવાનો ડોળ કરી રહ્યો.

કૅલિબન ને એના સાગરીતો આવ્યા. પરસાળમાં દોરડાં પર સુંદર કીમતી લુગડાં જોઈ પેલા બે દરબારીઓની દાઢ સળકી. કૅલિબને એમને ચેતવ્યા: 'પહેલાં ઝબ્બે કરો, પછી બીજી વાત.' પણ એ બંનેએ એને હસી કાઢ્યો. એની ઠઠ્ઠા ઉડાવતા બંનેએ તાર ઉપરથી વસ્ત્રો ઉપાડવા માંડ્યાં. ત્યાં જ પ્રૉસ્પેરોની સંજ્ઞા થઈ. એરિયલે શિકારી કૂતરાઓ તેમના પર છોડી મૂક્યા. પ્રૉસ્પેરોએ તેમના સાંધા ઢીલા કરી નાખ્યા. એમનાં અંગેઅંગમાં કાળી પીડા ઊપડી. શિકારી કૂતરાઓથી બચવા તે ધમપછાડા કરવા માંડ્યા. પણ જોતજોતાંમાં એ ત્રણે જમીનદોસ્ત થઈ ગયા. કૅલિબનની કારમી ચીસોથી આખો ટાપુ ખળભળી ઊઠ્યો.

એ ચીસો અને હાકોટાથી રાજા ઍલોન્ઝો, ઍન્ટોનિયો વગેરે પણ કંપી ઊઠ્યા. આ ચીસો શાની? ઘડી પહેલાં તો સંગીત સંભળાતું હતું, ને હવે આ હાકોટા ક્યાંથી આવ્યા? આ તો અજબ પ્રદેશ લાગે છે! સહુ સૂનમૂન થઇ ગયા. એમનાં શરીર થાકી ગયાં હતાં. ત્યાં અચાનક આકાશવાણી થઈ. બધા ચોંકીને સાંભળી રહ્યા. ઍન્ટોનિયો અને નેપલ્સના રાજાએ મિલાનના ડ્યૂક સાથે જે દગાબાજી કરી હતી તેની તેમને યાદ આપવામાં આવી. દરિયાઇ તોફાન પણ એમનાં એ દુષ્ટ કર્મોનું જ પરિણામ છે એમ સાંભળી તેઓ દિગ્મૂઢ બની ગયા. બાર વર્ષ પહેલાંનો પોતાનો ભૂતકાળ આવા ઉજ્જડ ટાપુ પર કોણ પ્રગટ કરી રહ્યુ હશે? એમના મનમાં ભારે ગડમથલ મચી રહી. નેપલ્સના રાજાને એનો રાજકુમાર સાંભરી આવ્યો. એ ખિન્ન થઈ ગયો. સૌ મોટી વિમાસણમાં મુકાઇ ગયા. એમની બુદ્ધિ કહ્યુ નહોતી કરતી.

ત્યાં જ સામેથી પ્રૉસ્પેરોને આવતો જોઈ તેઓ ભારે અચંબામાં પડી ગયા. પ્રૉસ્પેરોને મળતાં જ ગૉન્ઝેલો તેના પગમાં પડી ગયો. ઍન્ટોનિયો શરમિંદો થઇ ગયો. એણે મિલાનનું રાજ્ય પાછું આપવાની કબૂલાત આપી. ઍલોન્ઝોની આંખમાં તો આંસુ આવી ગયાં: 'પ્રૉસ્પેરો, મારાં દુષ્ટ કર્મોની મને તો બરાબર સજા મળી ગઈ. તમને તો મિલાન પાછું મળ્યું પણ મેં તો તોફાનમાં મારો એકનો એક પુત્ર ખોયો.'

પ્રૉસ્પેરોએ ગંભીર ઉદાસ મુખે કહ્યુ: 'તમારા જેવો જ હું પણ હતભાગી છું. તમે પુત્ર ખોયો, પણ મેં આ તોફાનમાં મારી એકની એક દીકરી ગુમાવી... જેવાં આપણાં ભાગ્ય.' ઍલોન્ઝો ગળગળો થઇને કકળી ઊઠ્યો: 'અરેરે, આપણે બંને દુ:ખી થઈ ગયા. એ બે જીવ્યાં હોત તો નેપલ્સનાં રાજારાણી બન્યાં હોત. પણ મારી એ ઇચ્છા...'

'પૂરી થઈ ગઈ...' એકદમ સામે પડદા પાછળથી અવાજ આવ્યો. પડદો હટી ગયો. ત્યાં મિરાન્ડા ને ફર્ડિનાન્ડ શેતરંજ રમતાં બેઠાં હતાં. મિરાન્ડા મીઠો ઝગડો કરતી હતી: 'હવે રમત પૂરી થઇ ગઇ. તમે આવી અંચાઇ કરો છો એ તો આજે જાણ્યું.'

ઍલોન્ઝો, ઍન્ટોનિયો, ગૉન્ઝેલો, બધા ફાટી આંખે જોઇ રહ્યા: 'અરે આ પણ સ્વપ્ન તો નહિ હોય? રાજકુમાર હજુ હયાત છે? આ બધી શી માયા?' ફર્ડિનાન્ડ એકદમ પિતાને ભેટી પડ્યો. મિરાન્ડા ભારે આનંદથી આ બધા અજાયબ ચહેરા નીરખી રહી. ફર્ડિનાન્ડે મિરાન્ડાની ઓળખાણ આપી. સૌકોઇ સંતોષ અને ઉમળકાથી નવા યુગલને નવાજી રહ્યા. પ્રૉસ્પેરોએ સૌની સફળ સફર ઇચ્છી. દરિયાનું સ્મરણ થતાં જ રાજકુમારે ઉમળકાથી કહ્યુ: 'દરિયાએ "જીવન" લીધાં પણ વ્યાજ સાથે પાછાં દીધાં.'

પ્રૉસ્પેરો પ્રસન્નમુખે અભ્યાસગૃહમાં આવ્યો ત્યાં 'યસ માસ્ટરજી!' કહેતો કને એરિયલ આવી ઊભો. પ્રૉસ્પેરોએ અત્યંત લાગણીવશ થઇને કહ્યુ: 'પ્રિય એરિયલ, આ શુભ પ્રસંગનો યશ તને જ ઘટે છે. તારો વિયોગ મને વસમો લાગશે. તારી સદા મને યાદ રહેશે. મારું વચન હું પાળું છું. તું હવે મુક્ત છે. પ્રિય એરિયલ, તારી મુક્તિ અમર રહો.'

અને માસ્ટરજીને પ્રણામ કરી એરિયલ ઊડી ગયો.



અદૃશ્યને દેખતી આંખ

રેડિયો દૂરબીન

લેખક • સુશ્રુત પટેલ

આકાશનાં નિરીક્ષણો માટે ગૅલીલિયોએ દૂરબીન બનાવ્યું એ પહેલાં નરી આંખે લગભગ એક હજાર તારા ગણી શકાયા હતા. દૂરબીનમાં દૃશ્ય પ્રકાશનાં કિરણો જ જોઇ શકાય છે. આ દૃશ્ય કિરણો, ન્યૂટને સાબિત કરેલું એ પ્રમાણે, સાત જુદાજુદા રંગોમાં વહેંચાએલા છે. ફક્ત આ જ કિરણો સાદા દૂરબીનથી કે નરી આંખે જોઇ શકાય. પણ આ ઉપરાંત નરી આંખે ન દેખાતાં વધુ તરંગ-લંબાઇવાળાં કિરણો પણ અસ્તિત્વ ધરાવે છે. છેલ્લાં સંશોધનો મુજબ, અત્યારે રેડિયોના દીર્ઘ તરંગોના અસ્તિત્વ સુધીનું જ્ઞાન આપણને છે.

રેડિયોતરંગો સૂર્ય કે બીજા અવકાશીય પદાર્થોમાંથી ઉદ્ભવતાં હોવાનું મનાય છે. એ તરંગો પ્રકાશના દૃશ્ય તરંગોની સરખામણીમાં લગભગ ૧૦ હજાર ગણી તરંગલંબાઇવાળા હોવાથી, પૃથ્વીનાં વાયુમંડળોને સહેલાઈથી ભેદી શકે છે. નરી આંખે કે સામાન્ય દૂરબીન વડે 'દૃશ્ય બારી' (વિઝિબલ વિન્ડો)માંથી આવતાં કિરણો જ દેખાય છે. વળી તે બહુધા અભેદ્ય પણ હોઇ તેને પૃથ્વી ઉપર આવતાં ઘણો વખત લાગે છે. આ હકીકત ઑલિવર લૉજ નામના એક વૈજ્ઞાનિકે રજૂ કરી અને ઈ.સ. ૧૮૯૪માં એણે એ માટે એક ઉપકરણ બનાવ્યું. પરંતુ, કેટલીક પ્રાયોગિક ક્ષતિઓને લઈને તેનો આ સિદ્ધાંત સાબિત ન થઈ શક્યો.


ત્યાર પછી અમેરિકાના કાર્લ ગૂથે જાન્સ્કીએ ઇ. સ. ૧૯૩૦ થી ૧૯૩૨માં (માત્ર ૨૬ વર્ષની ઉમરે) અકસ્માત એક 'રેડિયો-દૂરબીન' બનાવ્યું. એ વખતે તે ન્યૂ જર્સીમાં આવેલા હોમ્ડેલ (Holmdel) ખાતેની બેલ-ટેલિફોન પ્રયોગશાળામાં સંશોધન કરી રહ્યો હતો. એ વેળા તો તેણે પ્રથમ આકાશગંગામાંથી આવતા રેડિયો-તરંગોના અવાજો નોંધ્યા. આ તરંગોની ઉત્પત્તિ કોઈ તારાથી કે આકાશગંગામાં પ્રસરેલા કોઈ દ્રવ્યમાંથી થતી હશે એમ એનું માનવું હતું. વળી તે એમ પણ માનતો હતો કે એ દ્રવ્ય લગભગ ૧૫૦૦૦° સેન્ટીગ્રેડ ઉષ્ણતામાનવાળો કોઈ વાયુ કે ઘન પદાર્થ હતો અને એ ઉષ્ણતાથી પ્રભાવિત થઈને તેના વિદ્યુતવાહી કણો રેડિયો-તરંગો ઉત્પન્ન કરે છે. હવે, જો રેડિયો-તરંગો તારામાંથી આવતા હોય તો સૂર્યમાંથી પણ તે આવવા જોઇએ. પરંતુ એ વિષે કંઈ સંશોધન થાય એ પહેલાં બીજું વિશ્વયુદ્ધ સળગી ઊઠયું ને તે યુદ્ધોપયોગી સંશોધનોમાં લાગી ગયો.

તે પછી ઈ. સ. ૧૯૩૭માં અમેરિકન વૈજ્ઞાનિક ગ્રોટે રેબરે એક નાનું ટેલિસ્કોપ બનાવી પોતાના બાગમાં ગોઠવ્યું અને એની સહાયથી તેણે 'સેગીટેરિયસ' નામના એક તારાસમૂહમાંથી વધુમાં વધુ રેડિયો-તરંગો આવતા હોવાનું જણાવ્યું. વળી પૃથ્વીથી એક લાખ પ્રકાશવર્ષથી યે વધુ દૂર આવેલી ઍન્ડ્રોમિડા (દેવયાની) નિહારિકામાંથી પણ આવા તરંગો ઉદ્ભવતા હોવાનું તેણે જણાવ્યું. પરંતુ એ પછી પણ યુરોપ-અમેરિકાના વૈજ્ઞાનિકો બીજા વિશ્વયુદ્ધમાં રોકાએલા હોઈ તેના સંશોધન ઉપર પણ વધુ ધ્યાન કેન્દ્રિત થઈ શક્યું નહિ.


જૂન ૧૯૪૨માં સાઉથવર્ડ અને કિંગ નામના વૈજ્ઞાનિકોએ બેલ-ટેલિફોન પ્રયોગશાળામાં પોતાના પ્રયોગો દ્વારા જાન્સ્કીની સૂર્ય વિષેની માન્યતાનું પ્રતિપાદન કરતાં સાબિત કર્યું, કે સૂર્ય ઓછામાં ઓછા પાંચેક વિવધ રેડિયો-તરંગો ઉત્પન્ન કરે છે. પરંતુ સૂર્યના દૃશ્ય પ્રકાશનાં કિરણોની જેમ આ તરંગોનો સ્રોત એકસામટો ન વહેતાં જુદા-જુદા તરંગો જુદાજુદા કે ઓછાવત્તા સમય માટે વહ્યા કરે છે.

વિશ્વયુદ્ધનો અંત આવતાં ફરીને વૈજ્ઞાનિકો પોતાનાં મૂળ સંશોધનો પર ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યા અને ઈ. ૧૯૫૧ સુધીમાં તો એક આખું નવું જ 'રેડિયો-ખગોળશાસ્ત્ર' નામનું ક્ષેત્ર વિકાસ પામ્યું! એ જ અરસામાં હાર્વર્ડ યુનિવર્સિટીના હૅરૉલ્ડ ઇવેન, અને આગળ જતાં અણુવિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્ર માટેનું નોબેલ પારિતોષિક મેળવનાર એડવર્ડ પર્સેલ નામના બે વિજ્ઞાનીઓએ ઘણી મહત્ત્વની શોધ કરી કે નિહારિકાઓ તથા આકાશગંગાના સંકોચાએલા ઘન હાઇડ્રોજન વાયુના પરમાણુઓનું સંઘટન થતાં પહેલાં તે વાયુ ઠંડો હોય છે. આવા ઠંડા હાઇડ્રોજનનાં વાદળોમાંથી પ્રકાશનાં કિરણો ન નીકળતાં રેડિયો-તરંગો નીકળે છે. બંને વિજ્ઞાનીઓએ એ કિરણો નોંધ્યાં. આના પરથી ગમે એટલા દૂરને અંતરે આવેલી આકાશગંગાઓનું અસ્તિત્વ જાણી શકાય છે. આ હાઇડ્રોજનમાંથી આવતા રેડિયો-તરંગોની લંબાઇ ૨૧ સે.મી. (આવૃત્તિ=Frequency ૧૪૨૦ મેગાસાઈકલ્સ) હોય છે. એટલે રેડિયો-દૂરબીનને જો ૨૧ સે.મી. (૧૪૨૦ મેગાસાઈકલ્સ) ઉપર ટયૂન કરીને આખા યંત્રને જુદીજુદી દિશાઓમાં ઘુમાવવામાં આવે તો એથી અંતરિક્ષમાં રહેલા હાઇડ્રોજનની હાજરી જાણી શકાય છે. વળી એ હાઇડ્રોજન-વાદળોનો વેગ, આકાર વગેરે તપાસતાં સૃષ્ટિની વણઊકલી ઘણી પ્રક્રિયાઓ વિષે પણ જાણવા મળે છે.

આ આખો વિધિ હેનડ્રિક સી. વાન ડી હલ્સ્ટ (Hendrikc C. Van de Hulst)ને ફાળે જાય છે. તે વખતે તેઓ નેધરલૅન્ડની લેઈડન (Leiden) યુનિવર્સિટીના વિદ્યાર્થી હતા. તેમણે સૈદ્ધાંતિક રીતે પ્રતિપાદિત કર્યું કે રેડિયો-ઉત્સર્જન (Radio Emission) નિહારિકાઓમાં આવેલા તટસ્થ હાઇડ્રોજન દ્વારા ઉત્પન્ન થાય છે, જે લગભગ ૨૧ સે.મી. ઉપર ઝીલી શકાય. ત્યાર પછી તદ્દન સ્વતંત્ર રીતે રશિયન વૈજ્ઞાનિક-વિદ્યાર્થી આઈ. એસ. સ્કલૉવ્સ્કી (I. S. Sklovsky) એ પણ આ વાતને અનુમોદન આપ્યું.



રેડિયો દૂરબીન. આ આકૃતિ ઑસ્ટ્રેલિયાના ૨૧૦ ફૂટની જંગી રકાબી વાળા રેડિયો દૂરબીનની છે. લગભગ બધાં રેડિયો દૂરબીનની રચના આ રીતની જ હોય છે. ફેર એને હરતુંફરતું રાખવાની રચનામાં ને એની પાસેથી લેવાની કામગીરીને યોગ્ય ઓછાવત્તા ફેરફારોમાં હોય છે.



વિદ્યુત્-ચુંબકીય વર્ણપટ: દશ્ય પ્રકાશનાં સાત કિરણો ઉપરાંત પણ સૂર્યમાંથી બીજું ઘણું વિકિરણ (રેડીએશન) થાય છે. એની તરંગલંબાઈમાં એક સેન્ટીમીટરના લાખમા ભાગ જેટલો પે ફરક પડતાં એમાંથી કોઈ દશ્ય ને કોઈ અદશ્ય બને છે. આપણી આંખ લાલ અને જાંબલી રંગના કિરણોની વચ્ચેના જ જેટલાં કિરણો અનુભવી શકે છે એટલી મર્યાદાનું વર્તુળ એટલે 'દશ્યબારી'. ઉપરની આકૃતિમાં વિવિધ તરંગો દર્શાવ્યા છે. દા.ત. $૧૦^{-૩} = \frac{૧}{૧૦} \times \frac{૧}{૧૦} \times \frac{૧}{૧૦} = \frac{૧}{૧૦૦૦}$ સે.મી. તરંગ લંબાઈ.

રેડિયો-ટેલિસ્કોપ દેખાવમાં રડાર જેવું છે, પણ એની રચના તથા કાર્યમાં ફેર છે. અંતરિક્ષમાંથી આવતા રેડિયો-તરંગો રેડિયો-ટેલિસ્કોપના એરિયલ (ઍન્ટેના) ઉપર અથડાય છે, અને લેન્સ જેમ પ્રકાશનાં કિરણોને કેન્દ્રિત કરે છે, તેમ તેની પાછળ રહેલા 'ડાઇપોલ' પર તેને કેન્દ્રિત કરે છે. આ ડાઇપોલ રેડિયો-તરંગોની શક્તિનું વિદ્યુતપ્રવાહમાં રૂપાંતર કરીને એને ગ્રાહક (રિસીવર)માં મોકલે છે. પરંતુ, આ વિદ્યુતપ્રવાહ એટલો ઓછો હોય છે, કે જો ટેલિસ્કોપનો રકાબી આકારનો વાટકો પૃથ્વી જેવડો મોટો કલ્પવામાં આવે તો, તેનાથી ઉત્પન્ન થતા વિદ્યુતપ્રવાહથી તો ટૉર્ચનો એક નાનો ગોળો (Bulb) જ સળગી શકે! આથી આ વિદ્યુતપ્રવાહને ઍમ્પ્લીફાયર દ્વારા અનેકગણો મોટો કરવામાં આવે છે, જે એક પિનની મદદથી ગ્રાફ પેપર ઉપર દોરાતા ગ્રાફ(આલેખ)થી જાણી શકાય છે. વળી, એ અવાજને હેડફોનથી પણ સાંભળવામાં આવે છે; ટેઈપ રેકોર્ડરની મદદથી તેને 'ટેઈપ' પણ કરી લેવામાં આવે છે, જેનું પછી પૃથક્કરણ કરતાં અવકાશના કોઈ ચોક્કસ સ્થાન પરથી આવતા રેડિયો-તરંગોની શક્તિ ક્યા મીટર પર કેટલી માત્રામાં આવે છે તે જાણી શકાય છે.

રેડિયો-તરંગોની તરંગલંબાઈ પ્રકાશનાં કિરણોની તરંગલંબાઇ કરતાં વધારે હોવાથી નજીક નજીકના બે તારાઓમાંથી આવતા રેડિયો-તરંગોને જુદાજુદા ઝીલવા માટે રકાબીનું કદ ખૂબ મોટું રખાય છે. હાલ સૌથી મોટી ૨૫૦ ફૂટના વ્યાસની રકાબી બનાવી શકાઇ છે. કેટલીક વેધશાળામાં તેને બદલે ક્ષિતિજને સમાંતર એરિયલની એક જંગી જાળી જમીન ઉપર ૨૦૦૦ ફૂટ સુધી ઊભી કરવામાં આવે છે!

આજનું સૌથી મોટી—૨૫૦ ફૂટની રકાબીવાળું રેડિયો-ટેલિસ્કોપ બ્રિટનમાં જૉડ્રલ બૅંક ખાતે ગોઠવેલું છે. એની રકાબી જાળીદાર છે અને તેની બરાબર મધ્યમાંથી ૫૦ ફૂટ લાંબો ધાતુનો એક સળિયો ઍન્ટેના તરીકે બહાર લંબાય તેમ લગાડેલો છે. લગભગ ૩૦૦ ટન વજનનું આ દૂરબીન વિદ્યુત્-મોટરની સહાયથી ગમે તે દિશામાં અને ગમે તે કોણમાં ગોઠવી શકાય છે. પાંચ વર્ષે તે તૈયાર થઈ શકેલું.

હાલમાં અમેરિકાના વેસ્ટ વર્જીનિયાની ટેકરીઓ ઉપર ૬૦૦ ફૂટના વ્યાસવાળું વિશાળકાય રેડિયો-ટેલિસ્કોપ તૈયાર થઈ રહ્યું છે. અમેરિકન નૌકાદળની દેખરેખ હેઠળ લોખંડની ત્રણ મોટી કંપનીઓ તેનું બાંધકામ કરે છે. દુનિયાની ઉત્પત્તિ ક્યારે થઈ? હજુ જીવઉત્ક્રાન્તિ તથા ઉત્પત્તિ ચાલી રહી છે? બ્રહ્માંડનો અંત–આખરી છેડો ક્યો? કે પછી તે વિસ્તૃત જ થયા કરે છે?—આવા આવા મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ આ નવા રેડિયો-ટેલિસ્કોપ દ્વારા થઈ શકશે એવી આશા છે.

રેડિયો-ટેલિસ્કોપ વડે સૂર્ય વિષે ઘણી નવી માહિતીઓ પ્રાપ્ત થઈ છે: જેમ કે સૂર્યને કોઇ સ્પષ્ટ કિનારી નથી; તેનો બહારનો ભાગ–સૂર્ય-મુકુટ (corona) ધીમેધીમે પાતળો થતો જાય છે; આ સૂર્યમુકુટમાંથી નીકળતાં પ્રકાશનાં કિરણો બહુ મંદ હોય છે, પરંતુ તેમાંથી ઘણાં પ્રબળ રેડિયો-તરંગો નીકળે છે; સૂર્ય-મુકુટનો જે ભાગ બહારની તરફ વધારે હોય, ત્યાંથી વધુ લંબાઈના રેડિયો-તરંગો નીકળે છે; વગેરે. જો કે આપણો સૂર્ય રેડિયો-તરંગોનો બહુ પ્રબળ સ્રોત નથી. ધારો કે જો તે આપણી નજીકના તારા–આલ્ફા સેન્ટોરીને સ્થાને હોત, તો આજના રેડિયો-ટેલિસ્કોપને તેના રેડિયો-તરંગો ઝીલતાં પણ મુશ્કેલી પડત.

સૂર્ય-મુકુટમાંથી નીકળતા રેડિયો-તરંગોની તરંગલંબાઈ જુદીજુદી કેમ હોય છે? સૂર્યમાં મોટાં તોફાનો (ચક્રવાત) કેમ થાય છે? 'રેડિયો ફેઈડ આઉટ' શાથી થાય છે? તે બહુ પ્રબળ સ્રોત ન હોવા છતાં આપણી પૃથ્વી ઉપર તેના રેડિયો-તરંગોની આટલી બધી અસર કેમ થાય છે? સૂર્ય-કલંકો (સન-સ્પૉટ્સ) ખરેખર શું છે? ઇત્યાદિ પ્રશ્નો ઉપર રેડિયો-ખગોળશાસ્ત્રીઓ સંશોધનો કરી રહ્યા છે. ભારતમાં પણ કોડાઇકેનાલ વેધશાળામાં 'રેડિયો-ખગોળશાસ્ત્ર' વિભાગમાં રેડિયો-ટેલિસ્કોપની મદદની સૂર્ય વિષે મહત્ત્વનાં સંશોધનો થાય છે.

આ રેડિયો-ટેલિસ્કોપની મદદથી કેટલીક નવી નિહારિકાઓ તથા નવા તારાઓ પણ શોધી શકાયા છે, જે સાધારણ દૂરબીનથી દેખાવા અશક્ય છે. રેડિયો-તરંગો ઉત્પન્ન કરી શકે એવા હજારેક પદાર્થો અંતરિક્ષમાં મળી આવ્યા છે. તેમાંના કેટલાક તો પ્રકાશ-કિરણો પણ બહાર પાડે છે, પરંતુ પૃથ્વી સુધી પહોંચતાંમાં તો તે બધાં અંતરિક્ષની રજથી બનેલાં વાદળોમાં શોષાઇ જાય છે. રેડિયોતરંગોને એ વાદળો શોષી શકતાં ન હોઈ તે પૃથ્વી સુધી પહોંચી શકે છે. એ હજારેક રેડિયો સ્રોતોમાંથી સાદા દૂરબીન દ્વારા માત્ર દસને જોઈ કે તેમના ફોટા પાડી શકાયા છે. એ બધા રેડિયોસ્રોત તારા છે, નિહારિકા છે, કે પછી ફક્ત ગૅસનાં વાદળ જ છે, એ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

ઉપરાંત, હિમાચ્છાદિત ગુરુના ગ્રહ પરનાં વિદ્યુત-તોફાનોનું રહસ્ય જાણવાના પ્રયત્નો પણ થાય છે. મંગળ ઉપર જીવન છે કે નહિ? હમેશાં વાદળોથી છવાએલો રહેવાને કારણે દૂરબીન દ્વારા શુક્રનો અભ્યાસ કરવો મુશ્કેલ છે. એવા ગ્રહ પર વાતાવરણ છે કે કેમ તે, તથા એવા બીજા

કેટલાક પ્રશ્નો ઉપર રેડિયો-ખગોળશાસ્ત્રીઓ સંશોધનો કરી રહ્યા છે.

રેડિયો-ટેલિસ્કોપનો એક બીજો ઉપયોગ પણ થાય છે. માનવ-સર્જિત ઉપગ્રહો તથા અંતરિક્ષ-યાનમાંથી આવતા રેડિયો-સંકેતોને ઝીલી, અંતરિક્ષમાં એમનું સ્થાન, વેગ, દિશા, ભ્રમણ વગેરે નક્કી કરવામાં તથા તેમના પર નિયંત્રણ રાખવામાં પણ રેડિયો-ટેલિસ્કોપ વપરાય છે. રડાર જેવું કાર્ય પણ તેની પાસેથી લેવામાં આવે છે. જો કે રડાર અને રેડિયો-ટેલિસ્કોપમાં એક મહત્ત્વનો ફેર છે: રડાર અદૃશ્ય રેડિયો-તરંગોને ઉત્સર્જિત કરીને તેની ઝડી કોઈ ધાતુની યા એવી જ અજ્ઞાત વસ્તુ પર ફેંકે છે, ને પછી એનું 'પ્રતિબિંબ' ઝીલે છે, જે તેના પડદા પર જોઈ શકાય છે; જ્યારે રેડિયો-ટેલિસ્કોપ તો ફક્ત અંતરિક્ષમાંથી આવતા રેડિયો-તરંગો જ ઝીલે છે. પરંતુ, આ બંનેની સંયુક્ત સહાયથી અંતરિક્ષમાં ફરતા રૉકેટની દિશા બદલી શકાય છે, નિશ્ચિત પળે ઉપગ્રહને રૉકેટથી છૂટો પાડી અવકાશમાં તરતો મૂકી શકાય છે, ને તેમાંના રેડિયો-ટ્રાન્સમીટરને ઇચ્છાનુસાર ચાલુ-બંધ કરી શકાય છે.

ઈ. ૧૯૩૪નું રસાયણશાસ્ત્ર માટેનું નોબેલ પારિતોષિક મેળવનાર કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના ડૉ. હેરૉલ્ડ સી. યૂરે માને છે કે ઓછામાં ઓછા એક લાખ ગ્રહો ઉપર જીવન અસ્તિત્વમાં છે; અને જો એ માન્યતા ખરી હોય તો તેના પરથી કેટલાક જીવોએ આપણા કરતાં વધુ પ્રગતિ સાધીને રેડિયો-ટેલિસ્કોપ જેવાં સાધનો પણ બનાવ્યાં હોય અને તેના દ્વારા તેઓ પણ પૃથ્વી તરફ રેડિયો-તરંગ રૂપે કોઈ સંદેશા મોકલતા હોય એ સંભવિત છે. તેથી આવા તરંગોને ઝીલવા સારુ વર્જીનિયા રાજ્યમાં ગ્રીન બૅન્ક ખાતે નૅશનલ રેડિયો ઍસ્ટ્રૉનૉમી વેધશાળા શરૂ કરવામાં આવી છે, જે અમેરિકાના અગ્રગણ્ય રેડિયોખગોળશાસ્ત્રી ડૉ. ફ્રેન્ક ડ્રેઈકના હાથ નીચે ચાલે છે. ત્યાં તેઓ ૮૫ ફૂટની ડાઇપોલની સહાય વડે આપણાથી ૨૧ પ્રકાશવર્ષ દૂરના 'ટાઉસેટી' અને 'એપ્સિલૉન એરિડૅન્ટ' નામના તારાઓ પરથી આવતા રેડિયો-તરંગોના આલેખ અને ટેઈપ તૈયાર કરે છે. એ સંશોધનની યોજનાને 'ઑઝમા પ્રૉજેક્ટ' કહે છે. રશિયામાં પણ આવા પ્રયોગો થઈ રહ્યા છે.

હાલમાં આ યોજનામાં આટલી મુશ્કેલીઓ રહેલી છે: (૧) રેડિયો-તરંગો પ્રકાશના તરંગોની ગતિ જેટલી જ ગતિ ધરાવે છે, તેથી પરગ્રહો કે તારાઓ પરથી આવતા રેડિયો-તરંગો ઘણાં વર્ષો કે સદીઓ પહેલાંના પણ હોઈ શકે; એટલે એ સંકેતો તેમના નાશ પછી પણ આપણને મળે. (૨) એ રેડિયો સંકેતો બીજા કુદરતી રેડિયો-તરંગોથી કેવી રીતે જુદા પાડવા? કુદરતી રેડિયો-તરંગો સુસવાટા, સિસોટીઓ કે આછા વિશિષ્ઠ પ્રકારના અવાજો રૂપે રેડિયો-રિસીવિંગ સેટમાં સંભળાય છે. (૩) એ સંદેશા કોઈ ભાષામાં હશે કે કોઈ ગૂઢ લિપિમાં આવતા હશે કે પછી કોઈ સાદી સંજ્ઞા રૂપે જ આવતા હશે?

હમણાં જ સમગ્ર દુનિયાએ 'આંતરરાષ્ટ્રીય ભૂ-ભૌતિક વર્ષ' ઊજવ્યું. હવેનાં બે વર્ષમાં ૧૯૬૫ના ડિસેમ્બર સુધી 'આંતરરાષ્ટ્રીય શાંત સૂર્ય વર્ષ' ઉજવાઇ રહ્યું છે. એના કાર્યક્રમ રૂપે ભારતમાં હવામાન, અયનમંડળ, સૂર્યની ગતિ ને અંતરિક્ષ વગેરેનાં ક્ષેત્રોમાં અમદાવાદ (ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરી), કલકત્તા (બોઝ ઇન્સ્ટિટ્યૂટ), મુંબઇ (તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફંડામેન્ટલ રીસર્ચ), દહેરાદૂન (જીઓડેટિક ઍન્ડ રીસર્ચ બ્રાન્ચ, સર્વે ઑવ ઇન્ડિયા), નનીતાલ, પૂના, કોડાઇકેનાલ, દિલ્હી વગેરે સ્થળેથી વિસ્તૃત અભ્યાસ થવાનો છે. આ વિશાળ અને વિસ્તૃત સંશોધન-કાર્યક્રમમાં રેડિયો-ટેલિસ્કોપની સેવાઓ આશીર્વાદ સમાન નીવડશે. હાલમાં બધા દેશોમાં કુલ મળીને લગભગ બે ડઝન રેડિયો-ટેલિસ્કોપ રાતદિવસ સતત સેવા આપી રહ્યાં છે.

લઘુકથા

મહોરાં પહેરનારાં

મોહનલાલ પટેલ

પ્રતાપમઢમાં રહેતી બહેનને મળીને આવ્યા પછી અભિજિત ખૂબ ખિન્ન બની ગયો હતો એ રેણુકાબહેનના ધ્યાનમાં આવ્યા વિના ન રહ્યું.

ગાડીમાંથી એ આવ્યો ત્યારે એણે કૃષ્ણાની તેમજ એના કુટુંબની કુશળતા વિષે એકાદ બે શબ્દમાં પતાવી દીધું ને પૂરું જમ્યો પણ નહિ.

પુત્રીના સમાચાર ધરાઈ ધરાઇને સાંભળે નહિ ત્યાં સુધી રેણુકાબહેનને ચેન પડે એમ નહોતું. એટલે એમણે બપોરે અભિજિતને ફરીથી પૂછ્યું: 'અલ્યા અભિજિત, કહે તો ખરો, કૃષ્ણા મજામાં તો છે ને?'

અભિજિત ગુસ્સે થઈ ગયો: 'કહ્યું તો ખરું, કે મજામાં છે. પછી કેટલી વાર પૂછીશ?'

રેણુકાબહેનને આ વખતે અભિજિતના અવાજમાં વધારે તોછડાઈ જણાઈ, એટલે એમણે કહ્યું: 'કેમ આવી રીતે બોલે છે? તને આમ થયું છે શું? સીધા જવાબ જ આપતો નથી!'

સોળ સત્તર વર્ષનો અભિજિત પોતાના મિજાજનો આજે જાણે નવો જ પરિચય આપતો હતો. એણે કહ્યું: 'મારું મગજ ગરમ કરીશ નહિ, કહી દીધું તને...'

રેણુકાબહેનને થયું: કદાચ કૃષ્ણાનાં સાસરિયાંએ અભિજિતનું માન ઘવાય એવું કંઈક કહ્યું હોય. એથી એમણે નરમાશથી એને પૂછવા માંડયું. માતૃત્વભર્યા પેલા હૂંફાળા અવાજે અભિજિતને ઓગાળ્યો. એના મનનો ઊભરો બહાર આવ્યો. રડમસ અવાજે એણે કહ્યું: 'ભાઇને ગુજરી ગયે પૂરો મહિનો ય થયો નથી અને કૃષ્ણાને ઘેર મિષ્ટાન્નના જલસા શરૂ થઈ ગયા છે!'

રેણુકાબહેન અભિજિતનું મન પામી ગયાં. પચ્ચીસ વર્ષનો જુવાન દીકરો ગુજરી ગયો એનો આઘાત ઘરમાં સૌના મન ઉપર હતો... પોતાની સગી બહેનના ઘરમાં મિષ્ટાન્નનો જલસો જોઈ એની ઘેરી અસર આ કિશોર ઉપર થઈ હતી.

રેણુકાબહેન શાંત હતાં અને અભિજિત ભાવાવેશમાં હતો. એણે બોલવાનું ચાલુ રાખ્યું: 'કૃષ્ણાએ પણ મીઠાઈ ખાધી. મહિનામાં તો એની નણંદનાં લગ્ન થવાનાં છે. ઘરમાં વાતાવરણ જ લગ્નનું થઈ ગયું છે...!'

રેણુકાબહેને અભિજિતને અટકાવ્યો: 'ગાંડા, એમાં આટલું બધું માઠું લગાડાય? એ કંઈ આપણા ઘરમાં ઓછું થાય છે!'

'આપણા ઘરમાં નહિ પણ કૃષ્ણાના ઘરમાં તો ખરું ને?'

'એમાં કૃષ્ણા બિચારી શું કરે? પોતાનો ભાઈ મૂઓ એમાં એ નણંદનાં લગ્ન શી રીતે રોકી શકે?'

'રોકી ન શકે તો કંઈ નહિ, પણ એમાં ભાગ શા માટે લે?...ભાઈ ગુજરી ગયા એનું કૃષ્ણાને કંઈ લાગ્યું જ નથી...અહીં આટલું બધું રડતી હતી એ તો બધો ઢોંગ જ...!'

રેણુકાબહેનની આંખમાં એકદમ આંસુ ઊભરાઈ આવ્યાં. એ ગદ્ગદ્ સ્વરે બોલ્યાં: 'દીકરીનો અવતાર છે, બેટા! આજ તો એણે મીઠાઈ ખાધી; કાલે લગ્નનાં ગાણાં ગાવાં પડશે...પણ એના હૈયામાં શું હશે એ તું શું સમજી શકે?' અને સહજ ભાવે એ મનમાં બોલ્યાં: 'બળ્યો આ સ્ત્રી અવતાર! આખો જન્મારો મોઢા ઉપર મહોરું રાખીને રહેવાનું... હૈયે શું, હોઠે શું, મોઢા ઉપર શું...'

આત્મકથાનક ૨૮


જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક • આલેખક
રવિશંકર રાવળ

૧૨૩ મૅટ્રિકનું વાતાવરણ

મૅટ્રિકમાં આવતાં જ અમને વિદ્યાર્થીના મોભાનો ખયાલ મળ્યો. મૅટ્રિકનો વર્ગ કોઈ એક શિક્ષકનો ન ગણાય; કલાકે કલાકે શિક્ષકો બદલાય. વળી તે કોઇને આગલા પાઠ કે લેસન પૂછે નહિ, ભાગ્યે જ પ્રશ્નો યે પૂછે. એક કલાક સુધી તેનો વિષય ગગડાવ્યે જાય. અમારે તો નોંધ જ કરવાની કે પાટિયા પરનું ઉતારી લેવાનું. કોઇના માર્ક કે નંબર રાખવાના નહિ. કોઈ ઊંચો કે નીચો નહિ. સૌ સરખા સદ્‌ગૃહસ્થો. શીખવાના વિષયો પણ વધી ગયા. અંગ્રેજીમાં પદ્ય અને ગદ્યની જુદી ચોપડીઓ. તે પણ વાચનમાળા નહિ. દર વરસે કોઇ મહાન લેખકની એક ચોપડી ભણવાની. આ વરસે વૉશિંગ્ટન ઇર્વિનની 'સ્કેચ બુક' હતી. કવિતામાં પારાફ્રેઈઝ માટે કવિતાઓ હતી. ગણિત એકલું નહોતું, ઍલ્જિબ્રા અને જ્યોમેટ્રીના સિદ્ધાન્તો શીખવાના હતા. ગુજરાતી ગદ્ય-પદ્ય-સંગ્રહની 'સાહિત્યરત્ન' નામની ચોપડી હતી અને હિંમતલાલ અંજારિયાના 'કાવ્યમાધુર્ય' માટે અઠવાડિયામાં એક કલાક મળતો. સાયન્સમાં બે નાની ચોપડીઓ લેવી પડી હતી. (ઍસ્ટ્રૉનૉમી અને કેમિસ્ટ્રી-ફીઝિક્સ જેવું કંઈ નહોતું). તેને માટે પણ અઠવાડિયામાં વારાફરતી એક કલાક અપાતો. સંસ્કૃત 'માર્ગોપદેશિકા' ભાગ બીજા ઉપરાંત કાળે કે ઘોળેનું વ્યાકરણ હતું. ઇતિહાસમાં અંગ્રેજી 'એમ્પાયર હિસ્ટરી'માં જ્યૉર્જ ધ ફોર્થ સુધીના પ્રસંગો કરી જવાના હતા. અંગ્રેજી-ગુજરાતી તરજૂમાની પણ એક ચોપડી હતી. ચોપડીઓનો મોટો થોકડો હાથમાં હોય તે મૅટ્રિકનો વિદ્યાર્થી હોય. હવે સ્લેટનું કામ તો ક્લાસમાં રહ્યું નહોતું. કેટલાક ઘેર તેનો ઉપયોગ કરતા. બાકી બધું જ એક મોટી નોટમાં ઉતારવાનું. આજના જેટલી નોટોની જરૂર જ નહોતી પડી. ફાઉન્ટનપેન જેવી વસ્તુ કોઇએ જાણી નહોતી, એટલે પેન્સિલથી જ નોટો ભરાતી.

ભાવનગરમાં ચોપડીઓ ખરીદવાની એક જ દુકાન હતી અને તે વોરા અબ્દુલહુસેન આદમજીની. વોરા કોમની જ દુકાનોથી વોરાવાડ



બુકસેલર અબ્દુલહુસેન આદમજી
'ફીકાભાઈ, ત્રીજી લાઈનની ઉપલી થપ્પી.'



જાતે પાઘડી બાંધતાં આવડી તેની યાદગીરીમાં બંને ભાઇઓએ છબી પડાવી (ઈ. ૧૯૦૮) ડાબી બાજુ—લેખક પોતે; જમણી બાજુ મોટા ભાઈ રતિલાલ

બનેલી હતી. એ બધા ટિનના ડબાડાબલી, રંગો, સોયદોરા, ઊનનો માલ, રેણુ-રીપેર, કાચ-સામાન, ફ્રેમો વગેરેના ધંધા કરતા, પણ ચોપડીઓનો ધંધો કરનાર તો એકલા અબ્દુલહુસેન. ઇંગ્લિશ, ગુજરાતી, ફારસી, સંસ્કૃત તેમજ શાળાનાં પુસ્તકો ઉપરાંત સત્યનારાયણની કથા, ભાગવત, રામાયણ, વૈદકના ગ્રંથો અને બત્રીસ પૂતળીની કે ગુલબંકાવલીની વાર્તાની ચોપડીઓ સુધીની રાખતા. એમને દુકાનની કોઇ પણ ચોપડી ક્યાં છે તેની ખબર હોય. ગુમાસ્તો ફાંફાં મારતો હોય ત્યારે હાંક મારે: 'ફીકાભાઈ! ઉપલી લાઈનની ત્રીજી થપ્પી.'

વિદ્યાર્થીઓમાં જાતજાતના શૉખ અને આદતો હતાં. કેટલાક રમતોના શૉખીન હતા, કો'ક ગપ્પાં મારવામાં મજા લેતા, તો કોઈ વળી ડાહ્યાડમરા થઈ ભણતર પર માથાં પછાડતા. બપોરનો વિરામનો એક કલાક એ બધાની પ્રકૃતિ ખુલ્લી કરી દેતો. જેમનાં ઘર નજીક હોય તે ઘેર આંટો મારી આવતા. કેટલાક બહાર જઈ રસ્તા પર દાળ-મસાલા કે ખાવાનું ખાતા. ચાનું નામ કોઇએ જાણ્યું નહોતું.

આ સમયમાં મને જાતજાતની વાતો કરનારાની સોબત ગમતી અને બારી આગળની કોઈ બેન્ચ પર ફાવે તેમ ગોઠવાઈ અમારું ગૅઝેટ ચલાવતા. એમાં રાજા, દીવાન, ગામના બનાવો, અગાઉના વિદ્યાર્થીઓ ને પ્રોફેસરોની વાતો તથા નાટકો ને સરકસની વાતો પણ આવી જતી. તે જ મંડળમાં સાંજે ક્યાં ફરવા જવું તે પણ નક્કી થતું. કોઈ વાર ગામના તળાવના ગંગામંદિરને પશ્ચિમ ચોતરે, કોઇ વાર તખ્તેશ્વરની ટેકરી પર કે બૅન્ડના દિવસે પીલગાર્ડનમાં ભેગા થઈ જતા.

પણ ચાતુર્માસમાં યશોનાથ મહાદેવમાં સવારે સૂરતવાળા સતારેકર બુવાની કીર્તનકથા શરૂ થઇ એ વાત સાંભળી એટલે અમારી મંડળી નિયમિતપણે તેમાં ભરતી થઈ ગઈ હતી અને કથાના પૂર્વરંગ ને ઉત્તરરંગનું સંપૂર્ણ શ્રવણ કરી શ્લોકો, પદો, કથા વગેરેની ચર્ચા બીજે દિવસે વિરામ-સમયે અમે ઉપાડતા. કોઈ વળી શ્લોકો પણ ઉતારી લાવતા. બુવાજીની કથાઓએ અમને ભારતીય આદર્શો અને જીવનનું બહુ રોચક અને રસિક દર્શન કરાવ્યું; અમારા મંડળના લગભગ દરેક સભ્યમાં અભિજાત સંસ્કારો પ્રદીપ્ત કર્યા.

જશોનાથની આ કથામાં હું એક વાર એક સંસ્કારી વડીલ પાસે બેઠો હતો, તેણે પાસેની થાંભલી પાસે ગુપચુપ આવી બેઠેલા એક પ્રૌઢ સજ્જન તરફ આંગળી કરી કહ્યું, 'એમને ઓળખ્યા? અમે કૉલેજમાં સાથે હતા. એ રણજિતરામ વાવાભાઈ મહેતા. બહુ વાંચનાર અને વિચારનાર છે. હમણાં જ પટ્ટણી સાહેબના લાયબ્રેરિયન અને સેક્રેટરી



ફોટોગ્રાફર રામજીભાઈ

થઈને આવ્યા છે.' હું એમને જોઈ રહ્યો. પાતળી ઊંચી કાઠીના, અંગે કાળો આલ્પાકાનો કોટ, માથે બેંગલોરી ટોપી, ફૂલતાં નસકોરાંવાળું અણીદાર નાક, પાતળી સુંવાળી મૂછ અને નરમ આંખ. એ વ્યક્તિનું એ સૌપ્રથમ દર્શન પછીથી જીવનભર મારા મનમાં જડાઇ રહ્યું.

૧૨૪ મિત્ર-શિક્ષક

દિવાળીની વૅકેશન પડી ત્યારે મારા મિત્ર છગન સોની વડોદરાથી આવ્યા. તેને મળવા ગયો ત્યારે તેણે ત્યાંના ક્લાસમાં કરેલું કામ સાથે આણ્યું હતું તે જોઈ હું દિંગ થઈ ગયો. છ મહિનામાં આટલુ બધું ચિત્રકામ ને પ્રગતિ જોઈ મારો જીવ બળ્યો કે હું ચિત્રમાં તો રહી ગયો! પણ તેણે મને હિંમત આપીને કહ્યુ, 'એમાં કંઈ નથી. તું આટલા વિષયો જાતે કરી શકે એવો તારો હાથ છે. જ્યોમેટ્રીના પૅટર્ન તો ચોપડીમાંથી જ શીખી યાદ કરી લેવા. મેમરી ડ્રૉઇંગની પણ ચોપડી છે. તેમાં જણાવેલા પદાર્થ-પંખીઓ એક વાર જોઇને કરી, બીજી વાર મનથી કરવા એટલે ભુલાશે નહિ. અને ફર્સ્ટ ગ્રેડની માથાફોડ કરવી નહિ. આ વરસે જ સેકન્ડ ગ્રેડની પરીક્ષા રાજકોટ સેન્ટરમાં જઈ આપી દેવાશે.' એ આખી રજા દરમિયાન મેં તેની સાથે રહી સેકન્ડ ગ્રેડનું ચિત્રકાર્ય તૈયાર કરી નાખ્યું, પણ તેથી મૅટ્રિકનાં પુસ્તકોનો અભ્યાસ થયો નહિ.

આ અરસામાં પિતાજીના એક ઝાલાવાડી રસોઈયાએ મને અને મોટા ભાઇને ફેંટો બાંધતાં શીખવ્યું. ઘરમાંથી જૂના ફેંટિયા લઈ, અમે તેના કહેવા પ્રમાણે કાચ સામે બેસી માથા પર બાંધછોડ કરતા. થોડા દિવસે હાથ બેઠો અને આંટીદાર ફેંટો બાંધી, ઉતારી, હાથમાં લઈ પાછો મૂકતાં આવડી ગયું. તે જોઈ વડીલોએ ખુશ થઈ અમને બંનેને ગુલમેર રંગના બે ફેંટા લઈ આપ્યા અને તે વરસની દિવાળીમાં તે માથે બાંધીને અમે ફર્યા પણ ખરા! મોટા ભાઇનો ઉત્સાહ વધી ગયો એટલે અમે સાથે જઈ લોકપ્રિય ફોટોગ્રાફર રામજી પદમશી ટીપાણિયાને ત્યાં જઈ ફોટો પડાવ્યો. એ રામજીભાઇ, જૂની ઢબના ઘોડીવાળા કૅમેરાનો લેન્સ ઉઘાડતા હોય ત્યારે પોતાની વાઘ જેવી ગુચ્છાદાર મૂછોમાંથી 'હલશો નંઈ, હલશો નંઈ,' કહી ઢાંકણું ઉપાડી, હાથનું ચક્કર કરી લેન્સ બંધ કરી દેતા ને હસીને નમસ્કાર કરતા તે યાદ રહી ગયું છે.

૧૨૫ ભારત-જાગૃતિ

૧૯૦૭-૮નાં વર્ષોમાં ભારત આખું સળવળી ઊઠ્યું હતું. તિલક મહારાજને છ વર્ષની દેશપારીની સજા થઈ તે વખતે એકેએક જણને લાગ્યું કે તેઓ ભારતની સ્વતંત્રતા માટે મહાન બલિદાન આપી રહ્યા હતા. પોલીસ અને લશ્કરનો જાપતો એવો હતો કે કોઈ જરા પણ માથું ઊંચકે એવો જણાય તો તેને કોઈ ને કોઈ બહાને જેલના સળિયા પાછળ ગોંધી દેવામાં આવતો હતો. તિલક મહારાજની પાછળ આખું મહારાષ્ટ્ર તપી ઊઠ્યું હતું. બંધારણીય ચળવળને છોડી એકદમ આઝાદીનો પોકાર ઉઠાવનારા નેતાઓને 'જહાલ' નામ મળ્યું અને ગોખલે, બૅનર્જી તથા ફીરોઝશાહ મહેતા જેવા 'મવાલ' (મોળા) ઠર્યા. પણ દરેક સુશિક્ષિત આગેવાન બ્રિટિશ રાજ્યની દમનનીતિ અને જાપતાથી ત્રાસી ગયો હતો. બંગાળમાં કાવતરાંઓ ચાલુ જ હતાં. ત્રાસવાદીઓનો એક મોટો વર્ગ દેશના દરેક ભાગમાં સંકળાએલે-ફેલાએલો હતો. કલકત્તામાં માણિકતોલામાંથી પકડાએલા આરોપીઓમાંથી ખુદીરામ બોઝ નામના એક નવલોહિયા યુવાનને ફાંસીની સજા થઈ ત્યારે તો દેશ આખો સમસમી ઊઠયો હતો. ત્રાસવાદીઓની સહનશક્તિ ને કાવતરાં કરવાની તાકાત અજબ લાગતી. એમની રીતો માટે બે મત હશે પણ તેમના દેશભક્તિ ને સ્વાર્પણમાં કોઈ શંકા નહોતી.

એમનામાંથી પકડાએલા આરોપીઓમાં તો જે ફૂટી જાય એવા કે તાજનો સાક્ષી બનવા તૈયાર થએલો જણાયો તેને પુસ્તકો વચ્ચે ગાળા કાપી છુપાવેલી પિસ્તોલ બીજા સાથીઓને જેલમાં પહોંચાડીને ખલાસ કરાવ્યો. આ બનાવે એ જુવાનોની ઠંડી તાકાત ને એકદિલીની પ્રતીતિ કરાવી અને પોચલા ગણાતા બંગાળીઓની સાહસિકતા અને તાકાત માટે ધન્યવાદ પ્રાપ્ત કર્યા. એ વખતે એક ગીત ગવાતું:

'આજકાલ ગોરાની ગમ્મત છે બંગમાં,
બાબુના બાલ દીસે ગોરાના કાળ જેવા.'—આજ૦

જોકે નાગરિકો જાહેર રીતે તેમની પ્રશંસા કરતાં કે બિરદાવતાં ડરતા. એમનાં કામોની પ્રશંસા કરનારને પણ સરકાર દ્રોહી ઠરાવતાં વાર ન કરતી. તોપણ પ્રજાએ બ્રિટિશ પ્રતિ તિરસ્કાર અને ઘૃણા બતાવવા શક્ય તેટલા અન્ય માર્ગો લીધા. યુરોપના સ્વાતંત્ર્ય-વીરો ને સ્વાતંત્ર્યસંગ્રામોની ચોપડીઓ વંચાવા લાગી. તાજેતરમાં ઈટલીને સ્વતંત્રતા અપાવનાર મેઝીની અને ગેરીબાલ્ડી, જેમને માટે બ્રિટિશરોએ પણ પ્રશંસા બતાવી હતી તેમનાં નામ ભાષણોમાં ગાજવા લાગ્યાં.

વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવે રાજ્યમાં પ્રગતિશાળી સુધારા, પ્રજાશિક્ષણ, શિલ્પશિક્ષણ માટે કલાભવન અને લોકભાષામાં રાજ્ય-વહીવટ વગેરે દાખલ કરી ભારતમાં વડોદરાને પ્રથમ પ્રગતિવાદી પાટનગરની પ્રસિદ્ધિ અપાવી હતી, તેથી યુરોપનું સાહિત્ય વાંચનાર તેમને ઈટલીના રાજા ઇમૅન્યુઅલ સાથે સરખાવતા અને તેમની છબિઓ પણ દેશનેતાઓ જેટલી જ ભારતમાં લોકપ્રિય બની હતી.

ભાવનગરમાં રાજ્ય તરફથી લોકોની પ્રવૃત્તિઓ પર ખાસ અંકુશો નહોતા. આગળ જણ્યું તેમ મહારાણીશંકર અને અન્ય વક્તાઓનાં શૌર્યપ્રેરક વ્યાખ્યાનો જાહેરમાં થઇ શકતાં. લોકોની આગળ વ્યાપક સક્રિય કાર્યક્રમ તરીકે બંગાળમાં વિદેશી કાપડનો સામુદાયિક બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓ વાપરવાની પ્રતિજ્ઞાઓ લેવાઇ, તેને અંગે દેશમાં ઠેરઠેર સ્વદેશીનો પ્રચાર કરનારાં મંડળો થયાં હતાં. દેશી કારીગરો તથા કારીગરીને ઉત્તેજન આપવા તેઓ જે કંઇ કામચલાઉ વપરાશની ચીજો બનાવી લાવે તેનો આદર કરવાનાં વ્રત લેવાતાં.

૧૨૬ સ્વદેશીપ્રેમી મંડળ

અમારા સ્વદેશીપ્રેમી મંડળે અમારા શહેરમાં આ રીતે આ કામનો ઝંડો ઉપાડયો. અમારી પાસે ફંડ તો શું હોય? પણ 'હુન્નરસાગર' જેવાં પુસ્તકો કે અંગ્રેજી ફૉર્મ્યુલાઓ વાંચી અમે રબ્બરસ્ટૅમ્પની શાહી, કાર્બન પેપરો વગેરે ચીજો બનાવવા માંડી. મને પણ આ કામમાં રસ લાગ્યો અને મારા મિત્ર બળવંતરાય પંડ્યા વધુ વૈજ્ઞાનિક રીતો જાણતા હતા તેનો સાથ મળ્યો. જોકે આમાંનું કશું અમે કદી વેચાણયોગ્ય બનાવી શક્યા ન હતા, પણ કેમિસ્ટ્રી (રસાયનવિદ્યા) દેશોદ્ધાર માટે કામની છે એટલું સમજી શક્યા હતા.

એક જણ વળી ચા-સાકરની ગોળીઓ બનાવવા માટે ચાસણીમાં ચાની ભૂકી નાખી નાના ગોળા બનાવી લાવ્યો. પણ એ તલના લાડુ જેવી કડક બની ગઇ અને તેને ચામાં તેને ઓગાળી નાખે તેવી ગરમી મળતી નહોતી. સાકર ગળે ત્યાં પાણી ઠંડું પડી જતું. છેવટે સરસ હોજરીવાળા બીજા મિત્રો તેને રેવડીની જેમ કકડાવી ગયા! આમ છતાં પણ આ મંડળમાં સ્વદેશી વ્રતનો જુસ્સો હતો. અમને અમારી



તસવીરકાર નાનાલાલ જાની

નાનાલાલ મયારામ જાની · વઢવાણના રહીશ: શ્રીમંત ગાયકવાડ સરકારની સ્કૉલરશિપથી મુંબાઈ 'સ્કૂલ ઑવ આર્ટ'ના પેઇન્ટિંગ વર્ગમાં જોડાએલા. ૧૯૦૮ના અરસામાં કળાશાળા છોડી પોર્ટ્રેંટ (તસવીર) ચિત્રકાર તરીકે ધંધો શરૂ કર્યો. ભાવનગરમાં તેમનો સૌપ્રથમ આદર થયો. પછી તેમણે રાજારજવાડાંમાંથી સારા પ્રમાણમાં કામ મેળવ્યું અને હજારો રૂપિયા કમાયા. પ્રવાસોના કારણે ઝાલાવાડી બાંધણી છોડી જાહેરમાં તેઓ સાફો વીંટતા અને કોટપાટલૂનનો સૂટ તથા બૂટ પહેરતા થયા. રાજપુતાના, કાશ્મીર, નેપાળ અને હિંદનાં અનેક રાજ્યોમાં તેઓ ભલામણો મેળવી ખૂબ કામ મેળવી શક્તા – એટલું બન્યું કે તેમને વઢવાણમાં બીજા ઘણા ચિત્રકારો રોકવા પડતા. મોટે ભાગે ફોટોગ્રાફો ઉપરથી જ મોટી છબીઓ તેમણે કરી હતી, જેમાંની કોઈ નમૂનેદાર આજે મળતી નથી. રાજારજવાડાંમાં કામની સમજવાળા રાજવીઓ કે દીવાનો પણ થોડા હતા. પાછળથી બિકાનેર મહારાજાએ એમની પાસે શિકારચિત્રોનું કામ પણ કરાવ્યું હતું. એકાદ વર્ષ પછી તે છોડી એ પાછા આવ્યા હતા. બિકાનેર નરેશ સાથે તે ઇંગ્લંડનો પ્રવાસ કરી આવ્યા હતા, પરંતુ ત્યાંની પ્રગતિમાન ચિત્રપદ્ધતિ લાવ્યા હોય એમ જણાયું નથી. ધંધામાં વધુમાં વધુ પૈસા મળે તે તરફ તેમનું લક્ષ રહેતું એટલે કમાણી વધારવા તેમણે સાણંદમાં ટ્રામગાડી કરવાનો પરવાનો મેળવ્યો, વઢવાણ કૅમ્પમાં એક માર્કીટ બાંધવા માંડી અને વઢવાણ શહેરમાં એક સિનેમાગૃહ બાંધ્યું. પણ [illegible] સફળ થયા નહિ અને દેવાને કારણે બધું છોડી દેવું પડ્યું. પાછળના સમયમાં મુંબાઈમાં [illegible] [illegible] કરી. કુટુંબમાં તેમની પરાક્રમી સાહસિક એવું કોઈ થયું નહિ. વૃદ્ધાવસ્થામાં પણ તે કામ ખેંચતા [illegible] આંખે જ્યોતિમાં [illegible] પાછળથી ઘણી તંગીમાં આવી ગયા હતા. લગભગ ૮૫ વર્ષની ઉંમરે તે થોડાં વર્ષો પહેલાં ગુજરી ગયા.

પ્રસિદ્ધિ માટે કોઈ જાહેર સ્થળે કચેરી લઈ જવાની જરૂર લાગી, એટલે ચોળ બજારમાં એક ઓરડો શોધી કાઢયો. તેના માટે એક છ ફૂટ લાંબું પાટિયું લેવરાવી [illegible] ચીતરી કાઢી બહાર લટકાવ્યું, અને ત્યાં રવિવારે સભાઓ કરવા માંડી. છાપખાનામાં કામ કરતા મિત્રોની મદદથી અમે રત્નદેશી ગીતોની એક આનાની કીમતની ચોપડી પણ છપાવી બહાર પાડી. તેમાં મારા મોટા ભાઈએ પણ એક ગીત રચી આપ્યું હતું:

સૌ જન સાઓને તૈયાર!
હિંદમાતનું હિંદમાતનું [illegible] કરવાને થાઓ સૌ હોંશિયાર!
[illegible] લગાડી, ખૂન મચાવી, [illegible] જયજયકાર.

તેમાં 'ભસ્મ લગાડી ખૂન મચાવી' આગળ [illegible] હસીને [illegible] કે ભસ્મ શા માટે? ખૂન શા માટે?

કૉલેજમાં આગળ ભણતાં ભણતાં અંતરાયે એક માસિકપત્રની [illegible] અને તેનું નામ 'ભાનૂદય' રાખીને તેના માટે એક શ્લોક રચી કાઢયો. તેની છેલ્લી લીટી [illegible] આવી હતી:

ભાનૂદયં જાગ્રતિ સર્વ પ્રાણિનામ્

એ માસિકનો એક જ અંક પ્રસિદ્ધ થઈ શક્યો.

[illegible] બાબતમાંથી નાસી આવેલા એક મોહનલાલ [illegible] રીતે અમારા મંડળમાં આરોપી [illegible] હતો. [illegible] ડિબાંગ, શીળી-છાંટવાળા ચહેરાના અને [illegible] અવાજવાળા હતા અને ધીમેધીમે નેતા બનતા જતા હતા. ચંદ્રશંકર હવે તેની સગવડ સાચવતા. અમે પણ કોઈકોઈ વાર તેને માટે ઘેરથી ભાણું પહોંચાડતા.

[illegible] અરસામાં ખુદીરામ બોઝની ફાંસીના સમાચાર આવ્યા ત્યારે તેનો શોક દર્શાવવા અમે એક સરઘસ કાઢયું અને [illegible] તથા [illegible] ચિત્રની છાપ પરથી મેં ચીતરેલી શિવાજી મહારાજની છબિ (જેમાં તેમણે [illegible] તલવાર [illegible] કિલ્લામાંથી બહાર [illegible]) સાથે [illegible] કરી. વંદેમાતરમ્ [illegible] રચી એક ગીત ગવડાવતા હતા. તેની પહેલી લીટી આવી હતી:

[illegible] ગયો!

એ સરઘસે અમારા મંડળ માટે [illegible] જગાવી. અમે [illegible] કરતા હતા કેટલાંક હવે આપણે [illegible] [illegible] [illegible] અને [illegible] સારતા હતા. એવામાં [illegible] અને શહેરીઓ તરફથી દેશી પ્રચાર મંડળના મંત્રી [illegible] અને સાથે [illegible] પોલીસ કમિશનર શ્રી [illegible] જોવી તથા તેમનો એકાદ આસિસ્ટન્ટ [illegible] આવ્યા.

અમે ઊભા થઈ [illegible] આપી એમને ગાદી પર બેસાડયા, એટલે [illegible] કહ્યું: [illegible] છોકરાઓ! આજ સુધી તમે [illegible] કરતા હતા તે અમારાથી અજાણ્યું નથી. અમે પણ દેશભક્તિના [illegible] છીએ, પણ [illegible] [illegible] કે [illegible] તેમના પ્રદેશમાં [illegible] પણ દેશી [illegible] [illegible] હોય [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] સારું [illegible] [illegible] [illegible] [illegible] તમે આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એટલા માટે જ [illegible] [illegible] આવ્યા છીએ.

[illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એટલે [illegible] [illegible] [illegible] નહિ તો આમારે આ [illegible] જવાબ આપવો [illegible]

પછી [illegible] તરફ જોઈ [illegible]

[illegible] આ [illegible] [illegible] [illegible] [illegible] પ્રયોગ કરવો પડે તે ઠીક નથી. [illegible] [illegible] [illegible] ગીતો, આજે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]' [illegible] [illegible] [illegible] [illegible] તમારા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

([illegible])



પોલીસ કમિશનર વગેરે ઉપર આવ્યા

સંભાળો. તમે નહિ માનો તો કાલે અમારે અમારું કામ કરવું પડશે.' આટલું કહી તેઓ ઊઠયા. મારી સામે જોઇને કહ્યું: 'તારા પિતાશ્રી મહાશંકર રાવળ મારા અંગત મિત્ર છે અને તે સરકારી નોકરીમાં છે, એટલે તારે તારી ફરજ સમજવી જોઇએ.'

તેઓ ગયા એટલે અમે એકબીજા સામે જોઈ રહ્યા. ચંદ્રશંકર તો પોલીસ-અધિકારીના સંબંધી હતા, બીજાઓ પણ કોઇ ને કોઇ રીતે સાંકડમાં આવે એવું હતું, એટલે સૌએ નક્કી કર્યું કે મંડળનું વિલોપન કરી નાખવું. સ્વામીજીને ચંદ્રશંકર અત્યારે જ પોતાને ત્યાં લઇ જાય અને સગવડે રેલવેમાં વિદાય કરે. મંડળનું પાટિયું, ચિત્રો, ચોપડીઓ વગેરે એક મજૂરને માથે ઉપડાવી હું મારે ત્યાં લઇ ગયો. એ પછી એ પાટિયું ઘણાં વર્ષો સુધી એક અભરાઇ તરીકે વપરાયું હતું.

મંડળ તો ઊડી ગયું પણ અમારા મનમાં જાગેલી રાષ્ટ્રભક્તિ કદી ઓસરી નહિ. સ્વદેશીભાવના જાગૃત કરે એવાં પુસ્તકો વાંચવાનો મને શોખ લાગ્યો હતો. સ્વદેશી કારીગરી અને ઉદ્યોગો માટે શોધ ચાલી. દેશભક્તો અને વીર પુરુષોનાં ચિત્રોનો ઘરમાં આદર કર્યો. મેવાડના રાણા પ્રતાપસિંહ, શિવાજી, દુર્ગાદાસ, ઝાંસીની રાણી, નર્મદ અને મેઝીની-ગેરીબાલ્ડી તથા વિલિયમ ટેલ જેવાં પાત્રોને ઓળખ્યાં. એ અરસામાં મેં નર્મદનું 'સૌ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે'ની બેચાર કડીઓ મુખપાઠ કરી લીધી હતી. બંકિમનું 'આનંદમઠ' વાંચી વંદેમાતરમ્ ગાતા થયા હતા. કોઇને તેનો શુદ્ધ રાગ આવડતો નહિ. બંગાળના બીજા કોઈ કવિઓને જાણતા નહિ, પણ સ્વામી વિવેકાનંદ અમારા આદર્શ રાષ્ટ્રવીર બની ગયા હતા. મને તેમની અદબ વાળી ઊભેલી છબિની મોટી છાપ મળી ગઇ હતી તે મોટા તકતામાં મેં ભીંત પર રાખી હતી. તેમના વિષે બહુ વાંચ્યું નહોતું, પણ છબિ નીચે લખેલું વાક્ય 'નાડયં આત્માબલહીનેન લભ્યઃ' એ મારે માટે એક જીવનમંત્ર લાગતું હતું. મારું વાચનક્ષેત્ર મારી સાહિત્ય-રુચિ વધારનારું નહોતું પણ ભાવના અને પ્રગતિ અર્પતાં પુસ્તકો અને ચોપાનિયાં મને આકર્ષતાં હતાં. સ્વદેશી-પ્રેમી મંડળ બંધ થયા પછી મેં ફરી સ્ટેશન-બંગલામાં રોજ સાંજે મુલાકાતો ચાલુ કરી. ત્યાં હું મારો સ્વદેશીનો જુસ્સો આપી શકયો નહોતો. તે વખતે ભાઈ ગિરીશ ભટ્ટ (તેમના પિતાશ્રી મયારામ ભટ્ટ ત્યારે માણાવદરથી બીમારીના કારણે નિવૃત્ત થઈ આવ્યા હતા) અમારામાં ભળી ગયા હતા. મહેતાજીના પુત્ર એટલે સાહિત્યના સહજ સંસ્કાર તેમનામાં હતા. સરસ્વતીચંદ્ર ભાગ ૧લો તે વખતે તે વાંચતા હતા એટલે ઘણી વાર તે હાથમાં લઇ આવતા અને તેની ચર્ચા કરતા.

૧૨૭ સ્વદેશી પ્રદર્શન

ભાવનગરના મહારાજા ભાવસિંહજીને પોતાને સ્વદેશી કારીગરીનો ભારે શોખ હતો તેથી તેમની મન-માની ચીજો બનાવવા તેમના એક વર્કશૉપમાં બેચાર હોશિયાર મિસ્ત્રીઓ અને શિલ્પીઓ કંઈ કંઈ બનાવટો અને રચનાઓ કર્યા જ કરતા. તેમને રાજ્યમાં સ્વદેશી વસ્તુઓ માટે પ્રજામાં આગ્રહ પ્રકટેલો જોઈ આનંદ થયો હશે એટલે તેમની પ્રેરણાથી ભાવનગરના આગેવાન નાગરિકોએ એક સ્વદેશી-ઉત્તેજક મંડળ કર્યું. રાજકારણી ભીતિવાળા લોકોએ છેવટે તેનું દેશી-ઉત્તેજક મંડળ નામ રાખવું એમ ઠરાવ્યું હતું.

આ મંડળના પ્રમુખ નગરશેઠ શ્રી પ્રભુદાસભાઈ હતા, ઉપપ્રમુખ શ્રી ગુલાબરાયભાઈ દેસાઈ અને મંત્રીઓ શ્રી ભીખાભાઇ મોદી તથા વેણીશંકર ભટ્ટ હતા, તેમજ બીજા અનેક રાજ્ય-અધિકારીઓ અને નાગરિકો તથા વેપારીઓ તેના સભ્યો બન્યા હતા. એ મંડળને રાજ્ય તરફથી દરેક જાતની સગવડ મળી. માજીરાજવાડીમાં ઇજનેર-ઑફિસના મકાનમાં એક પ્રદર્શન ભરવાનું ઠર્યું અને મહારાજાસાહેબને હાથે તે ખુલ્લું મુકાશે એવી જાહેરાત થઈ. પ્રદર્શન માટે સ્વદેશી કારીગરી અને વસ્તુઓના નમૂના મેળવવા દરબારી છાપખાનાના મૅનેજર શ્રી ફરામજી કોચ-બિલ્ડરને ભારતના પ્રવાસે મોકલવામાં આવ્યા અને કારીગરો તથા વેપારીઓને પ્રદર્શનમાં તેમની દુકાનો રાખવાનાં જાહેરનામાં મોકલાયાં. રાજ્યમાં પણ અમલદારોને શહેરો તથા ગામડાંમાં આ પ્રદર્શનની માહિતી પ્રચારવાના હુકમો અપાયા. સૌરાષ્ટ્રની રેલવેએ પ્રદર્શન-યાત્રીઓ માટે કન્સેશનની જાહેરાત કરી.

પ્રદર્શન ખૂલે ત્યારે દરેક ખંડમાં તપાસ તથા વ્યવસ્થા રાખવા સ્વયંસેવકોની ભરતી કરવામાં આવી, તેમાં નાનીમોટી વયના ૪૦૦ જેટલા શાળાના વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા. અમારા મંડળના દરેક સભ્યે સ્વયંસેવક તરીકે નામ નોંધાવ્યું. આ સ્વયંસેવકોની બે પાળીના સરદારો તરીકે ચંદ્રપ્રસાદ દેસાઇ અને રતિલાલભાઈ ઠક્કરની નિમણૂક થઈ. તેઓએ સ્વયંસેવકોને તાલીમ આપવા કેટલીક સભાઓ બોલાવી અને તેમાંના એક તરફથી સ્વયંસેવકોને ખાખી પોશાક અને સાફાઓ સાથે રૂપાના બિલ્લાઓ આપવામાં આવ્યા.

આ જ અવસરે નાગપુરની ખેતી-કૉલેજમાં ઉનાળાની રજા પડવાથી પોપટભાઈ પંડયા આવી ગયા હતા. તેમણે પણ સ્વયંસેવકોના કૅપ્ટન-દળમાં નામ નોંધાવ્યું અને અમારા બંગલા-મંડળના શોખને અનુરૂપ કળાખંડની દેખરેખ માથે લીધી. તેમાં પોતાને માફક આવે એવા સ્વયંસેવકોની ચૂંટણીમાં મને તથા તેમના ભાઇઓ મસ્તરામ અને નાનાસાહેબને તેમજ બીજા બંગલા-મિત્રો ગિરીશ ભટ્ટ, પ્રભાશંકર દવે, વગેરેને સાથમાં લીધા.

૧૨૮ કળાખંડ

કળાખંડમાં રહેવાનું થયું એટલે હું તો ખુશખુશ થઈ ગયો. તે કાળે કોઇને કળાના પ્રકારો વિષે કાંઈ સમજણ નહોતી. પૂર્વ-પશ્ચિમની કળાઓના ભેદ કોઈ જાણતું નહિ. ૧૬×૧૬ ફૂટના ખંડમાં થોડાં મુંબાઈથી આણેલાં નાનાં વૉટર-કલર ચિત્રો હતાં, સર્જનાત્મક કશું નહોતું. રાજમહેલમાંનાં રાજા રવિવર્માનાં મોટાં ત્રણચાર ચિત્રોની હજૂર બંગલાના એક હજૂરી છગન પેઇન્ટરે કરેલી નકલોથી મુખ્ય ભીંત ભરાઈ ગઇ હતી. વાતો થતી કે રાજા રવિવર્મા ભાવનગર આવ્યા ત્યારે એ છગન ખવાસને તેમની તહેનાતમાં રાખેલા, અને પછી તે પેઇન્ટિંગ કરવા લાગ્યા હતા. તેના હાથનું અસલ કામ તો રાજ્યના રસ્તાઓ



શિલ્ડ જેવી તકતીઓ પર નગરનાં વિવિધ ધંધા કરતાં પાત્રો ચીતર્યાં હતાં

શણગારવા માટે થાંભલે થાંભલે મુકાતી અંગ્રેજી શિલ્ડ જેવી તકતીઓ હતી. તેમાં ગામડી શૈલીમાં તેણે નગરનાં વિવિધ ધંધા કરતાં પાત્રો મોચી, સુથાર, લુહાર, વોરા વગેરે ચીતર્યાં હતાં. રસ્તાની શોભા જોવા નીકળેલા લોકોને તે પરિચિત પાત્રો અને તેના વિષયો ચિત્રમાં ઉતારેલા જોવામાં મજા પડતી. આમાં ચિતારાની સાચી મૌલિકતા હતી. એ છગન પેઇન્ટર વખતોવખત તસવીરો (વ્યક્તિ-ચિત્રો) પણ કરતા અને શહેરમાં તેની ગણના સભ્યજનમાં થતી, છતાં તેની નોકરી તો P.W.D. (રાજ્યના જાહેર બાંધકામ ખાતા)માં જ ઘણે ભાગે ગણાતી. તે માણસ-માં મૂળ શક્તિ હશે પણ વિશેષ સંસ્કાર અને તાલીમને અભાવે આગળ વધવાની વૃત્તિ વિકસી નહિ હોય. તોપણ પ્રદર્શનમાંની તેની નકલો મોટાં ભાવચિત્રોનો ખયાલ આપતી હતી.

આ કળાખંડમાં તે વખતનું મુખ્ય આકર્ષણ બનેલું ચિત્ર તો 'વર્ષા-ની રાહ જોતો ભરવાડ' વઢવાણના યુવાન ચિત્રકાર નાનાલાલનું હતું. ચિત્રકારો રાજા-મહારાજા કે ભગવાનનાં ચિત્રો કરતા, પણ એક ભરવાડને પાત્ર બનાવી કરેલું તેનું આ મોટું ચિત્ર એક નવો ચીલો બતાવતું હતું અને તે પણ સારી તાલીમ પામેલી પીંછીથી તાદૃશ બન્યું હતું.

આ નાનાલાલ જાની મુંબાઈની સ્કૂલ ઑવ આર્ટમાં ચિત્રકળાનો અભ્યાસ કરી તાજા બહાર આવ્યા હતા, અને એ સ્કૂલનાં બેત્રણ ચિત્રોની નકલો સાથે તેમણે પોતાના પિતાશ્રી મયારામ જાનીની છબિ ઉપરાંત પૃથ્વીરાજ-સંયુક્તાની વાર્તાના એક પ્રસંગનું ચિત્ર પણ રજૂ કર્યું હતું, જેમાં પાછળ પડેલા દુશ્મનોને રોકવા લડતો યુવાન પિત્રાઈ પોતાનું મસ્તક સંયુક્તા સાથે ઘોડા પર ભાગતા પૃથુરાજના હાથમાં સોંપીને એકલા ધડથી લડી રહેલો દર્શાવ્યો હતો. તેનું મસ્તક નીચે પડે તો ધડ લડતું અટકી જાય એવી તેની ટેક હતી. રસ્તામાં કૂવો આવતાં સંયુક્તાને તૃષા લાગે છે એટલે મસ્તક નીચું મૂકવાનો પ્રસંગ આવે છે અને શત્રુઓ આવી પહોંચતા દેખાય છે. વર્ષો બાદ સાણંદના ઠાકોરસાહેબ પાસેથી એ ચિત્ર રીપેરકામ માટે મારી પાસે આવ્યું ત્યારે તે પરનો નાનપણનો મારો ભાવ ઊડી ગયો. કોઈ અંગ્રેજી ચિત્રના આ-ધારે કરેલું બહુ નબળી કલમનું એ ચિત્ર માત્ર લોકકથાનો પ્રસંગ હતો. એમાં સંસ્કાર કે પ્રતિભાનું જરા પણ દર્શન નહોતું. પણ એ જ નાના-લાલે જીવંત પાત્ર પરથી કરેલું કહેવાતું ભરવાડનું ચિત્ર ખરેખર સારું હતું. એવું બીજું ચિત્ર તેમના હાથે થએલું ફરી જોવા મળ્યું નથી.

પ્રદર્શન ખુલ્લું મુકાયું ત્યારે અમે તો અમારા ખંડમાં ઠરાવેલા સ્થળે જ શિસ્તબંધ ઊભા રહ્યા હતા. ઉદ્‌ઘાટનવિધિ થઈ તેના બૅન્ડના સૂરો સાંભળ્યા કે તરત હાઇસ્કૂલવાળા નર્મદાશંકર શાસ્ત્રી ઉતાવળે ઉતાવળે જુવાન નાનાલાલને લઈ પ્રવેશદ્વારની સામે ગોઠવાઇ ગયા. થોડી જ વાર-માં બારણા આગળના સ્વયંસેવકે અદબથી સલામી આપી ને મહારાજા-સાહેબ તથા પાછળ દીવાન, નગરશેઠ વગેરે શિષ્ટજનો અંદર આવ્યા.

દાખલ થતાં જ સામે ઊંચે ભીંત પર 'વર્ષાની રાહ જોતા ભરવાડ'નું ચિત્ર નજરે પડયું: વાદળાં વગરના આકાશ નીચે આંખ પર તડકો રોકીને ભોગાવાની એક કાળી શિલા પર બેઠેલો ભરવાડ, પાસે પડેલી કડિયાળી ડાંગ, દૂર એકએ ચરતાં ઘેટાં—એવું એ ચિત્ર ખંડમાં આગળ પડે એમ ગોઠવાયું હતું. મહારાજાની તે પર નજર ગઇ કે તુરત આંટીદાર લાલ ફેંટો બાંધેલા, ભરાવદાર કાળી મૂછોવાળા નાનાલાલે સામે આવી નીચા નમી કુર્નિસ તાજીમ કરી, અને નર્મદાશંકર શાસ્ત્રીએ તેનું ઓળખાણ કરાવ્યું. મહારાજાએ પ્રસન્નતા દર્શાવી અને બીજાં ચિત્રો પર ઊડતી નજર નાખી બીજા ખંડમાં જ્યાં ભરતકામ, નિશાળ-ના વિદ્યાર્થીઓનું ઊન-ગૂંથણ વગેરે હતું ત્યાં ચાલ્યા ગયા. પાછળથી જાણવા મળ્યું કે મહારાજા સાહેબે તે ચિત્ર રૂ. ૨૦૦)ની કીમતે ખરીદી લીધું હતું અને ચિત્રકારને પ્રદર્શન તરફથી સોનાનો ચાંદ આપવામાં આવ્યો હતો. આ સોનાના ચાંદ વિષે રમૂજ એ હતી કે સોનાની કીમત ચાંદ મેળવનાર આપે અને પ્રદર્શન-કમિટી તેમાંથી ચાંદ ઘડાવી આપે! વર્ષો બાદ પ્રૌઢ કલાસમજ મળ્યા પછી એ ચિત્ર રાજમહેલના ભંડક-માં જોવાની મેં ગોઠવણ કરી ત્યારે મૂળ ત્યાં નહોતું અને છગન પેન્ટર-ના શિષ્ય માવજી ખવાસે કરેલી નબળી નકલ માત્ર ત્યાં હતી. સદ્‌ગત



નાનાલાલે કુર્નિસ તાજીમ કરી

મહારાજાની પાછળ થોડો વખત ઍડમિનિસ્ટ્રેટર તરીકે આવેલા મિ. મોંકન તે ઈંગ્લૅંડ ઉપાડી ગયા હતા.

પ્રદર્શનમાં બીજા ઘણા નમૂના હતા. હાથવણાટ માટે સુધરેલી ખથી સાળો હતી; મિલોનાં કાપડ હતાં, લાકડ તથા ધાતુકામની નવી ચીજો હતી; અબરખની ચીમનીઓ હતી. પણ આ બધું તેના કારીગરોએ મહામહેનતે અને પોતાની કોઠાસૂઝથી બનાવેલું હતું. કારીગરીની રીતસરની તાલીમ કે રસાયણોની બનાવટો દેશમાં થાય એવું શીખવનાર એકમાત્ર સંસ્થા તો કેવળ વડોદરાનું કલાભવન જ હતું. મિલોમાં કાપડમાં ધોતિયાં અને હાથછપાઈમાં તથા રંગાઈમાં છાયલો હતાં: ત્યારે આપણે રંગ કે ટર્કી રેડ નામનો રંગ બનાવવાનું હિન્દમાં કોઈ જાણતું નહિ. જર્મન રંગોનો ભારે વેપાર હતો. રંગારા કામમાં કેટલાયે માણસો તેમને એજન્સી મેળવી ન્યાલ થઈ ગયા હતા. ખુદ વડોદરાના કલાભવનમાં તે જ રંગો વાપરવાનું શિક્ષણ મળતું.

મુંબઈ પણ માત્ર કાપડનો જ ઉદ્યોગ વધારી હતો. છાપેલું કાપડ સાથે પણ જર્મન રંગો વાપરીને જ વેપારીઓને મોકલતું. આપણા વેપારીઓ મુંબઈની માર્કેટમાં બેઠાબેઠા કામકામને જરૂરની ચૂંદડીઓ કે હાટોના ઑર્ડર મેળવતા અને તે પ્રમાણે ગાંસડીઓની ગાંસડીઓ દેશાવરો છેક ગામડાં સુધીની દુકાનો એ કાપડથી ભરી દેતા.

ઈંગ્લંડ પાસે બીજા ઉદ્યોગો પણ નહોતા, છતાં બીજા દેશો સાથે હિન્દનો સંબંધ ન બંધાય એની તે કાળજી રાખતું. પણ કાગળ, પેન્સિલો, રબર, છરી-ચપ્પા અને એવી બીજી કેક ઘરગથ્થુ ચીજો તો ઑસ્ટ્રિયા કે જર્મનીથી જ આવતી, નહાવાના સાબુ પણ પરદેશથી આવતા. ભારતમાં વિજ્ઞાનક્ષેત્રે અંધારું જ હતું. આ પ્રદર્શને આપણી કેટલી યે ખામીઓ અને ઊણપો નજરે પાડી. પ્રદર્શનના કાર્યકરોએ અતિશય જાગૃતિ અને પ્રામાણિકતાથી પ્રદર્શનને ખોટ આવવા દીધી નહિ. સ્વયંસેવકોએ પણ જાણે દેશસેવા કરતા હોય તેમ રોજ સાંજે ખાખી ગણવેશમાં હાજરી આપી ધન્યવાદ મેળવ્યો. તેમના માટે એક વાર મોટું શિખંડ-પૂરીનું જમણ પણ આપવામાં આવ્યું. આ બધા સમયમાં સાથે કામ કરનારામાંથી નવા મૈત્રી-સંબંધો બંધાયા; જુવાનોએ નગરનેતાઓને ઓળખ્યા.

૧૨૯ પોપટ લવજી ચૂડગર

આ પ્રદર્શનના અનુસંધાનમાં સંખ્યાબંધ વ્યાખ્યાનો પણ થયાં. તેમાં બહારથી આવી ચડેલી એક વ્યક્તિએ ઉદ્દામ વિચારોનું એક નવું જ વાતાવરણ પ્રકટાવ્યું. તે હતા એક અંડર ગ્રૅજ્યુએટ પોપટ લવજી ચૂડગર. તેમણે પ્રદર્શન-કમિટીના આશ્રયે દેશની પરાધીનતા ઉપર દારિદ્રય ઉપર તેમજ અજ્ઞાન ઉપર, કૉલેજ અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને જલદ અંગ્રેજી વાણીમાં એક તેજસ્વી ભાષણ આપ્યું અને ઘણાનાં મગજ ગરમ કરી નાખ્યાં. એથી કમિટી તો તે માટે પસ્તાઈ હશે. પણ બીજા એક મંડળે પછીથી શ્રીમાળીની વાડીમાં રોજ તેમનાં ભાષણો થાય એવી ગોઠવણ કરી.

તે પોતાના ભાષણમાં અધિકારીઓ અને શ્રીમંતોનાં મદ, અભિમાન અને શેખી ઉપર ઝાપટાં વરસાવતા એટલે સારા માણસો તેમાં પ્રમુખસ્થાન લેતાં ડરતા, પણ લોકોની તો ઠઠ જામતી. તેમાં અમારા જૂના સ્વદેશીપ્રેમી મંડળના સભ્યો તો હોય જ. એમના વિચારથી પ્રભાવિત થએલા કેટલાકે તેમની પાસે કોઈ રચનાત્મક કાર્યક્રમ માગ્યો, એટલે તેમણે બીજે દિવસે એક વંડા જેવી જગ્યામાં સાંજના વર્ગો શરૂ કર્યા અને તેમાં ડ્રૉઇંગ, પેઇન્ટિંગ, વીજળી વગેરે ક્રિયાત્મક ધંધાઓનું જ્ઞાન આપનારા પણ ભેગા કર્યા. ઉપરાંત તેમની નેતાગીરીમાં મુગ્ધ બનેલાઓ સાથે વિચાર-વિનિમય કરવા તેમણે રોજ વહેલી સવારે ફરવા જવાનું ગોઠવ્યું. તેમાં ગામની પ્રદક્ષિણા કરવી, જુદાજુદા ભાગો જોવા ને પ્રજાની દશા નિહાળવી એવા કાર્યક્રમો રાખ્યા હતા.

આવી પ્રભાતફેરીમાં હું એકબે વાર ગયો, પણ ચાલવામાં હું તેમની ઝડપને પહોંચી શક્યો નહિ એટલે માંડી વાળ્યું. બે'ક મહિના પછી સાંભળ્યું કે તેમનાં દાહક પ્રવચનો શ્રીમંતો અને અધિકારીઓને સહ્યાં નહિ અને રાજની હદ છોડી જવા તેમને હુકમ અપાયો.

આ જ પોપટભાઈ ચૂડગર પાછળથી વિલાયતમાં બૅરિસ્ટર થઈ આવીને સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા હતા. (ચાલુ)

સાંકેતિક લિપિઓ-૧૨] . . . વાજિંત્ર-પલ્લવી . . . [સુશીલા આર. પટેલ

આનો ઉલ્લેખ 'સંજ્ઞાદર્શક કોશ' (લેખક રતનજી ફરામજી શેઠના ઈ. ૧૯૦૪)માં મળે છે. એમણે 'બીજકોશ' નામના ગ્રંથનો આધાર લીધો છે. પણ એમાં તેનો માત્ર નામોલ્લેખ જ છે. આ 'વાજિંત્ર-પલ્લવી'નો પ્રયોગાત્મક પ્રકાર મને અમદાવાદનિવાસી પ્રજ્ઞાચક્ષુ પ્રખ્યાત દિલરૂબા-વાદક શ્રી નાગરદાસ અરજણભાઈ પાસેથી મળ્યો છે.

સા રે ગ મ પ ધ ની અને સા, એ સંગીતના આઠ સપ્તકમાં મૂળાક્ષરોના આઠે વર્ગને ગોઠવવામાં આવ્યા છે: 'સા' ઉપર 'અ' વર્ગ, 'રે' ઉપર 'ક' વર્ગ, 'ગ' ઉપર 'ચ' વર્ગ, 'મ' ઉપર 'ટ' વર્ગ, 'પ' ઉપર 'ત' વર્ગ, 'ધ' ઉપર 'પ' વર્ગ, 'ની' ઉપર 'ય' વર્ગ અને બીજા સપ્તકના 'સા' ઉપર 'શ' વર્ગ કલ્પવામાં આવ્યા છે; અને એ વર્ગોનો જેટલામો અક્ષર હોય તેટલી વખત તે સ્વરને વગાડવાનો હોય છે. સ્વરાંક 'સા' વડે ઉમેરવાનો છે. આ રીતે 'કુમાર' શબ્દ જણાવવો હોય તો: કુ='રે' સા સા સા સા સા; મા=ધધધધધ સાસા; અને ર=નીનીસા.

વાજિંત્ર-પલ્લવીનો બીજો પ્રકાર કાવ્ય મોકલવા માટે છે. પણ એ કાવ્ય જે મૂળાક્ષરોમાંથી બનાવવામાં આવે તે મૂળાક્ષરનો ઉચ્ચાર સંગીતના સ્વરના ઉચ્ચાર જેવો જ હોવો જોઈએ. ઉદાહરણ તરીકે 'સરસ ધર્મ પાળો' એ પંક્તિ વ્યક્ત કરવી હોય તો 'સા રે સા ધરેમ પરે' એ રીતે વગાડવાથી વ્યક્ત કરી શકશે.

આપણા ગુજરાતમાં સોએક વર્ષ પહેલાં મોડિયા અક્ષરોમાં લખાણો લખાતાં. કાના માત્ર અને વરડ વિંલટી આદિ વગરની એ મોડિયા ભાષાનો જેને અનુભવ હશે તે વાજિંત્ર-પલ્લવીના આ કાવ્યસંકેતને સમજી શકશે. આ નિયમને અનુરૂપ જ કાવ્યમાં અક્ષરો ગોઠવવાથી સંકેત વ્યક્ત કરી શકાય.

'છુપંછુપામણી' નામનો પ્રકાર પણ વાજિંત્ર-પલ્લવીમાં હતો. ઓરડામાં છુપાવેલી વસ્તુને કયા ખૂણામાં છુપાવી છે તે સૂચવવા વાજિંત્ર વગાડનાર 'સારેગમ પધની સા' એ સૂરોમાં આઠે દિશાઓનો સંકેત કરી શકતો હતો. દિક-પલ્લવીમાં જેમ આઠ દિશાઓમાં આઠ વર્ગો ગોઠવેલા છે તેમ વાજિંત્ર-પલ્લવીમાં આઠ દિશા સૂરોમાં ગોઠવાતી હતી. એ રીતે છુપંછુપામણીનો પ્રકાર ઉત્પન્ન થયો હતો.

સંગીત વિશારદો આ સિવાયના બીજા પ્રકારો જણાવશે તો વાચકોને વધુ જાણવાનું મળશે.

સુધીર દલાલ

વર્ષગાંઠની ભેટ

દિવસોથી મૂંઝવતો પ્રશ્ન ઊકલી ગયો,–મોડુંમોડુંયચોમાસુંબેસેએમ,–કનકને વર્ષગાંઠનીભેટઆપવાનો.બત્રીસમીવર્ષગાંઠ, પાંચ વર્ષનું લગ્નજીવન, – ખાસ્સાં પાંચ વર્ષનું.

તારીખ ૭-૨-'૬૩. એ વહેલી ઊઠી;–રોજ ઊઠે જ છે, આજે કદાચ એટલા જ વાગ્યે ઊઠી હશે–એટલા જ વાગ્યા હતા વળી–સાડા છ; પણ ઊઠતાં જ મનમાં થઇ ગયું, ઓ બાપ રે! સાડા છ વાગી ગયા! કનક હજુ ઘોરતો જ હતો. વર્ષને વચલે દહાડે— નહિ, પહેલે દહાડે, ઊંઘશે નહિ તો ક્યારે ઊંઘશે!

ઝટપટ બેઠી થઈ. વાળ ઠીકઠાક કર્યા. ગરમ કાર્ડિગન ચડાવ્યું અને પાછું કાઢ્યું. આજે તો જરા ય ઠંડી નથી. વસંતનું આગમન થઇ ગયું છે. દાતણ લઇ બહાર બાગમાં બાંકડે બેઠી. કેટલો પ્રફુલ્લિત દિવસ ઊગ્યો છે! એની જિંદગીમાં પહેલી જ વાર આટલાં બધાં પંખી એણે સાંભળ્યાં. આકાશ પક્ષીઓથી અને કલરવથી છવાઈ ગયું હતું. સૂર્યમુખીથી ડહાલિયા પર, ડહાલિયાથી કાંચનાર પર નાનકડાં કાળાં-જાંબલીય પક્ષી ઠેકડા મારતાં હતાં અને એમની લાંબી વાંકી ચાંચથી રસ ચૂસતાં હતાં. એક તો વળી એક ફૂલ નીચે પાંખ ફફડાવી હેલિકૉપ્ટર જેમ સ્થિર થઇ ગયું. ચિવિટ, ચિવિટ, ચિવિટ! કનકને પૂછવું પડશે, આ કયાં પક્ષીઓ! મીઠો પવન વાયો. એના શરીર પરનાં રૂંવાડાં ખડાં થઇ ગયાં–શીમળાના કાંટાની જેમ. ઓહ, કેવું રળિયામણું પ્રભાત! જિંદગીમાં પહેલી જ વાર એને સંપૂર્ણ સુખનો અનુભવ થયો. ચિવિટ, ચિવિટ, ચિવિટ!

દાતણ કરતાં વાર લગાડાય એટલી લગાડી. પછી ઊઠીને ચા મૂકી. ત્યાં કનક ઊઠ્યો. 'જય શ્રીકૃષ્ણ!' કનકને જોઇ મોં મલકાવી એ બોલી. 'ઓહ! તું વળી ક્યારની જય શ્રીકૃષ્ણ કરતી થઇ! મંદિર બંદિરમાં જાય છે કે શું? ગુડ મૉર્નિંગ, ગુડ મૉર્નિંગ!'

'છટ! વર્ષગાંઠને દિવસે તો જય શ્રીકૃષ્ણ કહે!' ચાનો કપ કનક આગળ ધર્યો.

'કેટલી ચમચી ખાંડ નાખી છે?'

'પીને હવે; થોડીક ગળી હશે. થોડી વધારે પડી ગઇ.' આંખો નચાવતી એ બોલી.

'આજે તું કૈં બહુ લહેરમાં લાગે છે? છે કૈં? કે પછી નવી સાડી ખરીદવાની પ્રસ્તાવના?'

'વર્ષગાંઠ છે તારી; કેમ, ઓછું છે?'

'તે એમાં ખુશ શું થવાનું? એકત્રીસ પછી બત્રીસ આવે છે, બત્રીસ પછી એકત્રીસ નહિ.'

'તું મારો દિવસ નહિ બગાડ. આજે હું ખૂબ હર્ષમાં છું.' ને દોડીને એ નહાવા બેસી ગઇ. પાણીની ધાર, ડોલ-લોટાનો ખખડાટ, અને એ વચ્ચે એનો ઝીણો સૂર. દસ વર્ષ જૂનું ગીત ગણગણતી હતી: પહેલાં ધીમેથી, પછી મોટેથીલલકારીને.એનોઆનંદમાતોનહોતો.

નાહીને બહાર નીકળી ત્યાં કનક અથડાયો. ગાલ પર એક વહાલ ચોડતાં તે બોલી: 'સાંજના બધાંને આમંત્રણ આપી દીધું છે ને?' સાંજના જ્યાફત હતી, જન્મોત્સવની. અને જવાબ મળે એ પહેલાં એ દોડી. આજે એનાથી ઊભાં જ રહેવાતું નહોતું ને! બહાર બાગમાં ગઈ, થોડાં ફૂલ લાવવા. ભગવાનને ચડાવવા. એના પગ એનું કહ્યું નહોતા કરતા. પગ ઉપાડતી તો ઠેકડો મરાઈ જતો; ઊભી રહેતી તો થનગન્યા કરતી. પેલું દસ વર્ષે યાદ આવેલું ગાયન હજુ ચાલુ જ હતું – થોડું સ્વગત, થોડું મોટેથી, જાણે લાઉડસ્પીકરમાં!

ફૂલ તોડતાં ડાળીઓ ડોલી ઊઠી–ફરફરિયું પૂંછડી પટપટાવે એમ. હૉજમાં આંગળી બોળી લિસોટો તાણ્યો. તરંગો હૉજની પાળીને ભેટવા દોડી નીકળ્યાં. થોડી વાર એ જોઇ રહી. એક ઉપર એક, એક પાછળ એક. એના ઉપર પણ ફરી વળ્યા, આલિંગતા, ગૂંગળાવતા, મીઠું રીબાવતા સુખના, સંપૂર્ણતાના તરંગો!

સેવા કરી. રાંધ્યું. કનકને જમાડ્યો. ઑફિસે પહેરી જવાના બૂટ પૉલિશ કરી આપ્યા. કનક ઑફિસે ગયો. કામવાળીને વાસણ ઊટકવાનાં સોંપ્યાં. એક તપેલીમાં થોડું ખાવાનું આપ્યું: 'મરશે; ક્યારે ય આપ્યું નથી. એને ય જીવ છે ને! પેટ ભરશે. પાછો દિવસ છે!'

રસોડામાંથી દીવાનખાનામાં ચોપડી વાંચવા બેઠી. બે પાનાં વાંચ્યાં. મન ના ચોંટ્યું. છાપું ખોલ્યું. નેહરુ, ક્રુશ્ચેવ, કૅનેડી,–એનું એ! ઊઠી પથારીમાં પડી. થોડી વાર ડાબે પડખે, વળી જમણે પડખે. ચેન ના પડ્યું. દિલમાં સુખનો આફરો ચડ્યો. શરીરમાં આનંદની ગલીપચી થતી હતી. ઘડીમાં રૂંવાડાં ખડાં થઈ જતાં, ઘડીમાં પેટમાં ગોટાળા વળતા હતા. છેવટે કનકને ફોન કર્યો: 'કોણ?'

'કનક.' ——— 'શું કરે છે?'

'કામ; કેમ?' ——— 'આવે છે?'

'કેમ? હજુ તો ત્રણ જ વાગ્યા છે!'

'આવ ને!...'બધી મૃદુતા, બધી આજીજી એ બે શબ્દોમાં.

'પણ કેમ કંઇ થાય છે? તબિયત...'

'ના, ના; એવું કંઇ નહિ. આવે તો ફરવા જઇએ. મોટરમાં, થોડે દૂર જઇએ. તારી વર્ષગાંઠ છે ને?'

'પણ અહીં ઑફિસનું કામ......'

'સારું ના આવતો...' –રાધાજીનું રૂસણું!

'આવું છું ચાલ, પાએક કલાકમાં.'

મોટરમાં નીકળી પડ્યાં, માઇલો દૂર જવા. એ છેક બારણા પાસે ના બેઠી; જરાક પાસે, કનકની જરાક પાસે. સમાજ વાંધો ન ઉઠાવી શકે એટલી. સિમેંટના રસ્તા ઉપર મોટર સરકતી રહી. રસ્તાની ફાટના ધડાક, ધડાક, એકસરખા, એક જ લયે. પાછલા શિયાળાની બપોરનો તડકો શિયાળુ પાકથી ભરચકખેતરો ઉપર રેલાતો રહ્યો. કપાસનાં સફેદ ટપકાં, ચણાનાં પીળાં ફૂલો, તંબાકુનાં લીલાં પાન, ક્યાંક પૂળાના શંકુઓ, સ્વચ્છ રહસ્યમય ભૂરું આકાશ, એમાં ચકરાવો લેતી સમડીઓ, ધીર ગંભીર ડગ ભરતાં સારસો, નહેરોમાં વહેતું પાણી, રૂના ભપલા ભરેલાં ગાડાં, ક્યાંક રૂના સફેદ ઢગ. આખું જગત સુંદર હતું. નિતાન્ત રમણીય બપોર. હવે સાંજ. એ ખૂબ સુખી હતી,–ખૂબ ખૂબ સુખી. કનક સામે જોઇ એ હસી પડી: 'આટલા માટે જ તો તને ઑફિસમાંથી પકડી લાવી.'

સાંજના સાત. સમોસાંની સુવાસ. જલેબીનાં ગૂંચળાં. ઊંધિયાની ખુશ્બો. એક ટેબલ ઉપર શ્વેત ટેબલ-ક્લૉથ ઉપર હારબંધ ગોઠવેલી ડિશો, પ્યાલાઓ, ચમચીઓ, ચમચાઓ.

'હલ્લો કનક! કૉંગ્રેચ્યુલેશન્સ!' 'અભિનંદન કનકભાઇ.' 'મૅની હૅપી રીટર્ન્સ ઑફ ધ ડે.' વળી કોઇક ટીખળી: 'શતં જીવ શરદ: કનક.'

મોંઘી સાડીઓનો સરસરાટ; અસ્ત્રીદાર પૅન્ટની ઊભી ધાર; અત્તર, સેંટ, શેવિંગ લોશન; તાજી દાઢીની ચમક; ચપ્પટ વાળ; કોઈકનાં જુલ્ફાં. 'બ્રાઇલક્રીમ નાખો અને જુઓ તફાવત! જુઓ પેલા, ફલાણે હેરઑઇલ નાખે છે; એમના ધંધાની સફળતાનું એ જ રહસ્ય છે.' સિનેમા રેડિયોની જાહેરખબર. સસ્તું હાસ્ય. વાંચેલા રમૂજી ટુચકાઓ. થોડી ચાંપલાશ, થોડું ટીખળ, થોડો ઘંઘો. 'સમોસાં લેશો? એકાદ? ભાવ્યાં નહિ?' 'અરે હોય? સીતારામનાં સમોસાંને ય આંટી મારે એવાં.' 'તમે કઇ રીતે બનાવો છો? અમે તો...' 'જલેબી, તમારે?' 'બિચારાના મોઢામાં જ છે એ તો ઊતરવા દે! આ તો ગરોળીએ પતંગિયું ઝડપ્યું હોય એવો લાગે છે!'

'કનક, જરાક ડિશ પાસ કર ને?'

'કનક, તેં તો યાર કમાલ કરી, આંગળાં ચાટી ચાટી ચામડી ઉતારવા માંડી.'

જમ્યા પછી થોડાક અસભ્ય ઓડકાર. પગ લાંબા, અસ્ત્રીદાર પૅન્ટ પર તેલનો ડાઘ. ઊંધિયું ખાધાની ચાડી. હવે વાત કૈંક ગંભીર. થોડી ધંધાની, થોડી ખૂનકેસની, તો વળી કયું બાળમંદિર સારું એની......

'કનક હવે બહુ થયું. પરણ્યે પાંચ વર્ષ તો થયાં. હવે કર કંકુના!'

'અમે બાળબચ્ચાંવાળાઓ સાથે તું હવે શોભતો નથી.'

'શોભતો નથી કે શોભું છું?' કનકે કહ્યું: 'અમારો તો સાત વર્ષનો પ્લાન છે.'

'કનક, હવે કૉફી મંગાવું?...ક્યાં સાંભળે છે? એની વાતોમાં જ.' મનમાં એ મૂંઝાઈ: 'કનક, ઓ કનક! કહું છું, કૉફી...?'

'લાવ, લાવ;...તમારા જેવાઓથી જ આપણો દેશ બગડ્યો છે. સુરેશ, તું ક્યારે પરણ્યો? ચાર વર્ષ પહેલાં. કેટલાં છોકરાં? બે. તું કાલિંદી? ત્રણ વર્ષ પહેલાં. કેટલાં? એક; અને બીજાની તૈયારી હશે. તું......'

'કહું છું, કનક, જરાક મદદમાં આવે છે? ત્રણ ટ્રે લાવવાની છે.' એ વચમાં જ બોલી. 'નહિ સાંભળે. કનકનું આ જ દુ:ખ છે. બીજાની છોલે છે તે તેં ક્યાં ઓછી બાધા-આખડી રાખી છે? મારું માદળિયું શાનું છે? સુરેશ ને કાલિંદીની વાતો કરે છે...કનક! તું ઊઠીશ?'

'જુઓ અમે કેવાં લહેરથી ફરી શકીએ છીએ? ગયા વર્ષે આખું દક્ષિણ ભારત. વળી આવતા વર્ષે ઉત્તર ભારત......'

'કનક......'

'છોકરાંઓની લપ્પનછપ્પન આપણને...'

'ક...ન...ક! હવે આ બોલતો બંધ થશે!'

રાત્રિના સાડા નવ. દીવાનખાનું પાછું ખાલી. પડ્યાં છે માત્ર–ખરડાએલી ડિશો, પાપડનો વેરાએલો ભૂકો, ઊંધિયાના તેલના ડાઘા, સિગારેટનાં થોડાં ઠૂંઠાં, એક ભુલાએલો લેડીઝ રૂમાલ. મહેક, ખુશબો: અન્નની, અત્તરની, બત્રીસમી વર્ષગાંઠની. કનક ખુરશી પર થાક્યો-પાક્યો લંબાયો છે.

'કનક.'

'હં.' અન્નનો આફરો ચડ્યો છે કનકને.

'આજે તારી વર્ષગાંઠ છે.' ઉલ્લાસનો એને.

'તે?'————————'શું આપું?'

'કહું?' ગાલ પર એણે આંગળી ચીંધી.

'કનક, તને ખયાલ છે આવતી વર્ષગાંઠે તું શું હોઈશ?'

'વળી પાછો કોયડો! જંપ ને. તેત્રીસ વળી.'

'ના, ચાર મહિનાનો પપ્પો!'

ટેમ્પેસ્ટ: હેતુ અને હાર્દ

ઇંગ્લંડના રાજકુટુંબમાં એક લગ્નપ્રસંગ હતો, એની ખુશાલીમાં ઈ. ૧૬૧૧ની પહેલી નવેમ્બરે રૉયલ (દરબારી) રંગમંચ પર આ નાટક સૌપ્રથમ ભજવાએલું.

કેટલાક વિદ્વાનો માને છે કે શેક્સ્પીઅરનું આ છેલ્લું નાટક હતું. એમાંનું પ્રૉસ્પેરોનું પાત્ર ખુદ લેખકના જ જીવનનો જાણે ઉપસંહાર લાગે છે. પ્રૉસ્પેરોનો ભાઈ દગાબાજ નીવડ્યો, એણે પ્રૉસ્પેરો અને એની પુત્રીને દેશનિકાલ કર્યાં, વેર લેવાનો વિચાર કર્યા વગર પ્રૉસ્પેરો શાંત રહ્યો અને બાર વર્ષ પછી ભાઈને પાઠ શીખવાડવાની તક એને મળી. પોતાની અદ્ભુત શક્તિથી એણે દરિયામાં તોફાન ઊભું કર્યું અને ભાઈ જેમાં પ્રવાસ કરતો હતો એ વહાણને પોતાના ટાપુ પર ખેંચી લીધું. પ્રૉસ્પેરો ધારત તો ભાઈનો વધ કરી શકત. પરંતુ તેમ કરવાને બદલે એણે ભાઇને પ્રેમથી વશ કરવાનો નિશ્ચય કર્યો. વેરથી વેર શમતાં નથી એ સનાતન શિખામણ આપવા સારુ એણે મિરાન્ડા ને ફર્ડિનાડ વચ્ચે પ્રેમ જગાડ્યો અને બાર વર્ષ વિખૂટા પડેલા ભાઇઓ ફરી એકબીજાને મળ્યા. જીવનને અંતે શેક્સ્પીઅર સમજ્યો હતો કે ક્ષમા અને સહાનુભૂતિ એ જ જીવનનું સર્વસ્વ છે. જીવનની નિરાશા, પ્રેમભંગ, દગાબાજી વગેરે વેઠીવેઠીને શેક્સ્પીઅર આ મહાન સત્યને પામી શક્યો હતો. આ નાટક પછી જાદુગર પ્રૉસ્પેરોની જેમ શેક્સ્પીઅર નિવૃત્ત થવાનો હતો. બેઉની અદ્ભુત શક્તિ એવી હતી કે

...........graves at my command Have wak'd their sleepers, op'd, and let them forth By my so potent art. But this rough magic I here abjure; and.........I' ll break my staff, Bury it certain fathoms in the earth, And deeper than did ever plummet sound I'll drown my book.

(મારી આજ્ઞાને વશ થઈ કબરોએ પોતાની અંદર સૂતેલાઓને જગાડ્યા. મારી જાદુઈ શક્તિથી તે ઊઘડી અને તેમાંનાં પ્રેતો બહાર આવ્યાં. પણ હવે મને આ જાદુશક્તિ વર્જ્ય છે. મારી જાદુની લાકડીના ટુકડા કરી હું તે ભોંયમાં જોજન ઊંડે ભંડારી દેવા માગું છું. અને જાદુના મંત્રોનું પુસ્તક પાણીમાં એટલે ઊંડે નાખી વામી દઈશ કે એનો કોઇને પત્તો નહિ લાગે).

આ નાટક પછી શેક્સ્પીઅરે નાટ્યકલાસંન્યાસ લીધો હશે અને તેથી જ કદાચ આ નાટકમાં, તે સુખાન્ત હોવા છતાં, કોઇ અકથ્ય કારુણ્ય દેખાય છે. જોકે હેન્રી આઠમો નવા નાટક તરીકે ૧૬૧૩માં ભજવાયું હતું. કદાચ એ પણ લેખકનું છેલ્લું નાટક હોય.

આ નાટકનાં પાત્રો ખાસ અભ્યાસ માગી લે છે. માનવ, અતિમાનવ, અપ્રગલ્ભ કે જંગલી માનવ એકીસાથે અહીં ભેગા થયા છે. અતિમાનવને શારીરિક બળ નથી, એનું મન અને કલ્પનાશક્તિ પ્રકર્ષથી વિકસિત થયાં છે, પણ માનવ પોતાની બુદ્ધિશક્તિ વડે એ અતિમાનવને પોતાનો દાસ બનાવે છે. જ્યારે જંગલી માણસને અસંસ્કૃત ધારી લઈ તથાકથિત સુસંસ્કૃત માણસો એને સંસ્કારી બનાવવા જાય છે ત્યારે પેલો બોલે છે: 'તમે મને તમારી ભાષા શીખવાડી. એનાથી મને મુખ્ય લાભ એ થયો કે હું હવે સારી પેઠે ગાળો ભાંડી શકું છું!' અન્ય જમાતોને 'સુધારવા'નો સવાલ આજે ય આપણી સમક્ષ છે. (પ્રૉસ્પેરો વિદ્વાન હતો છતાં ય આ પ્રશ્નનો સંતોષકારક ઉકેલ એ આપતો નથી.) શારીરિક બળનો કેટલે અંશે ઉપયોગ કરવો જોઈએ તેનો નિર્ણય કરવાની પ્રેરણા આ નાટકથી મળવી જોઈએ.

પ્રૉસ્પેરોએ જીવનની લીલીસૂકી જોઈ છે, જીવનનું ઝેર એણે જીરવ્યું છે, પરંતુ એનો અંશ પણ એના શબ્દોમાં જણાતો નથી. એની પુત્રી મિરાન્ડા જાણે મૂર્તિમતી નિર્દોષતા છે. એણે પરપુરુષને કદી જોયો ન હતો. ફર્ડિનાન્ડને એ જુએ છે ને ચાહે છે. જીવનપ્રભાતમાં નિર્મળ પ્રેમનો અદ્ભુત આનંદ એને સાંપડે છે. શેક્સ્પીઅરની નાયિકાઓમાં મિરાન્ડાનું સ્થાન ઉચ્ચ છે. તુલના જ કરવી હોય તો શકુંતલાની નિર્દોષતા યાદ આવે. ફેર એટલો જ કે મિરાન્ડા વિરહદગ્ધ બનતી બતાવવામાં આવી નથી (અને 'ટેમ્પેસ્ટ'માં તે અસ્થાને પણ હોત) અને તેથી તેનો આધ્યાત્મિક વિકાસ આપણે જોઈ શકતા નથી, વાચક એની અપેક્ષા પણ રાખતો નથી.

'ટેમ્પેસ્ટ' નાટક જેટલા સમયમાં ભજવાય છે, તેટલા જ સમયમાં એનું કથાનક શરૂ થઈ પૂરું થાય છે એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. શેક્સ્પીઅરનાં કેટલાં યે નાટકોમાં વર્ષોનો સમય વીતે છે. જરૂર લાગે ત્યારે શેક્સ્પીઅર મર્યાદિત સમયમાં કેટલું આવરી લઈ શકતો તેનું સુંદર દૃષ્ટાંત આ નાટક છે.

જીવનની આંધીમાં દગો, કપટ, છેતરપિંડી, હૃદયહીનતા અને એવું ઘણું દેખાય; એ બધું ગળી જતાં શીખી આખરે નિર્દોષતા, પ્રેમ, સૌહાર્દ પામવાની શક્તિ માણસે કેળવવી એ 'ટેમ્પેસ્ટ'નું હાર્દ છે.

વસન્ત જોષી

કલાવાર્તા

કલાકાર દિનેશ શાહ

ગયા માર્ચની ૧૯મી તારીખે મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં મહારાષ્ટ્રનાં ગવર્નર શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે ભાઈ દિનેશ શાહનાં લગભગ ૮૫ જેટલાં ચિત્રોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. અગાઉ 'કુમાર' અંક ૪૨૦માં એમણે કરેલાં વિનોબાજીનાં ત્વરિતાલેખનો અને અંક ૪૩૧માં એમનો વિસ્તૃત સચિત્ર પરિચય આવી ગયો છે. 'ધી ન્યૂ એડ્યુકેશન ફેલોશિપ'ના ઉપક્રમે આવતા માસમાં દોઢેક મહિના માટે અમેરિકાના સાંસ્કૃતિક પ્રવાસે જતા મંડળ સાથે તેઓ જાય છે.

વિવિધ કલાશૈલી અને કલાકૌશલ પર એમણે સારી સિદ્ધિ મેળવી છે. કલાવિષયક લેખો અને રેડિયો-વાર્તાલાપો પણ આપ્યા છે. મુંબાઈની ન્યૂ એરા સ્કૂલના પ્રાયોગિક કલા વિભાગના તેઓ વડા હોવા ઉપરાંત 'અલ્પના ક્રીએટિવ આર્ટ સેન્ટર'ના સંચાલક છે.

ઉપર્યુક્ત પ્રદર્શનમાંનાં એમનાં થોડાં ચિત્રો આ અંકમાં આપ્યાં છે. એક ચિત્ર 'સુરાવલીનો જન્મ'માં એમણે ઉસ્તાદ સરોદવાદક અલી અકબરખાંની તસવીર આલેખી છે. એ વિષે તેઓ લખે છે: 'સાદા સપાટ રંગો અને રેખાઓમાં ચિત્રયોજના કરી છે. કલાકારને આંખ, મોં, નાકની શી જરૂર! તેમને તો સ્વર સાથે, ભાવ સાથે સંબંધ છે. એટલે આ પ્રયોગ તેમની એ ખાસિયત પકડી કર્યો છે.' એર ઇંડિયાએ આ ચિત્ર ખરીદી લીધું છે. પ્રદર્શનમાંથી એમનાં બીજાં પણ તેરેક ચિત્રો મળી સાડા સાતેક હજાર રૂપિયાનું વેચાણ થયું છે.







સુરાવલીનો જન્મ, દિનેશ શાહનું ચિત્ર. જમણી બાજુ, ઉપર: બાલ-કલાજ્ઞાનોત્સવમાં રંગોની રમત જોતાં બાળકો. નીચે: કાર્યરત બાળાઓને નીરખતા કાર્નિવલના યોજક દ-આમિકો.

બાલ-કલાજ્ઞાનોત્સવ

'ફક્ત બાળકો માટે.'

આટલી એક સૂચનાની પાછળ જે દુનિયા હોય છે ત્યાં મોટેરાંઓની કોઈ પણ વણમાગી સલાહસૂચનાને કે કોઈજાતની રોકટોકને સ્થાન નથી હોતું. અને એટલે ત્યાં બાળક મુક્તપણે પોતાનું વ્યક્તિત્વ ખીલવી શકે છે. એનામાં દબાઇ રહેલી શક્તિઓ બહાર આવે છે ને ત્યાં એને વિકાસ સાધવાની પૂરતી તક મળે છે.

આવી એક ઉમદા તક ભારતનાં બાળકોને અમેરિકાએ ભેટ આપેલા 'બાલ-કલાજ્ઞાનોત્સવ' દ્વારા મળે છે. કળા અને સ્વતંત્ર સર્જનશક્તિને પ્રેરણા આપતી એ નાનકડી રંગબેરંગી દુનિયામાં બાળકો પોતાની બુદ્ધિ, ચાતુરી ને ઇચ્છા મુજબ ભાગ લઈ પોતાને મનપસંદ પ્રવૃત્તિ કરી શકે છે.

ન્યૂ યૉર્કના 'મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટ'ના શિક્ષણ વિભાગના સંચાલક શ્રી વિક્ટર દ-આમિકોએ સર્જેલા આ 'ચિલ્ડ્રન્સ આર્ટ કાર્નિવલ'(બાલ-કલાજ્ઞાનોત્સવ)ને બ્રસેલ્સના વિશ્વમેળામાં શ્રી ઇંદિરા ગાંધીએ જોયું. તેઓ અમેરિકા ગયાં ત્યારે ભારતનાં બાળકો માટે પણ એમની જરૂરિયાતોને યોગ્ય એવું આ પ્રકારનું એક કાર્નિવલ તૈયાર કરવા અંગે શ્રી દ-આમિકો સાથે એમણે ચર્ચાવિચારણા કરી. તે પછી અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ૦ કેનેડીનાં પત્નીએ ભારતની મુલાકાત વખતે એ રીતે તૈયાર કરેલા એક કાર્નિવલની ભારતનાં બાળકોને ભેટ આપવાની જાહેરાત કરી. મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટની આંતરરાષ્ટ્રીય સમિતિ અને એશિયા સોસાએટીના કેટલાક વ્યક્તિગત સભ્યોએ એનો ખર્ચ ઉપાડયો અને એમ આ કાર્નિવલ ભારતમાં આવ્યું. નવી દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેને એનું ઉદ્ઘાટન કર્યા બાદ મદ્રાસ, બૅંગલોર, મુંબાઇ ને અમદાવાદમાં પ્રદર્શિત થઇને હવે તે દિલ્હીમાં બાળકો માટેના રાષ્ટ્રીય સંગ્રહાલયના 'બાલભવન'નું એક કાયમી અંગ બની રહ્યું છે.

ઍલ્યુમિનિયમના તૈયાર એકમોને જોડીને બનાવેલી એ નાનકડી અષ્ટકોણ દુનિયામાં મોટાંઓને જવાની છૂટ નથી. બારેક વર્ષ સુધીનાં બાળકો જ પ્રવેશી શકે એવા આકારના ને એટલી ઊંચાઇના વાળેલા સળિયાવાળા એના પ્રવેશદ્વાર વડે જ આડકતરું સૂચન મળી જાય છે કે એમાં કોણ જઇ શકે. એ પ્રવેશદ્વારની પાછળની રંગબેરંગી દુનિયાને બે ભાગમાં વહેંચેલી છે. પહેલો ભાગ છે 'પ્રેરણા વિભાગ'. આછા અજવાળાવાળા એ ખંડમાં સતત મધુરું સંગીત રેલાય છે. પ્રકાશમાં ઝળહળતાં કે સ્વયં તેજ મારતાં અવનવાં રમકડાં ને સાધનો અહીં જોવા મળે છે. કળ દાબતાં નજર સામે હાલતીચાલતી રંગોની સૃષ્ટિ ખડી કરી દે એવી 'રંગોની રમત' નામની એક નવતર રચના ત્યાં છે; થપાટ મારતાં અંગ સંકોડી વળ ખાતી સુંવાળી રુવાંટીવાળી 'ખોટીખોટી' બિલાડી ત્યાં છે; વળી હાથ અડાડતાં જ હલવા માંડતો તારની કમાનનો ફૂકડો ત્યાં છે; અનંતસંખ્ય પ્રતિબિંબો પાડતા અરીસા છે, વિવિધ આકારના રંગબેરંગી ટુકડાઓને જેમ મૂકીએ એમ પકડી રાખતું ચુંબકત્વવાળું 'જાદુઇ ચિત્રસર્જક' છે, વિવિધ કળો દબાવતાં વિવિધ વર્ણ બદલતો 'રંગકુવારો' છે. આવાં અનેક અવનવાં આકર્ષક સાધનો, કોઇ પણ સિદ્ધાંત કે શબ્દોની સહાય વગર બાળકોને રંગ, કુમાશ ને લયની દુનિયામાં મૈત્રીભર્યા વાતાવરણમાં ખેંચી જાય છે ને અવનવી પ્રેરણા જગાડે છે.

તેની જોડે જ બીજો વિભાગ છે, જ્યાં પહેલા વિભાગમાંથી મેળવેલી પ્રેરણાથી થનગની ઊઠેલી બાળકોની સુષુપ્ત શક્તિને સર્જનાત્મક મોકળાશ મળે છે. ચિત્રકામ કરવું હોય તો એને માટે ઢાળિયાં ટેબલ પર કાગળ અને રંગો તૈયાર છે. વચ્ચે મૂકેલાં બે મેજ ઉપર



ચિત્રકામમાં રત ભૂલકાં

પોતાનું કલાકૌશલ અજમાવવા અનેક અવનવી સામગ્રી ખુલ્લી પડી છે. એમાં રંગીન કાગળના ને કાપડના નાનામોટા ટુકડા છે, કાપકૂપ કરવા કાતર ને ચોંટાડવા માટે ગુંદર પણ છે. તારના ટુકડા ને જાડીપાતળી રંગબેરંગી દોરીઓ છે, જોડવા-સાંધવા માટે પકડ અને તારના ટાંકા મારવાનું સાધન પણ છે. પોતે બનાવેલી ચીજવસ્તુ લટકાવી જોવા ઉપર હૂક પણ લટકે છે. અહીં પોતાને ફાવે તે કરવાની એને છૂટ છે. અહીં એને કોઈની રોકટોક નથી, વણમાગી સલાહ આપ્યા કરનાર કોઈ નથી. એ શું કરે છે એમ પૂછનાર પણ કોઈ નથી. ને છતાં કૈં મૂંઝવણ ઊભી થાય તો ત્યાં હાજર રહેતા એક શિક્ષક એને મદદ કરવા તૈયાર છે. એકાદ કલાક એ આ દુનિયામાં પોતાને ગમે તેમ ને સૂઝે તેમ કામ કરી શકે છે. જો ઇચ્છા હોય તો પોતે બનાવેલું ચિત્ર, રમકડું કે પોતાની કોઇ પણ કૃતિ એ પોતાની સાથે ઘેર પણ લઇ જઇ શકે છે!

મોટેરાંઓથી જો જિજ્ઞાસા ન રોકી શકાય તો આ કાર્નિવલના મંડપની દીવાલમાં રાખેલી નાનકડીકાચ-બારીમાંથી ભલે અંદર ડોકિયું કરી લે; બાકી અંદર જવા માટે તો પ્રવેશદ્વારમાં આવતાં તમારું માથું જો પેલા સળિયાથી ઊંચું ગયું તો 'પ્રવેશ બંધ'; કેમકે આ તો 'ફક્ત બાળકો માટે જ' છે.

પણ હા, કલાશિક્ષક તરીકે તમારે માટે આ કાર્નિવલ એક તાલીમકેન્દ્ર જેવું છે. અહીં તમને નવા વિચારો ને નવી દૃષ્ટિ મળી શકશે. ભારતના જુદાજુદા શહેરોના પ્રવાસ દરમિયાન, સરળ સાધનસામગ્રી વડે બાળકોની સર્જનશક્તિને કેમ જગાડવી અને એને રચનાત્મક ક્રિયામાં કઇ રીતે વાળવી એના તાલીમી પાઠ આપવાની વ્યવસ્થા પણ તે તે શહેરના કલાશિક્ષકો માટે કરવામાં આવી હતી.

બાળકોને મન, કેવળ એમને જ માટે સર્જાએલી આ એક કલ્પનારંગી નવી દુનિયા છે; માબાપ માટે આ એક એવું માધ્યમ છે જેની બારીમાંથી તેઓ પોતાનાં બાળકોમાં છુપાએલી સર્જનશક્તિને જોઈ પિછાની શકે છે; અને શિક્ષકોને એ બાળકોમાં પ્રેરણા જગાડવા માટે નવી કલ્પનાઓ, નવી રીતો ને અવનવી સાધનસામગ્રીનો પરિચય કરાવે છે.



કાર્નિવલનો સાધનસજ્જ કાર્યખંડ, બાળકો અહીં મનપસંદ કલાકૌશલની પ્રવૃત્તિ કરી શકે છે.

કલાદર્પણ

આપણી માધ્યમિક શાળાઓમાં ચિત્રશિક્ષણ તો ઘણાં વર્ષોથી ચાલે છે, પણ યુવાનોમાં અને નગરજનોમાં કલાકૃતિઓ સમજવાની તથા તેનો આદર કરવાની અશક્તિ તેમજ ઉપેક્ષાવૃત્તિ હજી વ્યાપક રહી છે. તેનું નિવારણ કરવા માધ્યમિક શાળાના અંતિમ એસ.એસ.સી. અથવા મૅટ્રિકના પરીક્ષાવિષયોમાં વિકલ્પે ચિત્રને મૂકી થોડું મહત્વ આપવામાં આવ્યું છે. તેમાં 'આર્ટ ઍપ્રીસીએશન' (કલા ગુણદર્શન)નો પ્રશ્ન રાખેલો છે.

છતાં આ વિષય શીખવવાને માટે તેની મર્યાદા ને વિસ્તારની સમજ આપતું પાઠ્યપુસ્તક નહિ હોવાથી ચિત્ર વિષેની સમજ અને રુચિ કેળવવાનો સરકારી તંત્રનો ઉદ્દેશ અફળ રહ્યો છે.

આ પરિસ્થિતિમાં સુરતમાંથી શ્રી ચન્દ્રવદન શાહ જેવા અગ્રણી શિક્ષણપ્રણેતા આ બાબતમાં રસ ધરાવીને શ્રી વાસુદેવ સ્માર્ત અને પોતાનાં સુપુત્રી જ્યોતિબહેન શાહ (હવે શ્રીમતી જ્યોતિ ઠાકોર) ને આ કાર્યમાં પ્રવૃત્ત કરી શકયા છે એ પ્રશંસનીય છે.

કલાની ચર્ચા, વિવેચના કે ઇતિહાસ પર આપણા પ્રદેશની ભાષામાં જોઈએ તેટલા સાહિત્યનું હજી નિર્માણ થયું નથી, તેથી યોગ્ય શબ્દો પરિભાષા અને પ્રતીતિકર વિધાનો મળતાં નથી. આ પુસ્તકના લેખકોને તે મુશ્કેલી જણાઈ હશે. તેઓએ આ પુસ્તક પ્રસિદ્ધ કર્યા પહેલાં કોઈ ભાષાસિદ્ધ વિદ્વાન પાસે થોડી સુધારણા કરાવી હોત તો શાળાના પાઠ્યપુસ્તક માટે એ મહેનત સાર્થક ગણાત અને તળપદા વાક્યપ્રયોગો દૂર રાખી શકાત. યોગ્ય પારિભાષિક શબ્દો ન મળે ત્યાં યોજિત શબ્દની સાથે અંગ્રેજી શબ્દ ચાલુ રાખવો ઉચિત છે. ચિત્રમાં Rhythm (રિધમ) –છંદવ્યવસ્થાનું સ્વરૂપ સમજાવવા વધારે વિસ્તાર કરવાની જરૂર હતી. સાથોસાથ દૃષ્ટાંતો મૂકવાં જ જોઈએ. પૅટર્ન=ભાતચિત્રના ખુલાસામાં 'ડેકોરેટિવ ટ્રીટમેન્ટ' બતાવ્યું છે.

કલાની સમજ માટેના કેટલાક પારિભાષિક શબ્દો ધંધાદારીઓમાં પ્રચલિત હોય છે. તેઓ કેવા શબ્દો વાપરે છે તેની શોધ તથા સહાય ઉપકારક થાત. દેશની રૂઢિ ને સંસ્કૃતિમાં જે સારું હોય તે સંઘરીને વાપરી શકાય એવી આપણી કેળવણી કરવી જોઇએ. પૃ. ૩૦ પર પ્રાગૈતિહાસિક યુગમાં થએલાં ભારતીય ખડકચિત્રોનો ઉલ્લેખ ઉમેરવો જોઈએ.

પૃ. ૩૭: ગ્રીક શિલ્પની પેઠે ગ્રીક ચિત્રકલાના આદર્શો પણ તે કાળના ઉલ્લેખોમાં ખૂબ મળે છે અને તે શિલ્પના જેટલી જ પ્રભાવી હશે એમ લાગે છે. વાત સ્પષ્ટ લખવી જોઇએ.

યુરોપની કલા-પ્રણાલીઓ વિષે ઘણાં પાનાં રોકાયાં છે, તેમાં ઘણું વૃથા લાગે છે. મૅટ્રિકના વિદ્યાર્થી આગળ યુરોપના 'ઈઝમ'ના ગ્રંથવાડા મૂકવાથી ખાસ લાભ નથી. માત્ર પ્રત્યેક ઈઝમનો એક નમૂનો છાપી તેમાં દેખાતાં પ્રધાન લક્ષણો નિરૂપવાં પર્યાપ્ત થાત.

પૃષ્ઠ ૬૫ ઉપર 'હિન્દુ ધર્મ'ને બદલે વૈદિક ધર્મ જોઇએ. એ વાત વૈદિક કાળની છે. એ જ પાને આકૃતિ ૪૮(પરખમનો યક્ષ)ના વર્ણનમાં 'કળાના શરૂઆતના નમૂના જેવી ગ્રામીણતા' કહી છે એ વિધાન ઉચિત નથી. કદાચ ગ્રામીણતા શબ્દમાં ભૂલ હશે. સ્તૂપની ઉત્પત્તિ ભૂમિદાહના રિવાજમાંથી થઈ તે સમજાવવું જોઇએ. 'કુશાન' ઉચ્ચાર અંગ્રેજીમાં ચાલે, પણ ગુજરાતી તો 'કુશાણ' જોઇએ.

ચિત્રકળા ગુપ્ત સમયમાં જ વિકસી (પૃ. ૭૧) એ વિધાન બરાબર નથી. ઈ.સન પૂર્વે બીજી સદીથી અજંટામાં ઉત્તમ પ્રકારનાં ચિત્રો થતાં આવ્યાં છે અને તે પણ એ પહેલાંના સૈકાઓની સાધનાનું પરિપક્વ સ્વરૂપ છે.આમાં ઇતિહાસના કાળક્રમોને લગતાં જે વિધાનો કર્યા છે તે પૈકી 'ગુપ્તોના અસ્ત સાથે કળા અસ્ત પામી' એ કથન ભ્રમાત્મક છે. કુશાણો અને મૈત્રકોનો કાળ શૂન્ય નહોતો.

કૈલાસ મંદિરના એક જાણીતા શિલ્પને સમજાવતાં 'શિવ પોતાનો એક જ પગ ઊંચો કરી કૈલાસ પર્વત રાવણના માથા ઉપર પછાડે છે.' (પૃ. ૮૦) એમ લખ્યું છે, પણ કથાવસ્તુ કહે છે કે 'શિવે એક પગની ભીંસ દઇને કૈલાસનો ભાર વધારી રાવણને દબાવ્યો.' એટલે પગ ઊંચો કરેલું શિવનું પાત્ર કોઇ જુદી કથા સાથે સંબંધ રાખે છે. કૈલાસમંદિરના નિર્માણની વિશેષતા ઉપર એક સારો ફકરો લખવાની જરૂર હતી. વિશ્વના અચરજ સમું આ અખંડ ખડકમંદિર મુંબાઈના કૉન્વોકેશન હૉલની બરાબર છે. ભારતની અનેક શૈલીઓનાં નામ અને વર્ણન માત્ર આપ્યાં છે તેનાથી વિદ્યાર્થીઓને કશો લાભ થાય એમ નથી. તેને બદલે તે દરેકનાં સુંદર ચિત્રો આપી નીચે પરિચય આપ્યો હોત તો વધુ પ્રત્યક્ષ જ્ઞાન મળત.

ફતેહપુર સિક્રીના પરિચયમાં 'અહીં ગુજરાતના કારીગરોના હાથ ચોખ્ખો જણાઇ આવે છે' એવું વિધાન (પૃ. ૯૮) છે તેનું કારણ દર્શાવ્યું હોત તો યોગ્ય થાત.

પૃ. ૧૦૩ ઉપર 'ચિત્રશાસ્ત્રના નિયમો રચાયા'ની વાત કરતાં 'ષડાંગ' શબ્દ વપરાયો છે તે 'ષડંગ' (ષડ+અંગ) હોવું જોઇએ. ગુજરાતના સ્થાપત્યની વાતમાં ગુજરાતની વિશિષ્ટ પરબડીઓ, વાવો, કલાવસ્તુઓ (જેવી કે દીવી) અને લોકકલાઓ વિષે જરા વિસ્તારથી લખ્યું હોત તો નજર સામેની કલા-કારીગરી પ્રતિ વાચકને વધુ પ્રેમ કરાવી શકાત.

જૈન ચિત્રો વિષે (પૃ. ૧૧૧ ઉપર) લખ્યું છે કે 'અજંટાના સર્જન પછી અને રાજપૂત મુઘલ શૈલીઓ અસ્તિત્વમાં આવી એ વચ્ચેના ગાળામાં ભારતીય ચિત્રકલાની પરંપરા અને સાતત્ય જાળવી રાખવામાં જૈન શૈલીનો ફાળો ખૂબ અગત્યનો છે.' પણ પશ્ચિમ ભારતમાં છેક ઈ.ના છઠ્ઠા સૈકાથી મારવાડમાંથી શાર્ઙ્ધરે-શૃંગધરે પ્રચારેલી આ શૈલીને જૈન શૈલી જેવું નામ આપી ઓળખાવવી, તથા લગભગ સોળમા સૈકા સુધી (એટલે કે એક હજાર વર્ષ સુધી) જે પ્રચારમાં રહેલી એ શૈલીને માત્ર મુઘલ-રાજપૂત શૈલી વચ્ચેના સેતુ રૂપ જ ગણાવવી, એ ઇતિહાસને વિકૃત કરવા જેવું છે. વિદ્વાનોના છેવટના અભિપ્રાય પ્રમાણે તો પશ્ચિમ ભારતની એ એક જ કલા છેક નેપાળ ને દખ્ખણ સુધી વ્યાપી હતી; અને રાજસ્થાનમાં મૂળથી જ પડેલી ને અપભ્રંશ બનેલી આ જ કલા મુઘલ કાળ આવતાં તેના અંશો અપનાવીને 'રાજસ્થાની કલા' બની. 'રાજસ્થાની કલા' અને 'રાજપૂત કલા' એમ બે ભાગ પાડવાની લેખકોને કેમ જરૂર પડી?

ભારતની કલા-શૈલીઓનાં પ્રચારસ્થાનોના નકશા અપાયા છે તે સાથે યુરોપના પ્રાચીન તેમજ અર્વાચીન કાળના નકશાની જરૂર પણ હતી. 'આધુનિક કલા-પ્રવાહો'ના પ્રકરણમાં પણ કલાશાળાઓ અને કલાકારોની યાદી સમયાનુક્રમ પ્રમાણે હોત તો કલાના પ્રવાહો બદલાવાનાં કારણો સ્પષ્ટ થાત. દા.ત. પૃ.૧૨૧ ઉપર બંગાળના પુનરુત્થાન યુગની વાત કર્યા પછી મુંબાઈની સ્કૂલ ઑવ આર્ટની શરૂઆત થઈ, એવું વિધાન એક જ ફકરામાં આપ્યું છે!

આ બધી વિગતો તરફ એટલા માટે અંગુલિનિર્દેશ કર્યો છે કે પાઠ્યપુસ્તકો હકીકત-દોષોથી મુક્ત રહેવાં જોઇએ. વસ્તુતઃ વિદ્યાર્થીને તો માત્ર જરૂરી મુદ્દાઓ જ આપવા જોઇએ. લેખન ઓછું કરીને પણ સારાં ચિત્રો આપવા પ્રયાસ થયો હોત તો તે વધુ ફળદાયી થાત, કારણ કે ગુજરાતમાં કેટલાંક શહેરો અને ગામડાંને ચિત્રો જોવાં કે મેળવવાં એ સહેલું નથી. સારી હાઈસ્કૂલોમાં પણ જોવા જેવા ચિત્રસંપુટો, પુસ્તકો વગેરેનો સંગ્રહ હોતો નથી. આ પુસ્તકમાં પણ ચિત્રો કાળક્રમ પ્રમાણે છપાય, શ્રેષ્ઠ ચિત્રો મોટાં ને નોંધ સાથે છપાય તથા તે પર ગુણદોષ પરીક્ષણ લખાય તો વિદ્યાર્થીને સચોટ પાઠ મળી રહે.

આજે વિશ્વનું કલાસાહિત્ય એટલું વિપુલ બન્યું છે કે તેની પાછળ જીવનભરનો વ્યાસંગ રાખીએ તો પણ પાર ન આવે; છતાં દુર્ભાગ્ય એ છે કે આપણી કૉલેજો, હાઈસ્કૂલો કે લાયબ્રેરીઓ કલાવિષયક સંગ્રહો કરવામાં નરી ઉદાસીનતા જ સેવે છે. કેટલાક પ્રમાણભૂત ગ્રંથો વિદ્યાર્થી તેમજ શિક્ષકોને સહજ પ્રાપ્ત થાય એવી દરેક મોટા પુસ્તકાલયમાં ગોઠવણ હોવી જોઈએ. એવા ગ્રંથોની એક સૂચિ આ પુસ્તકમાં અપાઈ હોય તો જેને અનુકૂળતા મળે તેઓ એ ગ્રંથો મેળવી વિશેષ સમજ અને અભ્યાસ પ્રાપ્ત કરી શકે.

શ્રી ચન્દ્રવદન શાહે તો યોગ્ય કહ્યું છે કે 'આજે ઊંચી સંસ્કારિતાથી જનતા વંચિત રહે છે.' પણ કેટલી શિક્ષણસંસ્થાના પ્રમુખ પુરુષો આજે સમ ખાવા પૂરતું ય કલાના એકાદ પુસ્તકનું અધ્યયન કરતા હશે? આવી સ્થિતિમાં આ એક લઘુ પ્રયાસને સૌ વધાવી લેશે તો તેનું પુનઃ સંસ્કરણ, ઉપર બતાવી તેવી ઊણપોથી વંચિત બનીને વધુ શુદ્ધ સુંદર અને ઉપયોગી બનવાની તેને તક મળશે. [પ્ર૦ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ, સુરત,રૂ.૩.]

ઇજનેરી વિદ્યાના તત્ત્વજ્ઞ

રિચર્ડ બકમિન્સ્ટર ફુલર

પાંસેક વર્ષ પહેલાં અમદાવાદની કૅલિકો મિલે, અને ૧૯૬૨માં વૉલ્ટ ડિઝનીના 'સર્કેરામા'ના પ્રદર્શન માટે જે પ્રકારના તંબૂનો ભારતમાં ઉપયોગ થયો હતો એ 'જીઓડેસિક ડોમ' એની અનેકવિધ ઉપયોગિતાને લીધે હવે તો દુનિયાભરમાં જાણીતો છે.

અમેરિકાના એક બહુ પ્રતિભાશાળી ને બહુ ચર્ચાએલા કલાકૌશલ-સ્વામી રિચર્ડ બકમિન્સ્ટર ફુલરે એની શોધ કરી છે. ફુલર 'ઇજનેરી વિદ્યાના તત્ત્વજ્ઞ' તરીકે પણ ઓળખાય છે. ગણિત, તત્ત્વજ્ઞાન, ઍન્જિનીઅરિંગ, નકશાનવીસી, સંશોધન, શિક્ષણ, લેખન અને સ્થાપત્ય જેવા વિવિધ વિષયોમાં એમણે અનેક સિદ્ધિઓ મેળવી છે.

ઇ. ૧૯૨૦માં મધ્ય ધરીને ફરતા ગોઠવાએલા ઘરની એક અભિનવ ને આગવી રચના કરીને પોતાના એ સિદ્ધાંતને એમણે 'ડાયમેક્સન' નામે ઓળખાવેલો. એમની 'વિવિધ સિદ્ધિઓ જોતાં એ શબ્દનો અર્થ 'લગભગ બધું જ' એવો પણ કરી શકાય. ત્યારથી એ શબ્દ ચલણી બન્યો અને તેઓ શોધક તરીકે નામ-

ના પામ્યા. 'જીઓડેસિક ડોમ' એ એમની એક આગવી અને મહાન કહી શકાય એવી દેણગી છે. ટેટ્રાહેડ્રૉન (એટલે ચાર ત્રિકોણ બાજુઓવાળો ઘન) અને ઘન ગોળાકારના સિદ્ધાંતો પર એમણે એની રચના કરી છે. ક્ષેત્રફળના દર ચોરસ ફૂટે વધુમાં વધુ જગ્યા રોકવી અને એની અંદરના આંતરિક દબાણ સામે વધુમાં વધુ ટકાવ લેવો એ ઘન ગોળાકારનો ગુણ છે. ટેટ્રાહેડ્રૉન એ એવો આકાર છે જે ઓછામાં ઓછું દળ રોકતી વધુમાં વધુ સપાટી ધરાવે છે અને બહારની બાજુનું વધુમાં વધુ દબાણ સહી શકે છે. ફુલરનો જીઓડેસિક ડોમ એ અનેકત્રિકોણાકારના જોડાણથી બનાવેલો ઘન ગોળાકાર છે. ઍલ્યુમીનિયમ, ફાઈબર-ગ્લાસ, પ્લાસ્ટિક, નાઇલૉન અને વાંસના પણ તે બનાવી શકાય છે. ઘૂમટ-આકાર રચના કરવામાં ત્રિકોણાકારોને એની સમગ્ર સપાટી પર એકસરખા વહેંચી દેવાય તો દબાણ સહન કરવાની એની શક્તિ ઘણી જ વધી જાય છે. ઈ. ૧૯૫૩માં અમેરિકાના ન્યૂ હૅમ્પશાયર પરગણાના માઉન્ટ વૉશિંગ્ટન ઉપર એમના આ પ્રકારના તંબૂની પરીક્ષા કરવામાં આવી ત્યારે કેટલીક વાર કલાકના ૧૫૦ માઇલની ઝડપે વાતા (ને એક વાર તો ૧૮૦ માઈલની ઝડપવાળા) પવનો સામે બે શિયાળા સુધી એણે ટક્કર લીધી હતી.

જીઓડેસિક રચનામાં એના માળખાનું સમગ્ર વજન અને દબાણ એના આખા આકારમાં વહેંચાઇ જતું હોઈ, અન્ય સામાન્ય આકારોની બાંધણીમાં વપરાય એથી યે ઓછા વજનવાળા પદાર્થોનો તેમાં ઉપયોગ થઇ શકે છે. કદના વધવા સાથે એની ટકાઉ શક્તિ પણ વધતી જઇ એની મજબૂતી એના વજન કરતાં યે વધી જાય છે. બીજી કોઇ પણ પદ્ધતિ કરતાં એ વધુમાં વધુ કરકસરભરી ને ઓછામાં ઓછી ખર્ચાળ પ્રકારની બાંધણી છે.

આજે તો હવે આ પ્રકારના ઘૂમટોનો વપરાશ આખી દુનિયામાં ફેલાઇ ગયો છે. આપણે ત્યાં પણ કૅલિકો મિલના પ્રદર્શનમાં અને ઈ. ૧૯૬૨માં સર્કેરામાના પ્રદર્શનમાં થએલો હમણાં જાપાનના પાટનગર તોકિયોમાં ૭૦,૦૦૦ પ્રેક્ષકો બેસાડી શકાય એવા જંગી કદમાં એનો ઉપયોગ થયો હતો. ઉત્તર ધ્રુવ-વિસ્તારનાં બધાં જ રડાર-મથકો પર પણ આ જીઓડેસિક ડોમ જ લગાડવામાં આવ્યા છે. એના સર્જક ખુદ ફુલર પણ જીઓડેસિક ઘરમાં જ રહે છે! ૫૦૦૦થી યે ઓછા ડૉલરમાં એમણે ઘરનો એ ઘૂમટ તૈયાર કરાવ્યો હતો.

પણ આ તો એમની એક શોધ થઈ. ભૌગોલિક નકશાના આલેખનની પણ એમણે એક નવી જ પદ્ધતિ શોધી છે. 'ડાયમેક્સન ઍર ઓશન મૅપ' નામથી એ ઓળખાય છે: નકશા-આલેખન માટે પ્રચલિત બીજી પદ્ધતિઓમાં નકશાની કેટલીક લાક્ષણિક વિકૃતિઓ અનિવાર્ય બની રહે છે તે એમની આ પદ્ધતિમાં નથી આવતી. નકનાનવીસીનાં છેલ્લાં બસો વર્ષમાં આવી ક્રાંતિકારી શોધ આ પહેલી જ છે ને એ ક્ષેત્રમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં તેઓ પહેલા જ પેટન્ટ મેળવનાર છે!


પોતાની આ પદ્ધતિને 'પૂર્વ કે પશ્ચિમ દિશાની સ્પષ્ટ સૂચના વિનાની' રચના તરીકે ઓળખાવતાં તેઓ કહે છે કે આવતી કાલના ઉડ્ડયન-યુગના નકશા માટે એ આદર્શ રીત છે. ઉત્તર અમેરિકામાંથી, આટલાંટિક કે પૅસિફિક મહાસાગરને પાર કર્યા વિના, ઉત્તર ધ્રુવ પરથી ઊડીને દુનિયાની લગભગ ૯૦ ટકા વસતિ સુધી પહોંચી શકાય છે એમ આ રીતના નકશા જોતાં તદ્દન સ્પષ્ટ થઈ શકે છે.

વળી (૧) થોડી જ પળોમાં ગમે ત્યાં ઊભો કરી શકાય એવો મોટરગાડી જેવો બીબાઢાળ બાથરૂમ, અને (૨) કદાચ પ્રથમ તદ્દન સ્ટ્રીમલાઈન્ડ કહી શકાય એવી ત્રણ પૈડાંની મોટરગાડી પણ એમણે શોધી છે. ઉપરાંત બતકોની ઊડવાની રીત પરથી શરીરને હવામાં ધકેલી શકે એવા પ્રકારનો કોઇક પોશાક શોધીને માણસ પણ ઊડી શકે એવી માન્યતાને આધારે હાલ તેઓ સંશોધનો કરી રહ્યા છે.



વ્યવસાયે તેઓ અમેરિકાના કાર્બોન્ડેલ સાઉથ ઇલિનૉઈ યુનિવર્સિટીમાં સંશોધક-પ્રોફેસર છે. વર્ષમાં બેએક માસ તેઓ ત્યાં ગાળે છે ને બાકીનો વખત નવીનવી યોજનાઓ, રચનાઓ, વ્યાખ્યાનો કે દુનિયાના દેશોના પ્રવાસમાં ગાળે છે. હમણાં જ તેઓ ભારત આવી ગયા ત્યારે 'સારાભાઇ કેમિકલ્સે' એમના 'જીઓડેસિક ડોમ'નું ભારતમાં ઉત્પાદન કરવાના એમની સાથે કરાર કર્યા છે.





ઉપર મથાળે: પોતાના અભિનવ નકશા સાથે બકમિનસ્ટર ફુલર. અનેક ત્રિકોણાકારોને જોડીને બનાવવામાં આવેલો 'જીઓડેસિક ડોમ' અને એ જ સિદ્ધાંતને આધારે બનાવેલા ફુલરના ઘરનો એક ભાગ.

કંકાવટી

રાજકુમારી અમૃત કૌર

પાર્લમેન્ટનાં કેન્દ્રનાં માજી આરોગ્યપ્રધાન રાજકુમારી અમૃતકૌરનું આ માસની છઠ્ઠી તારીખે અવસાન થયું. ૭૫ વર્ષની એમની



વય દરમિયાન છેવટ સુધી કાર્યરત રહેવા જેટલાં તેઓ તંદુરસ્ત હતાં.

કપૂરથલાના ભૂતપૂર્વ શાસક કુળમાં એમનો જન્મ ઈ.૧૮૮૯માં લખનૌ મુકામે થએલો. મોટાભાગનું શિક્ષણ લંડનમાં મેળવી ભારત આવીને તેઓ સ્ત્રીવિષયક કાર્યોમાં લાગી જઈ થોડા જ સમયમાં ઑલ ઇંડિયા વીમેન્સ કૉન્ફરન્સનાં એક અગ્રગણ્ય કાર્યકર બની રહ્યાં હતાં. જલંધર મ્યુનિસિપાલિટીના સભ્ય તરીકે ચૂંટાઇ આવી એમણે રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. એમની એ વખતની સામાજિક કામગીરીથી પ્રભાવિત થઇ સરકારે સેન્ટ્રલ ઍડવાઈઝરી બોર્ડ ઑાવ ઍજ્યુકેશનમાં એમની નિમણૂક કરેલી. હિંદી રેડ ક્રોસ સોસાએટી, હિંદ કષ્ટ નિવારણ સંઘ અને સેંટ જ્હૉન ઍમ્બ્યુલન્સ એસોસીએશનનાં અધ્યક્ષ બનવા ઉપરાંત દિલ્હીના મેયરપદે પણ તેઓ આવી ગયાં હતાં. ગાંધીજીના વિચારોનો રંગ લાગ્યા પછી એમણે હરિજનો માટેનું કાર્ય ઉપાડેલું ને ગાંધીજીના મંત્રી તરીકે ૧૬ વર્ષ સેવા આપેલી.

જીવન પ્રત્યેનું એમનું દષ્ટિબિંદુ વિશાળ હતું. રમતગમતમાં પણ તેઓ ચપળ હોઈ ટેનીસ સરસ રમી શકતાં. ખ્રિસ્તી હોવા છતાં એમની ઇચ્છાનુસાર નિગમબોધ પર એમના દેહને અગ્નિદાહ આપવામાં આવ્યો.

રેશમી કપડાં ધોતી વખતે

ખાસ ધ્યાન રાખજો. જરા સરખી બેદરકારી પણ કપડાને નુકસાન પહોંચાડે છે.

રેશમી કપડાં ધોવા માટેનો સાબુ ઓછા સોડાવાળો જોઇએ. બ્લીચિંગ પાઉડર કે ભઠ્ઠીનો ઉપયોગ તો કરવો જ નહિ. પાણી પણ હૂંફાળું જ રાખવું – બને તો ઠંડું જ; કારણ કે બહુ ગરમ પાણીથી રંગ ઝાંખો પડી જાય છે અને રેશમના મુલાયમ તાંતણાને નુકસાન પહોંચે છે. વસ્ત્ર બહુ મેલું હોય તો તો ઠંડા પાણીમાં પલાળી રાખવું. રેશમી વસ્ત્રને ધોકાવશો તો નહિ જ; એને બહુ ચોળશો પણ નહિ. બે હાથેથી ધીરેધીરે નિચોવીને મેલ કાઢી નાખજો. નિચોવતી વખતે હાથ કપડાના ઉપરના ભાગથી નીચેના ભાગ તરફ જવા જોઇએ. પછી પાંચ શેરેક ઠંડા પાણીમાં નવટાંક સરકો મેળવીને કપડાં એમાં બોળી તરત કાઢી લેજો. આથી ચમક એવી ને એવી રહેશે.

રેશમી વસ્ત્રો છાયામાં જ સૂકવજો. તડકામાં સૂકવવાથી રંગ ઊડી જશે. સફેદ રેશમી કપડાને અરીઠાથી ધોશો નહિ અને તડકામાં સૂકવશો નહિ. એનાથી સફેદ વસ્ત્ર પીળું પડી જવાનો સંભવ છે. જો કપડાનો રંગ ઊતરવાનો ડર હોય તો હૂંફાળા પાણીમાં બે ચમચી મીઠું નાખીને કપડાને તેમાં ઝબોળી રાખવાથી રંગ ઓછો ઊતરશે. ધોતાં પહેલાં પાણીમાં ગ્લીસરીન નાખવાથી કપડું ચડી નહિ જાય કે કડક પણ નહિ થાય. ઈસ્ત્રી કરતી વખતે આછા રંગના રેશમી કપડાને ચત્તી બાજુથી અને ઘેરા રંગના રેશમી કપડાને ઊંધી બાજુથી ઈસ્ત્રી કરવી. ઇસ્ત્રી ખૂબ ગરમ ન થવા દેવી.

સ્ત્રી

સ્ત્રી સિવાય કોઈ માણસ રહી શકતો નથી, રહી શક્યો નથી. જન્મથી મરણ સુધી પુરુષ સ્ત્રી વચ્ચે વસેલો છે; પછી તે માતા રૂપે, બહેન રૂપે, પુત્રી રૂપે કે પત્ની રૂપે હો. કદાચ તે પરણ્યો નહિ હોય તોપણ તેને બેન ઉપર (કવિ વર્ડ્ઝવર્થ માફક) અથવા દાસી ઉપર (હર્બર્ટ સ્પેન્સર માફક) અથવા પુત્રી ઉપર (જવાહરલાલ માફક) આધાર રાખવો જ પડશે. સ્ત્રીની સાથે જેનો સંપર્ક કોઈ પણ રૂપમાં નહિ હોય તેવા ભાગ્યે જ હશે.

ઑસ્કર વાઇલ્ડે કહ્યું છે કે Man cannot live with a woman, nor can he live without her. બ્રહ્માએ સ્ત્રી ઘડીને જ્યારથી પુરુષને સોંપી છે ત્યારથી પુરુષ સ્ત્રી સિવાય રહી શક્યો જ નથી. એક વાત છે: બ્રહ્માએ સ્ત્રી ઘડી પુરુષને સોંપી. થોડો વખત સાથે રહ્યા પછી પુરુષે બ્રહ્મા પાસે આવી સ્ત્રીને પાછી લેવા પ્રાર્થના કરી. બ્રહ્માએ સ્ત્રીને પોતા પાસે રાખી. થોડો વખત પછી પુરુષ સ્ત્રીને પાછો લેવા આવ્યો અને બ્રહ્માએ સ્ત્રી પોતાને સોંપવા વિનંતી કરી. બ્રહ્માએ સ્ત્રી સોંપી. થોડો વખત રહ્યા પછી પાછો પુરુષ તેનાથી કંટાળ્યો અને પાછો બ્રહ્માને સોંપવા ગયો. આમ ચારપાંચ વખત ચાલ્યું. છેવટે બ્રહ્માએ સખત અવાજે પુરુષને સંભળાવી દીધું: 'સ્ત્રી ગમે તેવી હશે તોપણ તારે તેની સાથે રહેવું જ પડશે. બોલ એ શરત કબૂલ છે?' કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે પુરુષે એ શરત સ્વીકારી છે.

સ્ત્રી ઘડતાં પહેલાં બ્રહ્માએ ફૂલોનું સૌન્દર્ય, પક્ષીઓનું સંગીત, મેઘધનુષના રંગો, પવનની મૃદુ લહરીઓ, સુખદ સ્પર્શ, ઊર્મિઓનું હાસ્ય, ઘેટાની નમ્રતા, શિયાળની લુચ્ચાઈ, મેઘોની મંદર ગતિ, માવડાની ચંચળતા–આ બધાં લઇને પછી સ્ત્રીને ઘડી છે એમ એક લેખક કહે છે. આવી સ્ત્રી પુરુષનો જોતજોતામાં કબજો લઇ લે છે.

ઉત્ક્રાન્તિની વાત કરીએ. પુરુષોના હાથમાં બળ હતું, સ્ત્રીમાં રૂપ. સ્ત્રીએ જોયું કે પુરુષ સાથે બળમાં પહોંચાય એમ નથી, એટલે તેણે ઝગડવાનું છોડી દીધું; attack કરવા કરતાં attract કરતાં શીખી. બળનું શરણુ લેવા કરતાં મૃદુ ઉપચારો શોધ્યા. સ્ત્રીએ પુરુષને ખુશ કર્યો, તેની સેવા શુશ્રૂષા કરીને તેને પોતાનો બનાવ્યો. આમાં સ્ત્રીનો વિજય થયો. 'Softness is Civilization' અને માનવ 'સંસ્કૃતિની શરૂઆત સ્ત્રીએ જ કરી છે' એ સૂત્રોમાં માનવું પડે છે. સંસ્કૃતિની શરૂઆત અને સંસ્કૃતિની સુરક્ષા સ્ત્રીઓએ જ કરી છે. (ભિષગ્ભારતી)

સકરટેટી

ગરમીના દિવસોમાં ગરમ પ્રદેશમાં યે ઠંડક આપનારાં સારાં ફળ થાય છે. એવાં ફળોમાં ખડબૂચું, તડબૂચ, ફાલસા વગેરે નોંધપાત્ર છે. ખડબૂચું અથવા સકરટેટી ગુજરાતમાં ખેડા ને અમદાવાદ જિલ્લામાં વધુ થાય છે.

વાત્રકકાંઠાની, પ્રાંતીજની ને અમદાવાદની સકરટેટી વખણાય છે. સકરટેટી મૂત્રલ, બળ આપનારી અને કોઠો સાફ કરનારી છે. એ અત્યંત સ્વાદિષ્ટ અને ઠંડી છે. ખરજવા જેવા રોગમાં એ ઘણી ઉપયોગી છે. એક તબીબનો મત એવો છે કે ખરજવાના દરદીએ રોજ એકેક સકરટેટી ખાવી. એમાં સાકરનું પ્રમાણ સારું છે. મીઠી સકરટેટી ખાંડ વગર ખાવામાં આવે તો જ તેની કુદરતી મીઠાશ માણી શકાય.

પત્ની પાસેથી પતિને મમતા આદર, પ્રોત્સાહન, અને જે કૈં આવક હોય એમાંથી સુંદર રીતે જીવવાની આવડત — આટલું મળે તો એ વધુ નથી માગતો.

બોરસલી એ આપણું જાણીતું સુંદર વૃક્ષ છે. સંસ્કૃતમાં એને બકુલ કહે છે. એનાં નાનકડાં ફૂલોની અનન્ય સુગંધને કારણે એનું એક બીજું સંસ્કૃત નામ છે 'મધુગંધ'.

બોરસલી તૂરી છે, ગરમ નથી (અનુષ્ણ), પાકમાં તીખા રસવાળી છે, ભારે છે. કફ, પિત્ત, ઝેર, શ્વિત્ર નામનો કોઢ, કૃમિ તથા દાંતના રોગને મટાડે છે. (ભાવપ્રકાશ)

સુશ્રુતે બકુલફૂલને સુગંધી, વિશદ તથા હૃદયને માટે હિતકારી કહ્યું છે. વિશદ એટલે સ્વચ્છ. બકુલમાં તુરાશ હોઈ શરીરમાં ગયા પછી સ્રોતોમાં એ સ્વચ્છતા ઉત્પન્ન કરે છે. અર્થાત્ કફની ચિકાશને દૂર કરે છે. બકુલની છાલમાં પણ ગુણ છે. બકુલનું દાતણ કરવાથી દાંત, પેઢાં અને જીભ પર ચોંટેલી કફની ચિકાશ ઝડપથી નષ્ટ થાય છે.

દાંત માટે

બકુલના દંત્ય ગુણની તો એકથી વધુ ગ્રંથકારોએ પ્રશંસા કરી છે. ચક્રદત્ત નામના ચરકના મોટા ટીકાકાર (અર્થવિવરણ કરનાર) થઈ ગયો, એણે પણ ચિકિત્સાનો એક ગ્રંથ લખ્યો છે ને તેના પ્રયોગોની ઉત્તમ વૈદ્યોમાં વિશેષ પ્રતિષ્ઠા છે. એ ચક્રદત્તે દાંત હલતા હોય એને માટે બોરસલીની છાલનો ક્વાથ કરી એનો કોગળો (ગણ્ડૂષ) મોંમાં ધારણ કરવાનું જણાવ્યું છે. સવારે દાંત સાફ કર્યા પછી ઠંડા પાડેલા ક્વાથના કોગળો ૫ થી ૧૫ મિનિટ સુધી રાખવો જેટલો વધારે વખત રખાશે એટલો વધારે લાભ થશે. આ ક્વાથ પોતાની તુરાશથી પેઢાંને સંકુચિત કરી દાંતનાં મૂળને મજબૂત કરે છે.

જેમને દાંતમાં શૂળ જેવો દુખાવો થતો હોય એમને માટે પણ ચક્રદત્તે આ ક્વાથમાં પીપરનું ચૂર્ણ, ઘી અને મધ નાખીને કોગળો ધારણ કરવાની સૂચના આપી છે.

ગુજરાતમાં શોઢલ નામના વૈદ્ય થઈ ગયા. એમણે પણ બે પ્રયોગો આપ્યા છે : ૧) બોરસલીનાં બીજનું ચૂર્ણ દાંતે ઘસવાથી સ્થાનચ્યુત થએલા દાંત અચલ બને છે. ૨) બોરસલીનાં મૂળની છાલને ચાવવાથી ચલિત દાંત સ્થિર બને છે. કેરળના વૈદ્યવર કાલિદાસે રચેલા 'વૈદ્યમનોરમા' નામે ગ્રંથમાં તો બોરસલીનાં મૂળની છાલ દૂધ સાથે ફક્ત ત્રણ દિવસ પીવાથી વૃદ્ધના દાંત પણ દૃઢમૂળવાળા થાય છે એમ આત્યંતિક પ્રશંસા કરી છે. વજ્રતુલ્ય દાંત કરવા માટે એમણે બોરસલીની છાલનું નિત્ય ચર્વણ (દાતણરૂપે) સૂચવ્યું છે. વિસ્તારભયે અન્ય ઉલ્લેખો રજૂ કરતો નથી.

જૂનો મરડો

મરડો લાંબા સમયથી ચાલતો હોય અને લોહી પડતું હોય તો બોરસલીનાં પાકાં ફળ ખાવા આપવાં. એનાં પાકાં ફળ રમ્ય, સુસ્વાદુ અને વિશિષ્ટ ફોરમથી યુક્ત હોય છે.


મૂત્રદાહ

પેશાબ કરતી વખતે બળતરા થતી હોય એમણે બકુલનાં પાકાં ફળ રોજ સવારે ૧૦ થી ૧૨ નંગ ખાવાં. અથવા ૨૫ જેટલાં પાકાં ફળોને ઠળિયા કાઢી કચરી, નાખી લગભગ એક રતલ ઊકળતા પાણીમાં નાખીને તરત જ પાણીનું વાસણ ચૂલા પરથી ઉતારી લેવું. આને ફાંટ કહે છે. આ ફાંટમાં ત્રણ-ચાર તોલા સાકરનો ભૂકો નાખવો. ઠંડું થયા પછી ગાળી લેવું. આ શરબત પીવા આપવાથી ઝડપી લાભ થાય.

બાળકોની ખાંસી

એક તોલો પાણીમાં બકુલનાં ત્રણ-ચાર ફૂલોને જરા કચરીને પલાળી રાખવાં. સવારે વસ્ત્રથી પાણી ગાળી લેવું અને બાળકને પીવડાવવું. સૂકી ખાંસીમાં આ પ્રયોગ લાભદાયી નીવડે છે.

લાભશંકર ઠાકર



એકધારી ભાત અને ગણતરીપૂર્વક કામ કરવાનું હોઈ કૅનવાસના ભરતકામમાં કેટલીક વાર કંટાળો પણ ઊપજે છે, પરંતુ જ્યારે એ પૂરું થાય ત્યારે એ બધી મહેનત ઊગી નીકળતી લાગે છે. એકસરખી ચોક્કસ ભાતથી આંખને જકડી રાખે એવું એનું આકર્ષણ હોય છે. અહીં કૅનવાસ-ભરતમાં કામ લાગે એવી કિનારીની ત્રણ ભાત આપી છે. છૂટા બુટ્ટાઓ તરીકે કે આખા ચાકળામાં પણ એ ભરી શકાય. વચ્ચે વચ્ચે આભલાં કે મોતી ટાંક્યાં હોય તો વળી એ ઓર દીપે.

રંગીલી રંગભૂમિ

ચંદ્રવદન મહેતા

આ બધાંમાં સૌથી અગત્યની વસ્તુ તે સમયનું બંધન. કિસ્સો, ટુચકો, ટૅબ્લો કે નાચ ગણતરીબંધ મિનિટમાં નહિ, મિનિટ સાથે સેકન્ડમાં પૂરો ન થાય તો થીએટરના બાર વાગી જાય! લાઈટબોર્ડ ઉપર બેતેર સ્વિચો ઉઘાડ-બંધ કરવાની; એમાંથી અમાસની કાળી રાતે બપોરના સૂરજનું યા નીલરંગી દરિયા ઉપર રતૂમડા સૂરજનું અજવાળું પાથરવાનું હોય તો ઘડીના છઠ્ઠા ભાગમાં નહિ મિનિટના સાઠમા ભાગમાં રોશનીની પલટફેર થઈ જાય. તેની સાથે પરદા અને સેટ ફેરવનારા સાથીદારે ચાર ટુકડા ઊંચકી સાઈડ્સ બીજા, ચાલુ ખેલે જ ફેરબદલ કરવાના હોય. એમાં નાચનારા જો અરધો ઈંચ આગળ કે પાછળ ગયા તો માથા ઉપર લાકડાનું બીમ ઈન્દ્રના વજ્રની જેમ પડવાનું જ, નિઃસંશય! એવી પળ-પલકારાની ગતિએ ચાલતા શોમાં ક્ષણ બે ક્ષણની ક્યાંક ભૂલચૂક, તો, કોઈને વાગી એ તો ચોક્કસ જ; અને વળી તરત ક્યાંક ખૂણામાંથી આગ પણ ભભૂકી નીકળે, એ પણ ચોક્કસ! એટલે તો દર સાંજે, દર શોમાં, શહેરની મ્યુનિસિપાલિટી પાસેથી ચાર છ આગ બુઝાવનારા બંબાવાળાઓને હાથમાં પાણીની પાઈપ ઝાલાવી તૈયાર ઊભા રાખવા પડે છે!

આપણે શો જોવા જઈએ તે પહેલાં તો ત્યાં કામ કરનારાઓ બે કલાક પહેલાંથી, કોઈ સાઈકલ પર તો કોઈ ભૂગર્ભની રેલ રસ્તે આવવા માંડે છે. ત્યાં જ એક નાના ઓરડામાં એક કૂકર રહે. એને બરાબર બા કલાક પહેલાં કૉલબૉય બૂમ પાડે 'બિઝોને!' કે તરત ત્રણ સેકન્ડમાં ચાર નાના પગ વડે ટપકટપક દાદરા ઊતરતો બિઝોને આવે. પારી(સ)-માં રહેલાં એક વરવહુ શહેરમાં બહાર કોઈ એક ખેડૂતના ખેતરમાં મજા કરવા રાત ગાળવા જાય છે, ત્યાં એમના ખાટલા નીચે બરાબર અવસર ઉપર વારંવાર એણે ગાંગર્યા કરવાનું હોય છે અને પેલાં ગાભરુદાસોને વધારે ગભરાવ્યા કરવાનાં હોય છે, એવું એક દશ્ય આવે છે. એમાં એટલું જ એનું કામ. પણ રોજ તૈયાર થઈને એ નિયમિત સમયે એ કર્યા જ કરે. વીસ 'ઇલેક્ટરી' વાળા, સિનેર પરદા ફેરવવા વાળા, એટલા જ બૅક સ્ટેઈજ પર સરસરંજામ લાવલઈજા કરવાવાળા, ઉપરાંત સાફસૂફી કરનારા, એ બધા જ પોતપોતાના કામમાં તત્પર; શરૂઆતની બધી ગોઠવણ કરીને તૈયાર: બહાર જોવા આવનારા પ્રેક્ષકોને બેસાડનારીઓ યુનિફૉર્મ પહેરી હાજર. ઑર્કેસ્ટ્રામાં વાજિંત્રો વગાડનારા પોતપોતાની બેઠકે ગોઠવાએલા, અને ઘડિયાળના કાંટા તરફ યા પોતાના કંડક્ટર—સંગીત સંચાલક તરફ ધ્યાન રાખી શો ઉઘાડવાની ઇંતેજારીમાં તૈયાર જ હોય.

ચાલો ત્યારે ૩૨, રુ રીશરમાં આવેલા 'ફ્રાંસી બેર્જેર'ના થીએટરમાં વખતસર પહોંચી જઈએ. હા, મૉરિસે ટિકિટની ગોઠવણ કરી છે; નહિ તો આટલી મોંઘીદાટ ટિકિટ આમ સહેલાઈથી મળે ખરી? દર? ત્રણેક પાઉન્ડ તો ખરા જ. બાકી સંગાથમાં આન્ડ્રેમી અને એસ્ટેલા બંને છે. માર્સિલો પોતાનો ખેલ બીજી નાટકશાળામાં ભજવે છે.

નાંદી, ઝમક અને ઝણઝણાટી સાથે પૂરી થઈ. પ્રેક્ષકોના લોહીને એની સુરાવલીએ જોરમાં ફરતું કરી દીધું. હવે કોઈ મોડું આવી શકે નહિ. પરદો ઊપડતાં જ રંગની ભભક છાઈ રહી: એને આપણે જાંબલી કહીશું, કે ભૂરો કહીશું કે નીલો કહીશું, કે રતૂમડો કહીશું? — કારણ, આપણે વિચાર કરીએ તે પહેલાં તો એક રંગની સુરખીમાં નવી ઝાંટ પ્રસરવા માંડે, અને રંગફલક બદલાઈ જાય. પણ અહીં વળી વિચાર કરવા કોણ આવ્યું છે? આપણે તો જોવા આવ્યા છીએ, જોયા કરીએ.

એમાં ઓળા તરવરતા દેખાવા માંડે, ભભકદાર પોશાકમાં સજ્જ વ્યક્તિઓ નજરે પડવા માંડે, અને મીઠો હલકભર્યો એક સમૂહનાચ તખતાને સજીવન કરી નાખે. પાછળ પારી(સ)ના એકાદ મહોલ્લાનો કાંકે સાંજના આબાદ ચિતાર ખડો કરવામાં આવ્યો છે. પછી એક બાઈ અને એક ભાઈ સંવાદ કરે છે. ભાષા? અંગ્રેજી, અસ્પાનિયા ફ્રિયાંસિયા; ત્રણ ભાષામાં. એમાં તેઓ આજના રંગુના મર્મ સમજાવી બંને સાથે પારી(સ) શહેર જોવા ઊપડી જાય છે.

ત્યાં તો રોશની બદલાઈ, સોનેરી બ્રાઝમા પથરાઈ, અને બે બાદશાહો, એક ફ્રાંસના પહેલા અને બીજા કોઈ આડમા, અગાઉ જેમ મળ્યાં હશે એ ઢબે, એ જ ચીતરેલી હકીકતે મળે છે. ત્યાં રાણી અને ખાનદાન રાજરાણીના દબદબાથી હાજર થાય છે, અને એનો રસાલો — જાણે લાખલાખ હીરે મઢેલી રમણીઓ;—બંને બાદશાહોના મિલનના આનંદમાં ધીમી ગતિનો; મંદ સંગીતનો; પણ અડગ અદાકારીનો, લાલિત્યથી ભરપૂર, સંઘનાચ કરી જાય છે!

વચ્ચે એક નાનો ટુચકો હસવાનાં મોજાં પ્રસારી ગયા બાદ અને એકબે ટૅબ્લો રજૂ થઈ ગયા પછી પારી(સ)ના એક સ્ટેશનનો ચિતાર પરદા ઉપર આવે છે, અને એની પાછળ ઝગમગ કરતી અસંખ્ય લાઈટો તથા આવનજાવન કરતી ટ્રેનો જણાય છે. ત્યાં 'પારી(સ) તને રામરામ'; 'પારી, તને સલામ'નું અતિલોકપ્રિય ગીત લલકારાય છે. એનો અવાજ જ એટલો મીઠો અને સુરીલો છે કે શબ્દો ન સમજાય તો યે ભાવ બરાબર હૃદયમાં સોંસરા ઊતરે.

આપણે એને સાંભળતા રહ્યા. એટલામાં તો પરદો ફરી ગયો, અને ત્યાં ટાર્ઝન અને એડોનિસ બે પુરુષો—એક વિકરાળ સશક્ત, મલમસ્ત, ને બીજો નાજુક, મુલાયમ, ફૂટડો; એવી બે વ્યક્તિ બેઠી છે. એમની આસપાસ સુંદરીઓ ટોળે મળી છે. સવાલ એ છે કે સ્ત્રીઓ આ બેમાંથી કોને પસંદ કરશે? છેવટની ઘડી સુધી આપણને એમ જ લાગે કે એડોનિસના ગળામાં વરમાળ પડશે; પણ પરિણામ બીજું જ આવે છે!

હવે આવ્યા રૂપાળા અને બનબનતા બે ઘોડા, ને એની એટલી જ રૂપાળી ને મનગમતી બે અશ્વપાલિકાઓ. એક ઘોડો છે શ્વેત દૂધિયા રંગનો; બીજો છે શ્યામ, કાળો કાજળ જેવો; અને એ ઉપર સવારી કરનારીઓ જાતજાતના પોતાના અંગવળાંક સાથે ઘોડાને પણ અંગની ત્રિભંગીઓ કરાવે છે. એક દેખાવમાં તો એ ઘોડા ઉપર અદાથી આડી પડી છે, અને ઘોડો લાલિત્યથી બે પગ ઉપર ખડો ઊભો છે. આપણને થાય કે હમણાં અશ્વસુન્દરી ભોંય ભેગી થશે; પણ એમ નથી બનતું.

પછી એકાદ બે ટુચકાની કડી-સાંકળ બાદ એકાદી ચિમ કે ચૅન્ટ-સૅનની પરીકથા સજીવન થાય છે. સફેદ રંગમાંથી જરામાં રંગપલટ અને પછી લોહિયાળ લાલ રંગમાં રાજસભા: મખમલના તો પહેરવેશ છે, હીરામોતીનાં તો ઘરેણાં છે, પરીઓમાં સરઘસ છે. એમાં રાજકુમારી અને રાજકુમાર સફેદ સુંવાળી કેશવાળીવાળા ઘોડા ઉપર પધારે છે અને બંને જાણ્યાં ગેલગમ્મત કરે છે. એટલામાં અંધારું થઈ જતાં

રાજકુમારી દૂધાળી માછલીમાં પરિવર્તન પામતાં, રાજકુમારના હૃદયમાં પારાવાર ગ્લાનિ છવાઈ જાય છે. સૌન્દર્યના પ્રદર્શનમાંથી ચૂંટી ચૂંટીને આણેલા નંગ જેવી, રમ્ય લાવણ્યથી નીતરતી, લાલિત્યથી ભરપૂર એવી રૂપસુંદરીઓ, અવનવીન વસ્ત્ર પરિધાન કરી રાજકુમારનું દિલ બહેલાવવા આવે છે. કોઈક પ્રગલ્ભા તો વળી એનું દિલ જીતવા સર્વ પ્રકારની કામકળા અજમાવે છે. પણ રાજકુમારનો જીવડો ન માન્યો તે ન જ માન્યો. આવે ટાણે દયા કોણ કરે? એક જ, ફક્ત નિશાદેવી એ કુમારને પોતાની ગોદમાં નિંદરાવી દે છે, આછું મધુરું સંગીત વાગતું રહે છે, અને અરુણે 'સોનાની કૂંચી વડે પૂર્વના દરવાજો ઉઘાડતાં' સાતે રૂપાળા અશ્વોથી સુસજ્જ એના એવા રથમાં સૂર્યદેવતાનો ઝબકાર થાય છે. ત્યાં તો મત્સ્યગન્ધાનું રૂપપરિવર્તન થતાં એનાં સખીજનો ફરી વાર એને અવનવા પોશાકે સજાવે છે, અને એનો સ્પર્શ થતાં રાજકુમાર જાગ્રત થતાં એક નવા જ પ્રકારનો નૃત્યરાસ નાચી આનંદને હીંચોળે હીંચે છે.

પણ આ તો હતી સ્વપ્નસૃષ્ટિ. જીવનની આસપાસ જે વીંટળાએલી પથરાએલી છે, એ તો જીવલેણ વિઘાતક વિધ્વંસક વિનાશક બૉંબમારાની વિષજાળ. રોશની બદલાઈ. ના, પેલી રાજકુમારીના સ્વપ્નામાં હવે વિહરો નહિ. આ તો જુઓ, જે થવા માંડયા છે વીજળીના કડાકા-ધડાકા, કાળા કેરની આગાહી! સંગીતનાં વાજિંત્રોમાંથી બ્યૂગલો વધારે જોરથી ફૂંકાયાં, પડઘમો ધમધમી ઊઠયાં, ચીસત્રાસની કારુણિકા રુંભળાવતી ઝાંઝયેલોની સિત્કારી પ્રગટી નીકળી, અને દૂર દેખાતા નાનકડા ગામ ઉપર બૉંબવર્ષા ત્રાટકી રહી. આગ ભભૂકી ઊઠી. શો ધુમાડાને ધગધગતા લાલ રંગમાં સર્પફણા જેવો વ્યોમ વીંટળતો બતાવાયો છે! કયાં પેલી સ્વપ્નસૃષ્ટિ અને કયાં આ તાદૃશ જીવનનું દૃશ્ય. લગાતાર રગરગતા નિરાધાર નિરાશ્રિતો આ અંધારામાં પ્રેમલ જ્યોતિ એમને કોણ બતાવે એવી આશા-નિરાશામાં અટવાતા પંથ કાપવા લાગ્યા. દુશ્મનના સૈનિકો નાસતી અબળાઓને પકડી હેરાન કરવા લાગ્યા. એક અંધ વૃદ્ધા–એને એક ભાગતી વેશ્યા સહારો આપે છે. બંને દુશ્મનની ગોળીથી વીંધાઈ ઘાયલ થઇ પડે છે. અંધારા ખૂણામાં કયાંક કિરણ; એકાદ બે સ્વયંસેવિકાનું પ્રવેશવું; ઘાયલોની શુશ્રૂષા કરતી નર્સો; અજવાળું; લામાર્સેલની સુરાવલીના વાગવા સાથે ફરી નવી તાજગી; નવી જિંદગી; નવેસરથી માનવજીવનની ઘટમાળ. આગલા પ્રવેશો સાથે સરખાવતાં આ દૃશ્ય કકળાટિયું, દુ:ખદ, ઘેરું, કરુણ — વધારે પડતું કરુણ, મેલોડ્રામૅટિક પણ લાગે. પણ આજનો જમાનો યે કૈં ઓછો મેલોડ્રામૅટિક નથી તો! બધે જ વખતે કૈં ઝાકમઝોળ રોશની ઓછી જ પ્રગટે છે? અને વળી આ પ્રકારનાં દૃશ્યો રજૂ કરવાં એ પણ તખ્તાની કલા તો છે જ.

આવાંઆવાં વીસપચ્ચીસ દૃશ્યો બાદ દુનિયાની ફેરફુદરડી ફરવાનો કાર્યક્રમ આવ્યો. મખમલની કાળી કાંચળીઓમાં અને સફેદ ઘાઘરામાં ઘૂમતું ગોરીવૃન્દ; વચ્ચે એમની નાયિકા–ગૌરી ઘૂમરાતું નૃત્ય કરતાં આવ્યાં; ત્યારે લાગ્યું કે આર્જેન્ટિનાની કોઈ જૂની લોકકથા સજીવન થઈ રહી છે. ગૌરીનો કિશોર વર એને પ્રેમના પાશે બાંધી ચાલ્યો ગયો છે; હવે ગૌરી એકલી ઝૂરે છે, આક્રંદ કરે છે, કકળે છે; મૃત્યુને નોતરતી અંતિમ નૃત્ય કરે છે. ત્યાં એ જ, એને પ્રેમપાશમાં ફસાવનાર અનાયાસ ખૂણામાં હસતો આવી ઊભો છે. પાછો એ એમ જ ચાલ્યો જવાનો છે,–એને છોડી, ના તરછોડી. તો યે ગૌરી એ બધી ચિંતા ટાલ્લે મૂકી એના વિસ્તરેલા હાથમાં, અને એની વિશાળ છાતી પર ઝૂકી પડે છે.

એ ટોળી વિદાય લઈ ગઇ, અને દસબાર સેકન્ડ નથી થઇ ત્યાં તો આર્જેન્ટિનાથી આપણે આર્કટિક પ્રદેશમાં પ્રવેશી ચૂક્યા. વિશાળ હિમાચ્છાદિત સફેદ પગથારો પડી છે, હિમકણિકાઓ વરસી રહી છે, બરફમાં ચાલે એવી લાકડગાડી ખેંચતી બરફ જેટલી જ ગોરી પ્રવેશે છે, અને સામેથી હિમપ્રદેશની સૌન્દર્યરાણી, ગોરીગોરી પણ કાળા જામામાં સજ્જ, એની આઠ સાહેલીઓ સાથે આનંદનું ગીત લલકારતી આગળ આવે છે: 'શિયાળો તે સૌને વ્હાલો, શિયાળા તું ભલે પધાર્યો.' આ નાનકડી લાકડાની સરકણી ઘોડીઓ લઈ બરફમાં નાચવાની કેવી મજા! અને હિમપગથારો નૃત્યાવલીમાં ખૂંદાવા લાગે છે. પેલી પહેલાં આવેલી ગોરી સૌપ્રથમ આ ગીત સાંભળી પ્રેમના અંકુર અનુભવે છે. હવે એને સાથીદાર જોઇએ છે. સૌન્દર્યરાણી એને વરદાન આપે છે. નવે રમણીઓ પોતાની રાણીને હોંશમાં ઊંચકી અનંતમાં સરકી જાય છે.

જરા ઠંડી વાઈ, નહિ? આ જુઓ મોટાં નગારાં અને ઢોલત્રાંસાંએ હવા બદલી નાખી; ગરમાવો આણી દીધો. પરદા ફેરવાયા; રંગ પલટાયા; એક નાની ઝૂંપડીમાંથી બ્રાઝિલમાં રહેતા રાતા ઇન્ડિયનો, એમના નહિ જેવા પીછાંના પોશાકમાં, રગેરગમાં જોમ અને મસ્તી ને મુખડે મુખડે ખુમારી દાખવતા ઊભા છે. એમાંથી આ તરવરાટથી નીતરતી એલીશિયા માર્કેવેઝ નીકળી. એનામાં જાણે માતા ભરાયાં હોય એટલું જોમીલું દંશીલું ઝેરીલું એ નૃત્ય. સંગીતના તાલ વધતા જાય છે અને એનું રૌદ્ર સ્વરૂપ વધારે પ્રચંડ રૂપને ધારતું જાય છે. પગઠેકાની રમઝટ એવી કે ભલભલાના શ્વાસ થંભી જાય. બાજુમાંની એસ્ટેલાએ કે આગ્નેમીએ—એમાંથી કોણે પહેલો મારો હાથ પકડયો, એની મને ખબર જ પડી નહિ,—મને હાથ હતા કે નહિ એની પણ મને જાણ રહી નહિ.

પણ એટલામાં તો બ્રાઝિલની આ બ્રહ્મચારિણીઓ માથે ટોપલીઓ લઈ દૂર દેખાતા જંગલમાં જતી રહે છે. અને ત્યાં? ત્યાંના એક ઝાડ ઉપરથી સડસડાટ અમળાટા ખાતો સર્પ ઊતરી આવે છે! તેલિયા રેશમી કપડામાં એનું બદન એવું ચુસ્ત પરોવાએલું છે કે આ સર્પસુંદરીના એકેએક સ્નાયુનો આમળાટ નાગિણીનો ભાસ કરાવે. પેલી ટોપલો લઇને જતી ટોળી ચીસાચીસ કરી મૂકે છે અને નાસભાગમાં પડે છે, ત્યાં બે ભડવીર શિકારીઓ આ સપેરાણીને પકડવા મથે છે. એનો ફૂંફાડો, એની માથાની ફણા, એના સાગોલિયા જેવા બે હાથની મરડમરોડ ભયંકર છે; છતાં બે વીરલાઓના પંજામાં એ પકડાઈ જાય છે; છતાં બંનેના શરીરના કોઇ પણ ભાગમાં દંશવા એ ફાંફાં મારે છે. પણ પેલા બે તો હોંશમાં હસતા એને પકડી લઈ ચાલતા થાય છે. પણ ઓ જા! હજી તો જંગલને છેડે ય પહોંચ્યા નથી ત્યાં તો નાગણ સકંજામાંથી વછૂટી વિફરી ફૂંફાડે બંનેને દૂર રાખી જંગલમાં અલોપ થઇ જાય છે અને આ બે ભડવીરો, એ આમ હાથથી ગઇ એનો શોક કરતા, કપાળે હાથ દઈ ચાલતી પકડે છે.

બેપાંચ મિનિટ કસરતબાજો કુશ્તીના દાવપેચ વડે દંગ કરી જાય છે, ત્યાં તો ફરી હવા બદલાઇ! આપણે ગ્રીસમાં જઇને બેઠા! અને ત્યાં, એક પછી એક પ્રેમી જવાનો પરણવા આવતાં, એમને પતંગિયાં પેઠે ચોળી-ચગદોળી, પોતાનો ઝભ્ભો વધુ ને વધુ લાલ કરનારી લુક્રેશિયા, પોતાના તૉરી સૌન્દર્યમાં ઝબકતી, રોનકદાર ગૅલેરીમાં ઊભી છે! નીચે નૃત્યોની લહરછોળો ઊછળે છે, જોબનવંતાઓ આરઝૂથી ભરપૂર આજીજીઓ કરે છે. એમાં એકનો સિતારો ચમકયો. લુક્રેશિયા બેત્રણ પગથિયાં ઊતરી, એકાએક થંભી ઊભી રહી. ઘડીભર ચારેકોર અંધારું છવાઈ ગયું,–અને પળવાર પછીના ઝબકારામાં તો બીજી જ લુક્રેશિયા! આ તે એક જ નારી વેશ પલટે છે, કે એક જ ઘાટની ત્રણ નાયિકા છે, એની સમજણ પડે ન પડે, ત્યાં તો પેલો નરવીર સડસડાટ પગથિયાં ચડી, એક માર્દવભર્યા લહેકે એને ઊંચકી ચાલ્યો જાય છે.

ના, આવાં વિવિધરંગી દૃશ્યોનાં બયાન શબ્દોથી તો શી રીતે થઇ શકે? મધરાત થઈ ગઇ છે, પણ પારી(સ) જાગ્રત છે. તો–આપણે અંદર જઈ એમાંનાં થોડાં કલાકારોને મળીશું? (ચાલુ)

ત્રિકમ બાપા

મુકુન્દરાય વિ. પારાશર્ય

શ્રી નાનાભાઈ—નૃસિંહપ્રસાદ (ઈ. ૧૮૮૨ થી ૧૯૬૨) કાલિદાસ ભટ્ટ ગુજરાતના 'ખરા કેળવણીકાર' તરીકે ઓળખાઈ ગયા. તેમના દાદા છોટા ભટ્ટે (ઈ. ૧૯૩૯ થી ૧૮૮૭) તથા છોટા ભટ્ટના મોટા ભાઈ કલ્યાણ ભટ્ટે સમર્થ વૈદ્ય અને કથાકાર તરીકે સારી નામના મેળવેલી. ભાવનગરમાં તેમનાં રહેઠાણ હજી યે 'કલ્યાણ ભટ્ટની ખડકી' તથા 'છોટા ભટ્ટની ખડકી'ના નામથી ઓળખાય છે.

શ્રી નાનાભાઈ ભટ્ટના પ્ર-પિતામહ નામે નાના ભટ્ટ ધર્મપરાયણ, અગ્નિહોત્રી ને નિરાગ્રહી હતા. ચાર ભાઇમાં એ સૌથી નાના. એ નાના ભટ્ટના સૌથી મોટાભાઈ, નામે ત્રિકમ જદુરામ ભટ્ટ, જીવનકાળમાં જ ત્રિકમ બાપા તરીકે ખ્યાતિ મેળવેલી. એ ત્રિકમ બાપાની આ વાત છે.

ત્રિકમ ભટ્ટના પૂર્વજોમાં એક પિતાને ચારપાંચ પુત્રો હોય છતાં તેમાંથી એકનો જ વંશ રહે, બીજા નાની વયમાં કે મોટા થઇને પણ અપુત્ર મરણ પામે, એમ થતું. આ વાતનું ત્રિકમ ભટ્ટને દુઃખ હતું, તેથી વંશની રક્ષા તથા વૃદ્ધિ માટે તે માતાજીના ઉપાસક બનેલા. ચાર ભાઇઓમાં ત્રિકમ ભટ્ટથી નાના દયારામને ચકુ ભટ્ટ તથા ગંગારામ, એમ બે પુત્રો હતા. પણ તે મોટા થઈ અપુત્ર ગુજરી ગયા. એથી નાના ગોવિંદરામ પણ અપુત્ર અવસાન પામ્યા. પણ નાના ભટ્ટને ત્રણ પુત્રો પૈકી કલ્યાણજી તથા છોટા ભટ્ટ, એમ બે પુત્રોનો વંશ વિસ્તાર પામ્યો. આજે એ કુળમાં આશરે પચીસત્રીસ ઘર છે. 'ત્રિકમ બાપાની માતાજીની ઉપાસનાનું આ ફળ છે' એમ એ કુટુંબના કોઈ કોઈ વૃદ્ધો આજે પણ કહે છે. અમુક કુટુંબોમાં હજી માતાજીની ઉપાસના અખંડ ચાલી આવે છે.

ત્રિકમ બાપા સમર્થ વૈદ્ય હતા, રાજવૈદ્ય પણ હતા. રાજ્યકુટુંબમાં ત્રિકમ બાપા એકમાત્ર વૈદ્ય હતા. સ્વભાવે તેજ અને નિયમોનું કડક પાલન કરાવનારા હતા. એ જમાનાના સામાન્ય બ્રાહ્મણ જેવો એમનો પહેરવેશ હતો. ટૂંકું ધોતિયું, માથે પાઘડી, ખભે ખેસ; પગમાં જોડા હોય, ન હોય. વળી તેમને નાનપણમાં શીતળા નીકળેલાં તેમાં એક આંખ ગુમાવેલી, ને મોં પર શીળીનાં પુષ્કળ ચાઠાં પડેલાં. ટૂંકમાં શારીરિક પ્રભાવ જરાકે ન હતો. છતાં સૌકોઈ ત્રિકમ બાપાને માનથી નમતાં, તેમની આમાન્યા પાળતાં. ભાવનગરના ઠાકોર પણ ત્રિકમ બાપાને જોઈ પોતાનો હોકો સંતાડતા ને માન આપતા, એવો તેમના જ્ઞાનનો, ચારિત્ર્યનો અને માયાળુપણાનો પ્રભાવ હતો.

પણ વૈદું તેમની આજીવિકાનું સાધન ન હતું. એ ધર્માર્થે વૈદું કરતા. ગરીબ, શ્રીમંત, ઊંચનીચ, સર્વને એ મફત દવા આપતા. દવાના પૈસા લેવા જોઇએ કે દવાના પૈસા દેવા જોઇએ એવી આજે વ્યવહારુ ગણાતી સ્પષ્ટ સમજણ એ સમયે ન હતી, પણ એવા વૈદ્યને અવસર પર એક યા બીજી રીતે બને તેટલી સહાય કરવાની સ્વભાવગત તત્પરતા હતી. ભાવનગરના પ્રખ્યાત દીવાન ગગા ઓઝા તેમની બાળવયે એક વાર સખત માંદા થઈ ગએલા ત્યારે ગગા ઓઝાના પિતા ઉદયશંકરની સ્થિતિ કંઈ સારી ન હતી. એ મંદવાડમાં ત્રિકમ બાપા એમને ત્યાં જઈ, જાતે ઓસડ વાટી ગગા ઓઝાને આત્મીયભાવે પાતા. એ જ ગગા ઓઝાએ ત્રિકમ બાપાના વંશવારસોનું હિત કરવા રાજ્યની સેવાના બદલામાં ગરાસ અપાવવા યત્ન કરેલા, અને ત્રિકમ બાપાના ભત્રીજા છોટા ભટ્ટ ઈ. સ. ૧૮૮૭માં અવસાન પામ્યા ત્યારે તેની પાછળ પોતા તરફથી જ્ઞાતિભોજન કરાવી બ્રાહ્મણ દીઠ એક એક રૂપિયો દક્ષિણા આપી હતી.

ત્રિકમ બાપા શ્રીમદ્ ભાગવત વાંચતા, એટલે લોકો તેમની પાસે શ્રીમદ્ ભાગવત સપ્તાહ વંચાવી પોતા તરફથી યથાશક્તિ ઉપસ્કર ભાગવત-પોથી પર ધરતા તેમાંથી એમનો જીવનનિર્વાહ થતો. પણ ત્રિકમ બાપા સંપત્તિથી દૂર રહેવા મથતા. ધનસંચય તો ઠીક, પણ ધનની અધિક આવકને પણ અબ્રાહ્મણ્યમ્-બ્રાહ્મણને માટે અયોગ્ય ગણતા.

ત્રિકમ બાપાની ખ્યાતિ વૈદ્ય તરીકે ઘણી સારી હતી. બહારગામ કોઈ જૈન મુનિ માંદા હતા તેથી ભાવનગરના અમુક શ્રાવકભાઈઓ ત્રિકમ બાપાને મુનિની દવા કરવા લઈ ગએલા. ત્રિકમ બાપાની દવાથી મુનિ સાજા થઈ ગયા. આથી એ શ્રાવકોએ તથા મુનિના ભક્તમંડળે રાજી થઈ સોનાનાં કડાં કરાવી ત્રિકમ બાપાની આનાકાની છતાં તેમને પહેરાવ્યાં. ત્યાંથી ત્રિકમ બાપા ભાવનગર પાછા આવ્યા ત્યારે ઘેર આવવાને બદલે સીધા નીલકંઠ મહાદેવના મંદિરે ગયા અને હાથમાં પહેરાવેલાં બન્ને કડાં કાઢી, મહાદેવને ચરણે મૂકી ઘેર ચાલ્યા આવ્યા.

આવો એક બીજો પ્રસંગ છે. નાસિક-ત્ર્યંબકની યાત્રા કરવા માટે ત્રિકમ બાપા ભાવનગરથી વહાણમાં બેસી મુંબાઈ ગયા. ત્યાં બંદરના સ્ટેવેડોર કોઈ પારસી શેઠ હતા. એમને ત્યાં ભાવનગરના જે પ્રેમજી મોદી નોકરી કરતા તેને ત્યાં ત્રિકમ બાપા ઊતર્યા. એ સમયે પારસી શેઠનાં પત્ની ભયંકર બીમાર હતાં ને સ્થાનિક વૈદ્ય-ડૉક્ટરોની દવા છતાં સુધારો જણાતો ન હતો. અખૂટ શ્રદ્ધાને અંગે પ્રેમજી મોદીએ પારસી શેઠને ત્રિકમ બાપા વિષે કહ્યું. શેઠે ત્રિકમ બાપાને દવા કરવા કહ્યું. દવા આપીને ત્રિકમ બાપા યાત્રાર્થે નાસિક ગયા, અને ત્યાંથી પાછા આવ્યા ત્યાં તો પારસી સદ્‌ગૃહસ્થનાં પત્ની ઘણાં સાજાં થઈ ગએલાં. ત્રિકમ બાપા આવ્યા તે દિવસે રસોઈની ધમાલ થતી જોઈ ત્રિકમ બાપાએ પૂછ્યું: 'આ બધી શાની ધમાલ કરો છો?'

પ્રેમજી મોદીએ કહ્યુ: 'પારસી શેઠનાં પત્ની સાજાં થયાં તેથી તમને સન્માનવા શેઠ તરફથી દૂધપાક-પૂરીનું જમણ છે.'

ત્રિકમ બાપાએ કહ્યુ: 'મારે તો આજે ઉપવાસ છે. કંઇ લેવાનો નથી.'

પારસી ગૃહસ્થે તો મુંબાઈના ઘણા પ્રતિષ્ઠિત શેઠિયાઓને જમવા આમંત્રેલા. ત્રિકમ બાપા ન જમ્યા, એટલે અમુક જણાને શંકા થઈ કે ત્રિકમ બાપા પારસીને યવન જાણી તેનું આપ્યું જમશે નહિ ને ધન પણ લેશે નહિ. આથી તેઓએ પોતા તરફથી બીજે દિવસે જમણ રાખી રૂપિયા પાંચેક હજારની દક્ષિણા ત્રિકમ બાપાને દેવા વિચાર કર્યો. પણ બીજે દિવસે રસોઈની મોટા પાયા પર થતી તૈયારી જોઈને ત્રિકમ બાપા કોઇને કહ્યા વગર ચાલી નીકળ્યા ને જે પહેલું વહાણ કે પહેલી સ્ટીમર મળી તેમાં બેસી ભાવનગર ચાલ્યા આવ્યા.

આ પછી ટૂંક વખતમાં જ રાજ્ય તરફથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ વાંચવા માટે ત્રિકમ બાપાને બેસાડયા અને પૂર્ણાહુતિ પ્રસંગે શ્રીમદ્ ભાગવતની પોથી પર જુદાજુદા લોકો તરફથી એકંદર રૂપિયા પાંચ હજારથી વધુ રોકડ તથા અનેક ઉપસ્કર ધરાયાં. એ વખતે ત્રિકમ બાપાને ખબર પડી કે મુંબાઈના શેઠિયાઓએ રાજ્ય દ્વારા, વિના અવસર, સપ્તાહપ્રસંગ ઊભો કરી શીખ ધરી છે. એટલે જ્યારે સપ્તાહ ઊઠી ને ત્રિકમ બાપાને હાથી પર બેસાડી વાજતેગાજતે તેમને ઘેર લઈ જવાતા હતા ત્યારે ત્રિકમ બાપાએ ઘેર જતાં પહેલાં હાથીને નીલકંઠ મહાદેવને મંદિરે લેવડાવ્યો, ને પોતે ત્યાં દર્શનાર્થે ઊતર્યા. એ મહાદેવને ચરણે નમી રૂપિયા પાંચ હજાર ને મળેલો બધો ઉપસ્કર ત્યાં ધરી ઘેર આવ્યા. એવા ત્રિકમ બાપાને ઘેર બ્રાહ્મણો લોટ માગવા

આવતા ને સીધું લઈને જતા.

ભાવનગરના ઠાકોર વિજયસિંહજી અને તેમના દીવાન કૃતજ્ઞ તથા વિચક્ષણ પુરુષો હતા. રાજ્યની, રાજ્યકુટુંબની ત્રિકમ બાપાએ સેવા કરેલી તેની કદર બદલ ને તે દ્વારા ત્રિકમ બાપાના વંશવારસોનો વ્યવહાર સુખપૂર્વક ચાલે તે હેતુથી ભાવનગર ઠાકોરે ખેતર-ગરાસનો પાકો લેખ તૈયાર કરાવ્યો. એક વખત ત્રિકમ બાપા દરબારમાં આવ્યા ત્યારે ઠાકોરની રૂબરૂમાં કારભારીએ એ લેખ તેમને આપ્યો. ત્રિકમ બાપાએ એ લેખ વાંચ્યો ને કારભારીના હાથમાં પાછો સોંપી દઈ ઠાકોરને કહ્યું: 'તમારે મારાં છોકરાંને બ્રાહ્મણ રહેવા દેવાં છે કે નહિ? મારે તે વળી ખેતર શાં ને પાદર શાં? તમે અમને વટલાવો નહિ. અમને છીએ એવા બ્રાહ્મણ રહેવા દો.' આટલું કહેતાં એ તેજીલા ત્રિકમ બાપા બ્રાહ્મણપણાને વળગતા ગળગળા થઈ ગયા ને આંખો ભીંજાઈ ગઈ.

ત્રિકમ બાપાએ એ લેખ ન જ લીધો, પણ એમના પ્રત્યે પૂરી લાગણીવાળા રાજવીએ ત્રિકમ બાપાના અવસાન પછી એ લેખ તેમના કુટુંબીજનોને સોંપી દીધો. ત્રિકમ બાપાના નાના ભાઈના વંશજો હજી એ ગરાસ ભોગવે છે.

શતરંજ

સાતમા (ફેબ્રુઆરીના) કોયડાનો ઉકેલ

સ્થિતિ: 8/2p5/p1R2p2/P4P2/3-Pk2B/2p1p2P/2N1N3/1Q1K4.

કોયડો: સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું.

ચાવી: 1 Q-N7(wait.move)૨ માર્ક.

ધમકી: કંઈ નથી.

વિકલ્પો: —૨ માર્ક

1..., K-Q6; 2 R×QBP (6) mate.
1..., K-Q4; 2 N×BP mate.
1..., K-B6; 2 R×QBP(2) mate.

અહીં ઘણા વાચકોએ 2R-any લખ્યું છે એ બરાબર નથી. કારણ કે જો હાથી બીજે ગમે ત્યાં જાય તો કાળા પાસે શેહમાંથી બચવાનો એક રસ્તો છે. 2..., P-B3. એટલે હાથી ગમે ત્યાં જાય તો મ્હાત ન થાય. તેણે B2 ઉપરનું પ્યાદું મારવું જ પડે.

1..., K×P; 2 R×BP mate...Set play 1..., K-Q6; 2 N-K1 અથવા
N-N4 dbl. Ch. and mate.
1..., K-Q4; 2 N-N4 mate.
1..., K-B6; 2 N-K1 mate.
1..., K-P; 2 N×KP mate.

અહીં 2 N-K1થી મ્હાત નથી, કારણ કે કાળો 2..., RB7 Ch.થી શેહ બચાવી શકે છે અને સાથોસાથ શેહ આપે છે.

અહીં ઘણા વાચકોએ 1 R-B5? ને ચાવીની ચાલ બતાવી છે. તેમાં 1..., P-B3 પછી તેમણે 2 N-K1 mate દર્શાવેલ છે. કારણ કે તેમાં પણ ઉપરની પેઠે 2..., P-B7 Ch.થી કાળો શેહ બચાવી શકે છે.

પાંચમા કોયડાના ઉકેલમાં આપણે Complete block અને mutateની વ્યાખ્યા જોઈ હતી. આ કોયડો તેનો દાખલો છે; કારણ કે શરૂઆતની સ્થિતિમાં કાળાની ચાલ હોય તો તેની દરેક ચાલ સામે સફેદ તરત મ્હાત કરે છે. ચાવીની ચાલ પછી તે ચારે ય મ્હાત બદલાઈ જાય છે.

આ કોયડાની બીજી રસમય વાત એ છે કે રાજાને set playમાં તેમજ વિકલ્પોમાં ચાર ચાલ છે તે બધી ત્રાંસી ચાલ છે. આ જાતની ચાર ચાલ તે star-flight કહેવાય છે. આ સિવાયની ચાર ચાલ એટલે કે ઉપર-નીચે અને આજુબાજુની ચાર જ ચાલ જો રાજા પાસે હોય તો તેને Cross-flight કહે છે.

મૂળ કોયડામાં વજીર QN7 ઉપર હોય તો પછી ચાવીની ચાલ Q-N1 થાત. અને અહીં જે set-play છે તે ત્યાં વિકલ્પો થાત ને અહીં જે વિકલ્પો છે તે ત્યાં set play બનત. આ બે કોયડામાંથી કયો વધુ સારો ગણાય? જો વજીર QN7 ઉપર હોત તો 1... KQ6 વાળા વિકલ્પમાં સફેદ પાસે મ્હાત કરવા માટે બે ચાલ રહે છે, એને duel કહેવાય છે. અને તે કોયડામાં એક ખામી ગણાય છે. તેથી મૂળ કોયડામાં વજીરને QN7 નહિ પણ QN1 ઉપર મૂકવામાં આવ્યો છે.

Star-flight અને ચાર ચાર Changed mate વાળો આ સુંદર કોયડો C. Mansfieldનો બનાવેલો છે. તે બ્રિટિશ ચેસ મૅગેઝિનમાં ઈ.૧૯૬૧માં પહેલાં પ્રસિદ્ધ થયો હતો.

ઉકેલ મોકલનારાનાં નામ તથા તેમણે મેળવેલા માર્ક


૧) ઇન્દ્રવદન મોદી, ભાવનગર; ૨) ડૉ. કે. એન. ગાંધી, રાધનપુર; ૩) હરીશ દીવાન, મુંબાઈ; ૪) રામ જોષી, કુકડ; ૫) ભૂદરભાઈ ચાવડા, વિરમગામ; ૬) કે. એમ. મૂલિયા, ૭) સુરેશ દવે, અમદાવાદ; ૮) મહેન્દ્ર મહેતા, ભૂજ; આ બધાને ૬ માર્ક.

૯) ભૂપેન્દ્ર દોશી, મુંબાઈ; અને ૧૦) સતીશ દલાલ, સુરત; ૫½ માર્ક. ૧૧) બિન્દુ બિકુ અને બચુ, સમી-૪½ માર્ક. ૧૨) સુરેશ બધેકા, ભાવનગર અને ૧૩) મહેન્દ્ર રાવલ, ભાવનગર-૩½ માર્ક. ૧૪) જી. વી. દેસાઈ; મુંબાઈ-૩ માર્ક. ૧૫) નીલકંઠ અંતાણી, રાજકોટ તથા ૧૬ અશ્વિનકુમાર દવે, માલવણ -૨ માર્ક. ૧૭) ડૉ.હરિભાઈ પટેલ, જામનગર; ૧૮) વિષ્ણુપ્રસાદ પટેલ, જામનગર; ૧૯) જી. જી. શ્રૉફ, અમદાવાદ; અને ૨૦) દીપક ભટ્ટ, ભાવનગર ૧½ માર્ક. ૨૧) અશોક ગાંધી, વેરાવળ—૧ માર્ક.

છઠ્ઠા (જાન્યુ.ના) કોયડાના હરીફો

૧) ઇન્દ્રવદન મોદી, ભાવનગર; ૨) અશ્વિનકુમાર દવે, માલવણ; ૩) ડૉ.કે. એન. ગાંધી, રાધનપુર; ૪) નીલકંઠ અંતાણી, રાજકોટ; ૫) પી. સંતાનમ્; અમદાવાદ; ૬) હરીશ દીવાન, મુંબાઈ-આ બધાને ૬ માર્ક. ૭) સુરેશ દવે, અમદાવાદ; ૮) મહેન્દ્ર મહેતા, ભુજ; અને ૯) ભૂદરભાઈ ચાવડા, વિરમગામ-એ સૌને ૫½ માર્ક. ૧૦) સતીષ દલાલ, સુરત; ૧૧) હરીશ દલાલ, મુંબાઈ-૫ માર્ક. ૧૨) ભૂપેન્દ્ર દોશી, મુંબાઈ; ૧૩) કે.એમ. મૂલિયા, વિરમગામ-૩ માર્ક. ભાવનગરના ૧૪) દીપક ભટ્ટ, અને ૧૫) જીણાભાઈ માંડળિયા—૦.

કોયડો નવમો



White to play and mate in two

સ્થિતિ: bb3r1B/7B/Q7/p-krn1-R/p5R1/3N2pK/16

કોયડો: સફેદે ચાલીને બે ચાલમાં મ્હાત કરવાનું.

ઉકેલ મોકલવાની છેલ્લી તા. ૭મી મે '૬૪.

સરનામું: Suresh M. Mody, 6/9 Kandhari Colony. Chembur, Bombay-71AS.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની અત્યંત લોકોપયોગી નીવડેલી ત્રીજી લેખમાળા: આહાર અને આરોગ્ય

હપતો • ૫૨

વિટામિન સી

ધરાવતાં ખાદ્યો: તાજી કાચી કૉબી, તાંદળજાની ભાજી, સરગવાની શીંગ, લીલાં મરચાં, લીલા વટાણા, આમળાં, તાજાં લીંબુ, સંતરાં તથા મોસંબીનો રસ, જામફળ, ફણગાવેલાં અનાજ, ટમેટાં, સફરજન, અનનસ, પેપૈયું, ચણાના પોપટા વ.

વિટામિનની ન્યૂનતાથી થતો કોઈ રોગ સૌપ્રથમ ઓળખાયો હોય તો તે 'સ્કર્વી'. આ રોગ ઉપર વિજય એ પોષણવિજ્ઞાનના રસભર્યા વૃત્તાંતમાં એક સીમાચિહ્ન છે.

દુષ્ક અને દુકાળના સમયમાં, તેમજ માત્ર પાઉં અને માંસના ખોરાક ઉપર લાંબી દરિયાઇ સફરો ખેડતા નાવિકોમાં સ્કર્વી રોગ સામાન્ય હતો. અશક્તિ, ચામડી નીચે લોહીનાં ચકામાં, દાંતનાં ફૂલેલાં મસોડાં, એ એનાં સામાન્ય લક્ષણો લોકો ઝટ પારખી શકતા; અને ખોરાક તથા રોગને કંઈક સંબંધ હોવાનું તેમણે અનુમાન બાંધ્યું હતું. દરિયાઇ દાક્તરોને આ રોગ થવાનાં કારણો તથા તેના ઉપાયની શોધ કરતાં, ખાટાં ફળ અને કેટલાંક શાક ખાવાથી એ નિવારી શકાવાનું જાણીતું હતું. ઈ. ૧૭૫૩માં મિ૦ લિન્ડે આની પુનઃ શોધ કરેલી. ફણગાવેલાં અનાજ ખાવાથી આ રોગ નિવારી શકાયાનું અઢારમી સદીમાં જાણીતું હતું. એ સદીના અંતમાં બ્રિટિશ દરિયાઇ ખાતાએ દરેક જહાજને સફરમાં લીંબું અને સંતરાં રાખવાનો આદેશ આપ્યો હતો. પણ આ બધું ઓગણીસમી સદીમાં ભુલાઈ ગયું હતું અને રોગનાં કારણોમાં જીવાણુઓનો દોષ ગણવા લાગ્યો હતો. ત્યાં તો ઇ. ૧૯૧૨માં મિ. હૉસ્ટે ગિનીપિગ કરેલા જવ અને દૂધના પ્રયોગોથી ખોરાકના કોઇ દ્રવ્યની ઊણપથી આ રોગ થતો હોવાનું સિદ્ધ થયું.

પણ ફળો અને શાકભાજીમાં રોગનિવારક અસરકર્તા દ્રવ્ય વિટામિન 'સી' છે એ તો છેક હમણાં નક્કી થયું. અમેરિકાની પિટસબર્ગ યુનિવર્સિટીના ચાર્લ્સ કિંગ અને તેના સાથીદારે ૧૯૩૨માં લીંબુમાંથી વિટામિન 'સી' જુદું પાડયું. એ 'સી' વિટામિનની પૂરી કામગીરીનું રહસ્ય તો હજી પણ ઉકેલાયું નથી; માત્ર સ્કર્વી રોગવિરોધી તેના ગુણ દર્શાવવા તેનું નામ અસ્કૉર્બિક ઍસિડ પાડવામાં આવ્યું.

કેટલાંક વિટામિનો અનેક રૂપમાં હોય છે, જ્યારે વિટામિન 'સી' એક જ રૂપમાં છે. તેને ફળમાંથી છૂટું પાડયું હોય કે તે કૃત્રિમ રીતે બનાવ્યું હોય, પણ તે એક જ રાસાયણિક દ્રવ્ય છે. પ્રાણીઓ અને વનસ્પતિમાં વિટામિન 'સી' છે તો પુષ્કળ પ્રમાણમાં, પણ તે અ-વ્યવસ્થિત રીતે. તાજાં ફળ અને શાકભાજીમાં તે છે, પણ તેની જરૂર જૂજ પ્રાણીઓને પડે છે. માનવ, વાંદરાં અને ગિનીપિગને તે બહારથી મેળવવું પડે છે, જ્યારે બીજાં પ્રાણીઓ પોતપોતાનું બનાવી લે છે.

વિટામિન 'સી'નાં બે ઘટકો છે: સ્કર્વી-વિરોધી 'સી - ૧' અને ચેપ-વિરોધી 'સી-૨'. વિવિધ ઝેરો—ખાસ કરીને ક્ષયના ઝેરથી શરીરને નિર્વિષ કરવામાં વિટામિન 'સી' સહાય કરે છે. તેનાથી લોહીનું યોગ્ય બંધારણ જળવાઈ રહે છે ને લોહીની નળીઓ મજબૂત બને છે. બાકી તેની ઊણપથી કેશવાહિનીઓનાં સિમેન્ટ દ્રવ્યો ને સંયોજક તંતુઓનાં કૉલેજન, પ્રમાણ તેમજ તાકાતમાં ઘટે છે જેથી કેશવાહિનીઓ તકલાદી બને છે અને તેમાંથી ઝમતું લોહી ચામડી ઉપર ચકામાં દેખાડે છે. શરીર પર ઘા પડે તો તે રૂઝાતા નથી અને ભાંગેલાં હાડકાં સંધાતાં નથી. વિટામિન 'સી' લોહીની બનાવટમાં સહાયભૂત હોઈ રક્તક્ષય નિવારક છે. હાડકાં અને દાંતના બંધારણમાં બીજાં વિટામિનોને 'સી' વિટામિન સહાયક છે. વળી કેટલીક દવાઓ માફક ન આવતી હોય એવી સ્થિતિમાં અને પ્રતિકણો પેદા થવામાં પણ વિટામિન 'સી'નો હિસ્સો છે. શરીરમાં વિશાળ કામગીરી બજાવતાં બચી રહેલું વધારાનું વિટામિન 'સી' પેશાબ વાટે નીકળી જાય છે.

શરીરમાં વિટામિન 'સી'નો મુખ્ય સંઘરો મૂત્રપિંડો ઉપર આવેલી ઍડ્રેનલ ગ્રંથિઓમાં થાય છે, જે એની ઊણપ સમયે કદમાં વધે છે. આયોડિનની ઊણપ સમયે ગળામાંની થાઇરૉઈડ ગ્રંથિ નથી વધતી? મૅક્કૅરિસન લખે છે: 'પ્રોટીનો તેમજ 'એ' અને 'બી' વિટામિનોની જેમ વિટામિન 'સી' પણ પોતાની આગવી રીતે ચેપ-વિરોધી છે.' હચિન્સનનું કથન છે કે હોજરી અને ગ્રહણી (ગૅસ્ટ્રિક અને ડયુઓ-ડયુનલ અલ્સર)નાં ચાંદાંના મોટા ભાગના રોગીઓ વિટામિન 'સી'ની ન્યૂનતાવાળા હોય છે.

લીલોતરી શાક અને ભાજી તથા તાજાં ફળ—(કોઇ વધારે તો કોઇ ઓછા પ્રમાણમાં) વિટામિન 'સી'નાં ધારક છે. પણ તેનું શ્રેષ્ઠ ધારક તો આમળાં છે. કદના પ્રમાણમાં એક કે બે સંતરાંના જેટલું વિટામિન 'સી' એક આમળામાં રહેલું છે. એના તાજા રસમાં સંતરાના રસ કરતાં વીસગણું વિટામિન 'સી' છે. એમાં એવાં ઘટકો છે કે જે ગરમી અને સુકારા (હીટ ઍન્ડ ડ્રાયિંગ)માં પણ વિ૦ 'સી'ને જાળવી રાખે છે. આપણે ત્યાં તો રસ્તામાં મળતાં આમળાં જાન્યુઆરીથી એપ્રિલ સુધી લીલાં મળે છે: તે બાદ સૂકવીને કે બીજી રીતે તે વાપરી શકાય છે. મુરબ્બામાં પણ તેનું વિ૦ 'સી' જળવાઈ રહે છે.

આમળાં પછી તેનાં શ્રેષ્ઠ ધારકો લાલ જામફળ અને કાજુ છે. એ પછી ખાટાં ફળ અને પાંદડાંવાળી ભાજીનું સ્થાન છે. ફળના કદને વિ૦ 'સી'ના પ્રમાણ સાથે સંબંધ છે. મોટાં ટમેટાંમાં ઓછું વિટામિન 'સી' હોય છે. એક જ વાડીમાં થએલી કૉબિજના મોટા કરતાં નાના દડામાં વધારે વિટામિન 'સી' હોય છે. શાકભાજી અને ફળોમાં ઋતુ, વૃદ્ધિ વખતનું હવામાન અને પાકવાની સ્થિતિ વગેરે બાબતો પણ વિ૦ 'સી'ના પ્રમાણ ઉપર અસર કરે છે. મૅક્કૅરિસન વિ૦ 'સી'નાં ફળો અને શાકની યાદી આ પ્રમાણે આપે છે:

શ્રેષ્ઠ ધારકો: તાજી કાચી કૉબિજ, તાંદળજાની ભાજી, સરગવાની શીંગ, લીલાં મરચાં, લીલા વટાણા, ગાજરનાં પાન, તાજાં લીંબુ, સંતરાં તથા મોસંબીનો રસ, ગ્રેઈપ ફ્રૂટ અને જામફળ.

મધ્યમ ધારકો: ફણગાવેલાં અનાજ, સલાડની ભાજી, ટમેટાં, સફરજન, અનનસ, પપૈયું, પોપટા (ચણાના), પલાખ અને બટાટા.

કનિષ્ઠ ધારકો: દૂધ, માંસ, કલેજી, કંદમૂળ, દ્રાક્ષ, કોળું, તરબૂચ, પરવળ, રાંધેલાં શાક.

શુષ્ક અને શિંબી ધાન્યો, સૂકાં ફળ તથા મેવો, ઘી ને તેલ તથા મધ, ખાંડ ને ગોળમાં બિલકુલ વિટામિન 'સી' નથી.

એક આંસ લીંબુ કે સંતરાના રસમાં અને કૉબિજનાં કાચાં

પાંદડાંમાં સમાએલા વિ૦ 'સી' જેટલું પ્રમાણ મેળવવા સારુ ત્રણથી ચાર પિન્ટ દૂધ કે બે રતલ દ્રાક્ષ, આશરે એક રતલ ગાજર કે અરધો રતલ કેળાં ખાવાં જોઇએ!

માંસાહારમાં કલેજામાં વિટામિન 'સી' રહેલું છે. શુક ને શિંગી ધાન્યોમાં વિટામિન 'સી' નથી, પણ તેમને ફણગાવવાથી તે પ્રાપ્ત થાય છે. ફણગાવેલા ધાન્યમાં ૮૫ ટકા અને તેના ફણગામાં ૧૫ ટકા વિ૦ 'સી' હોય છે. તદુપરાંત તેમાં 'એ' અને 'બી' વિટામિનો પણ હોય છે. ચણા કરતાં મગમાં ત્રણ ગણું વધારે વિ૦ 'સી' હોય છે. ફણગાવેલું ધાન કાં તો કાચું કે થોડી મિનિટોમાં અગ્નિમાં રાંધીને ખાવાનું છે. ઉનાળામાં જ્યારે લીલોતરી શાકભાજીની અછત હોય ત્યારે વિ૦ 'સી' માટે ફણગાવેલાં કઠોળ ખાવાં હિતાવહ છે. સૂકવેલાં ફળ અને શાકમાં મૂળ કરતાં ૬૫ થી ૮૦ ટકા વિ૦ 'સી' રહ્યુ હોય છે.

તાજાં શાક અને ફળો ખાધા બાદ પ્રાણીઓનાં શરીરમાં શોષાએલું વિટામિન 'સી' લોહી અને કલેજામાં જાય છે; માંસમાં તે બહુ નથી હોતું. તાજું લીલું ઘાસ અને પાન ખાનાર ઢોર કરતાં સૂકું ઘાસ ખાનાર ઢોરના દૂધમાં વિટામિન 'સી' ઓછું હોય છે.

આપણા માટે પૂરતા પ્રમાણમાં વિ૦ 'સી' મેળવવાનું સાધન તાજાં શાકભાજી અને ફળો છે. પણ તે વાડીમાંથી આણ્યા બાદ જેટલાં વહેલાં ખવાય એટલું વધારે વિ૦ 'સી' મળે છે. તેને સમાર્યા બાદ ચૂંટાએલી ને કપાએલી ધારોને હવા લાગવાથી વિ૦ 'સી'નું પ્રમાણ ઘટે છે. ઢગલાબંધ સંઘરાએલા બટાટામાંથી પણ તે થોડું ઘટે છે.

શાક કે ફળ કાપવાથી વિ૦ 'સી' થોડી વાર બાદ ઘટે છે, પણ તેને છીણવાથી તો તે પાંચ મિનિટમાં ઘણું નાશ પામે છે. ધારદાર ચપ્પુ વતી કાપવાથી ત્રણ કલાક બાદ થોડું નાશ પામે છે, જ્યારે બુઠ્ઠા ચપ્પુથી વહેલો નાશ થાય છે. આખી રાત રાખી મૂકેલા છોલેલા બટાટામાંથી વિ૦ 'સી' નાશ પામતું નથી. વળી છાલ સહિત બાફેલા બટાટામાં પણ તે મોટા ભાગનું જળવાઈ રહે છે.

બધાં વિટામિનોમાં જલદી નાશ પામનાર પણ આ જ વિટામિન છે. સાધારણ રાંધવામાં પણ તેના ૬૦ ટકા નાશ પામે છે. શાક બાફવાના પાણીમાં સોડા નાખવાથી પણ તેનો જલદી નાશ થાય છે. તે નાશ ન પામે એ રીતે શાક અને ફળ રાંધવાની એક રીત આ રહી: તપેલીમાં થોડું પાણી ઉકાળી, ધારદાર ચપ્પુ વતી સમારેલું શાક એમાં નાખવું. અને ઢાંકણું ચપોચપ બંધ કરી પાણી અને વરાળથી દસેક મિનિટ ચઢવા દેવું. તપેલીમાં તે ચોંટે કે બળે નહિ તેનું બરાબર ધ્યાન રાખવું. શાકને ગરમ રાખવાથી કે ખાતી વખતે બીજી વાર ગરમ કરવાથી તેમાં રહેલા વિ૦'સી'ના પંદર મિનિટમાં પચીસ ટકા અને દોઢ કલાકમાં તો પોણોસો ટકા નાશ પામે છે!

શાક જ્યારે કપાય, છિણાય કે રંધાય ત્યારે વિ૦ 'સી' સાથે રહેલા એક આથવણથી તેનો નાશ થાય છે. આ અટકાવવા માટે રાંધતી વખતે શાકને ઠંડા પાણીમાં નહિ પણ ગરમ પાણીમાં નાખવું. ઊકળતા પાણીથી પેલા આથવણનો નાશ થઇને વિ૦'સી'નો નાશ થતો ઘટે છે. વળી વિ૦'સી' પાણીમાં દ્રાવ્ય છે. એટલે આપણામાં શાક સમાર્યા બાદ તેમાંનો કચરો ધોવાનો યા તે કાળું ના પડે કે ચીમળાઈ ના જાય તે માટે તેને પાણીમાં પલાળી રાખીને તે પાણી ફેંકી દેવાનો જે સામાન્ય રિવાજ છે, એથી પાણીમાં દ્રવેલું વિટામિન પણ બહાર ફેંકાઈ જાય છે. શાકને બરાબર ધોઇને પછી સમારી તરત જ બાફવા કે વઘારવામાં આવે તો તેને પાણીમાં પલાળી રાખવાનું રહેતું નથી. વળી શાક ચડતી વખતે નાખેલા પાણીનો રસો પણ નાખી ન દેતાં તેને દાળ કે ભાતમાં નાખવાથી તેમાંનાં જલદ્રાવ્ય વિટામિનનો લાભ મળે છે.

શાકનાં મૂળ, ડાળી, કળી, પાંદડાં વગેરે બધાં જ વિ૦ 'સી'નાં ધારક છે. વળી શાક તાજું હોય તો જ તેનો લાભ મળે છે; વાસી અને સૂકાં શાકમાં તેનો નાશ થયો હોય છે. દહીં, આમલી, લીંબુ વગેરેની ખટાશથી વિ૦ 'સી'નું રક્ષણ થતું હોવાથી ખાટા ખોરાકોમાં તે રહે છે. લાંબો વખત અગ્નિ ઉપર રાંધવાથી અને રાંધ્યા બાદ મોડાં ખાવાના કારણે શાકમાંથી વિ૦ 'સી'નો નાશ થતો હોવાથી કૅબિજ, ગાજર વગેરે કાચાં ખાવાથી તેનો લાભ સારો મળે છે.

વિટામિન 'સી'નું ઈષ્ટતમ (ઑપ્ટિમમ) પ્રમાણ ચોક્કસ જાણી શકાયું નથી. રીસર્ચ કાઉન્સિલની ભલામણ પ્રમાણે બાળકો માટે ૩૦ મિલિગ્રામ, પાંચ વર્ષની ઉમર સુધીનાં માટે ૫૦, દસ વર્ષની ઉમર માટે ૭૫, વીસ વર્ષની ઉમરે ૧૦૦, પુખ્તવયનાં સ્ત્રીપુરુષ માટે ૭૫, સગર્ભા સ્ત્રી માટે ૧૦૦ અને ધાત્રી માટે ૧૫૦ મિલિગ્રામ જરૂરી છે.

હોટેલ ને લૉજમાં તેમજ સવારના રાંધેલા શાકને સાંજે ગરમ કરી ખાનારને પોષણમાં વિ૦ 'સી'ની ન્યૂનતા રહે છે. વળી બનાવટી દાંતવાળા કે પેટમાં વાયુને લીધે શાક ને ફળ ન ખાઇ શકતા પ્રૌઢોને વિ૦ 'સી'ની ઊણપનાં લક્ષણોમાં મોંઢામાં ચાંદાં અને ચામડી ઉપર લોહીનાં ચકામાં થઈ આવે છે, જે લીંબુ કે સંતરાંનો રસ પીધાથી મટે છે.

નવજાત શિશુને પાંચ માસ સુધી ચાલે એટલો ઍસ્કૉર્બિક ઍસિડનો જથ્થો શરીરમાં હોય છે. ધાવણા બાળકને તે ધાવણમાંથી મળી રહે છે, પણ ધાવણ છોડાવ્યા બાદ બાળકને ખોરાકમાંથી જો તે ન મળે તો ત્રણ મહિનામાં તેની ન્યૂનતાનાં ચિહ્નો દેખા દે છે. વૃદ્ધિ પામતાં હાડકાંમાં એનાં ખાસ ચિહ્નો દેખાય છે. હાથ કરતાં પગનાં હાડકાંના સાંધાઓની પોચી પેશીઓ સોજાઇને પીડાકારી બને છે. પાંસળીઓના આગલા છેડા સોજાઈ આળા બને છે. તેનું ચાલવું ને બેસવું વેદનાભર્યું બને છે. પગ હલાવવામાં થતી વેદના ટાળવા રોગી પીઠ ઉપર સૂતું પડી રહે છે. તેને ઉચકતાં કે તેની પાસે જતાં વેદનાની બીકને લીધે તે રડે છે. દાંત આવ્યા હોય તો તેનાં અવાળાંમાંથી લોહી પડે છે. માટે ધાવણ છોડાવ્યા બાદ બાળકને દૂધ આપવાના સમયની વચ્ચેવચ્ચે ટમેટાં કે મોસંબીનો રસ કે શાકનો રસો આપવો જોઇએ. મોટી ઉમરનાં બાળકોને તાજાં ફળ અને શાક ખાતાં ટેવાવવાનાં છે.

મોટેરાંમાં આ વિટામિનની ન્યૂનતાનું સૌ પ્રથમ ચિહ્ન શરીરના અમુક ભાગની ચામડી જાડી થવાનું છે. આ પછી ફૂલેલાં ને કાળાં પડેલાં અવાળાંમાંથી લોહી પડે છે. કોઈ પણ ઇજા થયા વગર થાપાં અને પગની ચામડીમાં લોહી જામે છે. મજૂરો, સૈનિકો અને જેમને સતત ઊભવાનું કે ચાલવાનું છે તેવા લોકોની માંસપેશીઓનો વધુ વપરાશ થવાથી તેમના પગ કઠણ અને સોજાયા હોય એવા લાગે છે. આવે વખતે ચામડીમાં પડેલા ઘા રૂઝાતાં વાર લાગે છે; જૂના ઘા ઊબળે છે; ખીલ થતા હોય એમને તેમાં વધારો થાય છે. પછી દાંતનાં અવાળાં ફૂલે છે, એમાં કળતર થાય છે, તેમાં જલદી ચેપ લાગે છે, દાંત ઢીલા પડે છે.

હલનચલન વખતે સાંધાઓમાં પારવિનાનું કળતર થાય છે. આ સ્થિતિ 'જિન્જિવાઇટિસ' કહેવાય છે. આ બધાં ઉગ્ર સ્કર્વીનાં લક્ષણો છે. પણ તે અગાઉ નરમ તબિયતનાં ચિહ્નોમાં આટલું હોય છે: ભૂખનાશ, રક્તક્ષય, મોં પર ફિક્કાશ, હાંફ, આળસ, વજનનો ઘટાડો અગર વજન ના વધવું, પોચાં અવાળાં, ખરાબ દાંત અને દુર્ગંધભર્યો ઉચ્છવાસ. ડૉ. મિલ્ડ્રેડ મૅકકાઈ કૈથાન તો મોતિયા અને ચામડીના બદલાતા વર્ણ સાથે પણ વિ૦ 'સી'નો સંબંધ હોવાનું જણાવે છે.

શારીરિક અને બાયોકેમિકલ કારણોસર વિ૦ 'સી'નું રોજિંદું પ્રમાણ બહુ થોડું કે ઘણું વધારે પણ ન હોવું જોઇએ, પરંતુ ઈષ્ટ પ્રમાણમાં તો તે જોઇએ જ. આમ થાય તો જ યોગ્ય પોષણ મળ્યું ગણાય. એટલે યોગ્ય પોષણ માટે યથોચિત આહારની પસંદગી થવી જોઇએ.

પચ્ચીસ વર્ષ પહેલાં

એપ્રિલ ૧૯૩૯ અંક ૧૮૧

રિવાજ મુજબ પચ્ચીસ વર્ષ પહેલાંનો એપ્રિલ અંક વૈવિધ્યસભર હતો. એમાંથી અશોક હર્ષે લખેલા ચરિત્રની વાનગી:

"જેના વિના વિપિનચંદ્ર પાલમાં રાષ્ટ્રીયતાના અંકુરો ફૂટવા ન પામ્યા હોત જેના વગર પ્રફુલ્લચંદ્રરાય એમના 'હિંદુ રસાયનશાસ્ત્રોનો ઇતિહાસ' વડે જગત સમક્ષ હિંદની વૈજ્ઞાનિક મહત્તા પેશ કરી શક્યા ન હોત, કે રાધાકુમુદ મુકરજી એમનો વિખ્યાત 'હિંદી વહાણવટાનો ઇતિહાસ' સરજી શક્યા ન હોત, કે આશુતોષ મુખરજી કેળવણીવિષયક ક્રાન્તિમાં પ્રવૃત્ત થયા ન હોત એવા પ્રેરણાભાવી હિંદી મહાપુરુષ સર બ્રજેન્દ્રનાથ શીલ હિંદની રાષ્ટ્રીય ને સાંસ્કૃતિક જાગૃતિના એક મહાન પુરસ્કર્તા હતા. જ્ઞાનના સઘળા જ પ્રદેશો એમના અભ્યાસક્ષેત્રમાં સમાઈ જતા ને એ સઘળા જ પ્રદેશોથી છેલ્લામાં છેલ્લી વિગત સુધી તે અદ્યતન વાકેફ રહેતા.

સર બ્રજેન્દ્રનાથની સવિશેષ પ્રસિદ્ધિ સામાન્યત: ફિલસૂફ તરીકે જ હતી, પણ એ વ્યાખ્યાની સાંકડી સીમાથી એમનો વિહાર




પ્રમુક્ત હતો. જગતભરમાં ગૌરવ અપાવનારો એમનો મહામૂલો ગ્રંથ 'હિંદુઓનાં વિધાનાત્મક વિજ્ઞાનો' (Positive Sciences of the Hindus) એમણે આપણને આપેલો અનન્ય વારસો છે. ગણિતનો તો એમને ખાસ શોખ હતો. અને મ્હૈસુર વિદ્યાપીઠના ઉપકુલપતિને પદેથી મ્હૈસુર રાજ્યને માટે પ્રાથમિક શિક્ષણથી તે પોસ્ટ ગ્રૅડ્યુએટ શિક્ષણ સુધીનો શિક્ષાક્રમ યોજી આપીને તથા નવું રાજ્યબંધારણ ઘડી આપીને શિક્ષણશાસ્ત્રી ને રાજનીતિજ્ઞ તરીકે એમણે જે કાબેલિયત દાખવી એટલી જ એમણે રાજ્યાશ્રયે મ્હૈસુરના ઉદ્યોગો વિકસાવી આર્થિક ને ઔદ્યોગિક ક્ષેત્રોમાં બતાવી આપેલી. આમ, અનેકવિધ પ્રદેશોમાં એમની પ્રતિભા પ્રકાશી ગઈ છે.

ઇ. ૧૮૬૨માં એમનો જન્મ. પિતા ખાનગી મિલકત ધરાવવાની વિરુદ્ધ હતા, પણ તે સાથે સર્વોચ્છેદક ક્રાન્તિથી યે વિરુદ્ધ હતા. વકીલ તરીકે જમીનદાર અસીલો પાસેથી એ જબરી ફી વસૂલ લેતા. પણ એમાંથી પોતાને માટે માત્ર નિર્વાહ પૂરતું જ રાખી બાકીનું બધું દાન કરી દેતા. એશઆરામ તરફ એમને ખાસ ચીડ હતી ને તે એટલે દરજ્જે કે પોતાનાં સંતાનોને કદી મીઠાઈ સુદ્ધાં એ ખાવા ન દેતા! આવા સિદ્ધાંતચુસ્ત પિતાના હાથ નીચે તાલીમ પામેલા બ્રજેન્દ્રનાથે કુમારજીવનમાં જ જીવનના ત્રણ મુદ્રાલેખો ઘડી લીધા હતા: (૧) વિદ્યાસંપન્ન બન; (૨) એક વખતે એક જ વિષયને હાથ કર; અને (૩) એમાંથી જીવનને અનુરૂપ તારતમ્ય ખોળી કાઢ. સ્વામી વિવેકાનંદ (એ વખતે નરેન્દ્રનાથ દત્ત)ના એ સહપાઠી હતા. સ્કૉટિશ કૉલેજ ચર્ચમાં અભ્યાસ કરીને એમણે ઈ. ૧૮૮૪માં કલકત્તાની સિટી કૉલેજના પ્રોફેસર તરીકે કારકિર્દીની શરૂઆત કરી. ભારતવર્ષની સારસ્વત પ્રવૃત્તિમાં આજે મોખરે રહેલી અનેક વ્યક્તિઓ એમના જ્ઞાનાર્ણવનો પ્રસાદ પામેલી છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિના લેખક શ્રી વિનયકુમાર સરકાર તો એમને 'Walking Encyclopaedia of Indian Sciences' કહેતા. ટાગોરની વિશ્વભારતીની સ્થાપનાના પુરોહિત પણ એ જ બન્યા હતા.

સંસારભરના બુદ્ધિવૈભવમાં એમણે આ-જીવન આગળપડતો હિસ્સો આપેલો. માનવવિકાસ ને સંસ્કૃતિવિકાસ ઉપર પણ તે એટલા પ્રમાણભૂત મનાતા કે ૧૯૧૧માં લંડનમાં ભરાએલી પ્રથમ આંતરરાષ્ટ્રીય જાતિપરિષદ્‌ની ઉદ્‌ઘાટનક્રિયા એમને હાથે થએલી. એમના અવસાન પહેલાં, ઇ. ૧૯૩૫માં રવીન્દ્રનાથ ટાગોરે એમના પર લખેલું ઉદ્‌બોધન એ કલ્યાણયાત્રીના જીવનનો સાચો મર્મ સમજાવે છે. એની શરૂની લીટીઓ આ પ્રમાણે છે:

On the inaccessible heights
of knowledge
Thou art soaring in
supreme majesty,
O thou Pilgrim.

'અનાહત રહ્યો તું રાજી ગિરિ-જ્ઞાન ઉત્તુંગ પે
મહત્તમ સુગૌરવે અમિત-ધી મહાયાત્રી ઓ'"



"એ જ અશોક હર્ષનો બીજો લેખ 'હિંદી સાગરના નિસાસા'ની વાનગી જુઓ:

"શ્રીકૃષ્ણે દ્વારિકાને રાજધાની બનાવેલી તે શું એના પ્રાકૃતિક સૌન્દર્યથી આકર્ષાઇને? એની કુદરતી ઉત્પન્નથી લોભાઇને? આવી કશી વિશિષ્ટતા દ્વારિકામાં ન હતી. પરતુ, તેની એક અદ્વિતીય મહત્તા હતી: મથુરાથી નજીકમાં નજીકનો દરિયાકિનારો તેનો હતો, અરબી સમુદ્રનું આગળમાં આગળનું નાકું તે હતું. ભારતની પડોશવાસી જાતિઓએ તેના પર ખુશ્કી આક્રમણો કર્યાં તે અગાઉનાં સઘળાં આક્રમણો પશ્ચિમથી સાગરમાર્ગે જ આવતાં. દ્વારિકાની પસંદગી પાછળ, એ આક્રમણો સામેનો સુવ્યવસ્થિત મોરચો રચવાની જ કુનેહ રહેલી. તમામ યાદવોને એણે દ્વારિકામાં વસાવી તેને હિંદનું સફળ સબળ નૌકેન્દ્ર બનાવી દીધું હતું.

ભારતીઓનું સાગરખેડાણ તો કૃષ્ણથી યે સદીઓજૂનું છે. સમુદ્રમંથનમાં દાનવોને પાછા પાડયા પછી જગતને ધર્મે ને સંસ્કારે આર્ય બનાવવા અર્થે કુંભસંભવ અગસ્ત્યના વારસોએ દરિયાનો એકે ખૂણો અગોચર નહોતો રાખ્યો. સાંચીના સ્તૂપો પર પણ ભારતીઓનો એ સાગરવિજય અંકિત થએલો જ છે. ગ્રીકો ને ફીનિશિયનો જેવા સાગરખેડુઓનું ઉત્તર આફ્રિકા ને ઈથીઓપિયાથી આગળ વધતાં જિગર ન ચાલતું ત્યારે હિંદીઓ આખું દખ્ખણ ગોળાર્ધ ફરી વળેલા. યુરોપથી દરિયો ડોળવા નીકળેલા કોલંબસ, ડાયેઝ કે

વાસ્કો ડા ગામાના ખલાસીઓના એક મહિનો સુધી જમીન ન દેખાતાં છક્કા છૂટી જતા ત્યારે, એ વખતે પણ ભારતના સાગરપુત્રો તરતા ફૂલ જેમ ચચ્ચાર મહિના તેની છાતી પર વિતાવતા. યુરોપિયનોની ગંધ પણ નહોતી પહોંચી ત્યાર પહેલાં એમણે હિંદી મહાસાગરની આખી કંઠાર આરપાર વસાહતો સ્થાપી દીધેલી. અને છેક ગઇ કાલ સુધીની મુઘલોની અને ત્યાર પછી છત્રપતિ શિવાજીની નૌસેના પણ ઈતિહાસમાં તાજી જ છે.

પરંતુ પશ્ચિમની એક પછી એક ગોઝારી જાતિઓ જેમ આપણે કાંઠે ઊતરતી ગઇ તેમ તેણે પહેલું ધ્યેય આપણી એ શક્તિનો લોપ કરવાનું જ રાખ્યું. હિંદ આવેલા એકેએક પોર્ટુગીઝ ગવર્નરનો અમલ એની સાક્ષી પૂરે છે. પરંતુ પોર્ટુગીઝો જે બળથી ન કરી શક્યા તે તેના ઉત્તરાધિકારી અંગ્રેજોએ છળથી સાધ્યું.

હજુ ગઇ કાલની આપણી નૌસમૃદ્ધિ પર ડબ્લ્યુ. એચ. લિંડસે લખે છે: 'ઈ. ૧૭૮૯માં પોર્ટુગીઝ લોકો જ્યારે પૂર્વના વેપારમાં પડ્યા હતા ત્યારે કંતાન શહેરમાં તેમની માલિકીનાં માત્ર ત્રણ વહાણો હતાં. ડચ લોકો પાસે પાંચ, ફ્રેંચો પાસે એક, ડેન્માર્કના લોકો પાસે એક, અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો પાસે પંદર અને અંગ્રેજ ઈસ્ટ ઇંડિયા કંપની પાસે ચાળીસ વહાણો હતાં; ત્યારે એ સમયે આ બધી પ્રજાઓનાં કુલ વહાણો જેટલાં વહાણો અંગ્રેજી મુલકમાં વસતી ભારતીય પ્રજા પાસે હતાં! ઉપરાંત એશિયાનો લગભગ સમસ્ત વેપાર ભારતમાં બનેલાં વહાણો મારફત જ ચાલતો હતો. કેપ ઑવ ગુડ હોપના રસ્તાની શોધ થવા પહેલાંથી આ વહાણો ભારતથી ચીન અને મલબાર કિનારાથી ઇરાનના અખાત તથા રાતા સમુદ્ર સુધી ફરતાં.'

પણ પછી અંગ્રેજ સત્તા સાર્વભૌમ બની ને હિંદી માલ હિંદી વહાણોમાં ઈંગ્લંડને કિનારે થોકબંધ ઊતરવા લાગ્યો ત્યારે ત્યાંના વેપારીઓએ એ માલ નીપજાવતા ઉદ્યોગો સાથે હિંદી વહાણવટા સામે યે પોકાર ઉઠાવ્યો ને શાસક સત્તાએ એ બંનેનો સાથે જ અંત આણ્યો.

છેક ઇ. ૧૮૫૭માં યે હિંદી વહાણોની સંખ્યા ૩૪,૨૮૯ હતી. પરંતુ હિંદી રાષ્ટ્રોત્થાનને કચડી અંગ્રેજ સત્તા સુદૃઢ બનતાં જ સઘળો પરદેશી વેપાર બ્રિટિશ જહાજોમાં થાય એવી કાળજી લેવાવા માંડી. પરિણામે અંગ્રેજ કંપનીઓ માતબર થતી ચાલી. સિત્તેર જ વર્ષ બાદ, ઇ. ૧૯૨૭માં હિંદી વહાણોની સંખ્યા માત્ર ૮,૬૪૦ની થઈ રહી ને જે વહાણ વડે નેલ્સને ટ્રફાલગરનું યુદ્ધ જીત્યું એ 'વિક્ટરી' જેવાં વહાણોની પજાવવા સમર્થ હિંદી ઉદ્યોગના કોણ જાણે કેટલા યે આંકડા કપાઈ ચૂક્યા.

આમ ઇતિહાસમાં પુરાણામાં પુરાણું હિંદનું સાહસ હિંદને કિનારે જ ગૂંગળાવી નાખવામાં આવ્યું, જ્યારે પરદેશી સ્ટીમર કંપનીઓ તેને કિનારે વધુ ને વધુ જાળાં ગૂંથતી ગઈ.

છેલ્લાં વરસોમાં કેટલાક હિંદી સાહસિકોએ ઇન્ડિયન મર્કન્ટાઈલ મરીન બાંધવા તનતોડ પ્રયાસો આદર્યા, પણ એ સઘળા ઊગતા જ સૂતા. એ બધી વિશીર્ણ કંપનીઓમાંથી કોઇ હિંદી કંપની પોતાની કરોડ સાબૂત રાખી શકી હોય તો તે એકમાત્ર સિંધીઆ સ્ટીમ નૅવિગેશન કંપની. મુંબાઇના શેઠ નરોત્તમ મોરારજીએ શ્રી કાલાચંદ દેવચંદ, સર લલ્લુભાઇ શામળદાસ ને શ્રી વાલચંદ હીરાચંદની સહાયે તેનો પાયો નાખ્યો. પરંતુ વિરોધી હિતોવાળા તરફથી તેને તોડી પાડવાની પ્રત્યક્ષ કે પરોક્ષ એક તક જતી કરવામાં ન આવી. એ આખો ઇતિહાસ લખવા બેસીએ તો તો એક દર્દનાક કિસ્સો બની રહે. આ પરિસ્થિતિનો સામનો કરીને પણ સિંધીઆ કંપની આપણા સાગરપ્રાણનું એકમાત્ર પ્રતીક બની રહી.''

અને હવે વાનગી જોઇએ શ્રી 'વનેચર' (હરનારાયણ આચાર્ય)ની લેખમાળા 'વનવગડાનાં વાસી'માંથી: ચાષ પખી વિષે:

''દશેરાના દિવસે જેનું પુણ્યદર્શન કરીને ભાવિક હિન્દુઓ કૃતાર્થ થાય છે, એ પખી તે ચાષ. આખું વરસ એની ઉપેક્ષા કરી માત્ર દિવાળી ઉપર જ સ્વાર્થ પૂરતો એનો પરિચય કરવાનો રિવાજ હોવાથી, આપણે ત્યાં ઘણા લોકો ચાષને પરદેશી (યાયાવર) પંખી ગણે છે. પણ ચાષ આપણે ત્યાં બાર માસ રહેનારુ પખી છે; અને તે પણ એટલું વ્યાપક કે ગામના પાદર, બાગબગીચા તેમજ ખેતરપાદરમાં એ ડગલે ને પગલે નજરે પડશે. સ્વભાવે છે અતિ સૌમ્ય, નિરુપદ્રવી. ઝાઝો કલબલાટ કરવાની ટેવ પણ નહિ. માત્ર એનો આ સંયમ છૂટી જાય છે શીતકાલમાં. ફેબ્રુઆરી એનો સંવનન કાલ. એ પ્રસંગે ચાષના ઉન્માદ અજબ તરેહનો હોય છે. સૂર્યોદય ટાણે જ હોય એવે વખતે એ પાંખો પર ઊંચે ઊડે છે. પચીસ ત્રીસ ફૂટ ઊંચે ચડ્યો કે ત્યાં જ અટકી પાછો હેઠે ઊતરવા માંડે છે. પણ સીધેસીધો નહિ પરંતુ ગુલાંટ ખાતો, ગિરક કરતો. થોડું પડ્યો કે તરત જ કળ લઇને પાછો ઊંચે ચડે છે અને ફરી પાછો ગુલાંટ



વિવિધ નીલવર્ણની છોળો ઉરાડતો ઉન્મત્ત ચાષ

પર ગુલાંટ ખાતો હેઠે આવે છે. આ વખતે એના શરીરવર્ણની વાદળી ભભકથી આખું વાતાવરણ રંગાઈ જાય છે. એની આમ ગુલાંટ ખાવા (roling)ની ટેવને લીધે અંગ્રેજો એને IndianRoller નામથી ઓળખે છે. વળી એના રંગની ભભકથી એનું Blue-Jay એવું નામ પણ પડ્યું છે. ચાષનું અન્ય નામ નીલકંઠ. એને ઉત્તરગુજરાતમાં 'લીલછા' કહે છે.

કદમાં ચાષ એકાદ ફૂટ લાંબો અને ભરાવદાર શરીરવાળો. તેનાં અંગો રંગની વિવિધ છાયાથી રંગાએલાં છે. રૂપેરંગે નયનાભિરામ છતાં ચાષ બેઠો હોય છે ત્યારે કેવળ ધૂળિયા વરણનો દેખાય છે. એના વર્ણવિભ્રમથી છેતરાઇ ઘણા ભણેલા ગણાતા પણ ચાષ અને કલકલિયા વચ્ચેનો ભેદ પારખી શકતા નથી. વાસ્તવિક રીતે તો આ બંને પંખી વચ્ચે આવો ભ્રમ થવાનું કંઈ જ કારણ નથી. બંનેની દેહરચના ભિન્ન પ્રકારની છે, બંનેના વાન પણ જુદા છે. એ બધું યાદ ન રહે તો પણ એમને ઓળખવાની એક અમોઘ ચાવી છે; અને તે એમની ચાંચો. કલકલિયાની ચાંચ ભાલા જેવી અણીદાર, માથા કરતાં બમણી લાંબી; ચાષની ચાંચ છેડેથી બુઠ્ઠી અને એના માથા જેવડી જ. કલકલિયાની ચાંચ ઘેરી લાલ, ચાષની મેલી બદામી. બીજું બધું ભુલાઈ જાય છતાં આટલું યાદ રહે તો પણ કલકલિયાનો ચાષ નહિ બની જાય. એપ્રિલથી જૂનના અંત સુધીનો આ સમય એનો ગર્ભાધાનકાળ છે.''

> જગતનો ઇતિહાસ એ એક મહાકાવ્ય છે. તેમાં પ્રત્યેક રાષ્ટ્રનો ઇતિહાસ એ એકએક અધ્યાય છે, અને પ્રત્યેક માણસનું ચરિત્ર તેનો એક એક શબ્દ છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : પાનેતર · નેત્ર

લગ્નવેળા—વિવાહવેળા કન્યાને પહેરવાના શ્વેત રેશમી વસ્ત્ર લેખે 'પાનેતર' સાથે મંગળમધુર સંસ્કાર સંકળાએલા છે. વિવાહમાં આવું પાનેતર પહેરવાનો રિવાજ ગુજરાતમાં કાંઇ નહિ તો અગિયારમી-બારમી શતાબ્દીથી તો હતો જ, એ હકીકત આપણે હેમચંદ્રના 'ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર'માં એક સ્થળે આવતા વિવાહવર્ણન ઉપરથી કહી શકીએ છીએ. ત્યાં કન્યાને 'પારિણેત્ર' વસ્ત્ર પહેરાવીને તૈયાર કર્યાનું કહ્યું છે. આ 'પારિણેત્ર' એ જ 'પાનેતર'નું મૂળ રૂપ.

'પારિણેત્ર'માં 'નેત્ર' શબ્દ રહેલો છે. આ 'નેત્ર' એટલે ઝીણું, મુલાયમ, રેશમી વસ્ત્ર. મહારાજ હર્ષવર્ધને 'નેત્ર'નું ધોતિયું પહેર્યું હોવાનો 'હર્ષચરિત'માં બાણભટ્ટે નિર્દેશ કર્યો છે. આશરે ૧૩મી શતાબ્દીના અપભ્રંશ કાવ્ય 'સંદેશરાસક'માં નાયિકાને 'નેત્ર'ની ચોળી પહેરેલી વર્ણવી છે. મધ્યકાલીન વસ્ત્રવર્ણનોમાં 'નેત્રાંબર' અને 'નીલઉ નેત્ર' એટલે કે 'લીલા રંગનું નેત્ર' ઊંચી જાતનાં વસ્ત્રોમાં ગણાવ્યાં છે. 'પારિણેત્ર' કે 'પાનેતર' આ નેત્રનો જ ખાસ પ્રકાર હોવાનું સમજાય છે.

હરિવલ્લભ ભાયાણી

નવસર્જનની તેજસ્વી પ્રતિભા
ઝયાં કોક્તૉ

One must be a Living man and a posthumous artist. —*Jean Coctem*

જીવનની જડતાને, રૂઢિને, સ્થિરતાને એનાં મૂળિયાં સાથે કલાના એક એક માધ્યમ દ્વારા ઉખેડી નાખીને અંતકાળ સુધી 'જીવંત' રહેનાર ફ્રેન્ચ કવિ, નાટ્યકાર, ચિત્રકાર... ઝયાં કોક્તૉ અવસાન પામ્યો છે (ગયા વર્ષની ૧૧મી ઑક્ટોબરે) એમ શી રીતે કહીશું?


કલાના કોઈ એક સ્વરૂપને વળગી રહેવાનું કોક્તૉ માટે શક્ય જ ન હતું. કવિતા, ચિત્રકળા, ફિલ્મ, નાટક, નિબંધ, વિવેચનથી માંડી અન્ય-સુશોભન-કલા સુદ્ધાંને એણે સ્પર્શ કર્યો. અને જ્યાં એનો સ્પર્શ થયો ત્યાં કોક્તૉની આગવી—નિજી પ્રતિભા ખીલી ઊઠી છે.

કોક્તૉએ એના તોંતેર વર્ષના જીવનમાં યૌવનકાળની વસંતઋતુને સદા મહેકતી રાખી છે. એનામાં એ આવડત હતી—વસંતને માણવાની; તેથી જ એ કહે છે: 'તમારે યુવાન રહેવું હોય તો...તો હમેશાં નવેસરથી શરૂઆત કરો.' અને કલાના દરેક ક્ષેત્રમાં એણે નવેસરથી, પોતાનીરીતે જ શરૂઆત કરી હતી.

ફ્રેન્ચ સાહિત્યમાં કોક્તૉની પ્રતિભા અનેક સ્વરૂપે ફેલાઈ ગઈ છે. એની પ્રતિભાનાં બીજમાં કોઈ વિશાળ વડલાની ચેતનાનું બીજ હતું. એ બીજ જે ધરતી ઉપર સ્પર્શતું ત્યાં શાખા-પ્રશાખાઓસહ વિસ્તરી જતું અને એની

•

૭૪ વર્ષે ગુજરી ગએલો ફ્રેન્ચ કવિ, નાટકકાર, નવલકાર, ચિત્રકાર, વિવેચક અને ફિલ્મ-સર્જક તથા દિગ્દર્શક-સર્વતોમુખી પ્રતિભા—ઝયાં કોક્તૉ એ પાકટ વય સુધી 'તીખો તરુણ' કહેવાવા જેટલો નવસર્જનનો અગ્રચારી હતો.



પ્રતિભા જેટલી બહુમુખી હતી એટલી જ રંગીન પણ હતી.

માઈસોં-લાફીત નામના પારી(સ)ના એક પરામાં સંગીત અને કલાને વરેલા એવા કુટુંબમાં જુલાઈ ૫, ૧૮૮૯માં કોક્તૉનો જન્મ થયો; અને બાર-તેર વર્ષની વયે તો એનામાં કવિતાનો સળવળાટ શરૂ થઈ ગયો. એની કવિતાઓની થોડી પંક્તિઓ જોતાં જ એને 'adolescent prodigy' ગણી વધાવી લેવામાં આવ્યો. સોળ વર્ષની વયે કવિતાનો પહેલો સંગ્રહ 'Aladdin's Lamp' પ્રગટ કર્યો. થોડા જ સમયમાં બીજાં બે પુસ્તકો 'The Frivolous Prince' અને 'The dance of Sophocles' પ્રગટ કર્યાં. પરન્તુ આ સર્જનથી તો એનો અસંતોષ અને અજંપો વધી ગયાં. એનો માંહ્યલો વિદ્રોહ કરી ઊઠ્યો: 'I became ridiculous, a spendthrift, a babbler, taking my squandering and babbling for eloquence and prodigality....One must be burnt alive in order to reborn.'

અને ૧૯૧૩માં એણે 'The Potomak' દ્વારા નવો જન્મ લીધો. એ ગ્રંથનાં ચિત્રો, કાવ્યો અને ગદ્યના કેટલાક સંવાદો દ્વારા એનામાં રહેલા સાચા સર્જકને એણે પિછાન્યો, ને ફ્રેન્ચ સાહિત્યના અભ્યાસીઓએ એની મુક્ત કંઠે પ્રશંસા કરી. એના લખાણનું પ્રત્યેક વાક્ય એ વાતને સાકાર કરવા લાગ્યું કે, 'The idea is born from it just as a dream varies each time a sleeper turns.' એના શબ્દોમાં મંત્રમુગ્ધતાનું જોર હતું.

પ્રથમ મહાયુદ્ધની કામગીરીમાંથી મૃત્યુ વિષેના વિચારોએ એની કવિતા ઉપર ઘેરી અસર કરી. ૧૯૧૬ના ગાળામાં કોક્તૉ ચિત્રકાર પિકાસો અને રશિયન બૅલેના કલાકાર ડાઘીલેવ(Diaghilev)ના પરિચયમાં આવ્યો




ટપાલ-ટિકિટ માટે કૉક્તૉએ સર્જેલું ડિઝાઈન

અને એનું સર્જકબીજ ચિત્રકળા તથા નાટકની ધરતીમાં પડ્યું. એ બંનેની સાથે ભજવેલા 'Parade' નાટકે (૧૯૧૭) તરખાટ મચાવી દીધો. ૧૯૨૧ થી ૧૯૨૩ના અરસામાં એક કાવ્યસંગ્રહ (Vocabulaire), વિવેચનનું પુસ્તક (Le Secret Professional), બે નવલકથાઓ અને એક લાંબું કાવ્ય પ્રગટ થયાં.

૧૯૩૦ સુધીમાં તો કોક્તૉ નિબંધો, નવલકથાઓ, નાટકો (લેખન-દિગ્દર્શન-ભજવણી અભિનય), બૅલે અને ચિત્રકલાના વિશ્વમાં ઘૂમી વળ્યો હતો અને પછી થોડા જ સમયમાં એણે ફિલ્મની દુનિયામાં એક નવી જ દૃષ્ટિ, નવો જ પ્રવાહ શરૂ કરી દીધો. 'The blood of a poet'ના ચિત્રનું નિર્માણ એની આગવી અને મૌલિક સિદ્ધિ હતી. સાથે જ એક નાટક 'The infernal machine' લખી ભજવ્યું. એ પછી 'The Knights of The Round Table' લખ્યું. એનું 'Intimate Relations' નામનું નાટક બસો રાત્રિઓ સુધી એકધારું લોકોએ વધાવી લીધું હતું.

૧૯૧૩ થી ૧૯૩૯ના સર્જનકાળ દરમિયાન સમગ્ર વિશ્વની ચેતનાના એકેએક ધબકારને કોક્તૉ એક સીસ્મોગ્રાફની સંવેદનાથી પોતાના



કોક્તૅાની અપ્તરંગી આલેખનાનો એક નમૂનો

સર્જનમાં ઝીલતો જણાય છે. ૧૯૫૩માં પ્રગટ થએલા નિબંધસંગ્રહ 'The hand of a stranger'માં એણે રૂઢિગત વિચારો અને ખોટી રીતે સ્થપાએલાં મૂલ્યો ઉપર પ્રહાર કર્યા છે. આ પુસ્તકમાંનું 'Distances'નું લખાણ તો કેટલાંક prophetic કહી શકાય એવાં કથનોને કારણે યાદગાર રહેશે.

સિત્તેર વર્ષની ઉંમરે છેક જીવનની સંધ્યાએ કોક્તૅાએ મકાન બાંધ્યું ત્યારે કોઇકે પૂછયું: 'હવે તમે આ મકાન તો બાંધી લીધું; પણ ધારો કે આ મકાનમાં આગ લાગે તો તમે એમાંથી કઈ વસ્તુને બચાવી લ્યો?' કોક્તૅાએ ઘડીક વિચાર કરી જવાબ આપ્યો: 'Well I think I would carry off the fire.' હું તો આગને જ સાથે લઇને બહાર નીકળી પડું!'

જીવનભર અવિરતપણે સર્વ લલિતકલાના ક્ષેત્રમાં અગ્રચારી રહેલા કોક્તૅાનું સંમાન પણ એવું જ થએલું: ફ્રેંચ અકાદમી, માલામ અકાદમી અને બેલ્જિયમ અકાદમીએ એને સભ્યપદ અર્પ્યું; ઑક્સફર્ડે ડૉક્ટરેટ આપ્યું, ન્યૂયૉર્ક યુનિવર્સિટી ઑવ આર્ટસે, બર્લિન યુનિવર્સિટીએ તેમજ ઉરુગ્વે યુનિવર્સિટીએ પણ સભ્યપદથી એને સંમાન્યો. કૈં કેટલી યે નિર્ણાયક સમિતિઓના અધ્યક્ષપદે એ રહેલો.

નવાં પ્રકાશનો

નવજીવન પ્રકાશન મંદિરનાં

મહાત્મા ગાંધી: પૂર્ણાહુતિ (પુસ્તક પહેલું) ગાંધીજીના જીવનના અંતિમ, રોમાંચક અને સૌથી યશસ્વી ભાગનું નિરૂપણ કરતા શ્રી પ્યારેલાલના પ્રખ્યાત દળદાર અને પ્રમાણભૂત પુસ્તક 'મહાત્મા ગાંધી-ધ લાસ્ટ ફેઈઝ'નો ઉત્તમ ને સિદ્ધહસ્ત ગુજરાતી અનુવાદ-કરનાર: મણિભાઈ ભ. દેસાઈ. (કિં. ૭-૦૦). **કેટલાક જૂના પત્રો** (૮-૦૦). પંડિત જવાહરલાલ નેહરુએ પોતાના ઉપર આવેલા અને કેટલાક પોતે અન્યને લખેલા પત્રોમાંથી રસભર ને દસ્તાવેજી હકીકતો ધરાવતી ચૂંટણીનો આ સંગ્રહ આઝાદીની લડતનો લગભગ સમગ્ર ગાળો આવરી લે છે. એ લડતને દોરવણી આપનાર તથા તેમાં આગળપડતો ભાગ લેનાર દેશના અગ્રગણ્ય નેતાઓના આ પત્રો એ લડતની અત્યાર સુધી અજ્ઞાત એવી કેટલીક બાબતો પર પ્રકાશ પાડે છે અને એ રીતે એનું ઐતિહાસિક મૂલ્ય પણ છે.

જીવન વ્યવસ્થા (૪-૦૦). કાકા સાહેબ કાલેલકરના, વિવિધ ધર્મો, ધાર્મિક સુધારણા, ધર્મગ્રંથો, ધર્મનાં રહસ્યોનું ઉદ્ઘાટન, મંદિરો તથા તદ્વિષયક પ્રાસંગિક લેખોનો સંગ્રહ. **વિદ્યાર્થિનીને પત્રો** (રૂ. ૧-૫૦) કાકા કાલેલકરના પ્રેરક પત્રો. સંપાદકો: સૌ. અરુણા દેસાઈ અને હૃષીકેશ મારુ, **હિંદના સરદાર** વલ્લભભાઈ પટેલનું પ્રેરક જીવનચરિત્ર લેખક: રાવજીભાઈ મ. પટેલ (રૂ. ૨).

પંડિતજી-પોતાને વિષે શું ધારે છે તે નિરૂપતા તેમજ વિવિધ પ્રશ્નોના પં. નેહરુના ઉત્તરો. રામનારાયણ ચૌધરીના જાણીતા મૂળ હિંદી પુસ્તક પરથી કરીમભાઇ વોરાએ કરેલો અનુવાદ (૩-૫૦).

કિશોરલાલભાઈના જીવન-પ્રસંગો શૈશવથી માંડીને અંતિમ દિવસો સુધીના જીવનપટમાંથી તેમના ચરિત્રની વિશેષતાઓને રજૂ કરતી પુસ્તિકા, જેની સાથે સ્વ.ની જીવનઝરમર પણ અપાઈ છે. સંપાદક: મુકુલ કલાર્થી. (રૂ. ૧) **ગાંધી વિચાર દોહન** સ્વ. કિશોરલાલ મશરૂવાળાના એ લોકપ્રિય પુસ્તકની સુધારેલી નવી આવૃત્તિ (રૂ. ૨).

વિરાટ દર્શન (૧-૫૦) ગાંધીજીના સાત અંતેવાસી તથા લૉર્ડ માઉન્ટબૅટનના જીવનના કેટલાક પ્રસંગો. લેખિકા: મનુબહેન ગાંધી.

સુવર્ણદાન (૪૦ પૈ.) લોકહિતાર્થે ગાંધીજીએ પોતાનાં ઘરેણાંઓનું દાન કરી દેવાની લોકોમાં જે અદ્ભુત પ્રેરણા પ્રકટાવી હતી તેના પ્રેરક પ્રસંગો. સંકલન: યુ. આર. રાવ. (કિં. ૫૦ ન.પૈ.). **વર્ણાશ્રમ ધર્મ ને લોકશાહી: સાચી અને ભ્રામક** (૮૦ ન. પૈ.) વિષેના ગાંધીજીના વિચારો. બંનેનું સંકલન: આર. કે. પ્રભુ. **કુદરતી ઉપચાર** (૨-૦૦)-ઉરુલીકાંચનના નિસર્ગોપચાર આશ્રમના મુખ્ય ચિકિત્સક ડૉ. શરણ પ્રસાદના 'પ્રાકૃતિક ચિકિત્સાવિધિ' નામે હિંદી પુસ્તકનો સચિત્ર ગુજરાતી અનુવાદ, કરનાર: જિતેન્દ્ર દેસાઈ. **સહકાર** પરનાં ગાંધીજીનાં લગભગ બધાં પ્રસ્તુત અવતરણોને આવરી લેતી પુસ્તિકા (૭૫ ન.પૈ.). સંકલન: હરિપ્રસાદ વ્યાસ.

અનડા પ્રકાશનનાં

ગુજરાત યુનિવર્સિટીના નવા ત્રિવાર્ષિક સ્નાતક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓએ કરવાના કેટલાક ઐચ્છિક તથા વિશિષ્ટ અભ્યાસ માટે, યુનિવર્સિટીએ જ સૂચવેલા સંદર્ભગ્રંથો તથા બીજા પણ કેટલાક પ્રમાણભૂત ગ્રંથોનો ઉપયોગ કરીને, તે તે વિષયના તજજ્ઞો પાસે આ પ્રકાશન પેઢીએ કેટલાંક પુસ્તકો લખાવીને પ્રકટ કર્યા છે. તે તે વિષયના અભ્યાસીઓને તો આ પુસ્તકો ઉપયોગી છે જ, ઉપરાંત અન્ય જિજ્ઞાસુઓને પણ એમાંના કેટલાક વિષયોનો સારો પરિચય આપે એવી એની રજૂઆત હોઈ એ દૃષ્ટિએ પણ આ પુસ્તકો ઉપયોગી છે.

સામાન્ય મનોવિજ્ઞાન (કિં. ૬-૦૦) લેખકો: ભટ્ટ, ભટ્ટ, કાપડિયા અને કોઠારી. પ્રારંભિક કક્ષાનું, છતાં મનોવિજ્ઞાનનો વિશિ-





ડાબી બાજુ: ફૂટડો હેન્રી રીએથ્સ્લી. સૉનેટ લખાયાં તે કાળે
જમણી બાજુ: રીએથ્સ્લી (સાઉધૅમ્પ્ટન) ટાવર ઑવ લંડનમાં

અનુસંધાન] **શેક્સપીઅર** [પૃ. ૧૩૯થી

કરવા યુવાનો ઇંતેજાર હતા. વિદ્યાપીઠોમાં ભણતા યુવાનો જ્ઞાનના સનાતન વારસામાં ઉમેરો કરવાની ધગશ સેવતા થઈ ગયા હતા. અંગ્રેજ સેના જ્યાં જતી ત્યાં લોકોની આંખોને અંજાવતાં પરાક્રમો કરી બતાવતી. નવા દેશો શોધવા દરિયો જાણે યુવાનોને આહ્વાન આપી રહ્યો હતો. રાણી માટે અંગ્રેજ પ્રજાજન ગૌરવ અનુભવતો. ઇંગ્લંડ જેટલો સારો દેશ બીજો કોઈ હોઈ શકે એમ માનવાની અંગ્રેજો ના પાડતા. અંગ્રેજમાં શૌર્ય હતું ને એથી યે વધારે આત્મવિશ્વાસ હતો. પોતે કોઈ પણ તક ઝડપી લે અને પ્રયત્નોની પરાકાષ્ઠા કરે તો સફળ થયા વિના ન જ રહે એવા દુર્દમ્ય આત્મવિશ્વાસથી એ ગમે તે કાર્યમાં ઝંપલાવવા તૈયાર હતો. વિદ્યાપીઠમાં ભણતો દરેક વિદ્યાર્થી કાવ્ય પર હાથ અજમાવતો. નાટકો પણ લખાતાં ને ભજવાતાં. ઇંગ્લંડની રાણી કુંવારી હતી ને કુંવારી રહેવા માગતી હતી. એને પરણવાના યુરોપના કેટલા ય રાજાઓને કોડ હતા. માની જાય તો ઠીક, નહિ તો ચડાઈ કરીને પણ રાણીને જીતવી એવું પણ કેટલાક માનતા. આથી કોઈ પણ ભોગે રાણીનું ને દેશનું રક્ષણ કરવું એવી ભાવના અંગ્રેજોમાં પ્રવર્તતી હતી. એવા ઉત્સાહ, શૌર્ય ને આત્મવિશ્વાસભર્યા વાતાવરણમાં શેક્સપીઅરે પ્રવેશ કર્યો ત્યારે મનઃચક્ષુ સામે દેખાતું હતું: સદ્‌ગૃહસ્થનું જીવન.

શેક્સપીઅરે નાટ્યક્ષેત્રમાં પ્રવેશ કેવી રીતે મેળવ્યો તે વિષે પણ ચોક્કસ માહિતી મળી શકતી નથી. કહેવાય છે કે શરૂમાં તો તે થીએટર બહાર નાટકો જોવા આવેલા પ્રેક્ષકોના ઘોડા સાચવતો. સંભવ છે કે આ રીતે એ રંગમંચ પર કામ કરતા લોકો સાથે પરિચય કેળવી શક્યો હશે અને વખત જતાં તેઓમાંનો એક બની, અભિનયનો અભ્યાસ કરી આખરે નાટકમંડળીમાં પાત્રો ભજવતો થયો હશે. તે સિવાય શેક્સપીઅરના ત્યાંના જીવન વિષેની માહિતી પણ ખાસ મળતી નથી.

અહીં વિચાર કરવા જેવો એક પ્રશ્ન ઊભો થાય છે: સદ્‌ગૃહસ્થ બનવાની ઇચ્છાથી લંડન આવેલા શેક્સપીઅરે નાટકના જ ધંધામાં શા માટે પ્રવેશ કર્યો હશે? એ યુગમાં નટોને ('નટ' શબ્દ હું ગુજરાતી રૂઢાર્થમાં પ્રયોજતો નથી, મૂળ સંસ્કૃત અર્થમાં પ્રયોજું છું) સમાજમાં જરાયે માન મળતું નહિ, એટલું જ નહિ પણ તેઓ સમાજમાં અનિષ્ટ તત્ત્વોમાં ગણાતા. શેક્સપીઅરના જીવનમાં—અથવા બધાં જ જીવનમાં—ઘણી વાર જે વિરોધાભાસ દેખાયા કરે છે, તેમાંનો આ પણ એક છે. એ વખતે નટોને સારા અને મોટા માણસો તરફથી આશ્રય મળતો અને તેઓ અમુક અમુક અમીર કે ઉમરાવના માણસો તરીકે ઓળખાતા. સંભવ છે કે કોઇના આશ્રય દ્વારા શિષ્ટ સમાજમાં પ્રવેશ મેળવીને એમાં પ્રગતિ સાધી શકાશે એવી શેક્સપીઅરની ધારણા હશે.

તખ્તા પાછળની દુનિયામાં દાખલ થયા પછી શેક્સપીઅરે નટ તરીકે ક્યારે અને કેટલી ભૂમિકાઓ ભજવી તે વિષે પણ ખાસ માહિતી ઉપલબ્ધ નથી. શરૂઆતમાં એણે નાની નાની ભૂમિકાઓ ભજવી હશે. જરૂર પડયે ભજવાતાં નાટકોમાં ક્યાંકક્યાંક શબ્દો કે વાક્યો ઉમેરી આપ્યાં હશે અથવા એનાથી યે વધુ ફેરફાર કરી આપ્યા હશે. એટલું કહી શકાય કે એની પ્રગતિ જોઈ પ્રતિસ્પર્ધીઓ અદેખાઈ અનુભવવા લાગ્યા અને તેમાંના એકે તો જાહેરમાં એનો સ્પષ્ટ ઉલ્લેખ પણ કર્યો. નાટકકાર ગ્રીન ઈ. ૧૫૯૨માં મૃત્યુ પામ્યો તે અગાઉ એણે કેટલાંક વિધાનો કરેલાં. તેના પડઘા આજે ય સંભળાય છે. એણે લખ્યું: "કોણ જાણે ક્યાંથી એક આગંતુક ફાટી નીકળ્યો છે. આપણાં પીછાં લઈ એ પોતાની જાતને શણગારે છે......એ માને છે કે તમારામાંના શ્રેષ્ઠ કવિ જેટલી જ સહેલાઇથી પોતે નિર્બંધ કાવ્યની ધારા રેલાવી શકે છે, અને એ 'બધા-ધંધા-કરવાવાળો' જૉન એવો ઘમંડ રાખે છે કે દેશમાં એના જેવા 'પડદા-હચમચાવનાર' કોઇ નથી." એટલે, લંડન આવ્યા પછીનાં પાંચ જ વર્ષોમાં શેક્સપીઅરને એટલી ખ્યાતિ મળી કે ગ્રીનને આ રીતે ઊભરો ઠાલવવો પડયો! એના વિધાનમાં એવો સ્પષ્ટ આરોપ છે કે બીજાઓની કૃતિમાંથી તફડંચી કરી શેક્સપીઅરે પોતાની કૃતિઓ રચી; અને 'બધા-ધંધા-કરવાવાળા'માં શેક્સપીઅર ભણેલો ન હતો, સારા કુલીન કુટુંબનો ન હતો અને થીએટરમાં જરૂર પડે તે બધાં કામ કરતો હતો એવી નિંદા સ્પષ્ટ દેખાય છે. પરંતુ આવી અસભ્ય અને કોઈ પણ સુસંસ્કૃત કવિને ન છાજે એવી ભાષા વાપરવી પડી હશે ત્યારે લેખકને કેટલું દુઃખ થયું હશે કે શેક્સપીઅરની ખ્યાતિ કેટલી બધી વધી ગઇ હશે એનું માપ કાઢી શકાય.

આમ એક તરફ તે ખ્યાત થતો જતો હતો ત્યારે એના કૌટુંબિક જીવનમાં શું થતું હતું? માહિતી મળી શકતી નથી. એટલું જ જાણવા મળે છે કે ૧૫૮૩ની ૨૬મી મેએ એની પ્રથમ બાળકી સુસાનાનો જન્મ થયો હતો. વીસ મહિના પછી એને ઘેર જોડિયાં બાળકો—પુત્ર અને પુત્રી—અવતર્યાં. પુત્રનું નામ હૅમ્નેટ, પુત્રીનું જ્યૂડિથ. ૧૫૯૬માં હૅમ્નેટ મૃત્યુ પામ્યો અને વંશચ્છેદ થયો. શેક્સપીઅરને આ ઘણો કારી ઘા હતો. પણ 'સદ્‌ગૃહસ્થ' બનવાના કોડ હજી અધૂરા હતા. ઈ. સ. ૧૫૯૬માં એના પિતાને નામે કોઈએ—કદાચ શેક્સપીઅરે જ—અરજી કરીને કુટુંબને માટે એક Coat of Arms—કુટુમ્બના માનચિહ્નની માગણી કરી, જે સ્વીકારાઇ અને શેક્સપીઅરનો પિતા સદ્‌ગૃહસ્થ તરીકે ઓળખાયો. ત્રણ વર્ષ પછી શેક્સપીઅરે અરજી કરીને માતાના કુટુંબનાં ચિહ્ન પોતાના કુટુંબના માનચિહ્નમાં ઉમેરવાની રજા માગી અને તે પણ મળી. હવે શેક્સપીઅરને સદ્‌ગૃહસ્થ—એક સારા ખાનદાનના નબીરા તરીકે સ્વીકારવામાં આવ્યો. મહત્ત્વાકાંક્ષા ફળી અને જીવનની નિરાશા તથા દુઃખમાં તેને થોડી હૂંફ મળી.

આપણે જોઇ ગયા કે એ જમાનાની પ્રજા દરેક દિશામાં જવા ઇચ્છતી હતી. સ્વદેશાભિમાનનો જુવાળ દેશ આખામાં ફરી વળ્યો હતો. દેશનો ભૂતકાળ કેવો હતો તે જાણવાની ઇચ્છા ઘણાને હતી. તેથી ઐતિહાસિક નાટકો ત્યારે ખૂબ લોકપ્રિય હતાં. મોટા ભાગના લોકો ત્યારે નિરક્ષર હતા એટલે લોકશિક્ષણ માટે રંગભૂમિ એક સુંદર સાધન હતું. નાટકના લોકોને ઇતિહાસ ભજવી બતાવવામાં આવે તો ઉપયોગી નીવડે એમ હતું. શેક્સપીઅરે આ તક ઝડપી લીધી અને એણે ઐતિહાસિક નાટકો લખી લોકોનું ધ્યાન જીવનના અગત્યના પ્રશ્નો તરફ દોર્યું. કલાની

દૃષ્ટિએ એ નાટકોમાં ક્ષતિઓ ઘણી છે. મુખ્ય તો એ સુબદ્ધ નથી. ઈતિહાસકારે લખેલી વસ્તુઓ સ્વીકારવી પડે અને પાત્રાલેખનને સ્વતંત્ર અવકાશ ન મળે તો લેખકની પ્રતિભા રૂંધાઇ જાય એ સ્પષ્ટ છે. ઈતિહાસમાં જે એક પછી એક બનાવ બનતા જાય તેમાં પહેલાંની ઘટના સાથે આગળની ઘટના સુસંબદ્ધ હોય છે જ એમ કહી શકાય નહિ. વળી પાત્રો વિષેના લોકોના ખયાલોને અવગણીને લેખક પોતાના દૃષ્ટિબિંદુને યોગ્ય લાગે તેમ પાત્રનું નિરૂપણ કરે તો એ લોકોને ગમે નહિ. અમુક ઘટનાઓ કવિએ ચીતરેલા પાત્ર સાથે સુસંગત ન હોય તો પણ તે સત્ય હોવાથી કવિને નિરૂપવી જ પડે. એમાં કાવ્ય કે સાહિત્યને કદાચ રસક્ષતિની હાનિ પહોંચે. આની સાથે કવિને એ પણ ધ્યાનમાં રાખવું પડે કે માત્ર ઇતિહાસકથન કરવાથી કલાનો હેતુ પૂરો થતો નથી. ઈતિહાસમાંથી કંઇક સાર તારવીને લોકોને બતાવવો જોઇએ. ઈતિહાસમાંથી ભલે:લોકો કોઇ પાઠ શીખી ન લેતા હોય, પણ તેઓ ધારે તો ઇતિહાસમાંથી ઘણું શીખી શકે. એ પાઠ તરફ કવિએ લોકોનું ધ્યાન દોરવું જોઈએ અને કેટલીક વાર લોકોને અપ્રિય એવી વસ્તુઓ પણ એમને ગળે ઉતારવી જોઈએ. એમ કરવામાં ઈતિહાસના હાર્દને કોઈ રીતે અન્યાય ન થાય એ એણે જોવું જોઇએ. એનું વર્ણન નિષ્પક્ષપાતી હોવું જોઈએ. પોતાને પ્રિય એવા સિદ્ધાંતોનું સમર્થન કરવાની ધગશમાં એણે હકીકતને મચડી ન નાખવી જોઇએ. ભૂતકાળમાંથી વર્તમાનને કાંઈક માર્ગદર્શન મળી શકે છે એમ પ્રેક્ષકોને લાગે તો જ તેમને ઐતિહાસિક નાટકોમાં રસ પડે. બાકી મનરંજન માટે તો વર્તમાનમાંથી એમને જોઈએ તેટલો મસાલો મળી શકે છે. અને વિશ્વકવિને તો એ ઉપરાંત પણ બીજું ઘણું જોવાનું હોય છે. સમકાલીન લોકોને રીઝવવામાં જ એને સંતોષ મળતો નથી. એની દૃષ્ટિ ભવિષ્ય તરફ પણ હોય છે. ભવિષ્યકાલીન લોકોને જેમાં રસ પડે એવું કોઇ સનાતન સત્ય એને પોતાની કૃતિમાં બતાવવું પડે. શેક્સપીઅરે આ બધી મુશ્કેલીઓનો સામનો કર્યો.

ત્યારે હૉલિન્શેડે ઇંગ્લંડનો ઇતિહાસ લખ્યો હતો. એની બીજી આવૃત્તિ ઈ. ૧૫૮૭માં બહાર પડી. શેક્સપીઅરનાં પ્રિય પુસ્તકોમાં એ એક હતું. એની શૈલીથી એ પ્રભાવિત થયો હતો. એમાંથી પ્રસંગો લઇ તેણે નાટ્યવસ્તુ તરીકે ઉપયોગ કર્યો. ત્યાં જ એ અટક્યો નહિ; ઘણી વાર એણે હૉલિન્શેડમાંથી ફકરાના ફકરા લઇ લીધા. હૉલિન્શેડની શૈલી સુંદર હતી. એ ગદ્ય શૈલીને કવિતામાં ઉતારવી એટલું જ શેક્સપીઅરનું કામ હતું. આપણને આશ્ચર્ય થાય છે કે એણે કશાની પરવા કર્યા વગર આ વસ્તુઓ ઉઠાવી લીધી; પણ એણે અનુપમ સૌંદર્ય આપી અનન્યરીતે એની રજૂઆત કરી. હૉલિન્શેડમાં ન દેખાતી એવી ફિલસૂફી એણે પોતાનાં નાટકોમાં બતાવી. તત્કાલીન પરિસ્થિતિને ઉચિત એવી ઘટનાઓ જ તેણે શોધી લીધી, એટલે પ્રેક્ષકોને ભૂતકાળના બનાવોમાં પોતાના સમયને અનુકૂળ એવો અર્થ શોધવાની સુવિધા મળી.

ઇંગ્લંડના ઇતિહાસમાં આજે આપણે બહુ રસ ધરાવતા નથી એટલે એ નાટકોમાં આપણને રસ નહિ પડે એમ માની આપણે એની ઉપેક્ષા કરીશું તો ભૂલ કરીશું. એ નાટકોનું ક્લેવર સોળમા સૈકાનું ભલે હોય, એમનો આત્મા ચિરંતન સમયનો છે. શેક્સપીઅરને 'વ્યવસ્થા'(order) પ્રિય હતી. લોકોએ રાજાજ્ઞામાં રહેવું જોઇએ એમ એ માનતો. લોકો તરફ એને એક વાતે ચીડ પણ હતી. લોકો રાજકારણ સમજવાનો ડોળ કરે ને દરેક વાતમાં માથું મારે એ એને જરા યે ગમતું નહિ. લાંબો વિચાર કરવાની શક્તિ લોકોમાં હોતી નથી, પવન બદલાય તેમ તેમનાં માનસ બદલાય છે, તેઓ આજે જેનાં વખાણ કરતા હોય તેને આવતી કાલે ફગાવી દેતાં એમને કશો ક્ષોભ થતો નથી, એટલે એમના પર બહુ વિશ્વાસ ન રાખવો જોઇએ એવાં વિધાનો દૃઢતાથી આ નાટકોમાં વારંવાર કરવામાં આવ્યાં છે. શેક્સપીઅરને કોઈ પણ જાતનો બળવો ગમતો નહિ. પોતાનાં નાટકોમાં એણે બધા બળવાખોરોની તો મશ્કરી જ કરી છે. લોકશાહીના જમાનામાં આવા વિચારો લોકોને ન ગમે એ સ્વાભાવિક છે. પવનચક્કીની માફક ફરતા બહુસંખ્ય લોકમાનસને ઉશ્કેરી અથવા એની ખુશામત કરી તથાકથિત નેતાઓ કેવી રીતે સ્વાર્થ સાધે છે એના ઘણા દાખલા આ નાટકો બતાવે છે. એમાં લોકશાહીનાં બધાં ભયસ્થાનો સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યાં છે. રાજાશાહી માટે શેક્સપીઅરને માન હતું એનો અર્થ એવો નથી થતો કે એ રાજાની આપખુદી તરફ આંખમીંચામણાં કરવા તૈયાર હતો. રાજાને પણ ફરજો હોય છે, રાજાને ઈશ્વરી સંકેતથી સત્તા મળેલી હોય છે અને એ સત્તાનો સદ્‌વિચાર બુદ્ધિને ઠોકર મારી કરવામાં આવે તો રાજા અને દેશ બંને વિનાશને નોતરે, રાજા પ્રત્યેનાં કર્તવ્યો પાળવાની ફરજ પ્રજાની હોય છે તેમ પ્રજા પ્રત્યેની જવાબદારી અદા કરવાની ફરજ રાજાને માથે પણ હોય છે, આ એક પરસ્પર ઉત્તરદાયિત્વ છે, એનો ભંગ થાય તો સૌનું અકલ્યાણ થાય, સ્વચ્છંદપ્રધાન લોકજીવનને વિનાશ ભણી જ ઘસડાવું પડે, મર્યાદાઓના બંધનમાં રહીને સ્વતંત્ર જીવન જીવી શકાય છે અને એવું જ જીવન ઇષ્ટ છે, એવો ધ્વનિ એનાં ઐતિહાસિક નાટકોમાંથી નીકળે છે.

શેક્સપીઅરને અભિપ્રેત એવી શિખામણ માત્ર ઇંગ્લંડના ઇતિહાસમાંથી મળવી મુશ્કેલ હતી. સદ્‌ભાગ્યે પ્લુટાર્કનાં જીવનચરિત્રોનું નૉર્થે કરેલું ભાષાંતર ઉપલબ્ધ હતું. એનો એણે છૂટા હાથે ઉપયોગ કરીને રોમના ઇતિહાસમાંથી વ્યક્તિ તથા પ્રસંગો લઇ નાટકો લખ્યાં. લોકોને મૂંઝવતા પ્રશ્નો સર્વકાલીન હોય છે, દરેક પેઢીને પોતાની રીતે એ પ્રશ્નોનો ઉકેલ કાઢવો જ પડે છે ને તે માટે આકરી કિંમત આપવી પડે છે એ બધું આ નાટકોમાં સ્પષ્ટ થાય છે. પ્લુટાર્કે તો વ્યક્તિઓનાં ચરિત્રો જ આલેખ્યાં હતાં. શેક્સપીઅરે તેમને દિક્કાલાતીત સ્વરૂપ આપ્યું. એ વ્યક્તિઓને ત્યારના ચાલુ દેશકાલની પ્રતિનિધિ માત્ર બનાવીને એ જંપ્યો નહિ; એમનામાં એણે એવું કંઈ તત્ત્વ મૂક્યું, જેને લીધે તે અખિલ માનવજાતિની પ્રતિનિધિઓ બની.

પોતાનાં ઐતિહાસિક નાટકોનાં મુખ્ય પાત્રો ભલે આમ તેણે નૉર્થ અને પ્લુટાર્કમાંથી લીધાં, પણ સામાન્ય જનતાને નાટકમાં રસ પડે એ માટે તેમાં બીજાં પાત્રો સમકાલીન જીવનમાંથી ઉમેર્યાં. આ પાત્રો હાસ્યરસ રેલાવી જનતાને ખુશીમાં રાખતાં. એમની વેશભૂષા ઘણે ભાગે તત્કાલીન રહેતી, એટલે અંશે તે ઇતિહાસને વફાદાર ન હતો. એનાં હાસ્યપ્રધાન પાત્રો એનાં નાટકોના અભ્યાસકોનું હમેશાં ધ્યાન ખેંચે છે. એમાં શ્રેષ્ઠ છે જૉન ફૉલ્સ્ટાફ—જે હૅમ્લેટ જેટલું જ અમર બન્યું છે.

ઐતિહાસિક નાટકોની સાથેસાથે ઘણાં સુખાન્તિક નાટકો પણ લખાયાં. નાટકોનાં કથાનકો કે વિષયો શેક્સપીઅરે જડ્યાં ત્યાંથી ઉપાડી લીધાં હતાં. કેટલીક વાર એ મુખ્ય પાત્રો અને કથાનક મેળવી લેતો અને ઉપ-કથાનક તથા ગૌણ પાત્રો પોતે સર્જી લેતો. આવાં ગૌણ પાત્રો મુખ્ય પાત્રોને સંવાદી રહેતાં. એનાં નાટકોમાં અદ્‌ભુતતાનું થોડું તત્ત્વ તો પ્રવેશી જતું. પણ એ ટાળી શકાય તેમ ન હતું. કથાનકો જૂનાં હતાં અને નાયકોની ઉત્કંઠા ટોચે રાખવા માટે એમાં ઘણી યુક્તિઓનો આશ્રય લેવામાં આવતો. એ વખતના લોકોમાં ઘણા વહેમો પ્રવર્તતા હતા. લોકો પરીઓમાં અને ભૂત-ડાકણોમાં માનતા એટલે શેક્સપીઅરે આ માન્યતાઓનો રંજન તથા રસ ખાતર ઉપયોગ કરી લીધો. 'મિડ સમર નાઈટ્સ ડ્રીમ'માં પરીઓ ધમાલ કરી મૂકે છે; ફૂલોના રસ કોઈ

કવિ શેક્સ્પીઅરની ચોથી જન્મશતાબ્દી નિમિત્તની ઈંગ્લૅંડની ખાસ ટપાલટિકિટો તથા ફર્સ્ટ-ડે-કવરો





બ્રિટનની ટપાલટિકિટો પર એ દેશના નામને બદલે ત્યાંના રાજકર્તાની છબિ જ પૂરતી ગણાય છે. એનું ગૌરવ જાળવવા બીજી કોઈ વ્યક્તિનું ચિત્ર એ ટિકિટો પર નથી મુકાતું. પણ ત્યાંના જગવિખ્યાત કવિ-નાટકકાર વિલિયમ શેક્સપીઅરની ચોથી જન્મશતાબ્દી વખતે ત્યાંની જે પાંચ ખાસ ટપાલટિકિટો આ માસમાં બહાર પડી રહી છે તેમાંની ચાર પર શેક્સપીઅરની પણ છબિ મૂકીને એનું બહુમાન કરવા બ્રિટને પોતાની એ કાયમી પ્રણાલી તોડી છે. શાહીકુટુંબ સિવાયની વ્યક્તિને માટેની બ્રિટનની આ પહેલી જ ટિકિટો છે. એમાંથી સૌથી વધુ કિંમતની અઢી શિલિંગની ટિકિટ પર યૉરિકની ખોપરી સામે તાકી રહેલા હૅમ્લેટનું આલેખન છે. (જુઓ નીચે ડાબી બાજુ). રૉબિન અને ક્રિસ્ટૉફર આયર્નસાઈડના મૂળ ડિઝાઈન પરથી એ સ્ટીલઍન્ગ્રેવિંગ પદ્ધતિથી છપાઈ છે, જે પદ્ધતિમાં ઈ. ૧૯૨૯ની એક પાઉંડની ટિકિટ પછી આ પહેલી જ વાર ત્યાંની ટપાલટિકિટ છપાઈ છે. એક તેના ઉપર જ શેક્સપીઅરની છબિ નથી; બાકીની ચાર (૩ પેન્સ, ૬ પેન્સ, ૧ શિ. ૩ પે. અને ૧. શિ. ૬ પે.ની) ટિકિટો પર શેક્સપીઅર તથા રાણી એલિઝાબેથની છબિની વચ્ચે ૧૬મી સદીના તખ્તાની પશ્ચાદ્‌ભૂમિ પર અનુક્રમે 'મિડસમર નાઈટસ ડ્રીમ'નાં પાત્રો બૉટમ અને પક, 'ટ્વેલ્ફ્થ નાઇટ'નો વિદૂષક ફેસ્ટી, 'રોમિયો જુલીએટ', તથા એજિનકૉર્ટની લડાઈમાં સાંજે પોતાના તંબૂમાં પ્રાર્થના કરતા હેન્રી પાંચમાનું આલેખન છે. એ સર્વ આલેખનો ૩૩ વર્ષના યુવાન કલાકાર ડેવિડ જેન્ટલમૅનનાં વૂડકટ ચિત્રો પરથી લેવાયાં છે. આ પ્રસંગનાં સત્તાવાર ફર્સ્ટ-ડે-કવરો પણ બહાર પડશે. પ્રસંગાનુરૂપ લખાણ સાથે તેના પર શેક્સપીઅરની ટચૂકડી છબિ (જુઓ મથાળે) અને તેના જન્મસ્થાન તથા પત્ની ઍન હૅથવેના ઘરનાં રંગીન ચિત્રો છે. એ ઉપરાંત ત્યાંના ટપાલખાતા તથા બ્રિટિશ ફિલાટૅલિક એસોસીએશનના સહકારથી એક બીજું કવર પણ બહાર પડશે. તેના પરનું આલેખન આની ઉપર જમણી બાજુ આપ્યું છે, જેમાં કવિની છબિ, તેની સહી તથા તેના વતન સ્ટ્રૅટફર્ડમાંનું ઍવન નદીના કિનારા પરનું તેના સ્મારક રૂપ 'એઓરિયલ થીએટર' નિરૂપેલાં છે. (મોકલનાર : રામુભાઈ પટેલ–બર્મિંગહામ). વળી એના રદ્દીકરણની છાપ પણ એ કાળની નાટકશાળાના ડેવિડ જેન્ટલમૅનના ચિત્ર પરથી ખાસ રબ્બરની બનનાર છે, જે બરાબર સ્પષ્ટ પડે તથા ટિકિટો બગડે નહિ એ રીતે ચીવટ રાખી હાથેથી જ લગાવવામાં આવશે. બ્રિટનની પોસ્ટ ઑફિસોમાં એક માસ સુધી અને કવિના જન્મસ્થાન સ્ટ્રૅટફર્ડમાં શેક્સપીઅર-ઉત્સવ પૂરો થતાં સુધી આ ખાસ ટિકિટોનું વેચાણ ચાલશે.







માણસ સૂતું હોય તેની આંખમાં નાખવામાં આવે તો એ માણસ જાગતાંની સાથે જેને જુએ એની સાથે પ્રેમમાં પડે, પરીઓના મશ્કરા સ્વભાવને લઈને એક માણસનું માથું અલોપ થાય અને ત્યાં ગધેડાનું માથું આવે, અને આ અર્ધમાનવ-અર્ધગર્દભ સાથે રાણીને પ્રેમ થાય, એવું એ નાટકમાં ઉપકથાનક છે. એ યુગમાં સ્ત્રીઓની ભૂમિકા યુવાનો કરતા એટલે સ્ત્રી પુરુષના વેષમાં ફરે, એનો પ્રિયજન એને ઓળખી ન શકે, ગેરસમજૂતી અને ઝઘડાઓ જાગે અને આખરે બધું ક્ષેમકુશળ પાર પડે એવું ઘણી વાર એનાં નાટકોમાં આવે છે. નાયક-નાયિકા સાથે એમનો નોકર-પરિવાર હોય અને એમનાં યે લફરાં ચાલતાં હોય. પણ પરદેશોમાં પ્રવાસ કરી આવેલા ને ત્યાંના રીતિરિવાજોથી મુગ્ધ બનેલા



શેક્સ્પીઅરના જન્મનો ઓરડો • બીજું દશ્ય

ગાંડિયાઓ પરદેશનું અનુકરણ કરે ત્યારે કેવા હાંસીપાત્ર બને છે તે, અભ્યાસના વિષયોમાંથી નીકળતા નિશાળના શિક્ષકોના નાતના વિષયો, પ્રેમીઓનું ગાંડુંઘેલું વર્તન, સ્વાર્થ સાધવા છેતરપિંડી કરતા નોકરો, પ્રેમથી ઘેલા બનેલા લોકોની મશ્કરી કરતો સમાજ, એવું ઘણું આ નાટકોમાં છે. તક મળે ત્યાં શેક્સ્પીઅર પ્રચલિત રિવાજો પર ટકોર કર્યા વગર રહેતો નથી. તત્કાલીન સમાજના અને દેશના ઇતિહાસના અભ્યાસ સાથે આ નાટકો વાંચવામાં આવે તો અનેરો આનંદ મળે.

શોકાન્તિકા અને સુખાન્તિકા વચ્ચે મૂલભૂત ફેર છે નાયકના મનમાં અવગાહન કરી શાશ્વત સત્યોનું દર્શન કરાવવામાં જેટલે અંશે શોકાન્તિકા સફળ થાય તેટલે અંશે એ શ્રેષ્ઠ ગણાય. જ્યારે આજુબાજુના સમાજના રીતિરિવાજોનું નિરીક્ષણ કરી હાસ્યાસ્પદ વસ્તુનો ઉપહાસ કરવા માટે અતિશયોક્તિનો આશ્રય લેવો પડે છે. નબળી હોજરીવાળા વાચકોને આ વસ્તુ રુચતી નથી અને તેટલે અંશે તેઓ શેક્સ્પીઅરનાં નાટકોની મોજ માણી શકતા નથી. લોકોની મશ્કરી કરવાની હોય ત્યારે દોષક દૃષ્ટિ કેળવવી પડે, પોતાની જાતને વધારે ચાલાક કે બુદ્ધિશાળી માનવી પડે અને કઠોર, તર્કકર્કશ કે સહાનુભૂતિશૂન્ય બનવું પડે. જે માણસ બધાને હસી કાઢી શકે છે એને જીવનમાંથી કોઈ પાઠ મળ્યો નથી એમ આપણે વિનાસંકોચ કહી શકીએ. માણસ બધાને હસતો જ રહે તો એ જીવનનાં ઘણાં સત્યોથી વંચિત રહે, એનો માનસિક કે આધ્યાત્મિક વિકાસ રૂંધાય. એકાદ વસ્તુ જોઈ ને એકી સાથે હસવાનું અને રડવાનું મન થાય ત્યારે માણસ જીવનમાંથી કંઈક તારવી શક્યો છે એમ કહેવાય. પણ એ કક્ષાએ પહોંચતાં જબરી કિંમત ચૂકવવી પડે. શેક્સ્પીઅરને એ અગ્નિદિવ્યમાંથી પસાર થવું પડયું હતું.

શેક્સ્પીઅરને મન મિત્રતા એ પ્રેમ કરતાં યે મહામૂલી વસ્તુ હતી. એ લંડન આવ્યો અને નાટકકંપનીમાં જોડાયો ત્યારે એને હેન્રી રીઓથ્સ્લી નામના અમીર યુવાન સાથે પરિચય થયો હતો. હેન્રી અત્યંત સુંદર હતો. ઉંમરમાં શેક્સ્પીઅરથી નવ-દશ વર્ષ નાનો હતો. શેક્સ્પીઅર સૌંદર્યનો પૂજક હતો–પછી એ પૂજાસ્થાને સ્ત્રી હોય કે પુરુષ. આ યુવાન સાથે પરિચય વધતો ગયો તેમ શેક્સ્પીઅરની પ્રતિભાના અવનવા ઉન્મેષો જાગ્યા અને પોતાનું કાવ્ય 'વીનસ અને ઍડોનિ' આ મિત્રને અર્પણ કરતાં એણે લખ્યું : I know not how I shall offend in dedicating my unpolished lines to your Lordship...if your Honour seem but pleased, I account myself highly praised. But if the first heir of my invention prove deformed, I shall be sorry it had so noble a godfather...૧૫૯૩માં આ લખાયું ત્યારે શેક્સ્પીઅરનાં આઠેક નાટક તખ્તા પર ભજવાયાં હતાં એ યાદ રાખવું જરૂરી છે. શેક્સ્પીઅર આ કાવ્યને 'મારી પ્રતિભાનો પહેલો વારસ' તરીકે ઓળખાવે છે એ બતાવે છે કે એને પોતાના ધંધા તરફ અણગમો હતો, ને એનું ચાલત તો એ કવિ તરીકેનું જીવન જ પસંદ કરત. આ મિત્રને સંબોધી શેક્સ્પીઅરે ઘણાં–૧૫૪ જેટલાં સૉનેટો લખ્યાં. એવાં સૉનેટો દુનિયાના સાહિત્યમાં મળતાં નથી. એ વાંચતા જઇએ તેમ શેક્સ્પીઅરના અંગત જીવન પરનો પડદો ઘડી ભર ખસી જાય છે, અને આપણે એક નાજુક પ્રકરણ જોઈ શકીએ છીએ. એ પ્રકરણની કથા કદાચ આવી રીતે કહી શકાય :

હેન્રી માટે શેક્સ્પીઅરના મનમાં પવિત્ર અનુરાગ હતો. લોકક્ષય કરનાર કાળ એનું સૌંદર્ય હણી જાય ત્યાર પહેલાં હેન્રી એ સૌંદર્યને કાયમી રૂપ આપે એવી એની ઇચ્છા હતી. હેન્રી પરણે અને એને પુત્રપ્રાપ્તિ થાય તો પિતાનું સૌંદર્ય કદાચ પુત્રમાં ઊતરી આવે અને એ રીતે સૌંદર્ય અમરત્વ નહિ તો જરાક સાતત્ય પામે એમ ધારી શેક્સ્પીઅર એનો આભાર માને છે. હેન્રીને પરણવાની જરા ય ઇચ્છા નથી. એ એકનો બે થતો નથી. બહુ જ સુંદર અને વૈભવશાલી શબ્દોમાં શેક્સ્પીઅર સૌંદર્યનું અંતિમ ભાવી ચીતરે છે. હેન્રી માનતો નથી એટલું જ નહિ પણ બીજા એક મિત્ર તરફ આકર્ષાય છે અને શેક્સ્પીઅરને તરછોડે છે. એ મિત્ર એટલે શેક્સ્પીઅરનો મહાન પ્રતિસ્પર્ધી માર્લો હોવો જોઇએ. માર્લો એટલે જુસ્સો અને આવેશ. એ હેન્રી તરફ આકર્ષાયો એમાં શેક્સ્પીઅરને આશ્ચર્ય થતું નથી. પણ પોતે મિત્ર ખોયો એનું દુ:ખ ભયંકર છે. દૈવવશાત્ માર્લો મરી જાય છે અને ખંડિત મિત્રતા પાછી સંધાય છે, ફરીથી તૂટવા માટે! શેક્સ્પીઅર એક સ્ત્રીને ચાહે છે. એ સ્ત્રી સુંદર નથી, છતાં શેક્સ્પીઅર એને માટે અનહદ પ્રેમ ધરાવે છે. પણ એ સ્ત્રીને શુદ્ધ પ્રેમની કદર નથી. એ શેક્સ્પીઅરને છેતરે છે અને એ છેતરપિંડી કરવામાં એ સ્ત્રીનો ભાગીદાર બને છે શેક્સ્પીઅરનો નિકટનો મિત્ર હેન્રી.

હવે શેક્સ્પીઅરને દુનિયામાં કૈં સાર દેખાતો નથી. જેને જીવથી યે વધારે ચાહ્યો તે આમ બેવફા નીવડ્યો! જે સ્ત્રી પર હૃદયનો સ્નેહ નિતાર્યો તેણે પ્રેમની આવી જ કદર કરી? પ્રેમ ને મિત્રતા શું આખરે જૂઠાં જ છે? અને માણસ પ્રેમને ખાતર કોઈ પણ બલિદાન કરવા તત્પર થાય એ શું ઘેલછા જ છે? હવે મિત્રતા અને પ્રેમનો તિરસ્કાર કરી એમને શું ભૂલી જવાં? અને વિશુદ્ધ પ્રેમ નિરર્થક છે એમ માનવું?

પણ શેક્સ્પીઅર જીવનથી ભાગી છૂટે એવો ન હતો. પોતાને નસીબે બૂરો અનુભવ મળ્યો એથી કૈં પ્રેમ અને મિત્રતા ખરાબ ઠરતાં નથી. જીવનમાં ઝેર તો પીવું ને જીરવવું પડે. પછી જ જીવનનો અર્થ સમજાય. પણ એ ઝેર પચાવી શકનાર હૃદયમાં કેટલી અકથ્ય વેદના જાગી હશે એનો ખયાલ કોને આવી શકે? ને બીજાને એ ખયાલ કોણ કરાવી શકે? સમુદ્ર ભલે ઉપરથી શાન્ત દેખાતો હોય, પણ એના અંતરમાં જે વડવાનલ ભભૂકતો હોય છે એનો ખયાલ કોઇને આવે છે ખરો? પત્ની તરફથી એને સુખ-સંતોષ મળ્યાં નહિ; મિત્રે દગો દીધો; પ્રેયસીએ પ્રેમને ઠોકર મારી; પુત્ર મૃત્યુ પામ્યો અને વંશસાતત્યની આશા ખાખ થઈ ગઈ. હવે જીવનમાં રહ્યું શું હતું? એટલું જ બતાવવાનું બાકી હતું કે જીવનમાં કડવા અનુભવો આવે, માણસ હાર પામે અને વિનાશને પંથે જાય તેથી

જીવનનું મહત્ત્વ ઘટતું નથી. આપણને અને આપણા જ્ઞાનને ન સમજાય એવી ઘણી વસ્તુઓ વિશ્વમાં છે. ને જીવનનું સાચું દર્શન કરુણ દ્વારા જ થઈ શકે છે. મનુષ્યહૃદયમાં ઊંડેઊંડે જઈ ત્યાંથી અનુભવનાં રત્નો શોધવાં જોઇએ. ને એ બધું કાર્ય શેક્સપીઅરનાં કરુણાન્ત નાટકોએ કર્યું.

શેક્સપીઅરનાં કરુણાન્ત નાટકોને પૂરતો ન્યાય કરવો હોય તો એને માટે તો મોટો ગ્રંથ લખવો જોઇએ. માનવી જાતે મહાન છે અને ધારે તો એ વધારે મહાન બની શકે છે. મહાન થવાની આકાંક્ષા એ સેવે છે ને પોતાને યોગ્ય લાગતી અભિલાષાઓ પૂર્ણ કરવા એ કેટલાક માર્ગોનો આશ્રય લે છે. પરિણામે કૈંક અણધાર્યું ઊભું થાય છે. પણ મનુષ્યસ્વભાવમાં સુપ્ત રહેલી મહાનતાની શક્યતાઓ જ્યારે મૂર્ત સ્વરૂપ લે છે ત્યારે એ એટલું ક્ષુદ્ર હોય છે કે આપણે વિચાર કરતા થઇએ છીએ કે જે માણસની મહત્તાની શક્યતાઓ વિષે આપણે આટલી બધી શ્રદ્ધા રાખી તે માણસ આખરે આવો જ નીવડ્યો? અપેક્ષા અને પરિણામ વચ્ચે, શ્રદ્ધા અને મૂર્તિ વચ્ચે આટલો બધો વિસંવાદ જીવનમાં શા માટે હોવો જોઇએ! જવાબ મળે છે. એ બધાનું રહસ્ય માનવીના સ્વભાવમાં છે. માણસ પોતાની જાતને વફાદાર રહી શકતો નથી, જુદાંજુદાં પ્રલોભનો—માનસિક, વાચિક કે બૌદ્ધિક—એને લલચાવે છે, માણસ સમતુલા ગુમાવી બેસે છે, એનું અધઃપતન શરૂ થાય છે અને એને કોઈ અટકાવી શકતું નથી. માણસ સ્વસ્થ (સ્વ+સ્થ) રહી શકે ત્યાં સુધી એની માણસાઈ છે. એ સ્વસ્થતા ભૂલી માનવ અતિમાનવ બનવાનો પ્રયાસ કરે તો એને માથે દુઃખ જ આવે. પોતાના સ્વભાવને પૂરીરીતે પિછાની માણસ જીવન જીવે તો જ એનું કલ્યાણ થાય. જે માણસ પ્રકૃતિને ભૂલે કે પ્રકૃતિનો અવરોધ કરે તેનું જીવન ધૂળ થાય. પછી એ માણસ ગમે તેટલો મહાન હોય, તો યે એકાદ નાનો સરખો દોષ એનું નિકંદન કાઢે.

હૅમ્લેટ ભાવનાપ્રધાન હતો. પિતાનું ભૂત એને મળવા આવે છે ત્યારે બુદ્ધિપ્રધાન કેળવણી પામેલો હૅમ્લેટ વિચાર કરે છે કે આ ભૂત ખરેખર સાચું હશે? કે કોઈ મારી મશ્કરી કરતું હશે? ઑફેલિયા હૅમ્લેટને ચાહે છે, પણ હૅમ્લેટ વિચાર કરે છે કે એનો પ્રેમ સાચો હશે કે ઢોંગ હશે? હૅમ્લેટ સંશયાત્મા બને છે, વિચારોના વમળોમાં અથડાય છે અને એની શક્તિઓ બધી અ-પ્રવૃત્તિમાં વેડફાઈ જાય છે.

પોતાની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરવા મૅકબેથ પત્નીની ઉશ્કેરણીથી હીન માર્ગ લે છે અને પોતાના સ્વભાવ વિરુદ્ધ વર્તે છે. મૅકબેથની પત્ની સ્ત્રીસહજ શાલીનતા અને માર્દવ ભૂલી પુરુષને શોભે એવી કઠોરતાથી વર્તે છે. પરિણામે બંનેનો વિનાશ થાય છે.

ઑથેલો ભૂલી જાય છે કે ડેસ્ડેમોના પિતા અને સમાજનો ત્યાગ કરી એની સાથે આવી હતી. આયાગો એને જે કહે એમાં એ વિશ્વાસ રાખે છે, અને પત્નીની અવગણના તથા અંતે એનું ખૂન કરે છે. લીયર પણ જીવનમાં કંઈ શીખ્યો નથી. માનવીમાં મહત્તા અને ક્ષુદ્રતા સાથે જ વસે છે. ક્યા વૈશિષ્ટ્યનો ક્યારે કેટલો ઉપયોગ કરવો એ માણસ નક્કી કરે છે ત્યારે એનું ભાવિ આપમેળે ઘડાઈ જાય છે. માનવ જીવનની કરુણતાની જવાબદારી આખરે માનવની પોતાની જ છે. ઈશ્વરે માણસને પસંદગી કરવાનો હક અને એને માટે આવશ્યક બુદ્ધિ આપ્યાં છે. પણ આ બધાંનું ભાન માણસને જ્યારે મોડેમોડે થાય છે ત્યારે બધું જ નિરર્થક હોય છે. આવી પરિસ્થિતિમાં માનવી પ્રત્યે આપણે કેવું વર્તન રાખવું? મશ્કરી કરવી? એને ધુત્કારવો? જીવનથી પરાઙ્મુખ બનવું? શેક્સપીઅર જીવનનું હલાહલ પી ગયો છે. જીવન અસહ્ય થતાં તેનાથી હાર અનુભવતાં પાત્રો એ ચીતરે છે. અદ્યતન માનસશાસ્ત્રીઓને અચરજ પમાડે એવી રીતે એ પેલાં પાત્રોનાં માનસમાં ડોકિયું કરે છે, મનુષ્યના માનસમાં સ્વર્ગ ને નર્ક સાથે રહી શકે છે એનું ભાન વાચકોને કરાવે છે, ને પોતે જીવનનું સમ્યક્ દર્શન કરી આગળ વધે છે.

સર્જનના છેલ્લા તબક્કામાં શેક્સપીઅર ભાઈબંધ કે સગાંવહાલાં તરફથી ત્યજાએલાં, તરછોડાએલાં, ઉપેક્ષિત એવાં પાત્રોનાં કથાનકો આપણને આપે છે. આ પાત્રોને વેર લેવાનો પૂરેપૂરો હક હતો, પણ તેઓ એ હક અમલમાં મૂકતાં નથી. આખરે જીવનની કડવાશ ભૂલી જવી જોઇએ, સૌને ક્ષમા કરવી જોઇએ, અને બને ત્યાં સુધી સંબંધો ન તોડવા જોઈએ, એટલું જ નહિ પણ તૂટેલા સંબંધો ફરી જોડવા જોઇએ એમ આ પાત્રો માને છે. જીવનમાં દુઃખ ઘણું છે, પુત્રદ્રોહ, પત્નીદ્રોહ ડગલે ને પગલે જોવા મળે છે. એ બધું સહિષ્ણુતાથી સમજી લઈ બધાને ક્ષમા કરવાનો પાઠ આપતાં આ અદ્ભુતરમ્ય (રોમાન્ટિક) નાટકો શેક્સપીઅરની પ્રતિભાના છેલ્લા ઉન્મેષો છે.

શેક્સપીઅરને વતન માટે ખૂબ પ્રેમ હતો. જીવનનાં છેલ્લાં વર્ષોમાં એ સ્ટ્રૅટફર્ડ આવ્યો ને ૧૬૧૬માં મૃત્યુ પામ્યો. ૨૩મી એપ્રિલ એની મૃત્યુતિથિ છે. ૨૫મી એપ્રિલે જન્મ પછી બાવન વર્ષે જે રસ્તે બાલ્યવસ્થામાં નામકરણ માટે એને ચર્ચમાં લઇ જવામાં આવેલો તે જ રસ્તે એને એના અંતિમ આરામસ્થાનમાં લઇ જવામાં આવ્યો.

શેક્સપીઅરના મૃત્યુ પછી એના મિત્રોએ એક મોટું મિત્રકાર્ય કરવાનું નક્કી કર્યું. એનાં કેટલાં યે નાટકો છપાયા વગરનાં રહી ગયાં હતાં. કેટલાંક નાટકોની અનધિકૃત આવૃત્તિઓ બજારમાં વેચાતી હતી. જહેમત કરીકરીને એ મિત્રોએ ૧૫૯૨માં બધાં નાટકોની એક સંપૂર્ણ આવૃત્તિ બહાર પાડી અને શેક્સપીઅરની ખરી કથા ત્યાંથી શરૂ થઈ.

આટલું લખ્યા પછી મારા મનમાં હજી એક મોટો સવાલ ઊભો છે. શેક્સપીઅરનું વ્યક્તિત્વ કેવું હતું? જ્યાં માહિતી જ મળી શકતી નથી ત્યાં કોણ શું બતાવી શકે? જીવનના કેટલાયે પ્રશ્નોનો સંતોષકારક જવાબ મળતો નથી. સાહિત્ય વાંચવું એટલે લેખકના મનમાં પ્રવેશ કરવો અને પોતાની શક્તિ પ્રમાણે લેખકની પ્રકૃતિ સમજવાનો પ્રયાસ કરવો. જે સમજાય તે પૂર્ણ સત્ય છે એમ કદી ન માનવું. આપણને જે જડ્યું તે આપણને પ્રિય લાગે એ વાત સાચી, પણ એ જ સત્ય છે એવો આગ્રહ ન રાખવો,

શેક્સપીઅરની કૃતિઓ (પ્રકાશન વર્ષ સાથે)

નાટકો

Henry VI
Henry VI
Henry VI
Richard III (1597)
The Comedy of Errors
Titus Andronicus (1594)
The Taming of the Shrew
Two Gentlemen of Verona
Love's Labour Lost (1598)
Romeo and Juliet (1599)
Richard II (1297)
A Midsummer Night's Dream (1600)
King John
The Merchant of Venice 1600
Henry IV–i (1598)
Henry IV–ii (1600)
Much Ado about Nothing (1600)
Henry V
Julius Caesar
As You Like It
Twelfth Night
Hamlet (1904-05)
Merry Wives of Windsor
Troilus and Cressida (1609)
All's Well that Ends Well
Measure For Measure
Othello (1622)
King Lear (1608)
Macbeth
Antony and Cleopatra
Coriolanus
Pericles
Cymbeline
The Winter's Tale
The Tempest
Henry VIII

કાવ્યો

Venus and Adonis (1513)
Lucrece (1594)
The Passionate Pilgrim (1599)
The Sonnets (1609)
The Phoenix and the Turtle (1601)

જેની સામે પ્રકાશનવર્ષ લખ્યું નથી તે ૧૬૨૨ની સંપૂર્ણ આવૃત્તિમાં બહાર પડી. અનધિકૃત આવૃત્તિઓનો પ્રકાશનકાલ બતાવ્યો નથી.





આ જિંદગી દુઃખ ભરેલ શાને? આક્રંદ શેં? શોક શું કામ આવો?
વીતી જવા દો સહુ કૈં ધીમેથી, ચાહો કશું ના નિજ પાસ રાખવા;
કો ચીજ કે ખ્યાલ ન તાણી રાખો. બાંધે નહિ જીવનને જન તે સુખી છે;
રોકે નહિ સમયને જન તે સુખી છે.
ઝીલે હસંત જન સૌ પડકાર તે જીવે, ને જે જીવે પળપળે જન તે જ ચાહે.

—શ્રી વિમળા ઠકારના મૂળ અંગ્રેજી ઉપરથી અનુવાદક ગીતા પરીખ

૨૫. મણિભાઈ દ્વિવેદી

ગુજરાત—મુખ્યત્વે દક્ષિણ ગુજરાતના ઈતિહાસ પર પ્રકાશ પાડનાર એક જાણીતા પુરાતત્ત્વવિદ્ શ્રી મણિભાઈ દ્વિવેદી—મણિશંકર નરોત્તમ દ્વિવેદીનું, ૬૯ વર્ષે માર્ચ માસમાં અવસાન થયું. જીવનના અંત સુધી નાદુરસ્ત સ્વાસ્થ્ય તથા ભાંગેલું મન હોવા છતાં યુવાનના જેવી ધગશ સાથે એ કાર્યરત રહ્યા હતા.

મણિભાઈએ પોતાની કારકિર્દીની શરૂઆત રાજકારણથી કરી હતી અને ૧૯૨૩ થી ૧૯૩૯ દરમિયાન તેઓ સુરત જિલ્લાના એક અગ્રગણ્ય રાજકીય નેતા ગણાતા હતા. પત્રકારત્વનો પણ પહેલેથી જ શૉખ હોઈ સુરતના જાણીતા ગુજરાતી દૈનિક 'પ્રતાપ'ના સહતંત્રી તરીકે પણ એ કામ કરતા. ૧૯૩૯માં તે એડિટોરીઅલ કૉલમ-રાઈટરના સ્થાને નિમાઈ બે વર્ષ સુધી ગુપ્ત તંત્રી (એડિટર ઈન ઍબ્સેન્શિયા) તરીકે રહ્યા. ૧૯૪૧માં એમણે વડોદરા રાજ્યના મોજણી ખાતામાં નોકરી લીધી. એ કામમાં તેમને દક્ષિણ ગુજરાતનાં લગભગ બધાં જ ગામડાંઓમાં ફરવાનું થતાં એ રઝળપાટે તેમનામાં, ઇતિહાસરસ કેળવી તેનો અભ્યાસ કરવાની પ્રેરણા પૂરી, ને તેના પરિણામ સ્વરૂપ તેમણે 'પુરાતન દક્ષિણ ગુજરાત' નામનું ઉપયોગી પુસ્તક લખ્યું.

દેશ સ્વતંત્ર થયા પછી ૧૯૫૧ સુધી એમણે જમીનની દલાલીનું કામ કર્યું. છેલ્લાં વર્ષોમાં તેઓ મુંબાઈના 'ઇન્ડિયન એક્સ્પ્રેસ' અને 'પ્રતાપ' તથા બીજાં અખબારોના ખબરપત્રી તરીકે કામ કરતા હતા.


ગામડાંઓની રખડપાટ વખતે તેમને સામાજિક કાર્યોનો શૉખ પણ જાગ્યો હતો. સુરત જિલ્લામાં ને ખાસ કરીને રાજપીપળામાં જંગલી ભીલોમાં તેઓ સામાજિક કાર્યકર્તા તરીકે જાણીતા હતા. પરિભ્રમણો કરવાનો ને તેમાંથી અનેક અવનવી બાબતોનો અભ્યાસ તથા સંશોધનો કરીને લખવાનો પણ એમને જબરો શૉખ હતો. એ રીતે એમણે ત્રણેક પુસ્તકો અને પુષ્કળ લેખો લખ્યા છે. મુંબાઈ અને વડોદરા રેડિયો સ્ટેશન પરથી તેમણે વિવિધ વિષયો પર લગભગ ૪૦ વાર્તાલાપો આપ્યા હતા. ગુજરાતી સાહિત્યમાં આ રીતનો અમૂલ્ય ફાળો આપવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૮મા અધિવેશનમાં એમને સુવર્ણચંદ્રક અપાએલો.

સંસ્કૃત ભાષા તેમજ સાહિત્યનો તેમનો અભ્યાસ સારો હતો. પત્ર લખતા તેમાં પણ



શ્લોક કે કાવ્યપંક્તિઓ ટાંકતા. નૂતન વર્ષાભિનંદનમાં ઋગ્વેદની ઋચાઓ લખી મોકલતા. કેવળ ગુજરાતી ઉપરાંત હિન્દી, ઉર્દૂ, અંગ્રેજી વગેરે સાહિત્યનો અભ્યાસ પણ એટલો જ હતો.

નવસારી આવી વસ્યા તે અગાઉ મુંબાઈમાં ડૉ. પોપટ પ્રભુરામ આયુર્વેદિક કૉલેજમાં એમણે વૈદકનું શિક્ષણ લીધું હતું. હિમાલયના પ્રદેશોમાં ઊગતી અનેકવિધ વનસ્પતિઓ વિષે જ્ઞાન મેળવી તેનો તેમણે સંગ્રહ કર્યો હતો. પગે ચાલીને નર્મદાનદીની પ્રદક્ષિણા પણ કરી હતી. એ પરિભ્રમણોનું વર્ણન એમને મુખેથી સાંભળવું એ એક લહાવો હતો. વાંચતા પણ ખૂબ જ; એટલે



ગૌર

સંસ્કૃતમાં 'ગવય' કે 'ગવલ' તરીકે ઓળખાએલા આ પ્રાણીનું 'ગૌર' નામ પણ હિંદી છે. માદાને 'ગાયબ' કહે છે. 'બાઈસન' કે 'જંગલી પાડા' તરીકે ઘણા એને ખોટી રીતે ઓળખાવે છે.

ગીચ અરણ્યવાળા ગિરિપ્રદેશનું રહેવાસી આ પ્રાણી આપણાં ગાયભેંસનું વન્ય સંબંધી કહી શકાય. એનો દેખાવ પણ આ બેને મળતો, પણ છેક પીઠની મધ્ય સુધી લંબાએલી વિશાળ ખૂંધ ને ત્રણેક ફૂટમાં ફેલાએલાં ગોળ વળાંક લેતાં અણિયાળાં શિંગડાં, ભારે માથું ને છએક ફૂટની ઊંચી સશક્ત કાયાથી ગૌરનો દેખાવ ઘણો પ્રભાવશાળી છે. સ્વભાવે એ શરમાળ ને અનાક્રમક છે. પુખ્ત નરનો વાન શ્યામ. માદા ને વાછરડાં કંઈક ઊજળાં. ડીલે રૂંવાટી બહુ ઓછી. પૂછડી લાંબી. ચારે પગ નીચેથી ગોઠણ સુધી ધોળા.

દક્ષિણભારતના ડુંગરાળ વનવિસ્તારથી માંડી આસામ તરફ થઈ બ્રહ્મદેશ ને મલાયામાં, છ હજાર ફૂટની ઊંચાઈ સુધીના ઉચ્ચ પ્રદેશોમાં એ પાંચસાતના ટોળામાં રહે છે. સીલોનમાં પણ અગાઉ એમની વસતિ હશે એમ સમજાય છે. ઘણી વાર બેત્રણ ટોળાં સાથે પણ રહે છે. જવલ્લે જ પોતાના રહેણાકનો પ્રદેશ છોડી જાય છે.

વહેલી સવારે એ ચરવા નીકળી પડે ને તડકો તપે ત્યાં સુધી ચરે. બપોરે ક્યાંક ટાઢે છાંયે પડી રહે ને સાંજે પાછાં ચરે. ઘાસ, પાંદડાં ને કેટલાંક વૃક્ષની છાલ ખાય. ઘણીવાર ક્ષારવાળી જમીન પરનો ખાર પણ ચાટે ને એ રીતે પોતાનું પેટ સાફ રાખે છે.

એના પ્રજનનની કોઇ નિશ્ચિત ઋતુ નથી, પણ બહુધા વરસાદ પછીના મહિનામાં એનાં વાછરડાં વિશેષ જોવા મળે છે. ગૌરને પાળી શકાતાં નથી અને આશ્રિત દશામાં એ ઝાઝું જીવતાં પણ નથી.

આંખો બગડી ગઈ હતી, છતાં વાંચવા–લખવાનું કામ છેલ્લે સુધી ચાલુ જ હતું. અવસાન પહેલાં થોડો સમય તેઓ પથારીવશ રહ્યા ત્યારે પણ એ કાર્ય બંધ રહ્યું ન હતું. આંખની ખરાબીને લીધે, પોતે કરેલો સંગ્રહ તેમણે જુદાંજુદાં સંગ્રહાલયોમાં આપી દીધો હતો.

૧૮ વર્ષના એકના એક પુત્ર અને પત્નીના અવસાનથી જીવનનાં પાછલાં વર્ષોમાં મણિભાઈ ખૂબ નિરાશાવાદી બની ગયા હતા. એકલતા ટાળવા તથા એક સ્ત્રીને મદદરૂપ થવાના આશયે, પોતાની જ્ઞાતિથી ઊતરતી જ્ઞાતિનાં એક બહેન સાથે તેમણે લગ્ન કરેલાં. આથી જ્ઞાતિના લોકોએ તેમની સાથેનો લગભગ બધો જ વ્યવહાર બંધ કર્યો હતો. બે વર્ષ પહેલાં એ બીજી પત્નીનું પણ અચાનક મૃત્યુ થતાં તો મણિભાઈ તદ્દન એકલવાયા બની ગયા. તેમના જ શબ્દોમાં કહીએ તો 'કફન બાંધે હુએ સર પર કિનારે તેરે આ બૈઠે'ની કક્ષામાં મુકાઈ ગયા હતા.

પણ જીવન વિષેનું એમનું તત્ત્વજ્ઞાન આશાવાદી, નિષ્કામ કર્મી અને પ્રેરણાદાયક હતું. એક જગ્યાએ તેમણે લખ્યું છે: "આંબો પોતાની આખી કાયાનું મંથન કરી મહોરનાં ઝૂમખેઝૂમખાં આપે છે; પણ એમાંથી એનો કેટલો યે મહોર નિષ્ફળ જાય છે અને ફળ (પરિણામ) ઓછું થઈ જાય છે; છતાં આંબો નિરાશ થઈ સુકાઈ જતો નથી. એ તો 'કર્મણ્યેવાધિકારસ્તે' કરી બીજે વર્ષે પાછો ડાળેડાળે મહોર જમાવવાનો જ અને સિદ્ધિને પામવાનો. સંસાર એટલે આશાનિરાશા, સફળતા–નિષ્ફળતાના તાણા–વાણા. વાણા–તાણાના દોરામાંથી એક ન હોય તો કપડું નુકસાનીવાળું દેખાય એમ સમજી સંસારમાં ઝઝૂમતાં શીખવું." પ્રકૃતિપ્રેમી મણિભાઈએ બીજી એક જગ્યાએ લખ્યું છે: 'સળગતા સંસારની તડકી-છાંયડીના કડવા-મીઠા અનુભવોના વાણા-તાણાથી બનેલા આ જીવનમાં નિર્મળ આનંદ એ જીવનની પરમ અવધિ છે.... આપણા આનંદનું ઘડતર પ્રકૃતિના ઉદ્યાનમાં થાય એ ઇચ્છવા સરખું છે.'

સાક્ષર શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને આ મણિભાઈ બંને અયાચક બ્રાહ્મણ જ્ઞાતિના અને નામ તથા અટકમાં પણ સુમેળ, તેથી એમણે પોતાનું નામ મણિલાલમાંથી મણિભાઈ રાખેલું. નવસારીમાં તેઓ રહેતા તે મકાનમાં વિખ્યાત કવિ પ્રેમાનંદ રહેલા.

ઈ. ૧૯૩૦ સુધી તો તેઓ અંગ્રેજી ઢબનો પોશાક પહેરતા. પછીથી ખાદીની કફની, ધોતિયું, ટોપી અને જાકીટ એ જ તેમનો પોશાક રહ્યો. તેમની રહેણીકરણીમાં ગાંધીવાદી સાદાઈ અને નમ્રતા વર્તાતી.

એમના અવસાનથી દક્ષિણ ગુજરાતે અને ખાસ તો નવસારીએ એક અગ્રણી નાગરિક અને જાહેર કાર્યકર ગુમાવ્યા છે. –'સુસ્મિતા'

અંગ્રેજી તારીખ પરથી તિથિવાર કાઢવાની રીત

ઘણા લોકો પોતાની જન્મતારીખ જાણતા હોય છે પરંતુ જન્મવારની કે જન્મતિથિની તેમને ખબર હોતી નથી. નામાંકિત ગણિતજ્ઞ શકુંતલા દેવી ફક્ત ૫ થી ૭ સેકંડોમાં તે કહી આપે છે તેમ તમે પણ એવી થોડી શક્તિ કેળવી શકો. એ માટે તમારે માત્ર નીચેના કોઠો યાદ રાખવો પડશે. તમે ટેલિફોન નંબર યાદ રાખી શકો તો ફક્ત છછના બે આંકડાનો આ કોઠો યાદ રાખવામાં બહુ તકલીફ નહિ પડે: ૧૪૪૭૨૫ અને ૭૩૬૧૪૬. એને નીચે પ્રમાણે ગોઠવવાના છે:

જાન્યુ૦	ફેબ્રુ૦	માર્ચ	એપ્રિલ	મે	જૂન
૧	૪	૪	૭	૨	૫
જુલાઈ	ઑગસ્ટ	સપ્ટે૦	ઑક્ટો૦	નવે૦	ડિસે૦
૭	૩	૬	૧	૪	૬

ધારો કે ૧૯ જાન્યુ. ૧૯૬૪નો વાર જાણવો છે; તો સૈકાના છેલ્લા આંકડાને ૪થી ભાગો, અને જે ભાગાકાર આવે (શેષ છોડી દો) તેમાં સૈકાના છેલ્લા બે આંકડા ઉમેરો. પછી તેમાં ઉપરના કોઠામાં જાન્યુઆરી માટે ૧ આંકડો છે તેમાં તારીખ ઉમેરો. આવેલા સરવાળાને ૭ થી ભાગો. શેષ ૧ વધે તો રવિવાર, ૨ વધે તો સોમવાર એમ આગળ ગણતા જઇને ૭ અગર ૦ આવે તો શનિવાર એમ ક્રમ વાર સમજવું. લીપ વર્ષે ફેબ્રુઆરી માસમાં ૨૯ દિવસ આવે ત્યારે ૧ ઓછો કરવો. ઉપરની તારીખ લીપ વર્ષની હોવાથી તે ઉપરથી આંકડા નીચે પ્રમાણે આવે: ૬૪÷૪=૧૬+૬૪=૮૦/૧+૧૯=૨૦/૮૦+૨૦=૧૦૦-૧=૯૯/ ૯૯÷૭=શેષ ૧/૧=રવિવાર.

આપણી આઝાદીની તારીખ તેમજ મહાત્મા ગાંધીજીની નિર્વાણ-તારીખ બધાને યાદ છે. જે અનુક્રમે ૧૫-૮-૧૯૪૭ અને ૩૦-૧-'૪૮ છે. તેનું ગણિત આ પ્રમાણે આવશે: ૪૭÷૪=૧૧+૪૭=૫૮/૩+૧૫=૧૮/૫૮+૧૮=૭૬/૭૬÷૭=શેષ ૬/ રવિથી ગણતાં ૬ઠ્ઠો શુક્રવાર, તે આઝાદી દિનનો વાર. ગાંધીજીની નિર્વાણતિથિનું વર્ષ લીપ ઈઅર હોઇ તેની ગણતરી નીચે મુજબ થશે: ૪૮÷૪=૧૨+૪૮=૬૦/૧+૩૦=૩૧/૬૦+૩૧=૯૧-૧=૯૦/૯૦÷૭= શેષ ૬/ છઠ્ઠો શુક્રવાર.

ઉપર્યુક્ત કોઠો આ સદી માટે લાગુ પડે છે. ગઈ સદી માટે ઉપયોગ કરવા બે ઉમેરો અને આવતી સદી માટે ઉપયોગ કરવા ૧ બાદ કરો. બસ આટલામાં ત્રણસો વર્ષના વાર તમે જાણી શકો. પાછલી કોઈ પણ સદી માટે ઉપયોગ કરી શકાય, પરંતુ તેમાં 'ઓલ્ડસ્ટાઇલ કૅલેન્ડર'ની ભાંજગડ છે. એ વિષે ફરી કોઈ વાર.

તિથિ જાણવાનો કોઠો તો સરળ છે. એપ્રિલથી ૧ ગણી ડિસેમ્બર સુધી ૯ ગણવા. માર્ચ માટે ૦ ફેબ્રુ. માટે ૧ ઓછો અને જાન્યુ. માટે ૨ ઓછા. એટલે કે ફેબ્રુઆરી જાન્યુ.-૨, ફેબ્રુ.-૧, માર્ચ ૦, એપ્રિલ ૧, મે ૨, જૂન ૩, જુલાઈ ૪, ઑગ. ૫, સપ્ટે. ૬, ઑક્ટો. ૭, નવે. ૮, ડિસે. ૯.

હવે ૧૯-૧-૧૯૬૪ની તિથિ જાણવી છે, તો સનને ૧૯થી ભાગો. શેષ વધે તેને ૧૧થી ગુણો. તેમાં તારીખ ઉમેરો અને જાન્યુઆરી માસ માટે ૨ ઓછા કરો. જે સરવાળો આવે તેને ૩૦ ભાગ આપો. જે વધે તે એકમથી ગણો. ૧૫ થી વધારે હોય તો વદની તિથિ આવે.

ઉપર્યુક્ત દાખલા માટે ૧૯૬૪ ભાગ્યા ૧૯, વધ ૭, તેને ગુણ્યા ૧૧, એટલે ૭૭+તારીખ ૧૯=૯૬-૨(જાન્યુ.ના)=૯૪÷૩૦=૪ ચોથ આવે.

હવે મહિનો જાણવા માટે જરા તકલીફ લેવી પડશે. કારણ દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે. જે મહિનો ૧૬ માર્ચથી ૧૩ એપ્રિલ સુધીમાં શરૂ થાય તે મહિનો ચૈત્ર માસ, એ પ્રમાણે અનુક્રમે દરેક માસની અધવચથી બીજા માસની અધવચ સુધીમાં શરૂ થનારા માસના અનુક્રમે ચૈત્રથી ગણો, એટલે માસ આવશે; ને તિથિ જે આવે તેમાં એકાદ તિથિનો ફરક આવી શકે, કદીક તિથિનો ક્ષય હોય છે.

હવે ગાંધીજીની જન્મતારીખ ૨-૧૦-૧૮૬૯ ઉપરથી તિથિવાર કાઢીએ. વાર માટે ૬૯+૧૭+૧+૨+૨ (ગઈ સદી માટે)=૯૧÷૭=૦= શનિવાર. તિથિ માટે ૧૮૬૯÷૧૯=૭ શેષ×૧૧=૭૭+૨+ઑક્ટો.ના ૭=૮૬÷૩૦= શેષ ૨૬, તે ૧૫ (પૂનમ)થી ગણતા ૧૧ તિથિ આવી. એટલે કે એક તિથિનો ઉપર જણાવ્યા મુજબ ફેર આવ્યો.

(ગુજરાત સમાચાર) —સૂર્યમણિ

▮ બેરિંગ્સ, કોમ્યુટેટર કે બ્રશ વિનાની અને નિભાવણી કે ઘસારો અટકાવવા માટે તેલની જરૂર ન પડે તેવી નવીન પ્રકારની ઇલેક્ટ્રિક મોટરો લંડનની એવરશેડ ઍન્ડ વિગ્નોલ્સ લિ. નામની પેઢીએ બનાવી છે. એક સેકન્ડના એક સોમા ભાગમાં તે પૂરી ગતિ પકડી શકે છે અને તેટલા જ સમયમાં બંધ થઈ શકે છે તેમજ પાછળ પણ ફરી શકે છે. ઓવર વૅલ્ટેજની તેને ખાસ અસર થતી નથી.

થોર

એક જમાનામાં કુંવાર, હાથલો અને બીજા થોરથી વગડો ભરચક રહેતો. થોરની આપણે હમેશાં ઉપેક્ષા કરી છે. જોકે હવે શહેરોમાં બગીચામાં, ફેન્સી દુકાનો બહાર અને મકાનોમાં પણ જમાના પ્રમાણે મૂલ્યો બદલાઇને રૂપકડાં અને સુગંધી છોડનું સ્થાન આજે થોર લે છે!

હવે વિજ્ઞાનશાસ્ત્રીઓએ પણ થોરનું નવું મૂલ્ય આંક્યું છે. તેઓ કહે છે કે રણપ્રદેશની વનસ્પતિ ખોરાક અને ઔષધ માટે ઉપયોગી થઈ શકે. હાથલાનાં પાકાં રાતાં ફળ તો દુકાળમાં લોકો ખાતા. દેવતામાં જરાક શેકવાથી તેના ઝીણા કાંટા બળી જાય છે.

અર્વાચીન ઔષધશાસ્ત્રની દૃષ્ટિએ પણ રણવગડાની વનસ્પતિમાં ઔષધીય ગુણો છે. સંધિવા વગેરે રોગોમાં વપરાતું કોર્ટિઝોન જેમાંથી બને એવું દ્રવ્ય હાથલા થોરમાં છે. માનસિક રોગોમાં ઉપયોગી નીવડે એવાં દ્રવ્યો બૂંગળિયા થોરમાં છે. હાથલામાં એવાં ઍન્ટીબાયોટિક ઔષધો છે, જે ખાવામાં આપી શકાય. મીઠી પેશાબમાં વપરાતા ઇન્સ્યુલિન જેટલું અસરકારક ઔષધ હાથલામાંથી મેળવીને ટીકડી રૂપે આપી શકાય તેમ છે. મેક્સિકોમાં જ્યાં હાથલાનો ઉપયોગ થાય છે ત્યાં મધુપ્રમેહના રોગી નથી! રણવગડાની વનસ્પતિમાંથી હૃદયના રોગોને મટાડી શકે એવાં ઔષધો પણ મળી શકે તેમ છે.

હાથલાના ચીકણા રસમાંથી ગુંદર બની શકે, તેમ જંતુનાશક તથા ફૂગનાશક દ્રવ્ય બની શકે. જે જમીનમાં કંઈ નહિ ઊગે ત્યાં થોર ઊગશે. ખારી, રેતાળ ને નકામી જમીનને બાંધી રાખવા, ધૂળ ઊડતી અટકાવવા અને જમીનનો ભેજ ટકાવી રાખવા રણપ્રદેશની વનસ્પતિ ઉપયોગી છે. રામેશ્વર તરફ મદ્રાસ રાજ્ય વિશાળ ધોરણે ઝૂરીનું વાવેતર કરી રહ્યું છે જેથી રેતી ઊડે નહિ. સોરઠકાંઠે ઝૂરી થાય છે. કચ્છમાં આ પ્રયોગ કરવા જેવા છે. ખારી રેતાળ જમીન તેને અનુકૂળ છે.

થોર અને રણપ્રદેશની બીજી વનસ્પતિની શરીરરચના એવી છે કે તેને ઓછામાં ઓછું પાણી જોઇએ, જે તે જમીન અને હવામાંથી ગ્રહણ કરે છે. કુંવાર, હાથલો અને બીજા થોર વધુમાં વધુ પ્રમાણમાં પાણી પોતાના શરીરમાં ભરી રાખે છે. એક ચોમાસું સાવ કોરું જાય તો પણ તેને વાંધો ન આવે.

(જન્મભૂમિ-પ્રવાસી) —'ચિકિત્સક'




ભારત-પાકિસ્તાન ઉપખંડમાં પ્રવર્તમાન ભાષાઓના પ્રદેશ



સફેદ ઘર ચિત્રકાર: શ્રીમતી જ્યોતિ ઠાકોર • ચિત્ર પરિચય માટે જુઓ મુખચિત્રના નિરૂપણનો છેવટનો ભાગ (ગુજરાત રાજ્યના સૌજન્યથી)



મોચી : માત્ર શણની સૂતળી અને ખરબચડા કાપડના કાપલા ચોડીને સર્જેલું ચિત્ર



વાત્સલ્ય : બીજું એક કાષ્ઠશિલ્પ



વસંત : આકાર અને છાયાપ્રકાશના પલટાને ગૂંથીને પ્રકટાવેલી ભભક અને બહાર



રૂપનું ગોકુળિયું

ઘેરા આકાશને પડછે પ્રકાશી રહેલાં ચંદ્ર અને ચંદ્રમુખી

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : બૂકર ટી. વૉશિંગ્ટન

અમેરિકન હબસીઓના પ્રથમ શૈક્ષણિક-નેતા બૂકર ટાલિયાફેરો વૉશિંગ્ટનનો જન્મ



ઈ. ૧૮૫૯ની પાંચમી એપ્રિલે વર્જિનીઆના ફ્રૅંક્લિન પરગણામાં એક વાડીમાં થએલો. માતા એ વખતે ત્યાં ગુલામ હતી. ત્યારનું એમનું બાળપણ ને આંતરવિગ્રહ બાદ ગુલામીમાંથી મળેલી મુક્તિ પછીનું જીવન ઘણું કષ્ટમય હતું. ભરણપોષણ માટે મીઠાની ભઠ્ઠીમાં ને કોલસાની ખાણમાં કામ કરવા સાથે રાત્રિશાળામાં એમણે લખતાંવાંચતાં શીખી લીધું.


એ વખતે હૅમ્પ્ટન ઇન્સ્ટિટ્યૂટ નામની હબસીઓની એક શાળા વિષે એમને ખબર પડી. પોતે પણ એ શાળામાં ભણવા જવાનો નિશ્ચય કર્યો. પણ સાવ અજાણ્યા સમાજમાં જવા પહેલાં એમણે ઘરનોકર તરીકે કામ કરીને કેટલીક સામાજિક રસમનો પરિચય મેળવી લીધો. એકેક વર્ષના એ અનુભવ પછી તેઓ પગે ચાલતા છેક હૅમ્પ્ટન પહોંચ્યા. ને ત્યાંની શાળામાં જોડાયા. પોતાનો ખર્ચ કાઢવા એમણે એ સંસ્થામાં દ્વારપાલની નોકરી પણ કરવા માંડી. કડિયાકામનો પણ અનુભવ લીધો. ૧૮૭૫માં તેઓ ત્યાંથી ગ્રેડ્યુએટ થયા ને માલ્ડેનની હબસીઓની શાળામાં ભણાવવા માંડ્યું. હબસીઓમાં ભણતર ફેલાવવાની એમની મહેચ્છા હતી અને એ માટે એમણે રોજના ચૌદચૌદ કલાક કામ કરવા માંડ્યું. વૉશિંગ્ટન ડી.સી.માં આઠેક મહિના વેલૅન્ડની તાલીમી શાળામાં અભ્યાસ કર્યો. તે પછી હૅમ્પ્ટનમાં જનરલ આર્મસ્ટ્રૉંગ નામે એક માનવહિતૈષી સજ્જન સાથે એમણે એક શાળામાં કામ કર્યું. એક રાત્રિશાળા પણ ચાલુ કરી જે આગળ જતાં ઘણી જાણીતી બની ગએલી. ઈ. સ. ૧૮૮૧માં ટસ્કગીમાં હબસીઓની શાળાના આચાર્ય તરીકે વૉશિંગ્ટનની નિમણૂક થઈ. એમાંના ઘણાખરા વિદ્યાર્થીઓ તો મુક્તિ પામેલા ગુલામો જ હતા. એક પડુંપડું થઇ રહેલું ખોરડું અને એક ભંગાર જેવું દેવળ એ એમની મકાનમૂડી હતી. વિદ્યાર્થીઓ જાતે જ ત્યાં બધી મહેનત કરતા. સંસ્થાની જમીનમાં તેઓ અનાજ અને કપાસ ઉગાડતા. સંસ્થા માટે જોઇતાં મકાનો પણ તેઓએ જાતમહેનત કરી ચણવા માંડેલાં. ૧૯ વર્ષમાં તો સંસ્થામાં ચાળીસ જેટલાં મકાનો બની ગએલાં જેમાંનાં ચારેકને બાદ કરતાં બાકીના બધાં મકાનો વિદ્યાર્થીઓએ જ બનાવેલાં. આજે ત્યાં એક સો જેટલાં પાકાં મકાનો, દોઢેક હજારથી યે વધારે વિદ્યાર્થીઓ અને લગભગ ૩૦૦ જેટલા અધ્યાપકો છે. આડત્રીસ પ્રકારના ધંધાની ત્યાં તાલીમ અપાય છે.

ઈ. ૧૮૭૦માં પાંચેક ટકા હબસીઓ લખીવાંચી શકતા ત્યાં આજે લગભગ નેવું ટકા હબસીઓ શિક્ષિત છે. હબસીઓના હિતમાં વૉશિંગ્ટને અનેક વ્યાખ્યાનો પણ આપ્યાં. એમાંનાં કેટલાંક તો યાદગાર છે. હબસીઓમાં ભણવા, કંઈ કારીગરી શીખવા ને કંઇ ધંધો કરવાની એમણે પ્રેરણા રેડી. રાજકીય હક્કોની માગણી કરવા પહેલાં હોશિયારી કેળવીને શ્રમનું ગૌરવ સમજવાની પ્રેરણા થઈ. એમના આ મત માટે કેટલોક મતભેદ પણ હતો પરંતુ એમના શિક્ષણકાર્યને તો ઘણી મોટી સફળતા મળી જ. 'નૅશનલ બિઝનેસ નીગ્રો લીગ' નામે એક સંસ્થા પણ એમણે ચલાવી હતી. ૧૮૯૬માં હાર્વર્ડે એમને એ.એમ.ની તથા ૧૯૦૧માં ડાર્ટમાઉથે એમને એલએલ.ડી.ની માનદ્ ઉપાધિ આપી. પ્રેસિડેન્ટ થીઓડૉરે વ્હાઇટ હાઉસમાં નિમંત્રીને એમનું બહુમાન કર્યું હતું.

પોતાની આત્મકથા 'અપ ફ્રૉમ સ્લેવરી' સાથે એમણે હબસીઓ વિષે સમજદારી વધારતાં પ્રેરક અને માર્ગદર્શક લગભગ વીસેક પુસ્તકો લખ્યાં છે. અઢારેક ભાષામાં એનાં ભાષાંતરો થયાં છે. પણ આ બધા અતિશ્રમને કારણે ઈ. ૧૯૧૫માં એમનું અવસાન થયું.

પ્રસંગવિશેષ : ટિટાનિક ડૂબી, તા. ૧૪/૧૫ એપ્રિલ, ૧૯૧૨

'હાજીકાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઇ.' અરબી સમુદ્રમાં બનેલી એ એક ભારે હોનારતનો આ કરુણ 'રાસડો' બે-અઢી દાયકા પહેલાંના કચ્છ-કાઠિયાવાડનાં ઘેરઘેરમાં જાણીતો હતો. સેંકડો કુટુંબોનાં સ્વજનોને ભરખી જનાર એ દરિયાઈ અકસ્માતની કરુણ ઘેરી છાયા વર્ષો સુધી લોકમાનસ પર છવાઈ રહી હતી. આવી જ એક ભારે કરુણ ઘટના પશ્ચિમની દરિયાઈ તવારીખમાં પણ છે. ઈ. ૧૯૧૨ની ૧૪મી એપ્રિલની એ રાત હતી. દરિયાની રાણી જેવી એ સમયની દુનિયાની સૌથી મોટી સ્ટીમર ટિટાનિક ઍટલાંટિક મહાસાગરનાં જળ કાપતી ન્યૂફાઉન્ડલૅન્ડની દક્ષિણે પશ્ચિમ તરફ આગળ વધી રહી હતી. બ્રિટનની 'વ્હાઈટ સ્ટાર લાઇનર'ની ૪૬,૩૨૮ ગ્રોસ ટનેજની એ જંગી સ્ટીમર સાઉધમ્પ્ટનથી ઊપડી ન્યૂયૉર્ક જતી હતી. એની આ પહેલી જ સફર હતી. ૨૨૨૪ માણસો સાથે એ પૂરઝડપે જઇ રહી હતી ત્યાં રાતના ૧૧ ને ૨૦ મિનિટે એકાએક એ ભયંકર કડાકા સાથે દરિયામાં તરતા બરફના પહાડ સાથે અથડાઈ પડી. અકસ્માત જીવલેણ જ હતો. મદદ માટે સંદેશા મોકલાયા પણ પૂરતી સહાય આવી પહોંચે એ પહેલાં તો ૨ ને ૨૦ મિનિટે ટિટાનિક દરિયામાં ઊતરી ગઈ. સાથોસાથ એક હજાર પાંચસો ને તેર જીવ પણ ડૂબી મર્યા. મદદ પહોંચી ત્યારે માત્ર ૭૦૦ જણને જ ઉગારી શકાયા. મનાતું હતું કે ટિટાનિક કદી નહિ ડૂબે એ પહેલી જ સફરમાં ખલાસ થઈ ગઈ. આ હોનારત પછી આંતરરાષ્ટ્રીય સમજણો અનુસાર દર સાલ આ તરફના જળવિસ્તારમાં માર્ચથી જૂન દરમિયાન દરિયાઇ ચોકી રખાય છે. ઉત્તર ધ્રુવ પ્રદેશના બરફીલા વિસ્તારોમાંથી તૂટી તૂટીને આ બાજુ તણાઈ આવતા બરફના જંગી પહાડોથી બચવા એ ચોકિયાતો એમનાં કદ, સ્થાન અને માર્ગ વિષેની ચોક્કસ માહિતીઓ રેડિયો દ્વારા આસપાસનાં દરેક જહાજોને સતત મોકલતા રહે છે એટલું જ નહિ, શક્ય હોય તો ત્યાંને ત્યાં જ એ દરિયાઈ દુશ્મનોને દારૂગોળાથી તોડીફોડી નાખે છે.





'અર્જુન ઍવૉર્ડ' વડે દર વર્ષે ભારત સરકાર, વર્ષ દરમિયાન રમતગમતના ક્ષેત્રમાં વિશિષ્ટ ફાળો નોંધાવનાર ખેલાડીઓને નવાજે છે. ઈ. ૧૯૬૩ના વિજેતાઓ ઉપર મુજબ છે: (ડાબી બાજુથી અનુક્રમે) ચરણજિતસિંહ (હૉકી), સુબિમલ ગોસ્વામી ઉર્ફે 'ચુની' (ફૂટબૉલ), મેજર ઠાકુર કિસનસિંગ (પોલો), કુ. સ્ટિફી ડી'સોઝા (ઍથલેટિક્સ), અશોકસિંગ મલિક (ગૉલ્ફ), કામિનેની ઈશ્વરરાવ (વેઈટ લિફ્ટિંગ) અને જી. આંધલકર (કુસ્તી). બીજી એપ્રિલે રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને હસ્તે એનો પ્રદાનવિધિ કરવામાં આવ્યો હતો.

હળદી જરદી ના તજે, ખટરસ તજે ન અંબ,
કાળી ઊન (ને) કમાણુસાં, દૂજો ન ચડે રંગ.

રોગચાળાવાળું ગામ તજીને બીજે રહેવા જતું એક ગરીબ કુટુંબ રસ્તે આવતી બરફ જામેલી નદી જેમતેમ કરીને પાર તો કરી ગયું, પણ પાછળ આવતો તેમનો કૂતરો નદી પાર ન કરી શક્યો તે ત્યાં રહ્યોરહ્યો રડવા લાગ્યો.

કડકડતી ઠંડીમાં આખી નદી હવે ફરી પાર કરી કૂતરાને લાવી શકાય તેમ ન હોવાથી સૌ તેને પડતો મૂકી રસ્તે પડતાં હતાં. પણ એક યુવાનનું દિલ કકળી ઊઠ્યું, ને ગાડામાંથી ઊતરી એ અશક્ય લાગતી બરફવાળી નદી પાર કરી ગયો, ને ઠંડીમાં થથરતા કૂતરાને છાતી સરખો દબાવી પાછો આવ્યો. એ દયાળુ યુવાન મોટપણે થયો ગુલામોનો મુક્તિદાતા, અમેરિકન પ્રમુખ અબ્રાહમ લિંકન.

કહેવતોના અર્થ: 'ભાગિયાની ભેંસ ભૂખે મરે'–સચોટ ઉદાહરણો દ્વારા અનુભવનિદર્શન અને વ્યવહારબોધ દાખવતી કહેવતો પૈકીની આ જાણીતી કહેવતનો અર્થબોધ સ્પષ્ટ છે. ભાગીદારીની હાણને ઉચિત વર્ણસગાઈવાળા શબ્દો દ્વારા એમાં ચિત્રિત કરી છે.

ગણિતગમ્મત

ગમે તે એક રકમ લો. એને ઉલટાવો, ને બેમાંથી નાની રકમ મોટીમાંથી બાદ કરો. બાદબાકીનો સરવાળો હમેશાં ૯ જ આવશે!

અનેકાર્થી શબ્દ: **તેજ** = પ્રકાશ; જલદ કે જીવંત; પરાક્રમ કે પ્રભાવ; નાયકના આઠ સાત્ત્વિક ગુણો પૈકી એક; એક માત્રામેળ છંદ; જૈન પરિભાષામાં છ માંહેની એક લેશ્યા; સૂર્યનાં ૧૦૮ નામમાંનું એક; વિષ્ણુના ૧૭ અવતારમાંનો ૧૦મો; માખણ; ઉત્સાહ; સોનું.

ફીજીમાં દરેક બાળકના જન્મ વખતે માતા હાથ પર એકેક છૂંદણું પડાવે છે.

નાકમાં પાણી ગયું હોય તો જોરથી ન છીંકતા; નહિ તો પાણી તરત કાનના અંદરના ભાગમાં ઊતરી જશે!


ગોકળગાયને એક માઈલ ચાલવું હોય તો તેની ગતિને હિસાબે, તેણે સતત ૧૪ દિવસ ને ૫ કલાક ચાલવું જોઈએ.

ખોટી વાત

ખજૂરને ઘણા ગરમ માને છે. આ વાત ખોટી છે. ખજૂર શીતળ ને પિત્તશામક છે.



કલાકણિકા: આ ઘાટનાં જલપાત્રો (વાઝ) પ્રાચીન ગ્રીક અને રોમન સંસ્કૃતિમાં ઘણાં પ્રચલિત હતાં, તેનાં નાનાવિધ રૂપની પેઠે જ માનવીએ તે પરનાં સુશોભનોમાં પણ વિધવિધ તરાહો ઉપજાવી છે.



કોઇ નાજુક પેટી કે ઈસ્કોતરાના નાનકડા ખાનાને ખેંચવા માટેનું ટચૂકડું હૅન્ડલ લગાડવામાં ખાલી થઈ ગએલી ટૂથ પેસ્ટ કે બીજી કોઇ પણ જાતની ટ્યૂબના ટોચકાનો ઉપયોગ થઈ શકે. ઉપર (૧)માં દર્શાવ્યા પ્રમાણે ટ્યૂબના ટોચકાવાળો ભાગ કાપી લો ને (૨) તેનું ઢાંકણ કાઢી લો. પછી જ્યાં એ લગાડવું હોય ત્યાં મૂકી (૩-૪) તેના મોઢિયામાં સ્ક્રૂ પીલીને જડી દો. છેલ્લે (૫) એના પર ઢાંકણું ચડાવી દો એટલે સુંદર ટચૂકડું હૅન્ડલ બની જશે. (ભાનુમિત્ર છાયા)